૧ મનુષ્યપક્ષે બુદ્ધિ ને પુષ્પપક્ષે પાખડીઓ ૨ મનુષ્યપક્ષે સદ્‌ગુણ ૩ ડોલે ૪ મનુષ્યપક્ષે ગર્વ-અભિમાન ને પુષ્પપક્ષે કાંટા ૫ મનુષ્યપક્ષે બધી ગંધ રાખીને અન્યને રહે ૬ પુષ્પપક્ષે બગણી તુંગપી ને મનુષ્યપક્ષે બળી બુદ્ધિ

નીતિપરત્વે છુટક વિચારો

લેખક—શ્રીયુત કલ્યાણરાય જેઠાભાઈ બક્ષી લિંમતનગર

૧ આત્મરક્ષણ જે પ્રાણીમાત્રનો સ્વભાવસિદ્ધ ધર્મ છે તેજ સત્ય નીતિનો પાયો જણાય છે

પંચેન્દ્રિય ઇતર પ્રાણીઓપાસે આત્મરક્ષણના જે સાધન છે તે ઉપરાંત મનુષ્યનું વિશેષ સાધન મનનશક્તિ નું હથિયાર છે આનેજ કોઇ અંતઃકરણ કહેછે અને કેટલીકવાર બુદ્ધિ પણ કહેછે

૨ મનુષ્યનું આત્મ આમ ઉભયાત્મક ગણાયછે (૧) ઉપર કહેલું એ હિંદુ-ધર્મ-સિદ્ધાંત પ્રમાણે જ્યાં સુધી તનમાં કાયમ રહેનારૂં અંતઃકરણ તથા (૨) જે તે સમયનું એ અંતઃકરણના આધારરૂપ સ્થૂલ શરીર

રક્ષણ એટલે કોઇ પ્રતિબંધ ન નડતાં સ્વાભાવિક વધવા વિકસવાનો જે સ્વભાવ છે તે પ્રમાણેનું વધવું વિકસવું જતું અસ્તિત્વ માત્ર પ્રાસંગિક સુખાનુભવ નહિ

૩ આત્મરક્ષણમાં ઉપયોગી સર્વ શક્તિઓ તથા ગુણો પ્રાપ્ત કરવા તે નીતિ તેમાં આમી રાખવી તે સુનીતિ

૪ જેથી આત્મનું ઉભય અંગ રક્ષણ તે પ્રથમ કર્તવ્ય જેથી મન અંતઃકરણનું રક્ષણ થાય તે મધ્યમ કર્તવ્ય અને જેથી સ્થૂલ શરીરનુંજ રક્ષણ થાય તે કનિષ્ઠ કર્તવ્ય

૫ જે કરવાથી અથવા જેના અ[illegible] ખ્યાથી અંતઃકરણ બગડે અથવા તેનો વિકાસ થતો અટકે તેવું કોઇ પણ સ્થૂલ શરીરના ભલામાટે પણ કરવું નહિ કે કરતાં અચકાવું નહિ

૬ સર્વ આહાર વિહાર વ્યાપારોમાં ઉપરના નીતિ-નિયમોનો ખ્યાલ રાખવો.

૭ સામાજિક જીવન પણ આત્મ રક્ષણની સફળતામાટે કામનું ગણાયછે જે પ્રસંગે અને જેટલો સમય નાના મોટા સમાજમાં પોતાપણું ઉદ્ભવે અથવા સ્થાપવામાં આવે તે સમાજ-કુટુંબ ધર્મ રાષ્ટ્ર જાતિ માનવ સમષ્ટિ પણ આત્મ તથા તેનું વ્યક્તિવતપેરે ઉભય અંગ અને ઉપર કહેલા ક્રમથી રક્ષણ તે પણ આત્મરક્ષણ

૮ સામાજિક વ્યક્તિ અપેક્ષાએ તો દરેક માણસ જે છુટી વ્યક્તિતરીકે પૂર્ણાંક હતો તેણે જ્ઞાન-અવયવ-રૂપે અનુકૂલ બની જતું જોઇએ આખા સ્વભાવવાળાઓનો કરી પણ સારો જીવનસાધક સમાજ અપેક્ષાય નહિ

૯ જેમ શરીરના સર્વ અવયવો વાળા જીવનના સહાય અર્થે તથા ધર્મ પ્રેરક બની પોતાના અંગ અંગોને વ્યાધિગ્રસ્ત-મરણ રાખવા માટે જોવો જોઇએ પણ

સમાજ તથા તેના અગભૂતોનો પરસ્પર ર હેવો જોઇએ

૧૦ જેમ દરેક માણસ પોતાનુ અસ્તિત્વ જાળવવામા, જરૂર પડે તો અવયવોનો ભોગ આપવા તત્પર હોયછે તેજપ્રમાણે જ્યા સામાજિક અસ્તિત્વ જાળવવામાં જરૂર થાય ત્યા તે સમાજના અગભૂતોએ અર્પણ થઇ જવા તત્પર બનવુ જોઇએ આ પણ કેવળ આત્મરક્ષણજ છે

૧૧ જેમ દરેક માણસને મોટા થવાની-વધવાની-સ્વાભાવિક ઇચ્છા રહેછે તેજ પ્રમાણે પ્રત્યેક સમાજને પણ હોની જોઇએ છતાં જેમ શરીરમાં જરૂરસાર ગ્રહણ કરેલો ઓરાડ, પચે નહિ તો કઢાડી નાખવો એજ નીતિ છે અને રાખવાથી રોગ ઉત્પન્ન થવાનો ભય છે તેજ પ્રમાણે સમાજે પણ પોતાના વધવાના પ્રયત્નોમા ખ્યાલ રાખવો એ સામાજિક નીતિ છે

રાજનીતિના બોધમા સાધારણ નીતિકરતાં જે જે બાબતમા ભિન્નતા જોવામા આવેછે તે ઘણે ભાગે આ વિચારઉપર ઘડાએલી સમજાયછે

૧૨ શરીરરક્ષણમા જેમ નિરૂપયોગી મુ દ્દાન અંશોનો ત્યાગ કરવામા આવેછે (મુ ખ્યત્વે નખ, વાળ મળ મૂત્રવગરે) તથા ઉપયોગી વા ઉપકારક માનીને ગ્રહણ કરેલા પદાર્થો આમેજ થાય વા હાનિકારક નીવડે તો તેનો પણ ત્યાગ કરવામા આવેછે તેજ પ્રમાણે સમાજશરીરના રક્ષણમા પણ વાપરવુ છે

૧૩ જેમ વ્યક્તિઓના સમાજ બંધાય છે તેમ સમાજોનુ પણ જોડાણ, સમવાય ઇષ્ટ છે અને તેની અંતિમ મર્યાદા કોઇ મનુષ્ય તેના ઐક્યથી અલગ ન રહે એજ હોઇ શકે આમ છતાં તેનુ ઐક્ય થયાવિના માની લઇને કોઇ સમાજ, પોતાની નીતિ રચવા જાય તો, તે સમાજના રક્ષણમા વિઘ્નો ઉભા થાય

ન હોય તે માની લેવુ એ અસત્ય હોઇને, તેનાં વિઘ્નો અસત્યમાથી નીકળે છે એ સ્પષ્ટ છે

૧૪ દરેક મનુષ્યે ખ્યાલ રાખવો જોઇએ કે પોતાજેવી બીજી વ્યક્તિઓને પણ પોતા નાજેવુજ આત્મરક્ષણ ધર્મ છે અને પ્રત્યેક સમાજે એજ ખ્યાલ અન્ય સમાજને સબંધે રાખવો જોઇએ અર્થાત્ એકબીજાને ઉપદ્રવ કરવાનો આત્મરક્ષણમા સમાવેશ થતો નથી તેથી તેવો ઉપદ્રવ અનીતિ છે

૧૫ આથી વધુ ઉંચી નીતિ વ્યવહારમા આવતી નથી કોઇ કોઇ વાર કથનમાં આવે છે ખરી પરંતુ તેવે પ્રસંગે એ કથન કરનારા પોતે ગાતો હોય છે અથવા બીજાને ગતો હોય છે

૧૬ દેશ કાળ અને પરિસ્થિતિપરત્વે નીતિની સમજ બદલાતી રહેછે તે પણ પોતાપણાની વધઘટ રૂપાંતરથી થતુ સમજાય છે

૧૭ આત્મરક્ષણમા ખરી ઉપકારક જે નીતિ જણાય છે (૧) સત્યપ્રિયપણુ તા અને (૨) અહિંસા આ બેમા પણ અહિંસાને અપવાદ હોઇ શકે પરંતુ સત્યને નહિ સત્યના બોધમા ક્યાં ક્યા અપવાદ દાખલ

થયેલા નજરે પડે ત્યાં ત્યાં તપાસી જોવાં તેમાં પક્ષપાત એટલે રાગદ્વેષ હશે

૧૮ જે જે ગુપ્ત સ્વભાવને નીતિ લેખવામાં આવે છે તે બધાના આધારમાં ઉપરની સમજણ રહેલી જણાય છે

સમાજમાં વસ્તુવિભાગથી સામાજિક હિતની પ્રવૃત્તિઓની વ્યવસ્થા થાયછે તથા એક એ વ્યક્તિ જીવનનો ક્રમ આત્મ વ્યવસ્થાથી ટકાવ કરાય છે તે પણ આત્મ રક્ષણના અનુષ્ઠાનમાંથી સહજ ઉગી નીકળેલા પ્રબંધ હોય એમ ભાસેછે

૧૯ મનુષ્યોએ રચેલા નીતિ નિયમોના બંધ ઝગડા વિના ચાલી શકે નહિ પણ વિશ્વ નિયમોમાં તો અજ્ઞાન શિક્ષણીય છે હાના મ્હોટા બધાં દુઃખોનું પણ મૂળ હોય હોય અજ્ઞાનજ અને હાના મ્હોટા બધા સુખોનું કારણ હોય મ્હોટું જ્ઞાનજ હોય છે

૨ સૃષ્ટિના નિયમો પદાર્થના ગુણો વગેરેની માહીતી પણ જ્ઞાન છે તેથી તે ન્યાયસાધનામાં વિરોધી હોઇ શકે નહિ બારીક નજરે જોતાં તેમાં વિષમપણા છે માટે તેથી વિમુખ રહેવું એ પણ અનીતિ

૨૧ આ વિશ્વનો વહીવટ એકદરે સત્ય તથા ન્યાયનીતિપર કોઇ અપરિમિત શક્તિથી ચાલેછે તેમાં સંશય નથી આમ છતાં જ્યારે ને ત્યારે અસત્ય તથા અન્યાય અપકાળ (જે માણસને વખતે એ આખી જીંદગી જોએલો લાગે થોડા પણ તોલે કાળ) કરી જવાનો અનકાદ પણ છે માટે જીવન વ્યવહારમાં ક્રમસર પ્રસંગે અસત્ય તથા અન્યાયની ક્ષમાનો પુનઃ પુનઃ વિચાર આવશ્યક

૨૨ એક ભાંગવાથી બીજું વધુ સારું બનતું હોય અથવા એક હલકું ભાંગવાથી બીજા ઉચ્ચનો નિભાવ થતો હોય ત્યારે સૃષ્ટિમાં ભાંગફોડ થયાજ કરેછે આથી બોધ મળે છે કે માણસે પોતાની સત્તામાંહેની અવસ્થામાં પણ એ ધોરણે અપવાદ કરવા રાખવું થઇ જવું એ કર્તવ્ય છે

૨૩ સમાજના કામ કરવામાં જે વિષયનું જરૂર પૂરતું જ્ઞાન ન હોય તેમાં આપણા જાણ્યે કે અજાણ્યે વિપરીત અક્ષર નિષ્ફળ જાય નહિ એ વાતનો બહુ ખ્યાલ રાખવો

૨૪ જે તે વેળાના કર્તવ્યમાં પોતાની શરીર મન વિદ્યા અને અનુભવની સર્વ શક્તિ કામમાં લેવી અને તેમ કરવાની સાથેજ ઇશ્વરની સાનુકૂળતા માગવી.

૨૫ સહ એટલે ઇશ્વરસૃષ્ટ સંબંધો અને માણસે પોતે બાંધવા સંબંધોવચ્ચે પસંદગીનો પ્રસંગ આવે ત્યારે સહજ સંબંધોનો પ્રથમ હક્ક ગણવો

૨૬ આવશ્યક થાય તેકરતાં વધુ સંબંધોમાં જોડાવું નહિ

૨૭ અગણિત પૃથક પૃથક સંબંધોમાં મુકાવું થાયછે તો કોઇએક સંબંધના અંગનું કર્તવ્ય બજાવતી વેળા અન્ય સંબંધોને મને તેટલા મનથી અલગ રાખવા

૨૮ સાધ્યનું ધારેલું અને પ્રત્યક્ષ કરેલું એ વચ્ચેના તફાવત હમેશાં કાળજીથી ધ્યાનમાં રાખવા આ બધાને સરખા વજનદાર ગણવા કે ગણાવવાના દોષથી બચવું

૨૯ કર્તવ્ય બજાવવામાં ગાઢ દેખા વાની ભીતિ એને રોકવી જોઇએ.

૩૦ ગફલત કે દોષ થઈ જાય તે જ્યારે અન્યના હિતવિરુદ્ધ હોય ત્યારે તે બનેથી તેની યાદે જાહેર કરવામાં ઢીલ કરવી નહિ

૩૧ અન્યના પ્રતિકૂળ વર્તનનું કારણ સહજિક હોય ત્યારે, નિર્દુષ્ટ કારણની કલ્પના થઈ શકે ત્યાંસુધી દુષ્ટ કારણ નહિ સ્વીકારવા આપણી ફરજ છે

૩૨ નાની વાતોની ઉપેક્ષા કરવી પણ પોતાના ધર્મનીતિના સ્થાયી નિયમોમાં બાધ આવે તેવા સ્થળે કે સબંધ તોડ થવાની પૂરેપૂરી છોડી દેવાય એવી જાગ્રતિ રાખવી

૩૩ કોઇપણ આરોપ મૂકાયાવિના ન આવે કરવાનો પ્રયત્ન કરવો નહિ તેમ આરોપ મૂકાયા પછી બચાવ કરવામાં કાળક્ષેપ કરવો નહિ

૩૪ કરી શકવાની એટલે યોગ્યસમયમાં કરી આપવાની, ખાત્રી વિના કોઇ કામ માથે લેવું નહિ કોઇ કામ પોતે સારું ના જાણતા હો કહીને ન કરાય તે પણ મોટો સમજવો

૩૫ કહેતા કરતા કરી દેખાડવાનો અવસર બહુ સારી રીતે ઉઠી થાયછે એ નિયમનું જ્ઞાન નિત્ય વ્યવહારમાં પણ ઘણું સાર્થક છે

૩૬ માથે લીધેલું કરે કામ સમય હોય એટલું સરસ ઉપયોગવું

૩૭ વચન તથા મૌન પણ પ્રિય અને સુંદર કરવા જતાં અનૃત બની જાય નહિ તે બહુ સંભાળવું

૩૮ પ્રસંગવગરની વાતો કરવાના જેવી અચવું

૩૯ બની ગયેલા અનુકૂળ પ્રતિકૂળ બનાવોથી નિષ્ક્રિયતા (જેથી દુઃખાઇ જવાય તેવા) હર્ષશોકથી બચવું પરંતુ અનુભવ મેળવી ન જાય તે માટે જરૂરનું થાય તેટલું એ બનાવોનું ચિંતન અવશ્ય કરવું

૪૦ ભવિષ્યના દૃષ્ટિમર્યાદાની અંદરના સંભવિત પ્રતિકૂળ બનાવો પૈકી જે અનિવાર્ય જણાય તેનો ધક્કો ઓછો લાગે તેવા ઉપાય લેવા પૂરતું અને જે નિવાર્ય જણાય તે અટકાવી દેવાના ઉપાય લેવા પુરતું ભવિષ્યનું ચિંતવન પણ કર્તવ્ય છે

૪૧ 'શબ્દ પ્રમાણ' થી થતો બોધ ગ્રહણ કરતાં તે બોધની યથાર્થતાવિના ખાત્રી કરવાની બેદરકાર ન જણાય એવી સાવધતા રાખવી

'અનુમાનપ્રમાણ' નો બોધ સ્વીકારતાંપહેલાં જે તે પ્રસંગે જેમ થઈ શકતી હોય તે સર્વ જ્ઞાનેન્દ્રિયો કામમાં લેવી જોઇએ

૪૨ જ્ઞાનમાર્ગ ના અતિશયમાં 'વસ્તુમાત્ર' સ્વપ્નવત્ ને 'અહં બ્રહ્મ' જાડો થયછે

કર્મમાર્ગ ના અતિશયમાં વિધિનિષેધનું અજ્ઞાન કે અનાદર થાયછે

ભક્તિ ના અતિશયમાં જગતને બંધ અને બંધ અનર્થ [તત્વરહિત] કરી જોવાય છે ને પછી પોતાથી પણ તેવા બનાય છે અને આ ત્રણે અતિશયો કર્તવ્યભ્રષ્ટ રૂપ રેડે માટે એ અતિશયોથી બચવું

૪૩ નીતિના સેવનથી ઉન્નતિ અને તેના ભંગથી અવનતિ, વ્યક્તિની તેમજ સમાજની અવશ્ય થાયછે, પરંતુ તેમ થવામાં લાગતો સમય નિયત થઈ શકતો નથી અને તેના ગાળામાં માણસ લોભ વગેરેથી અનીતિમાં પડી જાયછે

ચિત્તવૃત્તિવિજ્ઞાન શાસ્ત્ર

અનુવાદક—શ્રીયુત "અભ્યાસી"

પ્રકરણ ત્રીજું

ચિત્તવૃત્તિની રચના કે બંધારણનું આવશ્યક તત્ત્વ અથવા ચિત્તવૃત્તિનો મૂળ બાંધો કિંવા મૂળ સ્વરૂપ

(અનુસંધાન પૃ૪ ૧૬ થી)

અત્ર પ્રકરણ—એ સૂચવે છે કે ચિત્તવૃત્તિઓ વાસના કે ભાવના મૂળ મૂળ સ્વરૂપો છે આત્મા અનુભવી સાક્ષાત્કાર ચેષ્ટાથી સ્વભાન કિંવા સ્વદર્શન તેના ત્રિકારસ્વરૂપો એટલે કે જ્ઞાન ઇચ્છા અને ક્રિયા-શક્તિઓસાથે ઉદ્ભવે છે અને ચિત્તવૃત્તિઓ એ દ્વિતીય સ્વરૂપ અર્થાત્ ઇચ્છા શક્તિનો વિષય છે આ સૂચનને કાયમ કરી વિસ્તારથી આ પ્રકરણમાં આપણે જોઇશું

એ વાત સ્મરણમાં રાખવાની છે કે ચિત્તવૃત્તિના મૂળ સ્વરૂપવિષે પૂર્વના અને પશ્ચિમના તત્ત્વજ્ઞાનીઓવચ્ચે ખાસ કરી કે ટ નામના તત્ત્વવેત્તા સમયથી થઇ પણ મુખ્ય મતભેદ આ બે અવે છે પાશ્ચાત્ય દેશવાસીઓ માનસિક ચેષ્ટાને સામાન્યરીતે ત્રણ વર્ગમાં વહેંચી જે છે જ્ઞાનકે ષી શક્તિ સંવેદન કે ચિત્તવૃત્તિ અને ઇચ્છા- ક્રિયા ને વાસના શક્તિ તેઓ વાસનાને ક્રિયામાં નહિ તો ક્રિયાસાથે જોડવી દેછે અને કાંઇ ભાર

રોમઆદિ ચિત્તવૃત્તિઓને વાસનાથી નિરાળી લેખી સુખ દુઃખની લાગણીઓના પરિણામ કરતા તેના પ્રકાર કે વિભાગતરીકે ત્રણના ક છે વર્ગી તેઓ ક્રિયામના અને ક્રિયાવચ્ચે અમુક ચોક્કસ ભેદ છે તે વાતઉપર ભિ ચુસ્તપણે રહેછે

બીજા પક્ષે પૂર્વના તત્ત્વવેત્તા આ સર્વ વૃત્તિઓ જેને પશ્ચિમવાળા ચિત્તવૃત્તિઓની સંજ્ઞા આપેછે તેને ઇચ્છા કે વાસના કોટિમાં મુકેછે ચેતના કિંવા સંવિત્ના વ્યાપારની વર્ગવારી પૂર્વના મતપ્રમાણે પણ ત્રણજ છે એ લે કે જ્ઞાનશક્તિ ઇચ્છાશક્તિ અને ક્રિ યાશક્તિ તેઓ કહેછે કે જીવો જાણેછે ઇ ચ્છે છે અને ક્રિયા કરે (જીવો જાનાતિ ઇચ્છતિ યતતે)

ટિ। એક માનસિક ચેષ્ટા છે એમ કહેવું તે પ્રથમ દૃષ્ટિએ કઠોર લાગેછે તો પણ ભલે પક્ષેની સરખામણી કરતા મનસ (શ ક) નો ઉચ્ચોચ્ચાર પાશ્ચાત્ય દેશમાં જે રીત

કરવામાં આવેછે તે સ્વીકારીએ તો તેમા જીવાત્માનાં ત્રણ મુખ્ય સ્વરૂપો કે પ્રગતિઓ (કે જે વ્યક્તિ-ચેતનાસમાનજ છે તે) નો સમાસ કરેછે; જો કે મનસ્ શબ્દ અને ચેતના શબ્દનો અરો અર્થ શું અને તેનો યથાર્થ ઉપયોગ પણ શુ તેમાટે તો હજી વાદાનુવાદ અને તકરારો ચાલેછે પરંતુ પાશ્ચાત્ય માનસશાસ્ત્ર (Psychology) માં સામાન્યરીતે મનસ્ (મન) શબ્દનો જે રીતે પ્રયોગ થાયછે તેનો મુકાબલો પૂર્વના તે વિદ્યાના અનુયાયી જે કરેછે તેની સાથે કરીએ તો જે ચેષ્ટાને પશ્ચિમમાં કામના (Volition) શબ્દ વાપરી નિર્દેષ કરવામાં આવેછે તે ચેષ્ટાને પૂર્વવાળા કાર્ય કે ક્રિયા (Action) શબ્દ વાપરી કરેછે અને ચિત્તવૃત્તિ શબ્દથી જે સંજ્ઞા પશ્ચિમવાળા બતાવેછે તે સ્થળે પૂર્વવાળા ઇચ્છા કે વાસના શબ્દનો પ્રયોગ કરેછે. તેના મતપ્રમાણે તો એક "વિચાર" પણ જ્ઞાનશક્તિની એક વૃદ્ધિ સ્વરૂપવત્, ઇચ્છાશક્તિની એક ચિત્તવૃત્તિ સ્વરૂપવત્ અને ક્રિયાશક્તિના એક આભાસ સ્વરૂપવત્ છે. કામનાને તો તે પૂર્વનો તત્વજ્ઞાની કદાચ જ્ઞાન કે વિચારના ઉત્પાદક પેટાભાગતરીકે, કિંવા ક્રિયા કે કાર્યચેષ્ટાના જ્ઞાનપ્રબોધક વિભાગતરીકે લેખે. સ્થૂલ ક્રિયા કે કાર્યને જ્યારે એક માનસિક કાર્યભારરૂપે કહીએ ત્યારે આપણે એમ અર્થ કરાવવા માગીએ છીએ કે ક્રિયાનો અંતર્ગત સ્વભાવ પણ ચેતનાનો એક ધર્મ (ગુણ) છે, અને જીવતું સ્થૂલ શરીર પણ ચેતનાનો ભાગ છે બલકે તેવા શરીરનું અસ્તિત્વજ ચેતના છે. જેમ પશ્ચિમનો કોઇ માનસશાસ્ત્રવેત્તા જ્ઞાનશક્તિ પણ એક અચિત માનસિક ચેષ્ટા છે એમ સ્વીકારવામાં આનાકાની નથી કરતો, જો કે તે જ્ઞાનશક્તિની શરૂવાત બલેને જ્ઞાનતંતુવાળા સ્થૂલ અવયવોદ્વારાજ થતી હોય અને બલેને જ્ઞાપન કરવાનો પદાર્થ પણ છેવટના પૃથક્કરણમાં નિરંતર સ્થૂળજ હોય વળી જેમ તેને (તત્વવેત્તાને) વાસના કે ઇચ્છા પણ ભલે જો કે સ્થૂલ દ્રવ્યવાળા ઉપાધિમાંજ શક્ય હોય અને ભલેને તે પણ સ્થૂલ પદાર્થમાં પરિણામ પામતી હોય તોપણ તે પણ માનસિક ચેષ્ટા ગણે છે, તેમ પૂર્વના-હિન્દના-તત્વવેત્તાની દૃષ્ટિએ ક્રિયા કે કાર્ય પણ માનસિક ચેષ્ટા છે. પછી ભલેને પરિણામે સ્થૂલશરીરદ્વારા સ્થૂલ ફેરફારો કરવાસારૂ તે નિર્મિત્ત એવા ક્રિયા કે કાર્ય હોય. સારાંશ કે પશ્ચિમમાં કામના અને ક્રિયા (કાર્ય) વચ્ચે જે રીતનો ભેદ સમજવામાં આવેછે તે રીતનો ભેદ પૂર્વના તત્વવેત્તાઓ લેખતા નથી. પૂર્વમાં વૈશેષિક યાને ન્યાયવેત્તાની દૃષ્ટિએ "પ્રયત્ન" પણ જેમ એક માનસિક ગુણ કે માનસિક વિશિષ્ટતાનું રૂપ છે તેમ પશ્ચિમનો તત્વજ્ઞાની તેને કામના લેખે છે. અલબત કામના શબ્દમાં જે અર્થ સમાયો છે તેનાકરતાં પ્રયત્ન શબ્દમાં ઘણો વિશાળ અર્થ સમાયો છે. પ્રયત્ન શબ્દ માત્ર કલ્પનાવાચકજ નથી, બલકે ક્રિયાવાચક પણ છે. પશ્ચિમના જે માનસિક શાસ્ત્રવેત્તાઓ એમ માનેછે કે કામના તે અતિશય ગાઢ વાસના છે કિંવા

ગાઢ વાસના-સમૂહનું પરિણામ છે બલકે તેની વાસનાનું અમુક અંશે ક્રિયામાં રૂપાન્તર થતુ સ્વરૂપ છે તેઓ હિન્દના તેના મત પ્રણાલિકાઓસાથે બહુ મળતા આવેછે

એ પણ કહેવુ જોઇએ કે ચેતનાના ત્રિધા સ્વરૂપ કે ત્રિધા ચેષ્ટાઓ જે આપણેઉપર વર્ણવી ગયા તેમાં હિન્દી તત્વવેત્તાના મત પ્રમાણે સુખદુ ખના સંવેદનોનો તો અવકાશજ નથી અને પશ્ચિમની તે ગણત્રીમા ભલે આવ્યો પણ તેનો (સુખ દુખનો) સમાસ આમ છે ખરો આમ થવાનું કારણ તો સુ ખદુ ખના પ્રકાર કે સ્વભાવ સંબંધી ચર્ચા કરીશુ તેના પ્રસંગમા જે ચર્ચા ચલાવાશે તે ઉપરથી જણાઇ આવશે

ક્રમણા તા નીચેની બાબત એ કે આ સ્થિતિએ બહુ સમજ કદાચ ન પાડે તે પણ અત્રે નિરૂપણ કરવી તે ભવિષ્યના સંબંધકારક હોઇ આવશ્યક છે ને તે એક કારણતરીકે પણ લેખાય, ને તે એ કે સુખ અને દુ ખ તે જીવના સ્વરૂપો કે પ્રતિભા વાચક કરતા તેના અંશપાયક છે જરા બે ણીને આ શબ્દોનો અર્થ કરીએ તો જીવા સ્વરૂપ કરતા તેના પ્રમાણ કે અંશ તથના ઓછાપણુના માપ સાથે સુખ દુ ખની ભા વના વધારે બંધ બેસતી આવેછે એમજ નહિ પણ જીવનના પ્રત્યેક અનુભવ માત્ર દૃષ્ટિએ એ સુ દુ ખ વ્યાપી રહેછે અને જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ક્રિયાશક્તિના ત્રિધા સ્વરૂપોમા પણ અજ બસ આપણને થાય છે

પશ્ચિમના શાસ્ત્રવેત્તાઓનો અભિપ્રાય ચિત્તવૃત્તિના પ્રકાર કે સ્વભાવ સંબંધે શીરીતે બંધાયો તે વાત નીચેની હકિકતથી કાંઇ પ્રકાશમા આવે

પ્રત્યેક ચિત્તવૃત્તિ સુખ કિંવા દુ ખ આપ નાર હોયછે ચિત્તવૃત્તિનુ દ્વિધાપણું, એમને કે ચિત્તવૃત્તિ સુખ આપનાર કે દુ ખ આપનાર સંબંધતરીકેની ઓળખ અને ચિત્તવૃત્તિ માત્ર કામના તરીકેની ઓળખ આ આપણને હમેશના પરિચયની બાબત નથી અને તેથી તે બે વચ્ચે શુ ભેદ છે તેપ્રતિ પણ બહુધા હજી સુધી લક્ષ દોરવાયુ પણ નથી એટલુજ નહિ પણ જે ચિત્તવૃત્તિ સુખ આપનાર કે દુ ખ આપનાર સાધન છે તેનું નિરૂપણ હજીસુધી વ્યવસ્થાપૂર્વક કે શાસ્ત્રીય દૃષ્ટિએ થયુ પણ લાગતુ નથી, આ પ્રમાણે જો શાસ્ત્રીય દૃષ્ટિથી મથન થયુ હોત તો પણ કાંઇક સૂચન આપણને મળી શકત અસ્તુ

અત્ર પિસુધી તેસંબંધી [ચિત્તવૃત્તિસંબંધી] જે કાંઇ સામાન્યરીતે જાણવામા આવ્યુ છે તે તે એટલુજ કે અમુક સંયોગો અમુક ચોક્કસ ચિત્તવૃત્તિઓ જાગૃત કરેછે અને તે સુખ કે દુ ખ આપવાવાળી હોયછે એટલે બધી રીતે જોત ચિત્તવૃત્તિઓ સુખ કે દુ ખ આપવાવાળી જાને જો તે સુખપ્રદ હોય તો તે સ્થિતિ ચાલુ રહે તેમ કરવાવાળી અને દુ ખપ્રદ હોય તો તેથી વિમુખ થવા મથનારી વાસનાઓ છે એટલુજ નહિ પણ ભવિષ્યના [તે વાસનાથી] નિપજતા સુખક કિંવા દુ ખકર પૂર્વાસ્વાદનો કે રમ ણીય અમુક મનોભાવ ઉદ્ભાવી તેને ટકાવી રાખનાર પણ તેજ છે આમ હો

વાથી કોઇપણ ચિત્તવૃત્તિ ચોક્કસ સુખ કે દુ ખના સ વેદનથી આરભાઇ તેના ભૂતકા-ળના તે તે અનુભવો દૃષ્ટિમા રાખી ભવિ ષ્યમા તેવા સુખદુ ખના સ ભવિત સ વેદ નોમા પરિણમે છે આ વિવિધપ્રકારના સૂક્ષ્મ ભેદોના તત્વો ચેતનાના નિયમના સા માન્ય વ્યાપારમા એટલાબધા સેળભેળ થઇ નિકટપણે જોડાઇ ગએલા હોયછે કે જો ખાસ તેને નિરાળા રાખવાનો સુદૃઢ અને સતત પ્રયાસ કરવામા ન આવે તો એ ભેદ સહજ દૃષ્ટિગોચર પણ થવા પામતો નથી અને તેથી કરીને પ્રત્યેક ચિત્તવૃત્તિ પૃથક્ કરણ કિ યાને યોગ્ય છેજ નહિ, અર્થાત્ તે પૂર્વાપરના સબધ શોધવાના વિષયથી દૂર છે એમ હજીસુધી મનાતું આવ્યુ છે

પરતુ એ ખાસ લક્ષપૂર્વક ધ્યાનમા રા ખવાનુ છે કે આસપાસના નિકટના સયો ગોની ચોક્કસ સ્થિતિને લઇ ખાસ બધાતી વાસનામય ચિત્તવૃત્તિ એક બાબત છે અને તેના સહવાસ કે પરિચયમા આવવાના પરિ ણામે ઉદ્ભવતા સુખ કે દુ ખના સ વેદનમય ચિત્તવૃત્તિ એ બીજી બાબત છે

આ લેખના પાછળના પ્રકરણો આ દૃષ્ટિબિન્દુઉપર કદાચ કોઇક વિશેષ અજવાળુ નાખી તેને સ્પષ્ટ કરવા પ્રયત્ન કરે

ચિત્તવૃત્તિના સ્વભાવ-પ્રકારસબધી જે ઓ ભિન્ન અભિપ્રાયો આપણે ઉપર તપાસ્યા તેથી એટલુ તો જોવાઇ શકાયુ કે ચિત્તવૃત્તિ વિવિધ હોવા છતા તેનુ વર્ગીકરણ થઇ શકેજ અથવા હિન્દી શાસ્ત્રવેત્તાના મતપ્રમાણે તો આ વાસના-ચિત્તવૃત્તિનુ પણ વર્ગીકરણ અને પૃથક્કરણ પણ થઇ શકે તેમ છે

હવે ઇચ્છા, જ્ઞાન અને ક્રિયાશક્તિના બ રાબર અર્થ શુ છે, એક જીવાત્માની ચેત નાનાં આ સ્વરૂપો કેમ અને શામાટે રચાય છે, નાશ પામેછે અને વળી પુન રચાય છે વાસના અને તેનાથી ઉત્પન્ન થતા સુખદુ ખનો પરસ્પર શો સબધ છે એટલુજ નહિ પણ તે બધાની વ્યાખ્યા આપતા જતા અનવસ્થા દોષ ન આવે તેપ્રમાણે એકબીજાનો અગા ઉી સબધનો રીતે નિર્દેશ થઇ શકે એમા પ્રથમ શુ અને પછી શુ અથવા તેપ્રમાણે સ્થિતિ છે કે તેથી કાંઈ ફરમાવવાનો પ્રકાર છે તેમજ તેવો અનુક્રમ તે બેવચ્ચે સાધ્ય છે કે નહિ, એટલે કે બીજ-તરૂના દૃષ્ટાતમા પ્રથમ કોણ અને પછી શુ એ વાત જેમ ચોક્કસ થઇ શકેછે તેમ તે બેવચ્ચે [વાસના ચિ ત્તવૃત્તિ અને સુખદુ ખવચ્ચે] થઈ શકે કે નીરીતે? આવા આવા પ્રકારના પ્રશ્નોનો નિર્ણય કે ખુલાસો ન થાય તેવુ બાકી નથી પણ ખરૂ જોતા એ વિષય આપણા અનાત્મા દૃષ્ટકાળ સ્મૃતિઆદિ આન્વીક્ષિકીશાસ્ત્ર [અધ્યા ત્મવિદ્યા] ને લગતી બાબત છે એવચ્ચે અત્રે તેનુ વિશેષ વિવેચન કરતા નથી

ઉપરના સક્ષિપ્ત સવાદ પછી આ લેખ ના અભ્યાસના આરભ અથવા આપણા હેતુપુરતુ એટલુ સ્વીકારવુ બસ છે કે ચિત્ત વૃત્તિ એ વાસનાઓ છે, જેમા મુખ્ય પ્રાકૃત વાસનાઓ બે છે જે પૈકી એક વાસના જે પદાર્થ સુખ ઉપજાવે તેની સાથે મળવાની છે અને બીજી જે પદાર્થ દુ ખ ઉપજાવે તેનાથી વિખુટી પડવાની છે, બીજા શબ્દોમા

કહીએ તો તે સર્વેનુ નામ આકર્ષણ અનાકર્ષણ ધાત પ્રત્યાઘાત, પ્રીતિ અપ્રીતિ રાગદ્વેષ અથવા મીજા કોઇ જે તેના અર્થસૂચક શબ્દ તેમા પણ કહી શકાય તેવુ છે

આ પ્રમાણે જે કહેવાઈ ચુકયુ છે છતા પણ કોઇક વધારે વિચારશીળ અને તાર્કિકારક પદ્ધતિની દૃષ્ટિએ આ 'રાગ દ્વેષ' શબ્દનું સમર્થન થાય તેવા હેતુથી, જિને શબ્દના વિષ્ટપેષણના કિંવા શબ્દચાતુર્યના આક્ષેપનો ભય છે તો પણ કેટલુંક વિસ્તારથી કહેવાનુ આવશ્યક સમજી છું ને તે એકે રાગ શબ્દ જેમ બીજાસાથે જોડાની તન્ત્રા વાચક છે તેમ તે સબધ સભવિત છે એમ ગર્ભિત સૂચનારૂપો પણ છે તો પણ તેનો પૂણ બહોળો અર્થ તો એ છે કે પ્રત્યેક જીવાત્મા બીજા અન્ય જીવાત્માસાથે એકતા મૂળમા જે પોતાપણુ-કે જે ઐકયથી વ્યાપ્ત છે તેની તે ઉપલબ્ધિ કરી શકે તેવી પ્રેરણાશક્તિથી ભરેલો પણ છે એટલુજ નહિ પણ તે એકતા એકત્વ-અદ્વૈતપર્યવસાયી વ્યાપક અતર્ગતમા પ્રત્યગાત્માની સાથેનુ પણ હોઈ શકે, તે શક્તિથી પણ ભરપુર છે અરે તેથી પણ વિશેષ તો એકે તે ભિન્ન ભિન્ન જીવાત્મા એક પરમાત્માના અશો છે પછી ભલે જૂદી જૂદી ઉપાધિઓને લઇ થોડો સમય ભિન્ન ભિન્ન દેખાતા હતા ભલે તે ઉપાધિઓ તેમનુ એકત્વ નાશ કરી અનેકત્વ દેખાવમા પ્રાપ્ત કરાવવા છતાપણ પુન તે એકત્વ-ઐક્ય-અદ્વૈતને પ્રાપ્ત કરવાસારૂ જે પ્રયાસ થઈ રહ્યા છે તે "રાગ શબ્દના બહોળા અર્થમાં આવેછે અર્થાત્ રાગશબ્દ જીવાત્મા આત્મા પ્રત્યગાત્મા પરમાત્મા એકપણુ સૂચવવાવાળો છે તેવીજરીતે દ્વેષ શબ્દની બહોળી વ્યાપ્તિમા જે અનર્ગત અનાત્મપણુ નાનત્વ રહેલ છે એટલે કે અનેકતાપણુ મૂળ પ્રકૃતિના વિભાગપણા જેની સાથે અગર જે કે આત્મા કેટલ સમયમાટે ઘણોજ દેખાય છે છતા તે નાથી જુદા પડવાનો પ્રયાસ આત્માનો જારી છે તેનો નિર્દેશ આપોઆપ થાયછે અર્થાત્ દ્વેષ શબ્દ અનાત્મા ભિન્નતા જુદા પણુ સૂચવવાવાળો છે

જાહેર પ્રજાને અગત્યની સૂચના.

શોર્ટસાઇટ, ઝાંખ, મોતીઆ, પરવાળા અને પગતરા જેવા અસાધ્ય દરદોનો સહેલાઇથી નાશ કરી આંખને તેજસ્વી કરવા "શુદ્ધ સાચા મોતીનો સુરમો" ઉત્તમમા ઉત્તમ ઉપાય છે એક વખત મગાવી ખાત્રી કરો

કિંમત તોલા એકના—નં ૧ લા રૂ ૧૦) નં ૨ જો રૂ ૪) નં ૩ જો રૂ ૩॥)

શુદ્ધ મોતીનો સુરમો તોલા ૧ ના રૂપીઆ ૨૯)

ઈસાજી મુલ્લાં ઇસમાલજી સુરમાવાલા એન્ડ કું૦

નગર ૬૦૨ દેવાણું-પુલબજાર જામનગર-કાઠીયાવાડ

પાપ ખરું કે?

લેખક—નલિનીકાન્ત.

આજે મહાશિવરાત્રિ હોવાથી કુંજમાં મેળો ભરાય છે. હજારો સ્ત્રીપુરુષો વિશ્વેશ્વરનાં દર્શન કરવા જતાં હોવાથી માણસોની ભીડ જામી રહી છે. ગાડી ઘોડા સાયકલો અને મોટરકારોની દોડાદોડ અધિક ત્રાસ આપેછે. ગરમીથી શ્રમિત થયેલાં લોકોમાટે પીવાનાં પાણીનાં થીમાનો તરફથી ઠેરઠેર પરબો મંડાયાં છે, રસ્તાની બાજુમાં કોઇ આંધળાં લુલાં, લંગડાં અને રક્તપિત્ત આદિ વ્યાધિથી પીડાતાં લોકો જમીનપર કપડાંના ટુકડા પાથરી જતાં વળતાં લોકોને પાઇ પૈસા આપવા તથા ફલાહાર વિગેરે મળવા લાંબો ધાંટો પાડી વિનવતાં હતાં. કોઇ સાધુઓ લાલજી, સરસ્વતી કે ગુરૂદત્તાત્રેયની છબીઓ રહાગી રહાગી રાખી પૂજનનો આડંબર કરી બેઠેલા હતા, કોઇ ગીતા અને રામાયણ લાંબા રાગ ખેંચી ગાઇ લોકોનાં મનરંજન કરતા હતા. ભાવિક લોકો આવા રથળોએ બે ઘડી વિશ્રામ નિમિત્તે બેસી કથા શ્રવણ કરતા હતા અને યથાશક્તિ ભોયી આગળ દક્ષિણા અર્પણ કરી રસ્તે પડતા.

મારી ગાડી લગભગ બપોર વાગે કુંજમાં આવી પહોંચી. અમે સહકુટુંબ ભગવાન વિશ્વેશ્વરનાં દર્શનાર્થે આવેલ હતાં. હું અને મ્હારાં પત્ની પૂજનનાં સાહિત્ય લઇ ગાડીમાંથી ઉતર્યાં. ગાડીવાનને ઘાટસમીપ ગાડી ઘોલવાનું તથા ઘોડાને પાણી વિગેરે પાઇ કલાક સુધી આરામ લેવાનું કહી અમે ઉમાપતિના મંદિર ભણી ચાલ્યાં. મ્હારો પટાવાલો લોકોની ભીડ માંથી માર્ગ કરી આપતો શીઘ્ર અમને મંદિરમાં લાવ્યો. મ્હારાં પત્ની મંજુલા સાચાં શ્રદ્ધાળુ અને પ્રભુપરાયણ હતાં, ઘેરથી લીધેલ મુગ ધી પુલહાર ઉમાપતિને ચઢાવવા બ્રાહ્મણને આપ્યા. તથા ધૂપ, દીપ, ચંદન નૈવેદ્ય આદિથી મહાદેવનું ષોડશોપચાર પૂજન કરાવ્યું. બ્રાહ્મણને ફલાહાર તથા દક્ષિણા આપી, આવતી કાલે પ્રભાતમાં રીયું લેવા આઠ વાગે હાજર થવા પણ સૂચના આપી દીધી. હું મંદિરમાં માણસોની ભીડથી કંટાળી બહાર જવા ઇચ્છતો હતો. પરંતુ મ્હારાં પત્નીએ ૐ નમઃ શિવાય એ પંચાક્ષરમંત્રનો જપ કરવો શરૂ કર્યો. આખરે કંટાળીને મ્હેં લોકોની ભીડમાં સાંભળી શકાય તેમ તેણીને ધાંટો પાડી બહાર જવા કહ્યું. મ્હારાં પત્નીએ ઉત્તરમાં જ્યાં કરતો પાઠ કરી ચાલીએ. એમ જણાવ્યું. વાંચનાર! તને આશ્ચર્ય થશે, પરંતુ હું ખરૂ કહું છું.

ભારતની હિન્દુ રમણીમાં પ્રભુપ્રતિની શ્રદ્ધા આજ પણ તેવાજ ઉચ્ચ પ્રકારની છે અને એ શ્રદ્ધાના પરિણામે મંદિરના પૂજારી મહારાજને પ્રભુના રાહમાં ફસાવી આવી અનેક શ્રદ્ધાળુ સ્ત્રીઓને ભ્રષ્ટ કરેછે. પ્રભુ તેઓને

સદ્‌વૃત્તિ આપો, અને ભારતના પુણ્ય ક્ષેત્રો પુન પોતાનુ પ્રાચીન ગૌરવ ધારણ કરે, તેવી ઉન્નત ચરિત્રબંધારના પ્રગટો! અસ્તુ મારી પત્નીની પૂજા ખુમારી ન હતી એ જોઇ તે તેની આવી શ્રદ્ધામાટે મને કંઇક તિરસ્કાર પણ આવ્યો તેથી કંઇ ગર્વપૂર્વક તે તીને સત્વર પૂજનવિધિ આટોપી લઇ ઘરમા જવા કરી જણાવ્યુ વલીમ એક મહારાજે અમને એક નેરામાથી ગોરી વિદ્યાની પ્રસાદી અપી અને તે લઇ અમે મન્દિર બહાર આવ્યા

મદિરના સિંહદ્વારથી થોડે આગળ જતા ઉદાસીન અને નાગા સાધુઓની જમાતો રાવટીઓ તાણી પડેલી જોઇ કેટલાક ધૂણા ચીપીઆઓ ધુણીમા ઉના રાખી તાપને સળગાવી પંચાગ્નિ તાપતા હતા અને બાજીના ઉતારાઓમા કોઇ સ્થળે નગ્નમંડળીઓ જમેલી હતી, જેમા પુરુષ સમક્ષ સ્ત્રીઓ ભાગ લેવામાં પ્રથમ હતી આ દૃશ્ય અમને ઠીક નહિ લાગવાથી અમે આગળ ચાલ્યા,

મેળાના બે દિવસમા ઉભી થયેલી સજા રમા આ તો જોકોને બાદ કિલ્લે ફરવા બેસેલા વ્યાપારીઓને જોઈ કંઇક હિમગિરિ થયો આખરે અમે ગોમા બે સત મહાત્માના દર્શન કરી પોતાના કુટુંબ સાથે થઇ આવ્યા વાડીતરફ વળ્યા

રસ્તામાજ મારા સ્નેહી મનુભાઇ મળ્યા મનુભાઇ અમારે ત્યાની ધમાળશાળા। કુ મારતર હતા સુરતના ગોલ્યુબેટ થયેલા એક સાહિત્યરસિક અને સજ્જન હતા વહાલા સરખા તાબુમા અમે ચાર પાંચ ગોરીસરો હોવાથી પરસ્પર વારંવાર મલવાના અનેક પ્રસગો મળતા, તેમા રવિવાર, જાહેરરજાનો દિવસ, તે વહાડે ખાસ મારે ત્યા માસ્તર મનુભાઇ, વકીલબંધુ માણેકલાલ અને ડોક્ટર નુકલાલ વિગેરે ગૃહસ્થો બપ્પે ત્રણ ચાર કલાક મિત્રીક રમણા આવતા, કુ મુનસફની જગોપર હોવાથી આવા ગૃહસ્થોને મ્હારે ત્યાં જોઇ આનદ પામતો

મ્હારા પત્ની મંજુબા પણ મારા દરબારી સાથીઓનો સત્કાર કરવા ચુકતાં નહિ માસ્તર મનુભાઇ મારા પત્નીએ બનાવેલો ચિવડો વખાણી વખાણીને ખાતા અને કોઇ વખત મંજુના બ્હેનનો ચિવડો ખાવા આવેલ હુ એમ કહી તૈયાર કરાવતા માસ્તરસાહેબસાથે અમારા આ વ્યવહારથી પરસ્પર કુટુંબજેવો દૃઢ સબધ થયેલો, માસ્તરને જોતાજ મારા પત્નીને સ્વાભાવિક હુપ હોવાથી તે તુર્તજ તેમને બોલાવતા, પરતુ આજે માસ્તરસાહેબસાથે એક અન્ય ગૃહસ્થ હતા અને જે મારા પત્નીને સર્વથા અપરિચિત હતા

૨

માસ્તર સાહેબસાથેના ગૃહસ્થને હું અમદાવાદ બુનઇવગેરે સ્થળોમા એકાદ બે વખત જોયેલા એટલે મને કંઇક પરિચિત હતા, તોપણ તેનો અધિક પરિચય આપવા મનુભાઇને જ પ્રશ્ન કર્યો–"મનુભાઇ! આ ગૃહસ્થ કયાંના અતિથિ છે આજ?"

મનુભાઇએ કહ્યું "તેઓની જન્મભૂમિ તો કાઠિયાવાડ છે પરંતુ તેઓ ગુર્જરભાતાના સહૃદય અને સાચા સેવક છે ગુજરાતી સા-

હિતની યથાશક્તિ સેવા બજાવતા રહી ગુર્જર સિતારને ઉચ્ચસ્થાને શોભાવનારા–સાહિત્યરસિક અને લેખક છે 'રમણ' એ તખલ્લુસથી લખનારા સામાજિક અને હિંદુ ગૃહજીવનને યથાર્થ આલેખનાર પોતાની રસભરી મીઠી કવિતાઓથી માસિકપત્રોમા પ્રધાનસ્થાન લે નાર આ ગૃહસ્થ મારા બાલસ્નેહી–ભાનો કે લગોટિઆ મિત્ર છે. હું આ નૂતન પરિચય મેળવી આનંદ પામ્યો, અને તેની સાથેજ સ્નેહજ વાર્તાલાપ કરવા ઇચ્છા થઇ

"આપનું વિરોપ કરીને ગુજરાતમા કયે સ્થળે રહેવાનુ બનેછે?"

"સાહેબ! હાલ તો વડોદરામા થીનાન્ નીતમલાલ શાહના પુત્રી વિ સુભદ્રાના આ નગી શિક્ષકતરિકે કામ કરૂછુ, એટલે બધા ચારેક માસથી વડોદરાજ છું'

રમણના બોલવામા સભ્યતા અને લાગણી જોઇ હું પ્રસન્ન થયો. તે સુંદર હતા અને સુંદર બોલતા હતા, તેની ભવ્ય આકૃતિ, પટેરવેશ અને મધુર બોલચાલ, એ સર્વ પ્રથમ મળનારને જરૂર મુગ્ધ કરે તેવા હતા તેણે સાદા પણ સ્વચ્છ અને સફેદ વસ્ત્રો કોઇપણ જાતની ટાપટીપવગર પહેરેલા હતા, કોન્વિનાની ચોતિયુ, પગમા હેમશૂઝ, કફનો બટન અને માથે મલમલનો સફેદ સાફો બાંધેલો હતો, ગળામા કોલર, હાથમા રિસ્ટ કે ઘડિયાળ કે બિલ્લા કે ચેન્યકટ ન હતા, તોપણ તેની નેત્રસ્નિગ્ધતા, સ્નેહભીનુ હૃદય અને ચાલમાહેનુ ગાંભીર્ય અપૂર્વ મોહક હતા

રમણ પતી એટલે રમણ સર્વસ્વ, રમને અનુકુળ હૃદયમા સ્થાપનાર મહાન સુખ અને સાનુકૂલના ખાતર સતત શ્રમ લેનાર અને 'પતિનુ એટલુ પ્રિય માનનાર' સાચા પતિવ્રતા હતા

તેમના જીવનના કોઈ પણ પ્રસંગે આ હૃદયનાં શંકા ઉદ્ભવી નથી અને હું પણ અન્ય પતિ જેવો રમણનો પતિ ન હતો. એટલે મ્હારાં પત્નીમાટે કદીપણ શંકા થવા સંભવજ નથી, તો પણ મંજુલાના બાજના વર્તનને મ્હને કંઇક ચિંતાકર કર્યો

મંજુલા એક અપરિચિત ગૃહસ્થના પગથી મુખ મુકી વારંવાર જોયા કરે રમણના મુખ અને નેત્ર સામે મીટ માંડીને જુએ એ મ્હારાથી કમ સહન થાય? તેણીને પરપુરુષ-સામે આવી રીતે નિહાળી જોવાનો અધિકાર જો? મ્હે આપેલી શીખનો આવો ઉપયોગ? શું મંજુલાના જીવનમા પવિત્રતામાટે શંકા થઇ મંજુલા આજે પત્નીધર્મ ચૂક્યા એ જોઇ ચિંતાકર થયો

સ્ત્રીઓની ઉન્નતિ–જીવનનો વિકાસ એ રમણનો પ્રિય અને પ્રધાન વિષય હતો. અને ગુર્જર સન્નારીઓસાથે બોલવા ચાલવામા અવશ્ય કુ લેનો પરંતુ તેના ગૃહ જીવન કે ઉન્નત ચારિત્ર પર કદી મોમના મનમા શંકા થઇ નહોતી પણ આજે મંજુલાનીસાથે નેત્રે નેત્ર મળતા હૃદયમાં શંકા જેમી ગઇ મંજુલા આથી વિશેષ તેની સાથે બોલવાનુ સાહસ કરવા પણ આતુર હતી રમણનું બોલવુ ચાલવુ ધીમુ હતું, અને રમણની ગૈરહાજરી છતાં મંજુલાના હૃદયમા જણાઇ ગઇ મંજુલા તેની સામે વાર્તાલાપ ન કરે તો સારૂ, એમ ધારી

રમણુસાથે ગ્હેં પણ અધિક વાતચિત નહિ કરતાં આબાવાડીમણી ચાલના કોઇ ન જોઇ શકે તેમ મારા પત્નીનો હાથ દાબી સંકેત કર્યો, તોપણ મારાં ભોળા પત્નીએ 'ચાલો, થોડીવાર આબાવાડીમા ફલાહાર લઇશું' એમ કહી મનુભાઇને આવવા આગ્રહ કર્યો. મંજુલા કહે અને મનુભાઇ સાથે ન ચાલે એવુ કદી બને નહિ તોપણ મનુભાઇના અતિથિ રમણ સાથે આવતા અટકે એવુ મારા શંકિતહૃદયે ઇચ્છ્યુ આખરે મારી ઇચ્છા મનમાજ રહી અને મનુભાઇ નવા અતિથિને લઇ અમારી સાથે ચાલ્યા અમે ફરતા ફરતા આબાવાડીમા આવી પહોંચ્યા

કુંજમા આબાવાડી એ રમણીય અને સુંદર સ્થળ હતુ નજીક નજીક જામી રહેલી આમ્રઘટામાં કોયલો ટહુકી રહી હતી એક બાજુ સરોવરના કિનારાપર રમતા હંસનાઓ અને મયૂરો ટેહુક ટેહુક કરી પ્રવાસીના દિલ રંજન કરી રહ્યા હતા ગુલાબ કણેર ચંપો જાઇ મોગરીવિગેરેની સુંદર પુલવાડી નિહાળતા આનંદ આનંદ થતો અને ઉઠવા ઇચ્છા પણ ન થતી ઇંદ્રના નન્દનવન અને લંકામા સીતાજીવાને રાખવામા આવેલ અશોકવાડી તે કલ્પનામા ખડા થતા હતા

અમે એક નિશાન આંબાની શીતલ છાયા નીચે બેસી ગરમીને લઇ કોપ, ટોપીવિગેરે કહાડી નાખ્યા અને નજીકની રમણ રેતીજેવી પાથરેલી રેતીઉપર બેસી કંઇ કંઇ નવાજૂની વાતો કરી મહાત્મા ગાંધીના સત્યાગ્રહની, નિરંતરી શ્રીમાન્ હોનિમેનના ટ્રેશનિકાલની અને નામદાર પરેલના બિનવગેરે ઉપર કેટલીએક ચર્ચા કરી એ સર્વ વાતોમાં રમણના ગ્હેની વાતો સાભળવા મારા પત્ની આતુર દેખાતાં રમણનો રાગદ્વેષ ઉભરતી સાભળતાં અને લોહ જેમ ચુંબકણી બે ચાય તેમ રમણુભણી કોઇ ગુપ્ત જાદુઇ આકર્ષણે મારાં પત્ની બેચાયાં મારા મનમા કંઇ કંઇ વિચારો થયા, કંઇ કંઇ તરંગો ઉછળ્યા મારા પત્નીને કયારે મૂકું? કયા રૂપમા કહેતુ? અને શું શું કરી સમજાવુ મારૂ મન ભ્રમિત થયુ ચકડોળે ચડ્યુ મારા પત્ની જે વિષયમા રસ લેતાં હતા તે મને નીરસ અને શૂન્ય દીસતું મારો માનસિક આનંદ તો ક્યારનો ઉડી ગયો હતો પરંતુ મારા સાથીઓ મારી માનસિક સ્થિતિ-મારો મનોભાવ ન જાણી શકે તેટલાપૂરતો તેઓની વાતચિતમા હું ભાગ લેતો "બસ" છૂટનુ પરિણામ, થોડા પુસ્તકો વાની મેળવેલુ પોપટીયુ જ્ઞાન અને પતિનો જીતી લીધેલો વિશ્વાસ જોર મારા પત્નીના અપકવ હૃદયને પરપુરૂષ ભણી ખેચી રહ્યા છે રમણ વિદ્વાન છે સજ્જન છે જિતેંદ્રિય છે તોપણ તે એક પરપુરૂષ છે અપરિચિત છે માટે તેના સામુ વારંવાર નિહાળી નિહાળી મારા પત્નીએ શા માટે જોવુ જોઇએ? તેના પ્રતિ આવો પક્ષપાત શ્રીમતી શાથી બતાવેછે? વાચનાર! તુજ કહે મારૂં પત્નીમાટે થયેલી મારી માન્યતા સકારણ છે કે નહિ? આવા કંઇ કંઇ તરંગો મારા દિલનુ ઉઠાળા મારી મન્થન કરવા લાગ્યા મારા પત્નીએ નાસિકેરીપરથી લીધા ત્રોફા લાવી આપવા માગીને જણ્યું અત્રે સહુએ નારીએનનું પાણી પીવુ માગીને છ

આઠ આના આપ્યા. અને ઘેર જવાનો વખત થઇ જવાથી અમે ઘાટભણી વળ્યાં. ગાડીવાલે ગાડી હાજર કરી.

મારતર સાહેબ તથા તેમના અતિથિ પણ મારાં પત્નીના બોલાવવાથી અમારી સાથે ગાડીમાં બેઠા. ગાડી ચાલી. કૈં કૈં સમાજસેવા અને ગૃહજીવન પર વાતો ચાલી. મારા દુઃખી દિલને આજે આનંદ ન હતો. મારાં પત્ની સમક્ષ છતાં પણ મને કંઇ રસ ન હતો. મૂંઝવાતી મૂર્ખતા અને બોળાપણામાટે મનમાંજ ગુસ્સે થયો. પરંતુ એ લોકો સમક્ષ શ્રીમતીને કૈં પણ ન કહી શકું એ દેખીતુંજ છે. સન્ધ્યા ઢળી, ગાડી ગામમાં પહોંચી. ચતુરભાઇનું મકાન રસ્તામા આવતાં તે પોતાના અતિથિસાથે જય જય કરી નીચે ઉતર્યા. મારા સહવાસમાટે રમણે છૂટા પડતી વખતે આભાર દર્શાવ્યો. તોપણ આવતી કાલે પ્રભાતમાં મારે ત્યાં ચા પીવા રમણભાઇને તેડવા આવશો, એટલો વિવેક પણ મેં મારતર સાહેબને ન કર્યો, મારા દિલમાં એ ગૃહસ્થ માટે શ્રદ્ધા ન હતી, ત્યાં વિવેક કે નિમંત્રણ કયાંથી હોય! મારો આ વર્તનથી મારાં પત્નીને કંઇ રોષ થયો હોય તેવું જણાયું, તેના હૃદયમાં મારી અસભ્યતા વસી, ગાડી ઉપડી અમારો બંગલો ઉત્તર દરવાજે ગામ બહાર હતો. ઘડીમાં અમે બંગલે આવી પહોંચ્યાં. હું દિવાનખાનામાં જઇ આરામખુરશીપર પડયો. ધીમે ધીમે કોટ, પેન્ટ વિગેરે ઉતાર્યાં મહારાજે અમારામાટે ચા તૈયાર કરી રાખેલી હતી એટલે થોડીજ વારમાં મારાં પત્ની મારા માટે ચાનો કપ લઇ ઉપર આવ્યાં. મને એક રકાબીમાં ઠંડો કરી આપવા લાગ્યાં, મને ચા પાઇ તુર્તજ પાન બનાવી આપ્યું. મેં પાન ખાધું, તેઓ નીચે ગયાં.

આહા! હિન્દુ સ્ત્રીઓમાં કેવી નમ્રતા અને સહિષ્ણુતા છે, ઘડી પહેલાં ગાડીમાં રોષે ભરાયેલું વદન કયાં અને કયાં સ્નેહ પૂર્ણ ખરા હૃદયથી ઉઠાવેલી સેવા! ખરેખર! હિન્દુ રમણી સર્વથા નિર્દોષ છે. મૃદુ-કોમળ અને સ્નેહની સાક્ષાત્ મૂર્ત્તિ છે. કેવી નિષ્કામ સેવા, કેવો ઉન્નત પતિવ્રતધર્મ, અને પતિનું એટલું પ્રિય માનવાની કેવી દિવ્ય ભાવના! નહિ નહિ મારીજ ભૂલ થઇ મારાં પત્ની સર્વથા નિર્દોષ અને નિર્વિકારી છે મહાકવિ ભવભૂતિ પોતાનાં ઉત્તર રામચરિત નાટકમાં વનની અધિષ્ઠાત્રી વાસન્તીને ભગવાન રામચન્દ્ર સાથે પરમ મૈત્રી હતી' એવું સિદ્ધ કરેછે રામચન્દ્ર પર પુરૂષ હતા. કિન્તુ, મહાન પવિત્ર અને સર્વોત્તમ હતા. રમણ પર પુરૂષ છે તેમજ વિદ્વાન છે. તેવા સજ્જનની સાથે મારાં પત્નીની મૈત્રી કેમ ન સંભવે? અને ત્યારે શ્રીમતીનો દોષ શો? વિગેરે વિચાર કરતાં મારાં પત્ની-માટે થયેલો અભિપ્રાય એ મારીજ ભયંકર ભૂલનું પરિણામ દેખાયુ. એકાદ કલાક ચારાઇ લીધો ત્યાં મારાં પત્ની એક મોટી રકાબીમાં ફલાહાર ગોઠવી લાવ્યાં અને એક પ્યાલો દૂધ મૂકયું. બીજી રકાબી મગાવી શ્રીમતીએ પણ સાથેજ ફલાહાર લીધું.

આજના મેળાની, ગામની અને દરબારી કૈં કૈ વાતો કરી છેવટે મારાં પત્નીને એકાદ સુન્દર ગીત સંભળાવવા ઇચ્છા બતાવી. મારી ઇચ્છા એ શ્રીમતીને મન આજ્ઞા હતી.

આજ્ઞાધારક નમ્ર પત્નીએ તુર્તજ વ્હાની સ રખી હિંડલ લીધી સૂર મેળવ્યા અને નીચે પ્રમાણે મધુરું ગીત શરૂ કર્યું

[ધીરગંભીર યમુનાતીરે વદતિ મુખે વનમાળી રે] એ ટ્યુન

* નન્દન વનમા મોર સખી કે,
ટહુકે મીઠુ મીઠુ રે,
* દિવ્ય અને રસપૂર્ણ જીવનનુ
ચિત્ર અનુપમ દીઠુ રે—નન્દન૦

* પ્રાત સમે એ મોર મધુરા,
સ્નેહ રસો છલકાતારે
* જાગ્રત કરવા આર્ય પ્રજાને,
ઐક્ય મંત્ર ઉચ્ચરતારે—નન્દન૦

* આત્મ જાગ્રતિ-જીવન સરકૃતિ,
પ્રતિદિન કે કે પામીરે
* નીતિ-ન્યાય-ને ધર્મ કર્મમા,
જીવનને વિસ્તારીરે— નન્દન૦

* બન્ધુ ભાવ અંતરમા ધારી,
સ્નેહ રસે ઉર રંગેરે,
* જ્ઞાતિ જાતિ જનમ ઝઘડા,
કલેશ પરસ્પર ત્યજશેરે—નન્દન૦

* દીન હીન નિજ ભારત કાજે,
ત્યાગ અનુપમ કરશેરે,
* રંક અને અજ્ઞાન કુટિરમા,
જીવનને પીનવશેરે— નન્દન૦

* આ રીતે સખિ રંકૂ ભાવના,
અંતરમા ઉઠતીરે,
* ભારતનું એ લક્ષ્ય અનૂપમ'
સ્વરાજ 'રહેજે ભળતીરે—નન્દન૦

ગીત પૂરૂ થયુ મારા પત્નીમાટેની મારી શંકા ઘડીભર દૂર થઈ અને માનવમાથી દેવ થયો એવુ કંઈ લાગ્યુ સાચી રમિલા અનન્ય પતિવ્રતધર્મપરાયણ અને સર્વથા નિર્દોષ મંજુલા મને દેખાઈ હિન્દુ રમણી ધન્ય છે તારી સહિષ્ણુતાને અને મહાનુભાવ હૃદયને દયા ક્ષમા અને નિષ્કામ સ્નેહ આદિ દૈવી વિભૂતિ હિન્દુ રમણીમા સર્વ કાલ નિવાસ કરે છે કોણ કહી શકે છે કે મારી મંજુલા પરપુરૂષમાટે પક્ષપાત ધરાવે છે?

મારી હૃદયેશ્વરી મારા પત્ની 'પતિનું એ ટહુ પ્રિય' એજ ભાવનાના પરમ ઉપાસક છે મંજુલા! મારી પ્રિય મંજુલા! તમારા માટે આ હૃદયમા કદી શંકા હોયજ નહિ તમારા સાથેના ચાર વર્ષના સહચારમા તમારા જીવનમાટે કદી શંકા ન થઈ અને હવે હું શંકા લાવું નહિ! નહિ! મંજુલા! તમે પરમ શુદ્ધ ગૃહિણી દેવી છો! મારૂ કરોડ મારી નજરગાઇ, મારી મૂર્ખતા આવા વિચારો મા હુતો આરામખેંગ્પર પડેલો હતો, રાત્રિના દશ થયા શ્રીમતીએ મારા શયનમાથી જવા રજા માગી અમારા ગૃહજીવનમા પહેલેથીજ એવો નિયમ હતો કે શ્રીમતી ત્યારે કે કંઈ પણ વ્રત કરે ત્યારે અમારા ઉભયના શયન અલગ રાખવા ખાસ ગોઠવણ થતી મે પ્રથમજ કહ્યું કે, મારા પત્ની જેવા પતિપરાયણ હતા તેવાજ પ્રભુપરાયણ રહેતા એટલે આજે મહાશિવરાત્રિ વ્રત હોવાથી શ્રીમતી નીચેના ઓરડામાં સુવા જવાનાં હતા તે ઉઠ્યા પરંતુ જતા જતા આ શાન્ત થયેલ હૃદયને પુન આઘાત કરતા ગયા તેઓએ જતાં જતાં કહ્યું

ચ્યું "આવતી કાલે પારણું કરતી વખતે મ-નુભાઇના અતિથિને આપણે ત્યાં જમવા નિ-મંત્રીએ તો"—

મારાં પત્નીનાં ઉપરના વાક્યનો મેં સંતોષ-કારક ઉત્તર વાળ્યો નહિ. પરંતુ, તેણીને નીચે જવા જણાવી દીધું. "બસ, મારાં પત્નીને એ પુરૂષમાટે આટલો બધો પક્ષપાત શાથી હશે?" એ વિચારે ફરી મારૂં હૃદય મુંઝવાયું. મારા સમક્ષ અપરિચિત પરપુરૂષસ્હામે નિ-હાળી નિહાળી જોવું, છૂટથી વાતો કરવી, અ-ને પરોક્ષમાં પણ તેના માટે હૃદયમાં પક્ષ-પાત રાખવો, વિગેરે મારાં પત્નીનાં સ્વચ્છંદ વર્તનપર મને તિરસ્કાર પણ થયો. અલ-બત્તા હું સ્ત્રીસ્વાતંત્ર્યનો હિમાયતી છું. સ્ત્રી-ઓને ચાર દિવાલની વચ્ચે પૂરી રાખી, હિં-દુઓએ સ્ત્રીઓનું વ્યક્તિત્વ ઉરાડી દીધું છે. સ્ત્રીઓનું સ્વમાન હિન્દુપતિદ્વારા નષ્ટ થયું છે અને પોતાના સુખોપભોગના સાધનથી વિશેષ પ્રતિષ્ઠા સ્ત્રીઓની હિન્દુ ગૃહજીવનમાં નથી. આવી મારી માન્યતા છે. પોતાનાંજ ગામમાં અને તો એકજ કુળિયામાં જો પુત્રી-માટે વર મળી આવે તો બીજા કુળિયામાં નહિ આપવી, એ અમારાં હિન્દુ માબાપોની એક સાંપ્રદાયિક રૂઢિ છે. લગ્ન થયા પછી ક-ન્યા, વહુઓ રસોઇ કરી, જમી પરવારી અ-ગીયારે બિછેરમાં ચાલી જાય, સાંજે ફાનસ લઇ બાઈ અથવા ઘરનો કોઈ બાળક શ્વશુર ગૃહે મૂકી આવે; આ સંકુચિત રૂઢિમાં લગ્ન વિકાસ શી રીતે થઇ શકે? સામાજિક ઉન્નતિમાં લગ્ન-વિકાસ એ અગત્યનો પ્રશ્ન છે. સુરત અને ચમદાવાદના બલક્ષત્રિયની કન્યાઓ આવા અને મુલતાનસુધી અપાય છે. આ લગ્નપ્ર-ણાલિકા આવશ્યક અને અભિનન્દનીય છે.

આપણી હિન્દુ સ્ત્રીઓ સભા કે મેળાવડામાં લાગ ન લઇ શકે તો હરકત નહિ પરંતુ નિ-સર્ગનાં અપૂર્વ દશ્યો, આબુ અને ગિરનારનાં આકર્ષક અને રમણીય સ્થળો તેમજ પ્રાચીન વસ્તુઓનાં સંગ્રહસ્થાનો વિગેરે બતાવવાની બહુ જરૂર છે. નાટકનાં થિયેટરોમાં હાજર રહેવાની છૂટ, દુષ્ટ અને સ્ત્રીઓનાં સંકેત સ્થાન-રૂપ બનેલાં ઠાકુર મન્દિર અને હવેલીમાં જ-વાની છૂટ પરન્તુ ઘરમાંજ અનિયિરૂપે આ-વતા સંન્યાસી કે સજ્જનનો ઘડીભર સહવાસ મેળવવા હિન્દુ સ્ત્રીઓને પ્રતિબંધ! એક વિદ્વા-ન અને કુટુંબતુલ્ય થયેલો મિત્ર સ્ત્રીસાથે વાત ન કરી શકે, પરંતુ ઘરમાં રસોઇ કરતો નાલાયક સંસ્કારરહિત ભટ્ટ કે વાસણ માં-જતો ધોબી કે ઝુટ સાફ કરનાર પટાવાળો મનમાની છૂટથી વાતો કરે. તે લોકોમાટે કદી શંકા નહિ. અરેરે! હિન્દુ ગૃહસંસાર કેવો અવનત દશામાં છે! ગૃહજીવનમાં વિકાસ નથી, ત્યાં સામાજિક ઉન્નતિ શી રીતે થઇ શકે?

'કયારે પ્રભાત થાય, અને મારાં પત્નીની આ ભયંકર ભૂલ સુધારૂં? સાંસારિક અનુભવ-માં મારાં પત્ની હજુ બાળક છે. એટલે તેની દૃષ્ટિએ ઉજળું એટલું દૂધ દેખાય, પરંતુ, બે વર્ષ પહેલાંજ કેમ્પમાં રહેતાં ત્યારે પેલા રવિશાલવાળો પ્રસંગ મારાં પત્ની કેમ ભૂલી જતાં હશે, દૂધથી દાઝેલો દહીંથી પણ પ્રથમ બીએ, એટલે સર્વથા અપરિચિત રમણ માટે મને કેવીરીતે વિશ્વાસ આવે?' આ વિચારમાં મોડી રાત્રિએ નિદ્રાધીન થયો.

પ્રભાત થયું. મારા ન્હાવા ધોવાની તથા સન્ધ્યા પૂજા વિગેરેની તૈયારી મારાં પત્ની જાતે કરતાં. આજે પણ તેજ પ્રમાણે ક્રમપૂર્વક ગૃહ કાર્ય કરતાં હતાં. હું પૂજા કરી પરવાર્યો. અમે સાથે ચા પીધી. મારાં પત્નીએ ગઇ કાલે કરેલી ભૂલ સુધારવા કયારે કહું? એવો પ્રસંગ શોધતો હતો. ચા લેતી વખત સર્વ કાંઇ કહેવા નિશ્ચય હતો. પરંતુ તેટલામાંજ દરબારમાંથી પટાવાળો મને બોલાવવા આવ્યો. સત્વર કપડાં પ્હેરી મારાં પત્નીએ બનાવેલું પાનનું બીડું લઇ હું દરબારમાં ગયો.

હિન્દુઓનું રસ્વયંપાક ગૃહ ખરેખર એક પુણ્ય તીર્થ છે. હિન્દુ રમણી પવિત્ર થઇ શુદ્ધ રેશમી વસ્ત્ર પ્હેરી કેવા ન્હાલથી રસોઇ તૈયાર કરેછે, 'મોજ્યેષુ માતા' એ સૂત્ર આર્ય રમણીનેજ ઘટે છે. હિન્દુ કુલવધૂઓ ધન્ય છે તમારી શુદ્ધતા અને પવિત્રતાને. મંજુલાએ રસોઇ તૈયાર કરી દેવને નૈવેદ્ય અર્પણ થાય તેવી રીતે રસોઇથી પૂરેલો થાળ જ્યારે પતિ આરોગે ત્યારે હિન્દુ રમણી પોતાને કૃતાર્થ સમજે છે. પતિ, અતિથિ અને કુટુંબી જનને જમાડી પાછળથી પોતે જમવું એ હિન્દુ રમણીનો એક સર્વ શ્રેષ્ઠ સદ્‌ગુણ છે. બાર વાગ્યે હું ઘેર આવ્યો. ન્હાઇ મુગટો પ્હેરી પાટલાપર બેઠો. કંઇ કંઇ સામગ્રીથી પુરાએલો થાળ મારાં પત્નીએ મૂંકયો. ભોજન શરૂ થયું. મારાં પત્નીનાં આજનાં ગરમાગરમ પુલકાં મને કંઇ અધિક મીઠા લાગ્યાં. મારાં પત્ની પીરસતાં ગયાં, કંઇક સ્મિત કરી આગ્રહ કરતાં ગયાં અને હું કેટલી સંખ્યામાં ટ્રોટલીઓ ઉડાવી ગયો તેનો કંઇ નિયમ રહ્યો નહિ. આખરે જમતાં જમતાં મારાં પત્નીની ભૂલ સુધારવા ઠીક પ્રસંગ આવ્યો છે એમ ધારી કંઇ રોષપૂર્વક મારાં પત્નીને કહ્યું.

'વ્હાલી! તમે જાણોછો કે રમણ ગમે તેવો તોપણ પરપુરૂષ છે. વળી અપરિચિત છે. છતાં ગઇ કાલે તમે તેના સામે નિહાળી નિહાળી જોતાં હતાં, તારામૈત્રક સાથેનાં હતાં એ તમારી જરૂર ભૂલ થઇ છે.' મારાં પત્નીએ કંઇ સ્મિત કરી નિડરપણે ઉત્તર આપ્યુ.

'હું પણ તેજ વખતથી જાણી ગઇ હું કે મારા જીવનમાટે આવી રીતે અભિપ્રાય બાંધી લેવામાં તમે પણ ભૂલ કરી છે.'

'વળી તમારા હૃદયમાં એ પુરૂષમાટે એક પ્રકારનો પક્ષપાત વસી ગયો છે, એ પવિત્રતા-ધર્મપરાયણ સ્ત્રીમાટે પાપ ખરૂં કે? મંજુલા! બોલો! ગઇ કાલના વર્તનને મારા સાથેના અદ્વૈત સદ્‌ભાવમાં તમે હાર્યાં છો.'

'વ્હાલા! ઇશ્વર નિર્મિત સૌન્દર્ય-પરમાત્માની સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલાં પ્રાણી માત્રને નિહાળી નિહાળી જોવા અધિકાર છે. વનના નવપલ્લવ તરૂઓ, સરિતા, પ્હાડનાં રમ્યશૃંગો, હંસ, મયૂર, હાથી, ઘોડા આદિનાં સૌન્દર્ય જોવામાં પાપ નહિ. અને પુરૂષના સૌન્દર્યને જોવામાં પાપ થઇ ગયું ખરૂં કે? અને વળી રમણભાઇ માટે મને પ્રથમ પરિચયથીજ જે પક્ષપાત થએલો છે, એ કેવી દિવ્ય અને ઉન્નત ભાવનામય છે? એ જરા તપાસો-અને પછી કહો કે મંજુલા! પાપ ખરૂં કે?'

'બોલો મંજુલા! નીડર કહો વારૂ; હું તે મારી ભૂલ નથી? અને તમારા પક્ષપાતમાં

થી ભાવના વસી છે? એ સત્વર જણાવો, જે ગર્વપૂર્વક મારાં પત્નીપર છત મેળવવાની ઇચ્છાવડે કહ્યું.

'વ્હાલા! આ ભાગ્યહીન નારીને માનો જણ્યો સહોદર બન્ધુ નથી. બન્ધુવગર બેનનો સંસાર કેવો શૂન્ય છે! એ કંઇ વિચારો! રમણજેવો પરમ સજ્જન મારો સહોદર બન્ધુ હોયતો!!!'—

આજ મારા છગરમાં વસેલો તે પુરૂષમાટેનો પક્ષપાત!! રમણુ આ બન્ધુવિહોણી બેનનો જીવિતપર્યંત ભાઇ થઇ રહે, એ આ હૃદયની પરમ વિશુદ્ધ અને અન્તિમ ભાવના!'

મારાં પત્નીએ પોતાનો શુદ્ધ મનોભાવ દર્શાવ્યો. 'મંજુલા! હૃદયેશ્વરી! એ પવિત્ર દેવી હું હાર્યો—'

"તમારા પરમ ઉજ્વલ ચારિત્ર્યમાટે આટલી શંકા લાવ્યો. નિઃશંક પાપી હું છું. વ્હાલી! મને માફ કરો: અને મારા છગરના શુભાશીર્વાદ છે કે પરમાત્મા! તમારી મનોભાવના સફલ કરો! તોપણ છેવટે તમે એક ક્ષિના ભૂલી ગયાં હશો એમ ધારી આ પ્રસંગે સ્મરણમાં આપું છું. બે વર્ષ પહેલાં ગ્રીષ્મમા આપણે કેમ્પમાં હવાફેર કરવા ગયેલાં ત્યારે દરબારી ઉતારાની એકજ ઓસરીએ રહેતા ચેલા રવિલાલસાથે આપણો કુટુંબતુલ્ય સંબંધ હતો? એ સંબંધનું આખરે ફળ શુ મળ્યું? મંજુલા! એ વખતે સાંજે તમે પેલા ભગવાન મહારાજનાં પત્નીની ઓરડીમાં હ્યાસી ન ગયાં હોત તો તમારૂં જીવન પવિત્ર રહે તેવી આશા કયાં હતી? એ પ્રસંગ યાદ કરો! અને પછી રમણુને ભાઈ તુલ્ય સ્વીકારો."

'વ્હાલા! એ પ્રસંગ મને દરેક ક્ષણે યાદ છે. તેથીજ કંઇક ઉન્નત અને પવિત્ર રહી શકીશું. એ રવિલાલ રાક્ષસ હતા અને રમણભાઇ રામ છે. એ અસુર હતા અને આ દેવ છે."

ઉપરની વાતને આજે એકાદ વર્ષ પૂરૂં થવા આવ્યું છે. મંજુલા અને રમણુ સાચાં ભાઇ બેન બની રહ્યાં છે રમણુનાં બાળ્યો અને લેખોનાં હું અને મારાં પત્ની ઉપાસક બન્યાં છીએ. માસ્તર સાહેબ મનુભાઇની બીજી સ્ટેટમાં બદલી થવાથી રમણુભાઇ અમારે ત્યાંજ ઉતરે છે. આઠ દશ દિવસ વારંવાર રહી ગૃહજીવનનું પરમ ઉચ્ચ શિક્ષણ આપે છે.

રમણુભાઇના સત્સંગથી મારાં પત્ની સમાજમાં સંસ્કારી અને સન્નારી મનાયાં છે અને હું પણ તેવા નિસ્પૃહી સંતનું ખરા છગરથી આતિથ્ય કરૂં છું. યથાશક્તિ સેવા શુશ્રૂષા કરી મને કૃતાર્થ માનું છું. અમારા દંપતિના જીવનમાં મહાન પરિવર્તન કરનાર-સંસારનાં ઘોર અંધકારમાં જીવનરૂપ દીવાદાંડી બતાવનાર રમણુભાઇ છે. મારા સાચા સ્નેહી-કુટુંબ વત્સલ-ગુરૂ-બંધુ, જે કહું તે રમણુભાઇ છે.

મંજુલા રમણુને જોતાંજ "મારા ભાઇ મારા ભાઇ" કહી સ્નેહથી છલકાય છે. રમણુના સહવાસમાં કલાકો વિતાડે છે. પરંતુ, મંજુલાની એક મનગમતી આશા એક મધુરી ઇચ્છા એકજ કોડ પ્રભુ કયારે પૂરો કરશે?

* * *

'લાગને સંન્યાસ એવા મનના સંકલ્પને,
'દૂર કરી ત્યાંયે ગૃહ લક્ષ્મી લાં મધુરી,
'જોને બેની! ચેલો 'વીર મારો ઉભો.'

* * * * * *

આ એક વાક્યના પૂર્ણ થએલી જોવા મંજુલા બહુ આતુર છે. અને તેથી વારંવાર કહેછે કે, રમણુભાઇ! તમે લગ્ન કયારે કરશો?"

અમારો સેવાધર્મ.

કવ્વાલી

અમારો ધર્મ સેવાનો, અમે 'સેવક' કહેવીશું,
અમારા સેવના પથે, પધારો તો પધારીશું— ૧

જગતમાં જ્ઞાન-અન્યાય, સમુન્નતિ-મુક્તિ-સુખમાટે,
સકલ-કલ્યાણની દીક્ષા, લઈ જીવન વિતાવીશું— ૨

સદા સાધુ-અનાથોને, ઉદ્ધરવા દુષ્ટ સંહરવા,
સુરીત-સદ્ધર્મ વર્તાવા, અમે જીવન ધરાવીશું— ૩

દુઃખી-દીન-દલિતને અમો, અમારા દેવતા સાચા,
ભજી ભાવે, દુઃખી અશુ,વિપત્તિથી બચાવીશું— ૪

અમે ઐકાત્મતા કેરી, નિશાણી રક્ત ને રાખી,
અધમ કે ઉચ્ચ સેવ્યામાં, ન વર્જ્ય ભેદ લાવીશું— ૫

રહી ધીર-સંયમી નિર્મલ ભગિની-ભ્રાતૃ-સેવામાં,
સહીને વાદના ખાતર, અમે આનંદ ઉજવીશું— ૬

દયા-રક્ષા-પ્રીતિ-ન્યાયે, મનુજ-પશુ-પક્ષિ સૌ સેવી,
સમુદ્ધ-નિર્બુદ્ધ-જડ-ચૈતન્યના ભેદો શમાવીશું— ૭

શુભ-ભાવ-વાણી-વર્તનથી સકલ સદ્વસ્તુ-સાધનથી
સદા, સર્વત્ર સેવામાં, સફલ જીવન બનાવીશું— ૮

અમે શુદ્ધ સેવના યજ્ઞે સમર્પી સર્વ તન-મન-ધન
દઈને આત્મ-ભોગો ધર્મ સેવાના બનવીશું— ૯

રહી બદલાની બેપરવા સ્મરી પરમેશ-વિભુ-દેવા,
રહી ગૃહ-ત્યાગ-જગ-સેવા-પ્રતિજ્ઞાને નિભાવીશું— ૧૦

'અચલ દે આત્મબળ પરમાર્થ-બુદ્ધિ ઈશ! હૃદયાની!'
બની સેવક જગત અદ્વૈત-શાન્તિથી દીપાવીશું— ૧૧

સેવક—'નંદન'

પરમેશ્વરપાસે પ્રાર્થના.

લેખક—શ્રીયુત શાસ્ત્રી પોપટલાલ અંબાશંકર—જામનગર.

(અનુસંધાન પૃષ્ઠ ૪૪ થી.)

કર્મસિવાય કર્મના ફળદાતા ઇશ્વરવગેરેને માનવાની કશી જરૂર નથી. એ તો કર્મોનોજ સ્વભાવ છે કે જેવાં પોતે હોય તેવાં ફળો પોતાની મેળેજ આપે, વગેરે જેટલું પોતાથી થાની શકે તેટલું કહેવામાં બાકી રાખતા નથી. તોપણ તે લોકો-"आत्मनो बिल्वमात्राणि पश्यन्नपि न पश्यति" પોતાના બિલાના ફળજેવા મહોટા અને મજબુત દોષો તે દેખાતા હોય છતાં ન દેખતા હોય તેમ કરી બીજાની ઉપર મિથ્યા-દોષોનું આરોપણ કરવામાંજ પોતાની બુદ્ધિના બોધનો ઉપયોગ કર્યા કરેછે. તે તેઓને છાજતી આવે તેવી વાત છે પણ તે કપોલ-કલ્પિત કર્મવાદનું કથન કરનારાઓના પક્ષમાં ઘણા દોષો છે. તટસ્થ વિદ્વાને હવે વિચાર કરવો જોઇએ કે કર્મને કરનાર જીવાત્મા એ ચેતન છે, એટલે કર્મની ઉત્પત્તિમાં ચેતનની અપેક્ષા રાખ્યાવગર છુટકો નથી તેમજ સારાં કે નઠારાં કર્મને કરનાર જીવાત્માજ તે સારા કે નઠારાં કર્મનાં ફળોને ભોગવનાર છે. તેથી જેમ કર્મોનું કર્તૃત્વ ચૈતન્યમય જીવાત્માજ ઘટેછે, કર્મોના પરિણામભૂત સુખદુઃખાત્મક ફલોનું જે ભોક્તાપણું છે તે પણ ચૈતન્યમય જીવાત્મામાંજ ઘટેછે, તેમ કર્મોનું જે ફળદા-તૃત્વ છે તે પણ ચૈતન્યમય તત્ત્વનેજ ઘટેછે. તે ચૈતન્યમય તત્ત્વ પરમેશ્વરસિવાય બીજું કોઇ ઘટી શકે તેમ નથી કદાચ કોઇ શંકા કરે કે કર્મોનાં ફળોને દેનારપણું ચૈતન્યમય તત્ત્વવગર બીજામાં ન ઘટતું હોય તો કર્મોના કર્તારૂપ જે જીવાત્મારૂપ ચૈતન્ય છે તેનેજ ફળોના દેનારપણાતરીકે માનવામાં શું હરકત છે? તેના સમાધાનમાં કહેવામાં આવેછે કે જે કર્મોનો કર્તા હોય તેજ ફળોનો ભોક્તા હોય એ વાત સર્વતંત્રસિદ્ધાંતથી બિનતકરારે સૌકોઇ માનેછે; પણ કર્મોનો કર્તા હોય તેજ કર્મોના ફળોને દેનાર હોય એ વાત કોઇ પણ રીતિથી માની શકાય તેવી નથી તેમ મનાવી શકાય તેમ પણ નથી. કારણ કે જીવાત્મામાં કર્મ, કર્તૃત્વ તથા કર્મફળ-ભોક્તૃત્વ એ સિવાય સ્વકૃત કર્મોની સ્વવિષયક ફળદાતૃત્વની શક્તિજ નથી તથા તેવી શ-ક્તિનો સંભવ પણ નથી. એટલામાટે કર્મોનાં ફળોને ભોગવવામાં પરતંત્ર જીવાત્મા પોતાની ઇચ્છા નહિ છતાંપણ ઇશ્વરે કર્માનુસાર આ-પેલાં ફળોને ભોગવેછે. જેમ ચોરાદિ દુષ્ટલોકો પોતે કરેલી ચોરીવગેરેનાં વધબંધનાદિ ફળોને ભોગવવામાટે ઇચ્છા નહિ રાખતાં છતાં ફળદાતા રાજાની સત્તાથી ભોગવેછે, તેમ આ સ્થલે કર્મજડલોકો કહેછે કે કર્મોનાં ફલો

દેવાની શક્તિ કર્મોમાજ છે તેથી કર્મોના ફળોને દેનાર ઈશ્વરને માનવાની કશી જરૂર નથી આ બાબતમા વિદ્વાન્ મનુષ્યે વિચાર કરવો જોઇએ કે કર્મ દેનારપણાની સત્તા કે જે ઉપર બતાવેલ રાજાના દૃષ્ટાંતથી ચૈતન્યવાળા તત્ત્વવિના બીજા પદાર્થોમા કોઇપ્રકારે વર્તીજ નથી તે સત્તા જે જડસ્વભાવવાળા કર્મોમાં માનવામા આવે તોપછી ચૈતન્યમા રહેનારી કર્તૃત્વ ભોક્તૃત્વ શક્તિ પણ જડસ્વભાવવાળા કર્મોમા છે એમ શામાટે ન માનવું? કર્મોનો સ્વભાવ એવો છે કે પોતે જડ છતાંપણ પોતાના કર્તાને પોતાના સારા તથા નારા ફળો આપવા એ પ્રમાણે માનવામા માનનારના દુરાગ્રહસિવાય બીજું કશુ પ્રમાણ નથી કેમકે જે જડ છતા ફળ દેવામા કર્મોનો સ્વભાવ માનવો તોપછી કર્તૃત્વ ભોક્તૃત્વરૂપ પણ કર્મોનો સ્વભાવ શામાટે ન માનવો? એટલામાટે જેમ કર્તૃત્વ ભોક્તૃત્વ ચૈતન્યવગર ઘટેજ નહિ તેમ ફળદાતૃત્વરૂપ જડકર્મોનો સ્વભાવ માનવો એ એક તદ્દન બોગસ છે વળી કર્મવાદીઓ કર્મોનો ભાર-બોજો જીવઉપર ચડી ગએલો છે તથી જીવાત્મા ઉંચી ગતિમા જઇ શકતો નથી એમ પકડી બેઠા છે

સુજ્ઞ પુરૂષો! વિચાર કરો કે કર્મ કે જે ક્રિયાનોજ પર્યાય છે, ન કોઇ દિવસ દ્રવ્યરૂપ ન હોય, ગુણરૂપ ન હોય, સામાન્યરૂપ ન હોય, વિશેષરૂપ ન હોય સમવાયરૂપ ન હોય અને અભાવરૂપ પણ ન હોય ક્રિયા ઉપરના છ પદાર્થોમાંથી કોઠમા પડ્યુ ગણી શકાય તેમ નથી, તેમ સાકાર પણ નથી એ પ્રમાણે હોવાથી કર્મ પોતે કોઇની સાથે સંયોગસબંધથી સંયુક્ત થઇ શકે તેમ નથી. કારણ કે-"દ્રવ્યયો સંયોગ" દ્રવ્યેદ્રવ્યનો સંબંધ થઇ શકેછે એવો ન્યાયનો સિદ્ધાંત સર્વ પ્રતિષ્ઠિત છે જ્યારે કર્મ પોતે સાકાર નથી તથા દ્રવ્યરૂપ પણ નથી તોપછી તે જે કોઇ પદાર્થસાથે સંબંધ ધરાવે સારે તેને બોજારૂપ થઇ નીતિથી દબાવી રાખે? કેમકે ભરબોજો કે જે ગુરૂત્વ કહેવાયછે તે દ્રવ્ય પદાર્થમાજ હોયછે અને કર્મ-ક્રિયા કોઇ રીતિથી દ્રવ્ય હોજ નહિ

આ વિષયમા જો ઉંડા ઉતરીને વિદ્વાનો વિચાર કરશે, તો ઉપરના સ્વતંત્ર કર્મવાદીઓનો સિદ્ધાંત વેગુના કૂપની પેઠે બીંબાનોજ જણે જો કે એ કર્મજડ લોકોને સમજાવવામાટે કરવામા આવતો આ શાસ્ત્રાર્થનો પ્રયાસ પાણીના વલોણા કરવાની માફક નિષ્ફળ છે, તોપણ તેઓની કૂપમંડૂકજેવી આંધળી સમજણને વિચક્ષણ પુરૂષોપાસે જાહેર કરવામાટે તથા આયુર્વેદમા કહેલા ચિકિત્સાવિષયના એક શ્લોકના અર્થમા ઉપરોક્તની માફક જોઇએ તેવા કોઇ પુરૂષને સાચુ ભાન થયુ જાણી તેનુ જોર કરવાણુ થાય એવી પરોપકારબુદ્ધિની પ્રેરણાથી આ પ્રવૃત્તિ છે આયુર્વેદનો શ્લોક આ પ્રમાણે છે—

"તત્પ્રતિક્રિયા કાર્યા યાવન્ મ્રિયતે માનવઃ ।
કર્મણ્યદૈવયોગેન પ્રાપ્તકાલેપિ જાયતે ॥"

કોઇપણ પ્રકારનો રોગ થયો હોય તે કષ્ટસાધ્ય પ્રથમથી સાધ્ય હતા યોગનિદાન, યોગ યથેચ્છિતરૂપ યોગ્યરોગી, યોગ્યપરિચારક અને યોગ્ય ઔષધાદિ સગવડોના

અભાવથી સાધ્ય થતાં થતાં અસાધ્યદશાને પ્રાપ્ત થઇ ગયો હોય તોપણ આયુર્વેદ ખાસ જણાવણ કરેછે કે રોગની અસાધ્યાવસ્થા-વગેરેના ત્રાસથી ઉપાયમાં જરાપણ ઉત્સાહ નહિ છોડતાં, તથા દૈવ કે પ્રારબ્ધવાદઉપર આધાર નહિ રાખતાં કેવળ યત્નવાદનોજ અંતઃકરણપૂર્વક આદર કરી વૈદ્યે તથા રોગીના વાલીએ જ્યાંસુધી રોગી શ્વાસોચ્છ્વાસ લેતો હોય ત્યાંસુધી તેના રોગને હઠાવવામાટે તથા જીવિતનાં સંરક્ષણમાટે ઔષધવગેરેના ઉપચારો સતત ચાલુ રાખવામાં જરાપણ ચુકવું નહિ. કેમકે કોઇ વખત કુદરતની અનુકૂલતાવાળા ઔષધાદિ ઉપચારોના યોગથી મરણપથારીએ સૂતેલો માણસ પણ જીવતો રહેછે. એ દાખલાથી ઉપર બતાવેલા કર્મવાદીઓમાંનો કોઇ મનુષ્ય સદ્‌ભાગ્યે કર્મના ફળોને દેનારા પરમેશ્વરજ છે, એ સત્ય હિતકારી મતને અનુસરવારૂપ જીવિતને દુરાગ્રહરૂપ અસાધ્યરોગથી મુક્ત થઇ પ્રાપ્ત થાય એટલે અમારો પ્રયાસ સફળ થઇ જશે. એ પ્રમાણે ઇશ્વરનું અસ્તિત્વ અને ઇશ્વરનેજ કર્મફળોનું દાતૃત્વ અવકાશના અલ્પત્વને લીધે ઘણુંજ સંક્ષેપથી ઉલ્લિખિત કરવામાં આવ્યું છે.

હવે પરમેશ્વરશબ્દનું નિર્વચન કરવામાં આવેછે. ઇશ્વર શબ્દમાં ઇશ ઐશ્વર્યે એ ત્રીજા ગણનો ધાતુ છે. ધાતુઓના અર્થોનો ઉલ્લેખ કરનાર ભીમસેન પંડિતના કહેવા-પ્રમાણે ઐશ્વર્ય અર્થવાળા એ ઇશ ધાતુઉપર "વરચ્" પ્રત્યય લાગવાથી ઇશ્વર શબ્દ સિદ્ધ થાયછે.

એ ઇશ્વર શબ્દ ઐશ્વર્યઅર્થને જણને રાજ્યમાં કે અમુક મનુષ્યોઉપર આધિપત્ય ભોગવનાર મનુષ્યમાં તથા કેટલાએક દેવવગેરેમાં પણ પ્રવૃત્તિવાળો છે. તેથી તેની સામાન્યવૃત્તિ હોવાને લીધે અસાધારણ વૃત્તિ કરવામાટે તેની સાથે પરમ શબ્દ જોડવામાં આવેલો છે. એટલે જેના અપેક્ષાથી બીજા કોઇમાં અધિકતાવાળું ઐશ્વર્ય નથી તે પરમેશ્વર. કે જેને માટે સર્વજ્ઞ, સર્વવ્યાપક, સર્વશક્તિમાન્-કરવાને માટે, ન કરવાને માટે અને અન્યથા કરવાને માટે સમર્થ, એવા શબ્દો શાસ્ત્રમાં તથા લોકમાં પ્રસિદ્ધ છે, તે પરમેશ્વર કહેવાય છે. જે પરમેશ્વર, ઉપર વ્યાખ્યાન કર્મફળદાતૃત્વવગેરે કાર્યોને અનાયાસથીજ કરેછે. જેના તેજથીજ સૂર્ય, ચંદ્ર, અગ્નિ અને તારાઓમાં તેજ પ્રાપ્ત થાય છે, જેની શક્તિથીજ આ પૃથ્વી પ્રાણીઓને આધાર આપેછે, જેની ઇચ્છાથીજ વાયુ પોતાની ગતિને પ્રાપ્ત થાયછે, જેના પ્રભાવથીજ પ્રાણીઓની અંદર જઠરાગ્નિરૂપે તથા બહાર વિશેષરૂપે અગ્નિ પોતાનું કાર્ય કરેછે, જેના અનુગ્રહથીજ જલ સર્વને તર્પણ આપ્યા કરેછે અને જેના માહાત્મ્યથીજ આકાશ સર્વને અવકાશ આપ્યા કરેછે. એવા પરમેશ્વર નિત્યજ્ઞાનવાળા તથા નિત્યસ્વરૂપવાળા છે. જેને નહિ માનનારા નાસ્તિક લોકો હમેશાં દુર્ગતિમાંજ રહેછે અને એ પરમેશ્વરપર સત્યબુદ્ધિથી ભક્તિભાવ રાખનારા આસ્તિક લોકો હમેશાં સુગતિમાંજ રહેછે. આસ્તિક લોકોએ શું શું કરવાનું છે, કે જેથી તેઓ ઉત્તમ સ્થિતિએ ચઢી શકે? તથા શું શું વિચારવાનું છે, એ વિષયમાં શ્રીમદ્‌ભાગવતમાં

કહ્યું છે કે—

લબ્ધ્વા સુદુર્લભમિદં બહુસંભવાન્તે
માનુષ્યમર્થદમનિત્યમપીહ ધીરઃ ।
તૂર્ણં યતેત ન પતેદનુમૃત્યુ યાવ-
ન્નિઃશ્રેયસાય વિષયઃ ખલુ સર્વતઃ સ્યાત્ ॥

કોઇ સત્કર્મોના સમુદાયથી પ્રસન્ન થએલા પરમેશ્વરના પ્રભાવથીજ મનુષ્યાવતાર કે જે ચોરાશીલાખ અવતારોમાં ઘણોજ દુર્લભ છે, તેને પ્રાપ્ત થઇ મનુષ્યે વિચાર કરવો કે આ મનુષ્યશરીર ક્ષણભંગુર છે, તોપણ જો તેદ્વારા સ્વધર્માચરણવગેરે સત્કર્મો કરવામાં આવે તો તેમાંથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થોનો લાભ થઇ જાય એ વાત નિશ્ચયાત્મક છે. એટલામાટે એ શરીર જ્યાંસુધી કાળના કોળીયારૂપ નથી થઇ ગયું તેટલીવારમા જે કંઇ શ્રેયઃસાધન કરવાનું છે તે તુરતજ કરી લેવું જોઇએ. પણ આપાતરમણીય વિષય સુખમાં પડી રહેવાનું નથી. કારણ કે ચાંસારિક વિષયસુખ તો પશુવગેરેના અવતારમા પણ મળી શકે એવું છે પણ પુરુષાર્થસાધન તો મનુષ્યશરીરસિવાય બીજા કોઇ અવતારમા થઇ શકે તેમ નથી. કારણ કે જગત્સૃષ્ટા વિધાતાએ સૃષ્ટિ કરતી વખતે પશુપક્ષીવગેરે અનેક પ્રાણીઓને ઉત્પન્ન કર્યા પણ તેને પોતાના સૃષ્ટિકાર્યમાટે સંતોષ થયો નહિ ત્યારે એમ કરતાં કરતાં જ્યારે મનુષ્યશરીરને ઉત્પન્ન કર્યું ત્યારે વિધાતાને સંતોષ થયો કે હવે મારે જે કરવાનું હતું તે થયું. એ પ્રમાણે ઉપરના શ્લોકને આધારેજ સંસારના અસારપણાનો જાતથી અનુભવ કરનાર રાજા ભર્તૃહરિ પણ કહે છે કે "જ્યા સુધી આ મનુષ્યશરીર રોગાદિકથી ઘેરાએલું ન થયું હોય, જ્યાં સુધી જરાવસ્થાએ આ શરીરને પકડી પાડેલું ન હોય, જ્યાં સુધી ચક્ષુવગેરે ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ ન થઇ ગઇ હોય અને જ્યાં સુધી આયુષનો ક્ષય પણ થયો ન હોય ત્યાં સુધીમાંવિવેકી પુરુષોએ પોતાના કલ્યાણને માટે સતત પ્રયાસ જારી રાખવો જોઇએ કારણ કે જે વખત ઘર અગ્નિથી સળગી ઉઠે તે વખત તેને ઠારવામાટે પાણીની સગવડ કરવા વાસ્તે કૂવાને ખોદવા માંડવો એ યત્ન કેવો હાસ્યપાત્ર થાય ?"

ઉપરના બંને શ્લોકોમાં મનુષ્યે સામાન્યતઃ પરમેશ્વરતરફ સદ્ભાવ પ્રાપ્ત કરવાના સાધનો સંબંધી વિચારવાનો જે વિષય છે તે દર્શાવેયો છે. હવે વિશેષતઃ એજ વિષય દર્શાવવાનો વિચાર કરતાં એક વિદ્વાન્ કે જે જૂદા જૂદા ધર્મોનાં જૂદાં જૂદાં ફરમાનો હોવાથી અમુક ફરમાન અમુક ધર્મવાળાને અનુકૂળ આવશે અને અમુક ફરમાન અમુક ધર્મવાળાને અનુકૂળ નહિ આવે એવી ચિંતામા પડી છેવટે એવા વિચારપર આવ્યો કે જેમા કોઇપણ ધર્મવાળાને વાંધો ન આવે એવા કલ્યાણનો માર્ગ બતાવું તો ઠીક. એવો માર્ગ શોધી કહાડીને કહેછે કે—

પ્રાણાઘાતાન્નિવૃત્તિઃ પરધનહરણે
સંયમઃ સત્યવાક્ય,
કાલે શક્ત્યા પ્રદાનં યુવતિજનકથા-
મૂકભાવઃ પરેષામ્ ।
તૃષ્ણાસ્રોતોવિભંગો ગુરુષુ ચ વિનય
સર્વભૂતાનુકમ્પા,
સામાન્યઃ સર્વશાસ્ત્રેષ્વનુપહતવિધિઃ
શ્રેયસામેષ પન્થાઃ ॥

કોઇપણ પ્રાણીનાં પ્રાણ લેવાં નહિ. એ શાસન "मा हिंस्यात्सर्वाभूतानि" એ શ્રુતિના ઉપદેશમૂલક છે. તથા "आत्मवत्सर्वभूतेषु यः पश्यति स पश्यति" જેમ આપણા શરીરમાં જરાપણ કાંટાવગેરેના ભોંકાવાથી થતી પીડા આપણને બિલકુલ ગમતી નથી, તે દાખલો લઇ બીજા પ્રાણીને પણ શસ્ત્રાદિના પ્રહારથી કોઇજ પીડા થાય તે બિલકુલ ગમતી નથી, એમ સમજી કોઇપણ પ્રાણીને મારવો નહિ. જે જાણતાં છતાં કોઇનો પણ વધ કરેછે તે દેખતો છતાં આંધળોજ છે. પ્રાણીને કે.ઇ પણ પ્રકારનું દુઃખ દેવાથી અસદ્ગત પાપ લાગેછે, પણ તેનાં પ્રાણ લેવાથી જે પાપ લાગેછે તેની ઉપમા શોધ કરતાં છતાં પણ મળી શકે તેમ નથી. પ્રાણ અંતરંગ તથા બહિરંગ એમ બે પ્રકારનાંછે. તેમાં અંતરંગપ્રાણના સંરક્ષણવિષે ભલામણ કર્યાપછી બહિરંગ પ્રાણના સંરક્ષણમાટે ભલામણ કરેછે કે બીજા કોઇપણ લોકોના ધનને પૈસાવગેરે તમામ મિલકતને ચોરીવગેરે કોઇપણ પ્રકારથી હરી લેવું નહિ; કારણ કે પ્રાણવાયુને આધારે જેમ શરીરનું જીવિત ટકી શકેછે, તેમ ધનરૂપ બાહ્ય પ્રાણને આધારે ખાનપાનવગેરે તમામ વ્યવહારશરીર ટકી રહેલું છે. તેથી તેના હરણમાં પ્રાણી જીવતે મૂતજેવો થઇ જાયછે તેથી કોઇને ધનસંબંધી નુકસાન ન પોચાડવું તે પ્રાણનો બચાવ કર્યાબરોબરજ છે. જેમ બન્ને જાતના પ્રાણનું હરણ કરવાથી પ્રાણીને અપાર દુઃખ થાયછે તેમ જે કોઇપણ પ્રાણીના સંબંધમાં અસત્ય વચન બોલવામાં આવે, તે પ્રાણીને મોહોટું દુઃખ વેઠવું પડેછે. તેથી અસત્ય વચન પણ પ્રાણઘાતસુધીની દશાએ પહોંચાડી દેછે. તેમાટે સત્યવચન બોલવું કે જેથી કોઇ પ્રાણીને દુઃખ ન થાય. વચનસંબંધી વ્યવહારઉપર જગતના ઘણા ખરા વ્યવહારનો આધાર છે.- શબ્દાત્મક વચનનું ઉચ્ચારણ કરવામાટે જિહ્વામાં વાણી ઇંદ્રિય રહેલી છે અને શબ્દાત્મક વચનના શ્રવણમાટે કાનમાં શ્રોત્રેંદ્રિય રહેલી છે બન્ને ઇંદ્રિયોની સમાનપણે જરૂર છે. એમ ધારીને પરમેશ્વરે એવી ગોઠવણ કરી છે કે જે પ્રાણીને વાણીઇંદ્રિય ન હોય તેને શ્રવણઇંદ્રિય પણ ન હોય એટલે જે મૂંગું હોય તે બહેરું પણ હોયછે એવો વચનાત્મક વ્યવહાર સારી તથા માઠી અસરનો હેતુ છે. સ્તુતિના શબ્દોનું શ્રવણ કરવાથી પ્રાણી પ્રસન્ન થાયછે અને નિંદાના શબ્દોનું શ્રવણ કરવાથી નારાજ થાયછે. પ્રસન્નતા–અનુકૂલતા, પ્રિયતા સુખ-વગેરે પદાર્થો પ્રાણીના જીવિતને ટેકો દેનાર છે અને નારાજપણું-ચિંતા, પ્રતિકૂલતા, અપ્રિયતા, દુઃખવગેરે પ્રાણીઓના જીવિતને નુકશાન પહોંચાડનાર છે તેથી વચનવ્યવહારથી કોઇને દુઃખ દેવું નહિ.

વચનવ્યવહારના વિષયમાં મનુભગવાન્ અમૂલ્ય ઉપદેશ આપતાં કહેછે કે—

सत्यं ब्रूयात् प्रियं ब्रूयान्न ब्रूयात्सत्यमप्रियम्।
प्रियं च नानृतं ब्रूयादेष धर्मः सनातनः॥

બીજી ઇંદ્રિયોસંબંધી વ્યવહારમાટે પણ ઘણી યોગ્યતાવાળો ઉપદેશ કર્યાછતાં પણ વાણીનો વ્યવહાર બીજી સઘળી ઇંદ્રિયોના વ્યવહારકરતાં અસાધારણ કાર્ય કરનાર છે, એમ આપણને સત્યના આપતાં મનુભગવાન્ તે ઉપર વધારે ભારદઈને કહેછે કે મનુષ્યે સત્યવચન બોલવું તથા પ્રિયવચન બોલવું.

વચન સત્ય હોય છતાં શ્રોતાને દુઃખ દેનારૂં હોવાથી અપ્રિય હોય તો તેવું વચન બોલવું નહિ એ વચનસંબંધી વ્યવહારવિષયક જુનામાં જુનો–અનાદિ ધર્મ છે. એ પ્રમાણે વચનવ્યાપારને નિયમિત રાખવો એ સર્વસંમત ધર્મનું મુખ્ય અંગ છે. તેપ્રમાણે સમય પ્રાપ્ત થતાં એટલે પોતાપાસે ન્યાયપ્રાપ્ત ધનવગેરેનો જોગ થયો હોય અને કોઇ સુપાત્રને ધનવગેરેની જરૂર હોય તે સમયે પોતાની શક્તિ–સંપત્તિના પ્રમાણમાં દાન દેવું "स्वस्वत्वनिवृत्तिपूर्वकं परस्वत्वापादनं दानम्" કોઇ સુપાત્રને જે કંઇ દાનતરીકે આપવું તે કોઇ વખત પાછું લેવું નહિ દાન અનેક પ્રકારનાં છે. અન્નદાન, જલદાન, પૃથ્વીનું દાન, કન્યાદાન, સુવર્ણાદિ દાન, વસ્ત્ર દાન, વિદ્યાદાન અને અભયદાનવગેરે તેઓમા અભયદાન સર્વોત્તમ છે "जीवाभयप्रदानस्य कलां नार्हन्ति षोडशीम्' શાસ્ત્ર પણ કહેછે કે પ્રાણીને મૃત્યુવગેરેના ત્રાસમાથી છોડાવી અભયદાન દેવું એના સોળમા ભાગની પણ બરોબરી કરી શકે એવું કોઇ દાન નથી મનુષ્યને અન્નજલ, વસ્ત્ર અને રહેવાને માટે સ્થાન એ ત્રણ પદાર્થોવગર ચાલતું જ નથી. તેઓમા પણ જળવગર જરાવાર પણ ચાલતું નથી અન્નઉપર તો પ્રાણનો આધાર છે અને મુખ્યતાથી ચોમાસામાં તથા શીતઋતુમાં અને ઉષ્ણઋતુમા શરીરના સરક્ષણમાટે વસ્ત્રની તથા રહેવાના મકાનની ઘણી જરૂર છે. તેથી તેઓનુ દાન શક્તિના પ્રમાણમા અવશ્ય કરવાનુ છે દાન છે તો સપત્તિવાળાની સંપત્તિને સાર્થક કરનાર છે. दानं भोगो नाशः। એક વિદ્વાન કહેછે કે—

भिक्षुका नैव भिक्षंति वोधयंति गृहे गृहे।
दीयता दीयता दानमदत्तफलमीदृशम्॥

જે ભિક્ષુકો લોકોને ઘેર ઘેર ભિક્ષા માગતા ફરેછે, તેઓ ફક્ત ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરેછે એટલું સમજીને બેસી રહેવાનું નથી પણ તેમાંથી સમજવાનું આ પ્રમાણે છે કે તેઓ આપણને ભિક્ષાદ્વારા સમજાવેછે કે ગૃહસ્થો! તમો પરોપકારવૃત્તિથી અવશ્ય હમેશાં કંઇકપણ અન્નવગેરેનું દાન આપો જો કંઇપણ દાનાદિ પરોપકાર નહિ કરો તો અમારી માફક યાચકદશા પ્રાપ્ત થશે. એ દાનાત્મક ધર્મ સર્વ ધર્મવાળાઓને માન્ય છે. પ્રાચીન સમયમાં તથા સાંપ્રતસમયમાં પણ ઘણા દૈવીસંપત્તિવાળા લોકો અન્નસત્ર, જળાશયવગેરે જળસત્ર, નિરાધાર લોકોના નિવાસમાટે ધર્મશાળાઓ અને વસ્ત્રાદિપ્રદાનવગેરે કરી અપૂર્વ ધર્મનું આચરણ કરેછે અને પોતાના દાખલાથી બીજા લોકોને પણ તેવા ઉત્તમ પરોપકારમાં પ્રેરણા કરેછે. જોકે કેટલાએક પથવાળા લોકો પોતાના ધર્મગ્રંથોમા જળાશયો કરવાને માટે તથા ઔષધશાળાઓ કરવામાટે મનાઇ કરેછે અને તે મનાઇ કરવામાટે કારણ બતાવેછે કે જળાશયોમાં અનંત જીવોની હિંસા થયછે અને ઔષધશાળામા ઘણા રોગી આવે અને ધમધોકાર કામ ચાલે તો ઠીક એવી કલ્પના પરોપકારી ઔષધશાળા કરાવનારના મનમાં રહેછે તેથી ઘણા લોકો રોગી થાય તો ઠીક એવી ભાવના રહેવાને લીધે ધર્મને બદલે અધર્મ થાયછે.

(અપૂર્ણ)

જાદુઈ ઘોડો.

લેખક—શ્રીયુત છગનલાલ હરિલાલ પંડ્યા-જુનાગઢ.

(અનુસંધાન પૃષ્ઠ ૧૨ થી.)

પ્રકરણ ત્રીજું.

હવે કુંવરીની શી દશા થઈ તે જોઇએ. કારીગર તેની સાથે ઉડતો ઉડતો સંધ્યાકાળનો સમય થતા આવ્યો એટલે વિશ્રાન્તિને માટે એક નદીના તટપાસે ઉતર્યો. ત્યાં કુંવરીને બેસાડી પોતે કંઇક આહાર લેવામાટે સમીપના ગામમાં ગયો. આ વેળા કુંવરી એકલી હતી ને તેનું ચાલ્યત, તો તે ત્યાંથી નાસી છૂટત. પણ આટલો શ્રમ તેણે કોઇ દિવસ સહેલો નહિ તેથી તેનું શરીર બહુ શિથિલ થઇ ગયું હતું ને હવે તેને પોતાની ખરી સ્થિતિ સમજાયાથી તેના મનમાં પણ કેટલો ખેદ થતો હશે તે સહેજ સમજી શકાય એવું છે. વળી પોતે કયે સ્થળે છે ને કોને આવ્યે જવું તે પણ જાણવામાં નહિ તેથી હવે તો પ્રભુએ જે ધાર્યું હશે તે ખરૂ એમ તેના ઉપરજ આસ્થા રાખીને નદીના તટઉપર નિઃશ્વાસ નાખતી બેસી રહી.

થોડી વારે પેલો કારીગર ત્યાં ખાદ્ય પદાર્થો લઇને આવી પહોંચ્યો. કુંવરીને ભૂખ કડકડીને લાગી હતી તેથી તેણે જાણ્યું કે જો નિરાહાર રહીશ તો આત્મસંરક્ષણ કરવામાં કેવળ અસમર્થ બનીશ માટે જે બાદ્ય તે ખાઈ તો લેવું, તેથી તેણે આનાકાની કર્યા વિના ઘોડું ખાદ્ય જલપાન કરી લીધું. કારીગર પણ આહાર કરીને તેની સામે આવી બેઠો. તે હવે જાણતો હતો કે આ રાજવંશી કન્યા કેવલ તેનીજ ઇચ્છાને અધીન છે. તેનું રૂપ જોઇને તે મોહી પડ્યો હતો તેથી તેણે તેને પોતાની સાથે લગ્ન કરવાની માગણી કરી. કયાં રાજપુત્રી ને કયાં આ ભીખારી! કુંવરીને એની આવી હિંમત જોઇને નખેનખ ઝાળ ઉઠી. તેણે તેની માગણી તુચ્છકારી કાઢી તેથી કારીગર વધારે ચીડાયો ને તેને અપશબ્દો બોલી વિરોપ લજ્જિત કરવા લાગ્યો. કુંવરીનું ચાલે એમ ન હતું તેથી તે આક્રોશ કરીને પોતાનો શોક પ્રદર્શિત કરતી હતી તેનાથી બને તેટલી સભ્યતાથી રાખતી હતી પણ મનમાં ડરતી હતી કે આવે સ્થળે, પ્રભુવિના તેનું કોઇ બેલી નથી. પોતાનું કંઇજ ન ચાલે તો અંતે નદીમાં ઝંપલાવીને પ્રાણદાન કરી દેવાનો પણ તે નિશ્ચય કરી બેઠી હતી. એવામાં સદ્‌ભાગ્યે પાછળથી કેટલાક ઘોડેસ્વારો આવતા જણાયા. તેઓનો ભાર્ગ કુંવરીની

સમીપ થઇને જતો હતો ને તેમાંના આગે વાનનું સ્વરૂપ જોતા તે કોઇ ઉંચા કુળનો સરદાર જણાતો હતો તેણે કુવરીની આવી દીન સ્થિતિ, તેના મુખ ઉપરથી સરતો અશ્રુપ્રવાહ, તેના ચહેરાઉપર પ્રકટેલો ક્રોધાવેગ વિગેરે જોતાજ અનુમાન કર્યું કે આ કોઇક સાખી બાળા આ દુષ્ટના પંજામા ફસાઇ પડી હોવી જોઇએ કારીગરના રૂપરંગઉપ રથીજ સિદ્ધ થતુ હતું કે તે આ કન્યાનો કોઇ પણ પ્રકારે સબંધી તો ન હતોજ તેથી તેણે જરા જોસથી ઘાંટો પાડીને તેને ધમકાવી બાઇને હેરાન કરવાનું કારણ પૂછ્યુ. તેના જવાબમા કારીગરે ઉલટુ ધુરકીને તેને કહ્યું કે—"તમને કોણે વચ્ચે પંચાત ડોળવા બોલાવ્યા છે! ઘણી ઘણીઆણીના કજીઆમા ત્રીજાએ શુ કરવા માથુ મારવુ જોઇએ! આ તો મ્હારે ને એને કંઇક બોલાચાલી થઇ છે માટે તમે તમારે રસ્તે જાઓ એતો એની મેળે પાછી મનાશે' આવા ધૂર્ત વચન સાંભળી કુવરીના મનમા ક્રોધની જ્વાળા ભભુકી ઉઠી તેથી તે કાટને સ્વરે બોલી ઉઠી કે—"આ હરામખોર જૂઠ બોલે છે એજ મને ઠાલોમાલો ઉઠાવીને અહીં લઇ આવ્યો છે ૂ જમાણાના નવાબની શાહજાદી છુ કેવી રીતે હું એકલી અહીં આવી ચઢી તે વાત હું આપને હવે પછી કરી સંભળાવીશ પણ પ્રથમ મ્હારૂં આ નરાધમથી રક્ષણ કરશો એવી મ્હારી નમ્ર પ્રાર્થના છે' સરદારને આ બોલની સત્યતા પ્રતીત થઇ તેથી તેણે કારીગરનો એક શબ્દ પણ હવે નહિ સાંભળતા પાસેના પોતાના માણસને હુકમ કર્યો કે બાંધો એને જકડીને અને પકડે લઇ જઇ બંધીખાને નાખો આ કુવરીને તમારામાનો એક ઘોડો આપી આપણી સાથે લઇ ચાલો" કારીગરના જાણવામા આવ્યું કે આવો હુકમ કરનાર બીજો કોઇ નહિ પણ કાશ્મીરનો સુબો ખુદ પોતેજ હતો. હવે તે સમજ્યો કે પોતાના પાપથીજ પોતે ઘેરાઇ ગયો છે ને કેદમાથી છુટવાની કંઇ આશા રહી નથી, તેથી તે મુંગે મ્હોંએ બદીવાનના રૂપમા તેમની સાથે ચાલ્યો

મહેલમા આવતા સુબા સાહેબે પોતાની દાસીઓને બોલાવી આપણી શાહજાદીના ઉતારા વિગેરે માટે યોગ્ય તૈયારી કરાવી તેનો પરિશ્રમ દૂર કરવાના સર્વ ઉપાયો સેવાની ભલામણ કરી શાહજાદીએ પ્રભુનો મ્હોટો પાડ માન્યો ને સુબા સાહેબનો પણ ખરા દિલથી આભાર માન્યો અને પોતાને યોગ્ય આવાસ મળ્યાથી તથા દાસીઓના હાથે થયેલી શુશ્રૂષાથી તેનો શ્રમ દૂર થયો એટલે તે બસવસાર ઉંઘી ગઇ

આ સુબાની દૃષ્ટિ જ્યારથી શાહજાદી ઉપર પડી હતી ત્યારથીજ તે તેના ઉપર મોહાસક્ત થયો હતો તેથી બીજે દિવસ સવારે જ્યારે તે એને મળવા ગયો ત્યારે તેની દુઃકૃત અર્થથી દુતિગુણી સાભણી વા પછી તેણે તેના હાથની માગણી કરી શાહજાદી આ સાંભળી ચમકી ઉઠી જાણે ધરતીકંપના હોળામા પડયા જેવું થયું જાણે તેના મનમા ઘણી અનિશ્ચય ભેદ થવા લાગ્યો તે તેના મનથી ઇરાદાને શાહજાદાને વરી ચૂકી હતી તેથી પ્રાણ રહે ત્યા સુધી બીજાની નહિ થવા

તેણે અગ્ર નિશ્ચય કર્યો હતો પણ હવે આ મોટા સત્તાધીશની માગણી કેમ તરછોડવી ને અહીંથી શી રીતે છુટી નીકળવું તે કંઇ એને સમજાયું નહિ તેથી બહુજ મુંઝવાડામાં પડી. પોતે એવી તો ચીઢાઇ ગઇ હતી કે તેની મુખાકૃતિ કંઇક બદલાઇ ગઇ હોય એમ જણાતું હતું. તેણે વિવેકથી ના પાડી પણ સુબાએ તે સ્વીકારી નહિ તેથી શાહજાદીને વધારે વધારે દુઃખ થવા લાગ્યું. સુબો સમજ્યો કે એકદમ વાત વધારી દેવી એ ઠીક નહિ તેથી વિચાર કરીને જવાબ દેવો એવી સલાહ આપી તે ત્યાંથી ચાલી પોતાના મહેલમાં આવ્યો. તેના ગયા પછી શાહજાદીને બિલકુલ ચેનજ પડ્યું નહિ. પોતે જેને વરવા ઇચ્છતી હતી તેનો પુનઃ સમાગમ થશે કે કેમ એ પણ તેના સમજવામાં આવતું ન હતું. પોતાનો છુટકારો અહીંથી કેમ કરવો એના અનેક ઉપાયનું તે ચિન્તન કરવા લાગી પણ એકે કામ લાગે એવો જણાયો નહિ આથી તે અધિક નિરાશ થનીને તકીઆ ઉપર માથું નાખી નયન મીંચી વિચારગ્રસ્ત થઇ ગઇ હતી તેવામાં તેણે કેમ જાણે કંઇક સ્વપ્ન જોયું હોય તેમ તે એકદમ જાગૃત થઇ, તકીઆ ઉપરથી માથું ઉંચું કરી તેના મુખઉપર મંદ મંદ હાસ્ય પ્રકટ થયું અને આત્મસંરક્ષણનો અમોઘ ઉપાય પ્રભુ કૃપાથી પોતાને હાથ લાગ્યો હતો એમ સમજ્યું. હવે પોતાને કોઇપણ પ્રકારની ભીતિ ન હતી એમ પણ તેની ખાત્રી થઇ.

બીજે દિવસ સુબાની સવારી જ્યારે પાછી તેની પાસે આવી ત્યારે દીવાનખાનામાં પ્રવેશ કરતાંજ તેને જણાયું કે શાહજાદી કાલ જોવામાં આવી હતી તેવી આજ ન હતી. તેનાં લુગડાં સર્વ ચીંથરેહાલ હતાં, તેના માથાના વાળ બધા વિખરાઇ ગયા હતા, તેનાં આભૂષણ ભાગેલાં તૂટેલાં ભૂમિપર અસ્તવ્યસ્ત પડ્યાં હતાં. જે કોઇ તેની પાસે જવાની હિંમત કરતું તેને તે કરડવા જતી હતી ને પાસે કંઇ પડ્યું હોય તો તે લઇને મારવા દોડતી હતી. તેની આંખો વિકરાળજેવી લાગતી હતી, આથી તે ખરેખર ઉન્માદ અવસ્થામાં પડી હશે એનું સુબા ના સમજવામાં આવ્યું. પોતે તેને અતિથ્ય દુરામદ કર્યો તેનુંજ આ ફળ હોવું જોઇએ એમ તે હવે સમજીને પસ્તાવા લાગ્યો ને આ ક્ષણે બીજો ઉપાય નહિ સૂજવાથી દાસીઓને તેની સંભાળ લેવાનું કહીને પોતે ત્યાંથી ચાલી નીકળ્યો.

દાસીઓ પણ મહામુશ્કેલીથી શાહજાદીના મનનું સમાધાન કરી શકતી હતી, તેની અવસ્થામાં એકાએક આટલો બધો ફેરફાર થયેલો જોઇને તેઓ પણ ભયભીત થતી હતી.

સુબાએ પોતાના મ્હોટા મ્હોટા વૈદ્યો તથા હકીમોને બોલાવી શાહજાદીને સ્વસ્થ કરવા માટે ઉપાય શરૂ કરવા ફરમાવ્યું. તેઓ દવા મનેત અમલ કરવા શાહજાદીપાસે ગયા પણ તેમને જોતાંજ તે એવા જોરથી કૂદીને તેમની સામે આવી તથા એવા તો જુસ્સાથી તેમની ઉપર હથિયાર ઉગામવા લાગી કે તેઓ બિચારા પોતાનાજ જીવની સલામતીખાતર ત્યાંથી પલાયન કરી ગયા જે જે વૈદ્ય આવતા તે સર્વની આજીજ દશા થતી આખરે સુબાએ પોતાના રાજ્યમાં ઢંઢેરો પીટાવ્યો કે જે કોઇ

આપોને શાહજાદીને સારી કરીજશે તેને મન-ગમતું ઇનામ આપવામાં આવશે. આ ખબર ક્રમે ક્રમે દેશ દેશ પહોંચી

પ્રકરણ ચોથું.

ઇરાનનો શાહજાદો ફકીરી વેષ ધારણ કરીને પોતાની વ્હાલી શાહજાદીની શોધમાં નીકળી પડયો હતો તે અતિ દુઃખ વેહતો વેહતો ગામેગામ ફરતો ફરતો જે દિશામાં જાદુઇ ઘોડાને તેણે જતાં જોયેલો તેનાજ ભણી પ્રયાણ કરતો કરતો ઘણા કોસ દૂર પહોંચી ગયો. માર્ગમાં વિશ્રાન્તિ લેતો ને એ જાદુઇ ઘોડાની હકીકત વિશેષ મેળવવા પરપૂછ કરતો પણ હજી સુધી તેને એની છેવટની મુસાફરીની ખબર મળીશકી ન હતી. માર્ગના

તેનુ શરીર કૃશ થઇ ગયું હતું, દાઢી તથા કેશ વધવાથી તેનુ રૂપ સાફ બદલાઇજ ગયું હતું ને જેણે પહેલાં તેને જોયો હોય તે હવે ભાગ્યેજ તેને ઓળખી શકે એમ હતું તેના સાચા પ્રેમની કસોટી કરનાર પ્રભુને તેની આખરે દયા આવી અને એક વાર તે એક ધર્મશાળામા બેઠો હતો ત્યા તેને કાને ઉપર જણાવેલા ઢંઢેરાના શબ્દ અચાનક પડયા તેથી તે ચમકયો. અને પોતાને કંઇક પણ બાતમી જેવુ હાથ લાગ્યુ હતુ એમ તેને તેનું મન સાક્ષી પૂરવા લાગ્યું. લોકોનુ કુતૂહલ તેના ભણી ખેંચાય નહિ અને પોતે નિઃસ્વાર્થીજ છે. એવો ડોળ ચાલુ રહે એમ તદબીર કરીને તેણે વાતમાં વાત પૂછતે પૂછતે એટલી હકીકત મેળવી કે જે શાહજાદીની દવા કરવા માટે આ ઢંઢેરો પીટાવ્યો હતો તે એક જાદુઇ ઘોડાઉપર આવેલી જણાઇ હતી; પછી એ ઘોડાનું શું થયું તે કોઇ કહીશકતું ન હતું. હવે તેને ખાત્રી થઇ કે આ શાહજાદી બીજી નહિ પણ પોતે જેની શોધમાં નીકળ્યો હતો તેજ હોવી જોઇએ. તેથી તેણે હવે ફકીરને બદલે કોઇ મ્હોટા હકીમનો પોશાક પહેરીને તે દરબારમાં પ્રવેશ કરવાની તૈયારી કરી. દાઢી તો વધેલીજ હતી તેથી હકીમની સારે હોવો જોઇએ એવો કેટલોક દવાઓનો સંગ્રહ ખરીદીને તેણે દરબારમાં જઇ સુબાને ખબર કહાવી કે શાહજાદીની દવા કરવા કોઇ હકીમ આવેલ છે. ઘણા દિવસથી કોઇએ આવવાની હિંમત કરી ન હતી તેથી સુબાને આ ખુશ-ખબર સાંભળી આનંદ થયો. ને તેણે તેને પોતાની પાસે બોલાવી બધી હકીકત કહી સંભળાવી. કેવી રીતે એ શાહજાદી અહીં આવી હતી તે જણવામાં આવવાથી હવે શાહજાદાના બોળાઆમાં જીવ આવ્યો; તેની આશા પુનરપિ જાગૃત થઇ. તેણે છાતી ઠોકીને રાજાને કહ્યું કે બીજા હકીમો ભલે ન ફાવી શકયા હોય પણ મ્હારી પાસે આ રોગની એવી અકસીર દવા છે કે તેનાથી બેશક શાહજાદીને ફાયદો થયાવિના રહેશેજ નહિ; પણ મ્હારે મ્હારી દવા એકાન્તમાંજ અજમાવવી પડશે તેથી અમને બેનેજ એક રથળમાં રાખવામાં આવે એવી ગોઠવણ થવી જોઇએ સુબાએ તેને પોતાના શરીરની સંભાળ રાખવાની સાવચેતી આપી અને નોકરોને આજ્ઞા કરી કે હકીમ સાહેબ તથા શાહજાદીને એકલાંજ રહેવા દેવાં.

આ પ્રમાણે ગોઠવણ થયાની ખબર શાહજાદીને

પડતાં તે ચમકી ને વળી કોઇ નવો હકીમ પોતાની પાસે આવેછે એમ જાણી પુંકારાડા મારવા લાગી. આપણા હકીમનું તેની પાસે આવવું થતાં તે તેને પણ કરડવા દોડી, પણ શાહજાદાએ તેને ઓળખી લીધી ને તેના કાનમાં હળવેથી કહ્યું કે "શું તમે મને નથી ઓળખતાં? હું હકીમ નથી હું તો, જમીનલશાહ, ઇરાનનો શાહજાદો છું." આ અમૃતધારાસમાન શબ્દપ્રવાહ કાને પડતાંજ શાહજાદી ચમકી. તેણે ધારીધારીને જોયું તો આખરે તેને જણાયું કે બોલનાર શખ્સ બરેબર ઇરાનનો શાહજાદોજ હતો, તેથી તેના આનંદનો પાર રહ્યો નહિ. કુંવરીએ પોતાના ઉપર આવી પડેલી સર્વ વિપત્તિની હકીકત તેને ધીમેથી કહી સંભળાવી ને પોતે અણુચુકે શામાટે આવી પોહોંચ્યા હતા તે પણ કહી સંભળાવ્યું. શાહજાદાએ કહ્યું કે મ્હારા સમજવામાં તો આ વાત ક્યારનીએ આવી ગઇ હતી તેથી મ્હારી ખાત્રી થઇ હતી કે મ્હારા ઉપરના પ્રેમને લીધેજ તમે આ આફત માથે વ્હોરી લીધી હોવી જોઇએ. ધન્ય છે તમને. હવે આપણે અહીંથી આ સુલ્તાની આંખમાં ધૂળ નાખીને જતાં રહેવાની યુક્તિ કરવી જોઇએ. માટે હું તમને સલાહ આપું તેમ તમે વર્તજો. કાલ તમે એમ બતાવજો કે હવે મ્હારો રોગ સર્વ દૂર થઇ ગયો છે. સુલ્તાને હું તેડી લાવું ત્યારે તમે સારાં વસ્ત્રાભૂષણ પહેરીને એમને માન આપજો ને કહેજો કે આ હકીમની દવાથી મને ઘણો આરામ થઇ ગયો છે ને એ દવા ચાલુ રહેશે તો થોડા વખતમાં પૂરી તંદુરસ્તી મેળવી શકાશે. શાહજાદીએ તેને તે-વિષે સંમતિ આપી તેથી તેને મૂકીને સુલ્તાન પાસે ગયો ને કહેવા લાગ્યો કે ખુદાની મહેરબાનીથી મ્હારી દવા અકસીર થઇ છે. ને શાહજાદી હમણાં ભરનિદ્રામાં છે. આપ તેને કાલ જોશો તો તદ્દન બદલાયલીજ જણાશે ને તેની બેહોશી બધી દૂર થઇ ગયેલી જોશો. સુલ્તાને આ સાંભળી ઘણો હર્ષ થયો. તેણે આપણા હકીમજીને આપવા માટે કિંમતી હીરા માણેકના થાળ મંગાવ્યા ને તે લેવાને આગ્રહ કર્યો. પણ જ્યાં સુધી શાહજાદીને પૂરો આરામ થાય ત્યાંસુધી એક પાઇ પણ પોતે લેવા માગતો નથી એમ કહેવાથી સુલ્તાને વિશેષ ખાત્રી થઇ કે તે કોઇ સાચો હકીમજ હોવો જોઇએ.

બીજે દિવસ કરાયેલ વખતે સુલ્તાને લઇને જે શાહજાદીમહેલે આવ્યો ત્યારે સુલ્તાને જણાયું કે શાહજાદીની કાન્તિનું તેજ કંઇક ઓરજ હતું તેણે તેમને આવકાર આપ્યો ને પોતાને માટે આટલા આટલા ઉપાયો કરવાની તકલીફ લેવા માટે તેમનો ખરા દીલથી આભાર માન્યો તથા હકીમજીની દવા ચાલુ રાખવા વિનતિ કરી. સુલ્તાન સાહેબે ખુશીથી હા પાડી. આ પ્રમાણે થવાથી શાહજાદી તથા શાહજાદી દિવસનો ઘણો ભાગ સોબે રહી શકતાં ને શાહજાદીની તબીયત દિનપ્રતિદિન ઘણીજ સુધારા ઉપર આવતી ગઇ. તેના જીવનમાં નવું જ્યોતિ પ્રકટ થયું. હવે બનેએ પોતા જાદુઇ ઘોડાની તપાસ કરવાનો વિચાર કર્યો, પણ જો ઉઘાડી રીતે તેને માટે પરપૂછ થાય તો કદાચ કોઇ ચેતી જાય તેથી શાહજાદાએ કંઇ ખાતરી મેળવવાનો રસ્તો

લીધો. એક દિવસ તેણે સુખો ખુશમિજાજમાં હતો ત્યારે પુછ્યું કે મરીબપરવર! આ શાહજાદી આમ એકલી પેલા ધુતારાજોડે શી રીતે આવી ચઢી હશે તે મારી સમજમાં આવતું નથી. તેના ઉત્તરમાં સુખાએ પેલા ઘોડાની વાત કહી સંભળાવી. તે સાંભળતાંજ કુંવર જાણે ચમકયો હોય તેમ આશ્ચર્યનો ઉોળ કરીને કહેવા લાગ્યો કે–હા હજુર! હવે મ્હારી સમજમાં બધી વાત ઉતરી છે. આજસુધી હું બહુ બહુ વિચાર કરતો હતો પણ શાહજાદીની ઉપર આવી પડેલી આફતનું કારણ સમજી શકતો ન હતો. હવે મ્હારા ઇલ્મના જોરથી એમની તબીયત સુધરી છે પણ એમનો રોગ મૂળ મુકાને જાય એમ કરવામાટે એ જાદુઇ ઘોડા ઉપર એમને ફરી એકવાર બેસાડવાની જરૂર છે એ બેસે એટલે હું મ્હારા મંત્રના બળથી જાદુની સર્વ માઠી અસર નાબુદ કરી નાખીશ, માટે એ ઘોડો જ્યાં હોય ત્યાંથી આપ મંગાવીને કાલ સવારે દરબાર ભરો તેમની સમક્ષજ હું મ્હારો ઇલ્મ આપને બતાવીશ. રાજાએ તે વાત સ્વીકારી. ઘોડાને તીજોરીવાળા ઓરડામાં રાખ્યો હતો ત્યાંથી કાઢી લાવવાનો હુકમ કર્યો. શાહજાદીને ઉંચામાં ઉંચો પોશાક ને કિમતીમા કિંમતી દાગીના પહેરાવી બીજે દિવસ દરબારગઢની પાસેના ચોકમાં સર્વ સાહેલીઓસાથે લાવવાનો હુકમ કર્યો.

યોગ્ય વખત થતાં ઘોડો લાવીને હાજર કરવામાં આવ્યો. પછી હકીમજીએ તેની આસપાસ કુંડમાં અગ્નિ સળગાવીને તેમાં ધૂપ નાખવા માંડયો. ધૂપની સુવાસથી સર્વ પ્રેક્ષકોની ઘ્રાણેન્દ્રિય અતિ તૃપ્ત થઈ ગઇ. શાહજાદીને લાવીને ઘોડા ઉપર બેસાડવામાં આવી. તેની આસપાસ ઘોડે દૂર તેની સર્વ સાહેલીઓ ભરાઇ ગઇ. આપણા હકીમ તે વેળા શાહજાદીની પાસેજ ઉભા હતા. તેઓએ ઘોડાની પ્રદક્ષિણા કરીને છેવટ ધૂપ પ્રત્યેક કુંડમાં એટલો બધો નાખ્યો કે તેના ધુમાડાનાં ગોટેગોટા ત્યાં ફેલાઈ રહ્યા ને સાહેલીઓની આંખો પણ બંધ થયા જેવી ભરાઇ ગઇ. તેનો લાભ લઇને શાહજાદો પણ ઘોડે એકદમ બેસી ગયો ને તેને ઉપાડવાની કલ દબાવવાની સાથેજ તે બંને જણને લઇને તે ગગનમાં ઉંચે ચઢવા લાગ્યો. બધાની દૃષ્ટિ પડે તેટલે પહોંચતાજ શાહજાદાએ ખુમ પાડીને સુખાને કહ્યું કે "પ્રીત કરો તો ઘર પૂછીને કરજો"

હવેજ માલુમ પડયું કે હકીમનો પોશાક પહેરીને આવનાર બીજો કોઇ નહિ પણ શાહજાદી જેને વરી ચૂકી હતી તે શાહજાદોજ હોવો જોઇએ. તેણે પોતાની ભૂલને માટે બહુ પશ્ચાત્તાપ કર્યો પણ હવે તેનું શું ફળ?

આપણો શાહજાદો ને શાહજાદી ઉડતાં ઘોડા કલાકમાં ઈરાનના પાયતખ્ત શહેરમાં આવી પહોંચ્યાં તેમને જોતાંજ શાહના જીવને બહુ શાન્તિ થઇ. યોગ્ય સમયે તેમના લગ્ન બહુ ધામધુમથી કરવામાં આવ્યાં ને તેઓએ સુખચેનમાં જીંદગી ગુજારી.

વિધિની અકળિત કૃતિ.

વસન્તતિલકા.

કંઇ રંક તો બનીં ધની મહથીજ ગાજે,
ને મોજ કંઇ અવનવી પ્રતિદિન માણે;
રાજેન્દ્ર રંક બનીં કંઇ ભુખથી પિડાયે,
વિધિકૃતિ અહહ! ના કળિ તો શકાયે.

શ્રીમંત સંતતિવિના ઝૂરી કંઇ મરેછે,
કંઇ રંક સંતતિદુઃખે ધનમાટ ઝૂરે!
ભાસે જગે ઉણપ કંઇ જન સર્વને છે!
વિધિકૃતિ અહહ! ના કળિ તો શકાયે.

વેશ્યા વિલાસ-ભવને-ઝુલતી ઢિંચોળે,
પણી સુશીલ ભરી કષ્ટ નિજદિન ગાલે;
રે! રે! સલિલ ઉલટું વિધિ ક્યાં વહાવે!
વિધિકૃતિ અહહ! ના કળિ તો શકાયે.

લાવણ્યમાં જગતલક્ષ્મી ગણાતી કંઇ અરી,
ને સદ્ગુણે સૌતસગી વર્ણી જે મનાતી;
જાતાંજ યૌવન, ગુણો કુબજા મનાયે,
વિધિકૃતિ અહહ! ના કળિ તો શકાયે.

સુખાબ્ધિમાં ડૂબીં અરે! ખબ કંઇ રહેછે,
બૂડાર સદ્ગુન અતિ ભૂતલે વહેછે;
કંઇનેજ વિધિ હસવે, કંઇને રડાવે,
વિધિકૃતિ અહહ! ના કળિ તો શકાયે.

બૂડો અહો! પ્રતિપુરેજ સુવાસ લેને,
ના કો સુખી અવનિમાં અમને તું ધારે!
કિન્તુ કસી પ્રીતિબલે કગલે મરે એ,
વિધિકૃતિ અહહ! ના કળિ તો શકાયે.

આજે અહો! કુસુમડું વિકસી, મધુરી,
દે વાસ, માનવ હૃદો ખુશ દે બનાવી!
વિલાયો તે મધુર વાસવિનાનું કાલે!
વિધિકૃતિ અહહ! ના કળિ તો શકાયે.

વ્યોમે રવિ પૂર્ણ તેજ થી તો પ્રકાશી,
ને વિશ્વતિમિરજ દે ક્ષણમાં વિદારી!
કિન્તુ પ્રભાવિણ અરે! બનતો પ્રદોષે!
વિધિકૃતિ અહહ! ના કળિ તો શકાયે.

અનુષ્ટુપ.

અકળિત વિધિકૃતિ, ના શકે કળિ કો જગે;
પરન્તુ ગર્વ ધારે તે, નકી ફાંદેજ કો ફસે.

ચન્દ્રશંકર ધીરજરામ પંડ્યા—ઉમરલા.

— સાહિત્ય સ્વીકાર. —

સંસારી કે સંન્યાસી—લેખક રા. રા. દલપતરામ ભાઇશંકર રાવળ. વીરમગામ. ઉછરતી અવસ્થાના ગર્લ્સ ીમિત્ર પુરૂષોએ આ નવલકથાના નાયક હરિપ્રસાદનુ સ્થાન પોતાના હૃદયમાં સુસ્થિત અને સુસ્થિર કરવાજેવું છે. માનસિક નબળાઇઓને આધીન બની શારીરિક વ્યર્થ ટાપટીપો તથા નીચ ુમા ધસડી જનારા વિકારી વિચારોને આવકાર આપનારી ઉછરતી બાળાઓએ આ નવલકથામાની શાંત-સુશીલ શારદાબેનનાં વર્તન અને વિચારને ધ્યાનમાં લક્ષ પોતાની કર્તવ્યનિષ્ઠાને દૃઢ બનાવવી જોઇએ તથા નોવિલીસ્ટની પવિત્ર વ્યક્તિની વખાણવા લાયક હિંમત, નિર્ભયતા તથા ધર્મ નીતિતરફની તીવ્ર લાગણી કદીપણ નહિ ભૂલવા જેવી છે ગૃહસ્થાશ્રમમાં ઘરના બની સંકુચિત વિચારોની સેવામાં જીવિતનો વ્યય કરનારાઓએ "ગુરૂદેવ"ની વિશ્વસેવાનું નિરીક્ષણ કરવાલાયક છે. પ્રધાનપાત્રોની પુષ્ટિમાં આવતાં અપ્રધાનપાત્રો તથા સ્થાનોની સંયોજના ઉત્તમ રીતે ગોઠવેલી છે. આ નવલકથામાં વિશેષ આદર આપવા યોગ્ય એ પણ છે કે ઘણેરથે ઉત્તમ વ્યક્તિઓની વિશેષ ઉત્તમતા સિદ્ધ કરવાને તેની સાથે સાથેજ નિંદ્યવ્યક્તિઓનો ઉલ્લેખ કરતાજ રહેવું તેમ

આમાં તેવી નિંદ્ય વ્યક્તિઓને વિશેષ અવકાશ ન આપતાં ઉત્તમ વ્યક્તિઓની ઉત્તમતા જોઈએ તેવી જણાવી શકાઇછે. પુસ્તકની એકંદર મતલબ સત્સંગ અને દુઃસંગનું ફળ બતાવી સત્સંગમાં વલણ રાખી આત્મકલ્યાણની પ્રાપ્તિ થાય એજ છે.

લીલા યાને જ્ઞાતિતંત્ર—લેખક અંબાશંકર તુલસીદાસ દવે. બી. એ. પ્રકાશક-દલપતરામ ભાઇશંકર રાવલ—સદ્વિદ્યા અને સદાચારને અભાવે અજ્ઞાનવિદ્યા અને નિંદ્યપ્રકૃતિને પોષનારા તથા સારાસાર વિચાર ન કરી શકવાને લીધે પહોંચેલાઓની પ્રપંચી વાગ્જાળને ધર્મબોધરૂપે પકડી બેઠેલાઓના હાથમાં જ્ઞાતિનોકાનું સુકાન રહેવાથી ધર્મ-વાંદા તુટી વ્યવહાર કેટલો કનિષ્ઠ પગથીયે ઉતરી જાયછે એ જોવું હોય તો આ પુસ્તક બધુ સારી રીતે દેખાડી શકેછે. લીલા નામની એક સુશીલ કુમારીનું સગપણ એક કેળવાયેલા જુવાનસાથે થયેલ પણ તે જુવાને જ્ઞાતિના એક સ્વાર્થી નિયમને જોડાથી તેને જ્ઞાત-બહિષ્કૃત કરી તે સગપણ તોડી ને કુમારીને એ જ્ઞાતિમાંના એક નરપિશાચસ્વરૂપે વરાવવા તથા તેમાંથી નાણાંની અમુક રકમ ખાઇ જવા જ્ઞાતિના પટેલ કેવાં સાહસ કરેછે તે વાંચતાં ઘૃણા, ખેદ થાયછે; જ્યારે કેળવાયેલા બે જુવાનો હિંમત અને ચાતુર્યથી તેઓને હરાવી તેમના પ્રપંચોને તોડી પાડી પોતાની પસંદગીવાળી પવિત્ર બાળાઓનું સ્વામિત્વ મેળવેછે. અને તેની સાથે ન્યાયપ્રિય જનોઇ પ્રશંસાપણ પામેછે એ પ્રસંગ આનંદદાયક છે. દુષ્ટજનોની દુષ્ટતા વધારે પ્રકાશમાં લાવવાને તેના દુષ્ટ પ્રસંગો ગુંથતી વેળા અને તે પ્રસંગોના વર્ણનમાં કલમને ચલાવતી વેળા દરેક લેખકે આટલું લક્ષમાં રાખવું જોઇએ કે આ પુસ્તક દરેક માણસના હાથમાં જશે અને નહાનાં મોટાં દરેક વાંચશે અને તેથી તે ગ્રથનમાંથી તેવા પ્રસંગો તથા કલમની તેવી ગતિને તેણે દૂર રાખવાની જરૂર છે કે જે વાંચતી વખતે બાપબેટાને-પિતાપુત્રી-પિતાપુત્ર વગેરે વગરસંકોચે સાથે બેસી વાંચી સંભળાવી શકે નહિ. આમાંની નિંદ્યવ્યક્તિઓ અનંતરાય, ડૉક્ટર વિહારી અને માની સોનારણનાં પાત્રકલ્પનાનું વર્ણન કેટલેક ઠેકાણે એટલી હદે જતું માલુમ પડેછે કે વાંચનારાઓને સંકોચ કે અણગમો ઉત્પન્ન કરે. આની સાથે સાથે બીજી પ્રશસ્ત વ્યક્તિઓ-નિર્મળા વગેરેના પવિત્ર વર્તનનું વર્ણન લેખકને ખરેખર અભિનંદન અપાવેછે એકંદર પુસ્તક બોધદાયક અને ચાનક આપનાર છે.

પૂર્વના પ્રાચીન વૈજ્ઞાનિક સાહિત્ય ના શોધ—અગાઉ કદી નહિ બહાર પડેલ, સાંભળેલ અથવા જોયેલ માણસોના અને રાજકર્તિત આચાર્ય શ્રદ્ધાનંદ કૃષ્ણ મૂર્તિએ બનાવેલ

— દુનિયાનો નકશો. —

વેદ શ્વાસોચ્છ્વાસ, નવખંડ, સાત દ્વીપ, સાત સમુદ્ર, શ્વેતદ્વીપ, મેરૂપર્વત, નરક વિગેરે સ્પષ્ટરીતે આમા દર્શાવેલ છે. જુદા જુદા રંગથી એવી સરસરીતે ગોઠવેલ છે કે દરેકને તે જોવાની જિજ્ઞાસા થશે. નકશા સાથે અંગ્રેજીમાં સમજુતીનો ચોપડી મળશે. કિં. રૂ. ૧-૪-પોસ્ટેજ જુદું.

પ્રા. રાજા ગોપાલ નાયડુ, બીડન્સ ગાર્ડન-વેપરી—મદ્રાસ.

Raja Gopal Naidu Bidens Garden, vepery—*Madras.*

શ્રીદ્વારકાધામનું વર્ણન.

શાર્દૂલવિક્રિડીત.

જે સંસાર જમીનરૂપ ઘરનો અતે મહા સ્થંભ છે,
જેનું મંદિર ઉચ્ચ ઇંદ્રપદન્ન સ્પર્હાજુ દેખાય છે;
જે જોતાં પગલે અને પલપલે પાપે જનો પુણ્યને,
તે કલ્યાણજ કૃષ્ણ વામન કરો સૌ આપનાં શ્રેયને. ૧

જેના સર્વ ગુણો ન રોમ પણ તે ગાઇ શકે જીભથી,
જેનું રૂપ ન પૂર્ણ કોઇ સમજે શકતીસજેવા મથી;
જેના કીર્ત્તનથી અબોલ પણ તે છતે સુવાચાલને,
તે કલ્યાણજ કૃષ્ણ વામન કરો સૌ આપનાં શ્રેયને. ૨

લક્ષ્મી ચંચલ ભાવને તજ અને સેવા કરે જેતણી,
શંભુના મનને તજ જઇ વસ્યો છે કામ જેની ભણી;
જે વિશ્વંભર જેમ સર્વ સુરમાં ધારી રહ્યા નામને,
તે કલ્યાણજ કૃષ્ણ વામન કરો સૌ આપનાં શ્રેયને. ૩

ગંગાજી અથવા ભરેલ જલથી આ નર્મદા અન્ય છે,
એવો જે નિરખી નદી જન વિષે સત્કર્મ મધ્યાય છે;
તે આ જેમની પાસ જોમતી નદી પામેલ પુન્યત્વને,
તે કલ્યાણજ કૃષ્ણ વામન કરો સૌ આપનાં શ્રેયને. ૪

જેનાં મંદિરનું વધું શિખર છે સોનાવડે શોભતું,
કીધેલું ગુજરાત દેશવસિઓ જે તેમને ભાજતું;
જેની તુલ્ય થયેલ મંદિર નથી બીજે ન તેવું બને,
તે કલ્યાણજ કૃષ્ણ વામન કરો સૌ આપનાં શ્રેયને. ૫

જાણે કંપિત વસ્ત્રરૂપ કરથી મોટી ધ્વજા ફરથી,
આવ્યાનું નિજપાસ સૂચન કરે યાત્રાળુને દૂરથી;
જેની પાસ સમુદ્ર ગર્જનથકી આપે ઘણું માનને,
તે કલ્યાણજ કૃષ્ણ વામન કરો સૌ આપનાં શ્રેયને. ૬

પાપોનું પણ મોત જે નગરમાં છે મોક્ષને આપવું,
અંતે જે સ્થલમાં નિવાસ કરવા સન્ચિત્ત તે ચાહવું;
જેનો કોઇ પ્રભાવ ચંદ્રસરખો દેનાર આનંદને,
તે કલ્યાણજ કૃષ્ણ વામન કરો સૌ આપનાં શ્રેયને. ૭

જેનું નામ સુણ્યાથી પાવનપણું પૂરું મળે કર્ણને,
જેનાં દર્શનથી બધું દુઃખ મળે નેત્રોતણું સર્વને;
આકારોકાજ અદૃશ્ય તોપણ ધરે ધારી કૃપા રૂપને,
તે કલ્યાણજ કૃષ્ણ વામન કરો સૌ આપનાં શ્રેયને. ૮

શાસ્ત્રી કેશવલાલ રેવાશંકર—જામનગર.

ચાલુ વિષયની ચર્ચા.

૩૪ મી હિન્દી નેશનલ કોન્ગ્રેસ—આન્યવર પંડિત મોતીલાલ નેહરુના પ્રમુખપણા-નીચે અમૃતસરમાં ભરાઇ ગએલેની ડીવા-ળીના દિવસોમાં દેશભક્તોએ કર્ત્તવ્યપ્રવૃત્તિને આદર આપી સમયની મહત્તા જાળવી છે સ્વા-ગત કમીટીના પ્રમુખ સ્વામી શ્રદ્ધાનંદ કે પો-તાના હિંમતભર્યા વિચારો વગર સંકોચે જા-હેર કરવામાં અગ્રગણ્યતા મેળવીછે. મહાત્મા ગાંધી, માનનીય પંડિત માલવીયજી લોકમાન્ય, તિલક અને વિદુષી એની બીસાંટ વગેરેએ ઉદ્બોધણથી કોન્ગ્રેસના કાર્યને વિવેકની હદ ઓળંગવા દીધી નથી. હિંદુસ્તાનના રાજ્યત-ત્રમાં હિંદીઓને ભૂતકાળકરતાં વિશેષ સ્વા-તંત્ર્ય આપનારા હકોની બક્ષીસ નામદાર શા હેનશાહના પ્રતાપી સિક્કા સાથે મળવાનો પ્રસંગ પણ આ કોન્ગ્રેસનો સત્કાર કરવામાટે અગાઉથીજ આવી હાજર થયેલ છે એ પણ એક શુભ શકુન છે. અને તેને માટે નામદાર શાહેનશાહનો આભાર માનવાનો ઠરાવ પસા-ર કરવામાં આવ્યોછે; એ યોગ્યજ થયું છે. ગયા જાનેમાં પંજાબમાં ઉઠેલા ખળભળાટ વખતે સૈનિકો તરફથી છુટેલા ગોળીઓએ મરનાર-ઓને ક્ષણિક વેદનાનોજ અસહ્ય આઘાત કર્યો અને ઘાયલ થનારાઓને અમુક દિવસોસુધી પીડા ઉપજવી પણ સાંભળનારાઓનાં કાળ-જીવાળાં હૃદયોમાં હજી લગી ખુંચી રહી વે-દના ઉપજાવતી હોવાથી તે ગોળીઓના પ્ર-વર્ત્તકો તથા અનુમોદકોને ઇંગ્લાંડખાતે પાછા બોલાવી લઇ તેઓનાં આવેશભર્યાં કૃત્યોની અયોગ્યતાનું ભાન કરાવવામાટેની પણ મા-ગણી કરવામાં આવીછે, પવિત્ર રાજધર્મનું સ્વરૂપ એજ છે કે ભલે અધિકારી હોય તો-પણ જો તેનાથી કંઇ અત્યાચાર થાય તો તેને તેવા અત્યાચારનો ઘટતો બદલો આપી—અત્યા-ચારથી નુકસાન પામેલાંઓને સાંત્વન આપવું અને નવા અધિકારીઓ કોઇ પણ જાતના આવેશમાં ન તણાતાં વિશાળ હૃદય રાખી અમલ ચલાવવામાંજ પોતાની અને રાજ્યની શોભા છે એમ સમજી અમલ ચલાવે એવી સમજણ તેઓને આપવી.

કોન્ગ્રેસના ચાલુ પ્રસંગમાં ઘણા જાણીતા રાજદ્વારી કેદીઓને મુક્ત કરી નામદાર સર-કારે પણ તેને ગૌરવાન્વિત કરીછે.

મોડરેટોની કોન્ફરન્સ—૩૪ વર્ષો પસા-ર કરી ગયેલ આપણી નેશનલ કોન્ગ્રેસના મૂળ ઉત્પાદકો, પોષકો અને સંચાલકો છતાં-"ધીમેથી આગળ વધો" અને "એકદમ આગળ વધો" એવા મતભેદને લીધે ધીમેથી આગળ વધવાના ઉપદેશકો તરીકે સર દીનશા વાછા તથા બાબુ સુરેંદ્રનાથ બેનરજી જેવા વૃદ્ધ દેશનાયકો—જેઓ કોન્ગ્રેસથી બે વર્ષ થયાં છુટા પડ્યાછે તેમણે આ વર્ષે કલકત્તામાં સર સિવરવામી આયરના પ્રમુખપણાનીચે મોડરેટોની કોન્ગ્રેસ બોલાવી હતી. કાર્યમાં

ફેર માત્ર એટલોજ હતો કે ઉતારવા અને બેસવાના ભાવની પ્રવૃત્તિને ઠેકાણે આમા ધીમા અને શાંતભાવની પ્રવૃત્તિને સ્થાન આપવામા આવ્યુ છે, બાકી અગેવાનોની કે કોન્ફરન્સના ઉદ્દેશની દિશા એકજ છે

મુબઈમાં ઔદ્યોગિક કોન્ફરન્સ—ઘણા ઉત્સાહથી ચાર દિવસ કામકાજ થયુ અને છેવટ મેળવાની પગેરેની અભિલાષાને માટે આ સંસ્થાતિમા ન કરવી શકાય એવુ એક ફંડ રૂપિયા ત્રણ લાખનુ ભેગુ કરવામા આવ્યુ એ સાધારણ બાબતનો માટે વિષય અવશ્ય સૂચવેછે

કચ્છ માંડવીમા-લોહાણા કોન્ફરન્સ—પ્રાય વ્યાપારપરાયણ અને તેથી ઘણા ધનવાન સપૂતો ધરાવનારી લોહાણા જ્ઞાતિની કોન્ફરન્સે આ વખતે પોતાનો અપૂર્વ ઉત્સાહ પ્રકટ કર્યોછે અને સુધારા વધારાના કામ કાજ ઉપરાંત રૂપિયા ૨૫ પચીસ હજાર જેટલી જરૂરી ફંડો ઉભા કર્યાછે જે બદલ એ જ્ઞાતિને માટે ધન્યવાદ આપવા જેવુ કાર્ય છે

હિંદુ-મુસલમાનોનુ ઐક્ય—હિંદુ મુસલમાનો વચ્ચે મૈત્રિ વધારવા ના માટે ગાયોની હિંસા અટકાવવાને સમજુ મુસલમાનો તરફથી જાહેર સભાઓ મા ભરાતા ઠરાવો થવા લાગ્યા છે એ કામ ખરેખર આશીર્વાદદાયક છે

હુન્નર કળા—ગયા વર્ષમા પંજાબમા તેમજ ગુજરાતમાં થયેલા રમખાણો તથા તેને પરિણામે થયેલી સખ્યાબંધ સજાઓ-સબંધ ગેરવાજબીપણાનો નિર્ણય કરવા નિમાયેલી હન્ટર કમીશને પંજાબમાં તથા અમદાવાદ વગેરેમા તપાસ કરવા નિમેલા બન્ને પોતાનું કામ પૂરૂ કર્યું છે

બોલગવીછમ—બેત્રણ અરસાપહેલા ગોંડળ જણાવા લાગેલી બોલગવીછમ સત્તા કરીને વિકાસપંથ આપની સવળા થવા લાગી છે તેનો આ વિકાસ ગોંડલના અસ્તિત્વમાટે છે કે મુત્રાવાની તૈયારીમા આવેલા દીવાની જ્યોત જેમ પ્રકાશિત થાયછે તેના જેવો છે આ એક વિચારવાનો પ્રશ્ન છે

મારતામલ્લિક મહત (મોટાઓનુ મરવુ મોટે) મોટા માણસોની પાસે મોટાઈ, મોટા માણસોનાં પરાક્રમો મોટા ગા, મોટાગાઓની ખબર મોટાઈ મોટાગાઓની સાથ મોટાઈ, અને મોટાગાઓની વિદ્યમાનતા તથા વિદ્યમાનપણા પર મોટાઈનુ હોયછે સસારમા આ મહાવાક્યનો ઠેઠ સમયમા મોટાઓ દ્વારા મિત્રરાજ્યોસાથે મોટું પરાક્રમ દેખાડી દુશ્મનો સાથ આત્મોપદી સુબેદારના

કેલકરારોમાં તથા લીગની રચનામાં આગેવાનનું ભાગ લઇ, યુરોપનાં મહારાજ્યોમા મોહોટું માન પામીને મહાન પ્રેસીડંટ વિલસન પોતાના મહારાજ્યમાં પહોંચ્યા પછી ત્યાંના મોહોટા માણુસોએ તેની સઘળી મેહેનતને રદ કરવાજેવું કરી દુનિયામાં મોહોટો વિસ્મય ઉત્પન્ન કર્યોછે. જર્મની સાથે પોતાના યુદ્ધ વિરામનો ઠેરાવ પણ ખૂટો કરવા તેઓ તૈયાર થયાછે અને લીગ સાથેનો સબંધ છોડવા પણ તૈયાર થયાછે. આથી આપણે ફરીથી યાદ કરીશું કે સહતામખિલં મહત્.

ભૂતકાળને ભુલાવતો રહેલો ભવિષ્યકાળ—ઇશ્વરની અકૃપાની નિશાનીઓરૂપ મનોના દુકાળો, લડાઇઓ અને મરકી તથા મોંઘવારીવગેરેની નિરંકુશ હાજરીને લીધે ભૂતકાળનાં ભયંકર દુઃખોને પણ ભુલાવે તેવી મુશ્કેલીઓ ભવિષ્યકાળ આપણીપાસે પહોંચવા રજુ કરતો રહ્યોછે. સંવત ૧૯૭૫ ના દુકાળવખતની મોંઘવારી વખતે લોકો ત્રાહિ ત્રાહિ પોકારી ગયાં હતાં પણ તેપછી ૧૯૫૬ના દુકાળ વખતની મોંઘવારી એવી ત્રાસ આપનારી નિવડી કે ૧૯૭૫ વાળો દુકાળને તેનાથી નરમ માનવો પડ્યો હતો–૧૯૫૬ પછી સાધારણ મોંઘવારીવાળાં વર્ષો તો ચાલ્યાંજ આવેછે પણ આ વખતની ૭૫–૭૬ ની સાલની મોંઘવારીએ તો ૧૯૭૫ અને ૧૯૫૬ એ બન્ને મૂનંકલીવાળાં વર્ષોને "આપડા કીક" બનાવી દીધાં છે. આઠ આને રતલ મળતુ ઘી ૨૮ આને મળવા લાગ્યું, પણ આનાનુ રતલ તલનુ તેલ ૬૪ આને રતલ થયું, સવા રૂપિયાનો મણ મળતો આ૨ પાંચ રૂપિયે મણ થયો અને એવી રીતે ખોરાકની દરેક ચીજ દુકે અને ભૂસકે કિંમતી બની ગઇ છે સારે કાપડની મોંઘારત પણ તેટલીજ ભયાનક થઇ ગઇ છે. શું માલ ખટયોછે કે નાણાંની કિંમત વધી છે? શું પદાર્થ વધ્યોછે કે નાણાંનો જોમ વધ્યોછે?

'અંકુશ' માસિકનું—

વાર્ષિક લવાજમ હિંદ માટે ૩. ૨-૮-૦

" " રસાવર માટે ૩. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

જામનગર—કાઠીઆવાડ.

બોધ વચનો.

લેખક—શ્રીયુત શાંતિલાલ જે —જેતપુર



૧ બીજાની મુશ્કેલીઓ આપણે વેરી લેવી એ સર્વોત્તમ સેવા નથી, પરન્તુ પોતાના દુઃખની ચિન્તા પોતાની મેળે સહન કરે અને મુશ્કેલીઓની સામે બહાદુરીથી ઝઝૂકે એવું તેમને સામર્થ્ય આપવું તેમાં જીવનમાં [illegible] રહેવો એજ [illegible] છે

૨ જે ગરીબોને આપવા આપીએ છીએ તેઓ પૃથ્વીપરથી સ્વર્ગમાં આપણા માલને લઇ જનારા હેલકરી છે તેથી તમે તેમને આપો, જે તેમને આપો છો તે તમે તમારા હેલકરીનેજ આપો છો.

૩ એક માયાળુ શબ્દ, એક દિલસોજી ભરેલી દૃષ્ટિ, એક ઉત્સાહથી આપેલી પાઇ, એક વિનયયુક્ત, સાદુ પાર્ટ બીજાને બાતરફ કે લાવેલું દયાનું વાતાવરણ ઘણા આત્માઓના દુઃખના ભાર હલકા કરીનાખેછે, આવા મહાન સુદ્ધ દેવી કાર્યો ક્ષુબ્ધિત સમુદ્રપરની છોલોની પેઠે જીવનના દુઃખોને દૂર કરેછે

૪ શ્રદ્ધા રાખવાથી નવું ઉત્પન્ન કરી શકાય છે, આશા રાખવાથી આનંદવાર પ્રાપ્ત કરાયછે, પ્રેમ રાખવાથી અદ્ભુત કાર્યો કરી શકાયછે

૫ જ્યારે બીજીપર દુઃખ બેસેછે ત્યારે તેના ઉપર જે અતિશય ઘૂમ્મસ પડે તો તેને કૂળ આવતા નથી, એમજ રીતે જ્યારે સત્કાર્ય કરવાની શરૂઆતમાજ લોકો તેમને જોનાર માણસોના વખાણ સાંભળેછે અને પોતાની સ્તુતિમા તેઓ રસ લેતા થાયછે ત્યારે તેમના વિચારોમા અહંકાર રૂપી ઘૂમ્મસ એવો ઉત્પન્ન થાયછે કે તે તેમના મૂળ હેતુને ભૂલાવી દઇને સત્કાર્યની ખીલવણી અને ફળદ્રુપતાનો નાશ કરેછે

૬ જે ધનનો દગનો એકઠો કરવામાં ભૂલ થયછે તેજ જીવતા શીખ્યોછે, જ્યારે તમે દીવગીરીમા ગરકાવ થયા હો ત્યારે આનંદી થવાનો સારો રસ્તો બહાર જઇ બીજા કોઇનું કલ્યાણ કરવાનો છે

૭ ખરો મનુષ્ય દાન આપેછે, પણ લેતો નથી, સેવા કરેછે, પણ હુકમ ચલાવતો નથી, રક્ષણ કરેછે, પણ ભક્ષણ કરતો નથી, સહાય આપેછે, પણ અભિમાની બનતો નથી અને જરૂર જણાતા જીવવા કે મરવાનું વધારે પસંદ કરેછે

૮ વૈદ્ય રોગને ધિક્કારે છે પણ રોગીને ચાહેછે તમે પણ ને ઉદાર હો તો હમેશા પાપનેજ ધિક્કારજો, અને પાપી પ્રત્યે તો સ્નેહજ દર્શાવજો

નવી શોધો.

ડો. વીન્ટનની પ્રખ્યાત ઔષધિઓ.

(૧) ઓસ્ટીન (કુચ વૃતિ તેલ)—ઓરતોને માટે સ્વર્ગીય બક્ષીસ. આ તેલમા રહેલ ગુણ તેના નામ ઉપરથીજ સુચિત થાયછે. જીન્દગીનું સૌદર્ય અને સુખ આ તેલના વાપરવાથી વધેછે. કિંમત રૂા. બે.

(૨) ઇલેકટ્રો રેસ્ટેન્ટાઇન (રસીકમંદ વૃધિકા)—સર્વ પુરૂષોને માટે આશીર્વાદ સમાન વૃદ્ધ કે યુવાન સર્વ કોઈ આ વાપરવાથી સંસાર સુખ ભોગવવા પૂર્ણ ભાગ્યશાળી થાયછે. વીર્યને ટકાવી મજબુત બનાવવા માટે અત્યુત્તમ છે. કિંમત રૂા બે.

સૂચના—બન્ને દવા સાથે મંગાવનારને રૂા. ૩-૮-૦ માં મળી શકશે ટપાલ ખર્ચ નથી લેવામાં આવતું. ઓર્ડરની સાથે પૈસા મોકલવા.

— જરા પણ વિલંબ કર્યા વગર આજેજ ઓર્ડર મોકલો —

એસ. આર. બ્રધર્સ

૨૮ ચંદ્રપામુદલી સ્ટ્રીટ—મદ્રાસ.

S. R. Bros. 28 Chandrappa mudali St.—MADRAS.

जादुगरोंकी कुंजी.

अद्भुत विद्या.

महाशय! अब इस बातकी जरूरत नहीं है कि आप उस्तादोंकी खुशामत करें और रुपयेको मुफ्तमें लुटावें, जब कि हम मेजिकके तमाशेके खेल आपको घरबैठे बिठलाये सिखलानेको तैयार है लीजिये देर न कीजिये, यदि रुपया कमानेकी इच्छा होवे तो हजारों रुपया कमाइयें. कीमत एक पैंटपर तमाशोंकी स्पैशुरी तरकीबसहित १॥), डाकखर्च अलहद.

लक्ष्मीनारायन रामस्वरूप,

झांसी.

બ્રાહ્મી ઑઇલ.

મગજની દર્દી, ચાલુ માથાનો દુઃખાવો, ચક્કર, ચરકા, વાઈ, બુદ્ધિની મંદતા, નાહિમ્મતી પડતા દુર્ગંધી છોડ, આંખની બરાતરા, રતાશ, માથાનું ભમવું, નિદ્રાનો નાશ તિગેરે દર્દોને મટાડે છે, માનસિક શ્રમ કરનારાઓને ખાસ ઉપયોગી છે.

કિંમત રૂા ૧॥

એશિયાટિક મેડિકલ ફાર્મસી,

રાજાપુર (રત્નાગીરી.)

લૂંટો માટીની કિંમતમાં સોનું લૂંટો.

ચેલેંજ રાસકોપ સિસ્ટમનું ઘડીયાળ, નિયમિત ચાલનાર, ગાડીમાં ચાલતાં પણ ૭૬ કલાક સુધી બંધ નથી પડતું આવા મજબૂત ઘડીયાળની સાથે ૨૦ ચીજો અમે મફત આપી રહ્યા છીએ જેવી કે—ઇંજીકરાક, મોજાં, ગટર, રૂમાલ, દેવદર્શનની વીંટી, બટનનો સટ, બ્રસ, શક્તિની દવા, બાલ (હમેશને માટે) ઉડાવવાની દવા, દંતમંજન, પીતળનો ક્રોકેટ ગ્લાસ, વ્રજ નકશા, પેનશીલ, પેન, સરકારી કાર્ડ, કાંસકી, અત્તર વગેરે. કિં. રૂા. ૧૦.

મોટી ખબર વાંચો, પીતળનાં બત્રીસ રમકડાં.

કિંમત રૂા. ૪ ચાર. આ સટ જોવાથીજ મનને તાજુબી થશે કે આવી સાધારણ કિંમતમાં આવો મજબુત સટ કેમ મળી શકે? પસંદ ન આવે તો પૈસા પાછા. બચ્ચાંઓને આખો દિવસ આનંદમાં રહેવા માટે, તેમને હસાવવા માટે તરત મંગાવો લાખો સટ વેંચાયા છે. ૪૦ નંગની કિંમત રૂા. ૫ તથા ૧૦. તરત ખરીદ કરો.

પંડિત આનંદમંગલ—મથુરાં. આનંદમંગલ—મથુરાં.

આખા હિંદુસ્તાનમાં વખણાયેલો

વાળ કાળા કરવાનો

પ્રભા કલપ.

આ કલપ મુછોના તથા દાઢીના સફેદ વાળને લગાડતાં, તે પાચજ મિનીટમાં સુંદર કાળા થઇ જાય છે. વાળના શોખીનોએ યાદ રાખવું કે, એની બરોબર આજ કેપર્યત કલપ નથી. આ કલપ વાપરવામાં સહેલો છે, સેરમાં ગમતો છે, ગુણમાં અકસીર છે, રંગમાં ઝાકો છે અને કિંમતમાં સસ્તો છે કિંમત રૂા. ૧-૪-૦ ટપાલ ખર્ચ જુદું.

બાહરગામમારે એજન્ટો જોઇએ છીએ.

મેસર્સ નવરત્ન એન્ડ સન્સ,
૧૯૬, કાલબાદેવી રોડ—મુંબઇ (૨).

દિલ્હી દરબાર.

ભાગ ત્રીજો.

અનુવાદક—શ્રીયુત વકીલ.

પ્રકરણ ૧ લું.

મડદું.

મધ્યરાત્રિની નોબત પુરી થઈ સિપાઇઓ અને ચોકીવાળાસિવાય સર્વ નિદ્રાદેવીના ખોળામાં હતા. આ સમયે મશરૂએ બે જલ્લાદને બોલાવ્યા. જુલેખાનું મૃત્યુ કેમ અને શીરીતે થયું એ જાણનાર તે બન્ને હતા. જ્યારે તેઓ આવ્યા ત્યારે મશરૂએ હુકમ કર્યો કે—

"બેગમસાહેબનો હુકમ છે કે આ મડદાંની હિંદુ રીતમુજબ વ્યવસ્થા કરવાની છે એટલે કે અગ્નિસંસ્કાર કરવાનો છે અને સમય રાત્રિથી આ વાત છુપી રાખવાની છે. તમે સમજ્યા?"

બન્નેએ નમ્ર અવાજે જવાબ આપ્યો "હા—હજુર."

"જાઓ અને રીક્ષગદ્વારમાંથી મૃત શરીરને આણો અને મારા હુકમપ્રમાણે તેની વ્યવસ્થા કરો. દરમ્યાનમાંથી હું આપે આવીશ. પછી રાત્રિતાજ યમુનાના કિનારા ઉપર તમે જાજો. સમજ્યા છો ના?"

"હા, હજુર સમજ્યા છે."

"જો રસ્તામાં તમને કોઇ કાંઇ પુછે, તો રડતા અવાજે કહેજો કે અમારી મા મરી ગઇ છે અને અમો તેની ક્રિયા કરવા જઇએ છીએ."

"હજુર, અમો તો મુસલમાન છીએ."

"તે મને ખબર છે. ગરીબ હિંદુમાદક ચિંથરેહાલ લુગડા પહેરી, બે ગરીબ બાંદી થઇ જજો. પછી માથાંકુટી મડદાને ઢાંકજો સમજ્યા કે?"

"હા હજુર."

"સવારમાંથી જો મારા કલામુજબ તે મડદાંની વ્યવસ્થા ન થઇ શકે તો નદીમાં તેને ફેંકી દેજો, અને નદી તેને ગંગામાં પહોંચી જતે જ્યાંથી પાછા ફરવા નબલખ્ત

નથી અને એ રીતે આ મુસીબતનો અંત આવશે"

"જી-હા, સાહેબ"

'જાઓ, તમારી જાતની પરવા હોય તો મારા કલ્પાન્તમાણેજ કરજો ધ્યાન રાખજો કે જરા ગફલતી થઇ કે સાત તમને પામશે।"

તે બે (જલ્લાદ) રીશમહાલતરફ ગયા મહમ્મદે તેને કુર્તી આપેલી હતી તેથી તે ઉઘાડી, ચૂપચાપથી છાની રીતે મડદાને બગલ માંથે બાંધી, કપડાથી તેને ઢાંકયુ અને તે બધા મહમ્મદપાસે આવ્યા મડદાઉપર કપડુ એવી રીતે ઢાકેલ હતુ કે કોઇપણ તે જોઈ જાણી શકે નહિ

મહમ્મદ આગળ થયો અને બે જલ્લાદ મડદાસહિત તેની પાછળ ગયા જ્યારે મધ્ય દરવાજે પહોંચ્યા ત્યારે સિપાઓ મોટી ઉઠ્યા, "કોણ જાયછે?" મહમ્મદે આગળ આવી કહ્યું 'ગભરાઓ નહિ-હું પોતે છું'

દરવજે સરદારના કાનમા મહમ્મદે કાઇ કહ્યું અને બે હબસીને જવા દીધા

અંધારામા યમુનાના કિનારાઉપર તેઓ પહોંચ્યા અને મૃત શરીરને બધે લઇ પોતાથી બની શકતી ઉતાવળથી જોયા કોઇ માણસ તેઓને મળ્યુ નહિ તે બે હબસીઓ જાણી ન શકયા કે તેજ અંધારામા બે વ્યક્તિઓ તેની પાછળ પાછળ ચાલી આવેછે દોડી દોડીને થકી ગયા આગાથી ચાર માઇલસુધી તેઓ આવ્યા ત્યારે ધીરે ધીરે આગળ વધવા માડ્યુ આજ સમયે પેલા બે માણસોમાથી એક પગેની ઝાડીમા સંતાઇ ગયો અને બીજો તેની પાછળ પાછળ ચાલ્યો જે માણસ પગેની ઝાડીમાં ગયો તે ધોડેસ્વાર થઇ બહાર આવ્યો અને બહુ ઝડપથી દક્ષિણદિશાતરફ ગયો અને આંખના પલકારામાં અદશ્ય થયો

ઘણે દૂર આવ્યા પછી એક હબસી બોલ્યો "મડદાંને નીચે રાખ બહુ દોડવાથી મડદાને બાધેલ દોરીઓ ઢીલી થયેલ જણાય છે અને મડદાનો હાથ મારા મોઢાને લાગેછે"

બીજાએ જવાબ આપ્યો "શુ તે ભૂત થયેલ છે?"

"નીચે ઉતાર એને તપાસીએ"

"ના-ના, સવારસુધી રાહ જોઇએ"

'ના-મૂર્ખ', જમીનઉપર મુક-મને તેનો હાથ વાગેછે હું તે સહન કરી શકતો નથી. નીચે ઉતાર-તેને મજબુત બાંધીએ"

"મૂર્ખ, જો આપણે મજબુતસાથે મજબુત બાધેલ છે તે તને કયા બસર નથી"

"નીચે ઉતાર અને પછી બેવકુફ! તારી આંખથી જો"

મડદાંને જમીનઉપર મેલી, અંધારામાં બની શકે તેટલી તપાસ કરી તો માલુમ પડ્યુ કે જમણો હાથ બહાર નીકળી ગયેલ છે તે જોઇને જે હબસી વાત નહોતો માનતો તે બહુ ભયભીત થયો અને બોલી ઉઠ્યો "આહ-અલ્લાહ! હાથ હાલતો મને જણાય છે, ચોક્કસ ભૂત બની ગયેલ જણાયછે"

ખરીરીતે મડદાંનો હાથ હાલતો હતો ઘણા તમાચા ખાનાર હબસીએ કહ્યું 'જમીન ઉપર કે કતીયખતે લાગેલ આચકાને લઇને હાથ હાલતો હશે' હાથ ફરી હલ્યો અને નુર-

જહાનના નામવાળી હીરાની વીંટી અંધારામાં પણ ચમકારા મારતી દેખાણી.

બે હબસીઓએ ચીસ પાડી. અને ભાગી જવાની તૈયારીમાં હતા પણ હિંમતવાન બની જે હાથ હલતો હતો તેનાઉપર નજર નાંખી અને બોલ્યા—

"નહિ, નહિ. ભૂત પ્રેતની અસર નથી, હાથ હવે હલતો નથી." એકબીજાની સામુ જોઇ રહ્યા. બન્નુસાથે જ્યારે મડદાંને બાંધેલ ત્યારે વીંટી જોયેલ નહોતી. મશરૂએ તો મડદાંને જોયેલજ નહોતું. નુરજહાન પોતે એટલીબધી ઉશ્કેરાઇ અને ગભરાયેલી હતી કે જુલેખાંના હાથઉપરની વીંટીસંબંધી સર્વ ભૂલી ગઇ હતી.

ભૂતની અસર નહોતી એમ જણાવાથી બે જલ્લાદો જોરમાં આવ્યા અને એક જણે હસીને કહ્યું કે "જો, કોઈ અદૃશ્ય શક્તિથી બાંદી પાછી જીવિત થાય અને તેના હાથમાં ચળકાટ મારતી વીંટી આપણને તે બતાવે તો આપણી શુ સ્થિતિ થવાની! આપણુ બન્નેને તે બાંદીનો હુકમ ઉઠાવવોજ પડે."

બીજાએ સૂચના કરી "તે શુદ્ધિમાં આવે તે પહેલાં ચાલો આપણે તે વીંટી લઇ લઇએ."

સારે ભાગ્યે બીજાએ ના પાડી. અને જણાવ્યું "મૂર્ખ! જો આપણે તે વીંટીને અડીએ તો આપણો નાશ થાય. તે વાત બીજાથી છુપી રાખી શકીએ નહિ. પરિણામે આપણી તપાસ થાય, પકડવામાં આવે અને આપણાં માથાં જાય."

બીજાને આ વાત પસંદ આવવાથી કહ્યું કે "ચાલો, દીલવગર આને પાણીમાં નાંખી દઇએ."

"મૂર્ખ, મશરૂની સૂચના ભૂલી ગયા કે, હજુ પ્રભાત થયું નથી અને પ્રભાત થયાં પહેલાં મડદાંને તરતું મેલશું તો મશરૂ આપણાં માથાં લેશે."

"તેને કેમ ખબર પડશે?"

"જોવકુફ, મશરૂને દશહજાર આંખ અને તેટલાજ કાન છે તે નથી જાણતો?"

"સમજ્યો, બન્નુસાથે મજબુત બાંધ, સૂર્ય ઉગતાંજ નદીમાં તરતું મડદાંને મુકી દેશું."

બહાર દેખાતો હાથ અંદર નાંખી કપડાંથી વીંટાળ્યો અને મડદાંને લઇ અગાઉની-માફક દોડ્યા. જે આકૃતિ સંતાયેલ હતી તે તેની પાછળ ગઈ.

સૂર્યઉદયસમયે નદીના કાંઠાનાં સ્મશાનઉપર પહોંચ્યા. એક હિન્દુનું મડદું ત્યાં કોઇની હાજરીવગર પડેલું જોઇને તેઓ ખુશી થયા. જેઓ તે મડદાંને લાવેલ હતા તેઓ તેને બાળવામાટે બળતણની સગવડ કરવા ગયેલા. એમાંથી એકને વિચાર થયો "અલ્લાહ! તેં અમને મદદ કરી. કેટલાક મૂર્ખાંઓ આ મડદાંને બાદી રાખી ગયા છે. ચાલો આ મડદાંને તેને બદલે મુકી તે આવે તે પહેલાં આપણે તે મડદાંને લઇ લઇએ. મને ખાત્રી છે કે બાંદીને તેઓ અવશ્ય બાળી મુકશે અને આપણો હેતુ જરા પણ મુશ્કેલીવગર સિદ્ધ થશે. તરત કર તરત કર."

બીજો પણ બોલી ઉઠ્યો—

"ભલાભાઈ, તારો ઉપકાર માનું છું. ચાલ ઉતાવળ કર, આપણે તે કામ કરી લઇએ."

મડદાંની અરસપરસ બદલી કરવામાં આવી. જુલેખાંનું મડદું સ્મશાનમાં રાખી, બીજા મડદાને તે મૂકીઓ લઇ ગયા અને યમુનાના પાણીમાં તેને નાખી દીધું. સ્મશાનભૂમિમાં પાછા આવ્યાજ નહિ.

ગરીબ, અભાગી સરબસુંદરીને મૃત્યુથી પણ શાંતિ ન મળી. બંગાલના મોટા જમીનદાર—આપણા આજકાલના રાજા સમાન—ની તે દીકરી હતી. અને ખાનદાન ઉચ્ચ કુટુંબની અગબૂતની મહોરદાર હતી પણ ભાગ્યમાં જુદુ જ નિર્માણ હતું ઇચ્છાવિરુદ્ધ મુસલમાની ધર્મ અંગીકાર કરવો પડ્યો હતો અને તેને પોતાના ધણીનો જીવ લેનારની ઓરતની બાંદી બનાવવામાં આવી હતી તે ઇશ્વરમા શ્રદ્ધા રાખી બેસી હતી પણ હજુ કોણ જાણે મડદાંની શી દશા થવાની છે! મૃતશરીર—જે એક હિન્દુને મન બહુ પવિત્ર ચીજ છે—તેના શા હાલ!

જેઓ આ સ્મશાનમાં પ્રથમ મડદાને લઇ આવેલા અને પછી કાંધ લેવા ગયેલા તે માત્ર બે જણ હતા જ્યારે તેઓ પાછા ફર્યા ત્યારે પ્રથમ તો તેઓને વહેમ ગયો નહિ ગરીબ હતા એમ તેઓના પોશાકઉપરથી સૂચન થતુ હતુ. વહેમ ન પડવાથી અને જુલેખાંના મડદાને સાચવી સંભાળીને રાખેલ હોવાથી તેઓએ ચિતા બડકી અને તે કામ પૂરું થયું તે પહેલાં સૂર્ય ઉદય થયો પછી મડદાંનછક ગયા કે તરતજ ચોકખીખલાસાઓ જોઇ રહ્યા. તેઓને બહુ નવાઇ લાગી અને બોલી ઉઠ્યા "આમ કેમ?" "આ તો બીજા કોઇનું મડદું છે!" "ત્યારે આપણે લાવેલ મડદું ક્યાં ગયું?" "આહીં તો નથી."

"છોડીને જોઇએ તો ખરા," "જો આ મડદાંઉપરનું કપડું વધારે સારું છે" "છોડ તો ખરો." ગાંઠ છોડી વાંસથી મડદાને ખૂદું કર્યું અને તે દેખાવ જોઇને તો તે ભાગી ગયો અને તેનો ભાઇબંધ તેની પછવાડે ગયો એ કહેવાની જરૂર નથી.

પ્રકરણ બીજું.

જીવું મંદિર.

જલાદોએ ઉપાડેલ જુલેખાંનાં મડદાંની પાછળ પાછળ જનાર માણસ, જ્યારે તે મડદાંને સ્મશાનમાં છોડી દેવામાં આવ્યું ત્યારે તેની પાસે ગયો. તે મજબુત બાંધાનો, ઉંચો અને બાહશાહી દેખાવનો હતો. હથિયારબંધ હતો મડદાને ઉપાડી, પોતાના ખભાઉપર રાખી પડખેના ઝાડ નીચે બેઠ ગયો. તે માણસ ત્યાં થોડો સમય મડદાંની ચોકી કરતો ઉભો રહ્યો. બહુ દૂર નજર નાખ્યા કરતો હતો અને કાંઇ કાર્ય સિદ્ધ કરવાની ઉમેદ રાખતો હતો. તે એકાએક આનંદિત થયો. દૂરથી ઘોડાઉપર એક માણસની સરદારી નીચે પાલખી ઉપાડનાર માણસો આવતા તેણે જોયા. જ્યાં જુલેખાનું મડદું પડેલું હતું ત્યાં તે ઘોડેસ્વાર ૧૬ માણસ અને પાલખી આવિને પહોંચ્યો.

પાલખીમાં મડદાંને મૂકી બારણાં બંધ

કર્યા. સૂચનાપ્રમાણે પાલખી ઉપાડનાર બીજા ન જાણે તેમ પાલખીને લઇને આગળ ચાલ્યા અને ઘોડેસ્વાર મડદાંની દેખરેખ રાખતો સાથે ચાલ્યો.

બીજો ત્યાંજ ઉભો રહ્યો. જ્યાંસુધી પાલખી જતી દેખાણી ત્યાંસુધી તેણે તેતરફજ નજર રાખી, અને બોલી ઉઠ્યો—

"એ સિંહણવચ્ચેની લડાઈ, જોઇએ કોણ જીતે છે તે તપાસીએ"

જે રસ્તેથી તે આવ્યો હતો તે તરફ ગયો અને યમુનાના કિનારાઉપર આવ્યો. મધ્યાહ્ન સુધી ચાલ્યા કર્યું. રસ્તે સર્વેએ તેનું નામઠામ જાણવા, અગાડી જતી પાલખીમાં બેસનાર કોણ ભાગ્યશાળી છે તેની તપાસ કરવાની કોશીસ કરી નહિ પણ હથિયારબંધ યુવાન ઘોડેસ્વારોની હાજરીથી તેઓએ અનુમાન કર્યું કે તે કોઇ આનદાન કુટુંબની ઔરત હશે.

મધ્યાહ્નને એક બેતરમાં જીર્ણ થયેલ મંદિરનાં દ્વાર આગળ પાલખી અટકી ચારે તરફ ઉંચી દિવાલો હતી. અંદર જવા માત્ર એકજ દરવાજો હતો. જે અંદરથી બંધ હતો. યુવાને ઘોડાઉપરથી ઉતરી દરવાજો ઠોકયો અને એક તરૂણ સંન્યાસીએ દરવાજો ઉઘાડ્યો તેઓ અંદર દાખલ થયા અને દરવાજો બંધ થયો,

જરાવાર પછી પાલખી ઉપાડનાર અંદરના બેસનારને (મડદાંને) બીજાની સંભાળ નીચે રાખી બહાર આવ્યા. યુવાન સરદાર પણ સાથે આવ્યો. તેઓને રજા આપી, ઘોડા ઉપર સ્વાર થઇ ચાલ્યો ગયો. સંન્યાસી, જે તરફ સરદાર ગયો તે તરફ જોઇ રહ્યો.

અભાગી સરબસુંદરીનું હજુ શું થવાનું છે? તે રામ જાણે. મૃત્યુમાં પણ તેને નિરાંત મળતી નથી. મડદાંના શા હાલ થયા? પુષ્ટ બોલની માફક અહિંથી તહિં અને તહિંથી અહિં તેને ફેંકવામાં આવ્યું.

સરદાર શહેરતરફ ગયો, અને શહેરની નજીક આવતાં ધીરે ધીરે ચાલવા લાગ્યો, જ્યાં તેની વાટ જોતો એક માણસ ઉભો હતો તેને પોતાનો ઘોડો સોંપી આપ્યો અને પગે ચાલવા લાગ્યો. રાજ્યધાનીના દરવાજે કોઇ તેની રાહ જોતો હતો જેણે કહ્યું "ઘણા સમય થયાં તમારી રાહ જોઉંછું. આખરે આવ્યા કે?"

સરદારે આશ્ચર્યચકિત થઇને કહ્યું—

"બિહારીચરણ! બહુ નવાઇ જેવું છે કે તું અત્યારે અહિં છે."

"ઇશ્વરની કૃપાથી અને તમારી શુભેચ્છાથી તમારો બિહારીચરણ ઘોડેસ્વારી કરી જાણે છે."

"રસ્તામાં તને ઘોડો મળ્યો કયાંથી?"

"કુમાર! પ્રભુપ્રસાદે બિહારીચરણ રજપુત સરદારનો દેખાવ ધારણ કરી શકેછે. એવી સરસ રીતે કે કોઇ જાણી શકે નહિ. હવે ઘોડો મળવો મુશ્કેલ કામ છે એમ તમો ધારો છો?"

"કોનો ઘોડો ચોરી લીધો તે તો કહે!"

"સરદાર, કોનો હતો તે મને ખબર નથી. મારો નમ્રમત એ છે કે જરૂરીયાતના પ્રસંગોએ ગમે તેનો ઘોડો લોપ—ખુદ શહેનશાહનો લોપ તો પણ આપણે તેનો ઉપયોગ કરી શકાયે લીએ અને તે કાંઇ

ગુન્હો નથી, કામ હતું તે કરી બીડાને છુટો મુકી આવેલ છુ અને હું ધારૂછુ તે પ્રમાણે તે તબેલે પોચી ગયો હશે"

સરદારે કહ્યું—"તને આંહિ મળ્યો એ બારૂ અહોભાગ્ય માનુંછુ શહેરમા જવા હવે જરૂર નથી દાયમણીની તપાસ કર અને મળે તો મંદિરમાં મૂકી જા, પછી તુ—"

બિહારીચરણે કહ્યું કે 'મારો તરણુ સન્યાસી મારી રાહ જોતો હશે"

"જા, વખત ગુમાવ નહિ"

'ગ્વાલીયરતરફ સરદાર ગયો અને બિહારીચરણ ત્યાંજ ઉભો રહ્યો, કાંઇક વિચાર કરતો હતો અને વિચારને અંતે બોલ્યો કે "દૂરનું જીર્ણ મંદિર ભેદથી ભરપૂર છે અને તે ભેદની સાથે મારી જીંદગી પણ ભેદરૂપ છે. વિચાર કરવા નકામા છે, તપાસ તો કરૂ કે તે ઔરત ગઇ કયા અને જો ચાલી ગઇ હશે તો મહામુશીબત થશે પણ તે બાળા કયા ગઇ? મને તે બહુ પ્રિય છે હીરાકણી સમાન બે બાજુ કાપે તેમી છે

દાયમણીને શોધવા બિહારીચરણ ગયો તે યુવાન નહોતો સાઠ વર્ષ ઉપરનો હતો, છતા શરીરનો દેખાવ મજબુત હતો બંગાલના બગનાપરાનો તે રહેવાશી હતો અને જાતે ગોવાળ હતો પોતાના ગામમા બિહારીચરણ તેના સદ્‌ગુણોથી સુપ્રસિદ્ધ હતો ગમે તે દેખાવ ધારણ કરી શકતો, ફકીરનો વેશ લઇ લેકોને ખુશી કરી શકતો અને કવચિત વૃદ્ધ ઔરત પણ બની જતો ગમે તે અવાજ કરી શકતો અને આથી પોતાના ગામમાં મુજરાન ચલાવી શકતો પણ હાલમાટે દેશ છોડી પરદેશ રહેછે, પોતાનાં વહાલાંઓ તો થેનો સબંધ કેમ છોડી આપેલ છે તે કોઇ સમજી શકતુ નહિ કદાચ ભોગવ રાજ્યતા ઘણા સંજોગોથી આ પ્રમાણે દૂરના દેશમાં જીંદગી ગુજારતો હોય એમ અનુમાન આપણે કરી શકીએ જગાની ગોવાળ હતો છતાં આબા અને આસપાસ જુદીજ રીતે ઓળખાતો કોઇ તેનું વર્ત્તન જાણતુ નહિ અને વાર્ત્તાના પ્રસંગમા રજપૂત સરદાર જાણતો, કોણ તેને બંગાળી કહેતુ? જયપુરનો! સિપાઇ નથી એમ કોણ શંકા કરતુ?

તેનુ રહેણાણુ ચોકસ ન હતુ કેટલીકવાર એક રથળે અને થોડા સમય પછી તદ્દન અણધાર્યા રથળે તે જણાતો કોઇની સાથે મિત્રાચારી કરતો નહિ રહેણી કરણીમ સાદો હતો ભોપલની રાજ્યધાનીમા કોઇ તેની પરવ કરતુ નહિ બાબામા પોતાની હુશિયારી કે ચાલાકી બતાવતો નહિ બિહારીચરણ કેમ ગુજરાન ચલાવે છે તે ઘણાને મન નવાઇ જેવુ હતુ કોઇ દિવસ પૈસાની તાણમા તે હતો નહિ જરૂરીયાત શુ તે જાણતો નહિ, પ્રસંગોપાત્ત ગરીબને મદદપણ કરતો

બાબા શહેરમા રજપૂતાનાના સબ્યાસંબંધ સિપાઇઓ પોતાના કુવરોસહિત આવતા કેટલાક કાયમ નિવાસ કરી રહેતા લશ્કરના બજારો ચારે તરફ ભળાતા હતા આ સંજોગમાં ગમે તે માણસ બીજાની જાણબહાર રાજ્યધાનીમા ખુશીથી રહી શકતો અને સૌથી સરસ રસ્તો એ હતો કે રજપૂત સરદારનો દેખાવ ધારણ કર્યો કે પછી તે

દેખાવતળે ગમે તે કૃત્ય સહેલાઇથી કરી શકતું.

બંગાલના ગોવાળ બિહારીચરણે આ દેખાવ ધારણ કર્યો તેમાં તેનો આસ હેતુ હોવો જોઇએ. રજપૂત પોશાક પહેરતો, ભાષા પણ તેજ બોલતો, રજપુત સાથેજ હળતો અને મળતો.

મોગલ રાજ્યના ઇતિહાસથી પરિચિતને ધ્યાનમાં હશે કે રાજ્યના દરેક કારભારમાં બંગાલી લોકોનું વિશેષ પ્રમાણ હતુ. અકબરનાં સમયથીજ રાજા માનસિંહ સર્વ કારભાર મુખ્યત્વે કરીને ચલાવતો તે બંગાલનો સુબેદાર હતો. અને તેની નીચે બંગાલી અમલદારો સારી સંખ્યામાં હતા. પોતાના શેઠ મહાન અકબરની માફક તે પણ ગુણનો પુજારી હતો અને નાતજાતના ભેદવગર બુદ્ધિશાળી અને હુશિયાર અમલદારોજ રાખતો. બંગાલના લોકો બુદ્ધિશાળી જણાયાથી તેનેજ નોકરીમાં ગોઠવતો, આથી બંગાલી જાણનાર તેમજ બોલનાર આગ્રા અને દિલ્હીમાં ઘણા હતા, છતાં બિહારીચરણ મરાઠાપૂર્વક તેઓની સાથે ભળતો નહિ. અને પોતાની દેવાતી પણ તેઓને જાણવા આપતો નહિ.

હમેશા બિહારીચરણ રજપૂત પોશાક પહેરતો નહિ. જરૂર પડયે પોતાના દેશનો વેષ પણ પહેરતો. થોડા દિવસ પહેલાં ફતેહપુર સીકરીના દરવાજે સંન્યાસીના રૂપોમાંતરિક બિહારીચરણ હતો તે વાંચનાર ભૂલી નહિ ગયા હોય. તે સંન્યાસી હાલ કયા હતો? અને જુલેખાના મડદાની યોગ્ય વ્યવસ્થા કરવાની તેની અત્યંત કાળજી શામાટે?

બિહારીચરણ પ્રથમ આગ્રાના ચોકમાં ગયો અને પાન વેંચનાર ગાંજીયા પાનવાલીની દુકાને ગયો. પાનવાલી સંબંધી થોડું દૃષ્ટાંત આપવું પડશે. આગ્રામાં તેની મુખ્ય દુકાન હતી જ્યાં લહેજતદાર સુગંધીદાર પાન મળતાં. આ ધંધામાં બહુ પૈસાદાર તે થયા હતી. ગાંજીયાની પાનની પટ્ટી સિવાય ઉમરાવ અને ઉચ્ચ વર્ગના લોકોને ચાલતુંજ નહિ ગાંજીયા ટનજામમાં ફરતી અને ઉમરાવોની ઓરતોને પાન આપી આવતી વાંચનાર તાત્પુરત થશે કે એક પાનની પટ્ટીની એક મોનામહોર ગાંજીયા લેતી. આ કિંમતના પ્રમાણમાં મોતીને બાળી તેની ભાખ કરી તેની બનાવટમાં તે વાપરતી. ગાંજીયાનું પાન આવનાર પોતાને બેસમજે ભાગ્યશાળી માનતુ

તે મોટી ઉમ્મરની હતી. શરીરે જાડી છતાં દેખાવડી હતી. મરદાની આકૃતિવાળી હતી. હમેશાં સુંદર પોશાક પહેરતી. એક વિચિત્રતા ખાસ જણાતી તે એ હતી કે બેવરાત બહુ ઓછુ પહેરતી તેણીનો ઇતિહાસ પણ ભેદથી ભરપૂર હતો. આગ્રાના લોકો ચોકકસજ જાણતા કે તે મહાન માનસિંહસાહેબની નોકરતરીકે આવી હતી. રાજાના અવસાન પછી આગ્રાના ચોકબજારમાં તેણે પાનની દુકાન ખોલી. રીતભાત ઘણી સારી અને પોતે મળનાવડી હતી. ખુશામત કર્યાવગર સભ્ય હતી. જે જે વાચકોએ નોથ વેસ્ટ પ્રોવીનન્સીસમાં મુસાફરી કરેલ હશે અને ખાસ બનારસ જોયેલ હશે તે જાણતા હશે કે ખાસ પાન વેચવાવાળા પોતાની દુકાને હાથીઉપર બેસીને આવેછે.

પ્રકરણ ૩ જું.

પાનવાલી.

તકીઆઉપર આરામથી ગાંજીઆ બેસતી અને મધુર શબ્દોથી ગ્રાહકોને સમજાવતી. દરેક જાતના લોકો તેની દુકાને આવતા. વાતચીતની ઢબ પ્રશંસાપાત્ર હતી. રીતભાત આનંદદાયક હતી "આંસાહેબ પધારો" "જનાબ, તબીયત તો સારી છે ને" પંડીજી રામરામ" "શ્રીગુરૂ શ્રીગુરૂ" આવી રીતે જૂદા જૂદા ગ્રાહકોને જૂદી જૂદી ઢબથી તે સંબોધી, પોતાનો વેપાર ધમધોકાર ચલાવતી.

બિહારીચરણ તેની પાસે આવ્યો. બિહારીચરણને આમ અચાનક જોઇને તે વિચારમા પડી અને પોતાના નોકરને "સિંહજી" વારતે જગ્યા કરવા કહ્યું

બિહારીચરણે સહેજ ગંભીર અવાજે જણાવ્યું "વધારે વખત રોકાવા મારી મરજી નથી. મારે અમુક કામ કરવાનું છે. પાનથી ભરેલ મહનો આવ્યો હશે."

ગાંજીઆએ જવાબ આપ્યો "હા તે તો વખતસર આવી ગયેલ છે પણ ચીજો જુની છે અને રસ્તામા થોડીકને નુકશાન પહોંચેલ છે."

"કેમ-રાજ્યના અમલદારોએ કાંઇ વધો લીધો હતો."

"તેમ તો નહિ તે તેનો રસ્તો તપાસતા હતા અને તેનું સ્થળ તપાસવા મહેનત કરી પણ જ્યારે એમ જણાયું કે તે ચીજો ગાંજ્યાની છે ત્યારે તેઓ પાછા ગયા"

બિહારીચરણે સર્વ સ્થળે આતુર નજર નાખી. વેપારની ધમાલ ચાલી રહી હતી. આગ્રાના ચોકબજારમાં ઘણો ધમધોકાર વેપાર સર્વતરફ ચાલી રહ્યો હતો. બિહારીચરણે કહ્યું "હું માનું છું કે આપણી હીલચાલ ઉપર કોઇની ચોકી જણાતી નથી."

ગાંજ્યાએ હસીને કહ્યું—"તેઓને ખુશી પડે તે કરે. મારે તેની દરકાર નથી"

બિહારી ચરણે કહ્યું "તરત મોકલી આપવાની જરૂર તું નથી જોતી-કદાચ તેઓ પાછા પડે—"

"તે તો કયારનુ થઇ ગયેલ છે,"

"કામ થઇ ગયું!"

"સિંહસાહેબ, સડેલી ચીજ મારા ઘરમાં હું રાખતી નથી."

"કુયે સ્થળે મોકલી તે તો કહે!"

"યમુનાના પાણીમાં નાંખી દીધેલ છે, બગડેલ ચીજને તો તેજ સંધરે."

બિહારીચરણને બહુજ નવાઇ લાગી અને ગાંજ્યાતરફ ચિંતાતુર નજર નાંખી. ગાંજ્યા માત્ર બિહારીચરણસાથેજ વાત કરતી હતી તેમ નહોતું પણ તે વાતચિતદરમ્યાન દરેક નવા ગ્રાહકને સમજાવતી, આથી ગાંજ્યા અને બિહારીચરણની વાતચીતમા કોઇ ધ્યાન આપતું નહિ.

બિહારીચરણને મુકેલી નડતી હતી વેપારની વાતચીતતો પોતાની ખાનગી વાત ગાંજ્યાને જણાવવી અને તેની પાસેથી હકીકત જાણવી તે અશકય હોવાથી ખાનગી મશલેહત કરવા ઇચ્છા જણાવી. દાયગ્રહીસંબંધી હકીકત જાણવા તેને ઇચ્છા હતી તેથી તે સાજ થોડાસમયસુધી ઉભો રહ્યો.

(અપૂર્ણ.)



ઢાકા ખા ખાળા કહેવના સમયમા
નિરાધાર થઈલાં

અને આ બદાગે બાનમડો બઈ

પેસેજ શ્રીમત નાદં

૫ ।

દિલના ગો શ્રીમતના

બદી

હલાલની ગાજના મેસાએ

કરેલા દાનથીજ

ગયો ઈએ

૬ ।

ધનવાજ શ્રીમત નહિ

૧૦

દિલના મોટા શ્રીમતો

૦

દિલની સાચી શ્રીમતાઈ

બતાવી

અમા । ખેા અનેક બનાવોને

। ।ો

રોજની જ બનવા હમને

બતા ના

તેમારે જરૂર ની —

મંત્રી-હિંદુ અનાથાશ્રમ,

નડીયાદ

કસ્તુરીની અગરબત્તી

વગર

તડકાને ચાટશે નહિ, કારણકે તે તમારો શ્રમ વ્યતીત કરી તમને આનંદ આપશે
તમારા ગૃહમાં સુવાસ ફેલાવી તેને સ્વર્ગમય બનાવશે.

કિંમત એક રતલના રૂા. ૨-૮-૦

શાહ પોપટલાલ કસ્તુરચંદ જૈન
અગરબત્તીવાળા—જામનગર.

ઉદ્‌ભ્રાન્ત પ્રેમ

બંગાળી ભાષાના અભ્યાસી શ્રીયુત ભાઈચાંદ નરભેરામ કરે, 'ઉદ્‌ભ્રાન્તપ્રેમ' એ બંગાલી ઉત્તમ ગ્રંથનો સાદી, સરલ અને મધુર ભાષામાં કરેલ અનુવાદ.

ગ્રંથકર્તા અને પ્રકાશકની ખાસ પરવાનગીથી છપાઈ તૈયાર થયેલછે.

કિંમત ૦-૧૨-૦ વધુ,

અંકુર ઓફીસ—જામનગર.

નાવની રામબાણ દવા.

રૂ ૧૦૦ ઈનામવાળી.

ફાયદો ના થાય તો પૈસા પાછા.

(ખાસ પરેજ નથી)

કોઈ પણ જાતનો તાવ એટલે દહાડીયો, એકાંતરીઓ, ચોથીઓ, ઉનો, ટાઢીઓ, તેમજ ચાલતા જમાનાના નવી નવી જાતના ઊઠતા તાવો અમારી દવાથી ના ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. કોઈ સખસ એમ સાબીત કરી આપશે કે વૈદ્યરાજશ્રી ગિરધરલાલ કહાનજીની દવાથી ચોથીઓ તાવ ના ગયો તો તેને રૂા. ૧૦૦ સો ઈનામ આપીશું. કીમત ૧ ની કિંમત રૂા. ૧-૦-૦ ખાસ પરેજ નથી.

મફત મળતાં પુસ્તકો.

પુરૂષનાં માતુસંબંધી અને બીજા દરદો માટે "ધાતુવિકાર" નામનું પુસ્તક મંગાવી વાંચો.

સ્ત્રીઓના દરદો માટે "આર્તવ વિકાર" નામનું પુસ્તક મંગાવી વાંચો. અને પુસ્તકોનું પોસ્ટ ખર્ચ પણ લેવામા આવતું નથી.

વૈદ્યરાજશ્રી ગિરધરલાલ કહાનજી,
મુ ધોળકા—જી અમદાવાદ

–સાહિત્યરસિકોને સોનેરી તક–

બહાર પડશે! —ટુંક સમયમા— બહાર પડશે!

"વનમાલી"

(માસિક પત્ર).

આ માસિકમાં પ્રતિમાસે રસમય, સામાજિક લેખો, સાંસારિક તથા ઐતિહાસિક, લાંબી, ટુંકી વાર્તાઓ, મહાન્‌પુરૂષોનાં જીવનચરિત્રો અત્યુત્તમ કાવ્યો, ઇનામી નિબંધો, સ્ત્રી ઉપયોગી લેખો પ્રગટ થશે. વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ૩–૦–૦ હિન્દ માટે. દેશાવરમાટે રૂા. ૩–૮–૦ પોસ્ટેજ સહિત. ગ્રાહક થવામાટે જલદી નામ નોંધાવો.

જાહેરખબર માટે આ માસિક અત્યુત્તમ સાધનછે. ભાવ તદ્દન સસ્તા "જાહેરખબર મેળવવા માટે પ્રમાણિક એજન્ટો જોઇએ છીએ."

વિદુષી બ્હેનો તથા સાક્ષર બન્ધુઓને વિનતિ.

ગુજરાતી લેખકો તથા લેખિકા બહિનીઓને પોતાના લેખો તથા કાવ્યો "વનમાલી" માટે લખી મોકલવાને અમો માનપૂર્વક નિમંત્રણ કરીએ છીએ.

હરિદાસ જે સંપટ.

સંપાદક "વનમાલી" ભીમાણી સ્ટ્રીટ–કચ્છ માંડવી

ઇનામી અલૌકિક ચિત્ર.

૧ લું ઇનામ રૂા. ૫૦૦૦, કુલ ઇ. ૩૪૫

"પ્રકૃત પ્રાર્થનાનું રહસ્ય" એ નામનું ૧૮ ઇંચ પહોળું અને ૨૨ ઇંચ લાંબું મનોહર અને હૃદયમાહી ચિત્ર સુંદર રંગોમાં ભરી દશ્યરો રૂપિયા ખર્ચ કરી બનાવવામાં આવ્યું છે. એ ચિત્ર જ્યાં રહેવા પામશે ત્યાં દિવ્ય શક્તિનો પ્રભાવ પાડશે. હમેશાં તે તરફ નજર નાખતા અંતઃકરણ શુદ્ધ તેમ નમ્ર બનશે. આત્મીય સ્વજનોને તે આનંદ પમાડશે. આત્મબળ,બુદ્ધિબળ અને ધનબળનો ખરો ભેદ ખુલ્લો કરી આપશે. આવું ભાવપૂર્ણ ચિત્ર ખરીદ કરી પ્રારબ્ધ અને બુદ્ધિને ખીલવો. જે ખરો ભાવ જણાવશે તેઓને ઉપર પ્રમાણે ઇનામ મળશે. દરેક ચિત્રસાથે ઇનામી ટીકીટો ચોંટાડવામાં આવી છે. ખર્ચ બાદ કરતાં બાકીની રકમ ધર્માદા સંસ્થાઓને અર્પણ થશે. રાજા મહારાજાઓ તથા દરેક જાતીના અમીર ઉમરાવો તરફથી એ પ્રખ્યાત ચિત્રકારને પૂરતું માન મળ્યું છે. ગુજરાતીમાં "ચિત્ર પરિચય" માટે અને બીજા ખુલાસા પૂછવામાટે બે પૈસાની ટીકીટ મોકલાવશો. દરેક ચિત્રની કિંમત રૂા. ૧ એક.

Pandit C. L. Sharma, પંડિત સી. એલ. શર્મા,
Shanti Bhavan, Barnagar. શાંતિ ભુવન બારનગર.
24 Pargs BENGAL. ૨૪ પર્ગ્સ બેંગાલ.

કેશવકાન્ત હેર ઓઈલ.

(મફે તેલ મેળવ્યાવગરની બનાવટ)

ઉત્તમ સુગંધીવાળુ તથા સસ્તામા સસ્તું ઉંચા ગુણોને માટે ગ્વાલીઅરના પ્રદર્શન તરફથી સર્ટિફિકેટ મળેલ છે તથા મહીસોર પ્રદર્શનતરફથી ચાંદ મળેલ છે

ચોખ્ખા વનસ્પતિના તેલમાંથી અને તમામ જાતનાં સુગંધી ફૂલોમાંથી આ કેશવ કાન્ત ખાસરીતે બનાવવામા આવેલ છે તે વાપરને ખરી જાતા આકર્ષાવે છે અને તેને લીસા તથા કાળા બનાવે છે વિશેષમાં બીજા તેલો જે વપરાય છે તેમાં આ તેલ સસ્તામાં સસ્તું છે કે જેથી ગરીબ તેમ તવંગર સરખી રીતે તેનો લાભ લઇ શકેછે

આ તેલની અંદર મફે તેલની મેળવણી છે એવું સાબીત કરનારને રૂા ૧૦૦ ઇનામ આપવામા આવશે

એક વખત અજમાયશ કરી ખાત્રી કરો

પોસ્ટેજ તથા વી પી સહિત કિંમત આગલી ૧ ના આના ૧૫

કેશવ પરફ્યુમરી વર્કસ,

૨૪૭ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ—મુંબઈ ૨

નોટ—કેશવકાન્તના દરેક પેકેટમાં ઇનામની ટીકીટ રાખવામાં આવેછે

तमाम दरदो उपर जर्मनीनी जीत

જર્મની સાયન્સમાં કેટલુ આગળ વધેલુ છે એ આજે એક નાનું છોકરૂ પણ જાણે છે થોડા વખત ઉપર તેણે **જીવન રસાયન** વિદ્યાની એવી શોધ કરી છે કે જેથી કોઇપણ મનુષ્ય કોઇપણ રોગને ડાક્ટર કે વૈદ્યની ગરજ વિના પોતાની મેળે મટાડી શકે છે લાખો મનુષ્યોને આ વિદ્યાથી લાભ થયો છે આ સબંધમા જીવનરસાયનવિદ્યા અથવા પ્રત્યક્ષ મનુષ્ય સ્વત વૈદ્ય એ નામના ગુજરાતી, મરાઠી તથા હીંદી (દરેક ૧—૦—૦) તથા અંગ્રેજી (કિંમત રૂા ૨—૦—૦) પુસ્તકો અમે બહાર પાડેલા છે વૈદ્ય અને દાક્તરોને પણ આ શોધ ઘણી ઉપયોગી છે પુસ્તક પસંદ ન પડે તો બીજે દિવસે પાછુ મોકલતા પૈસા પાછા આપીએ છીએ **જીવન રસાયન** (Bio chemistry) ના સબંધમાં તમારે જે જે જોઇએ તે સર્વ અમારે ત્યાથીજ મળી રહેશે

જીવન રસાયન બનાવે —તમામ પાવરની ઘુટ તથા જથાબંધ અમારે ત્યાથી મળી રહે છે એજન્ટ જોઇએ તો એજન્ટોને સારૂ કમીશન મળે છે

જે. પી પંડિત એન્ડ કું—વડોદરા

મોતને લાત મારનાર.

ગમે તેવા
જેરી તાવને
પેહેલ ઝપાટેજ
નસાડી મુકવા
અમરકીર્ત્તિ
મેળવનાર

પરસ્તાન
એગ્યુમીક્ષર
તાવની દવા.

૮ આનાની
એક શીશી
એકીવખતે આઠ
માણસને મૃત્યુ
ના મુખમાંથી
પાછા ખેચી
કાઢે છે.

ધી પરસ્તાન પરફ્યુમરી કું.

ન. ૧ પાયધુની મુંબઇ ૩.

सौन्दर्य्य.

संसारमें एक जादू है, प्रत्येक मनुष्य सुन्दर बननेका इच्छुक है।

यदि आपको व आपके किसी मित्रको सौन्दर्य्यकी अभिलाषा है तो हमारे यहांसे सौन्दर्य्यकी अपूर्व वस्तुएं मंगवाइये. यह वह वस्तु है जिसपर हज़ारों जैन्टलमैन पूर्णतया मुग्ध हो रहे हैं. और यह अपूर्व वस्तु यदि प्रतिदिन मुखपर मला जावे तो तमाम छाया, रक्तविकार, खुश्की, फुन्सी, फोड़ा, सफ़ेद धब्बे, कील, खुजली, बुरे २ दाग और रंगतकी खराबीको दूर करता है, सफर वा बीमारीकी वजहसे चेहरेकी बिगड़ी हुई रंगतको अत्यन्तही सुन्दर बना देता है बूढ़ेको जवान बनाना इसीका काम है.

आप इस तोफेको मामुली चीज न समझें बल्कि एक आला दर्जेकी चीज़ है अगर स्नानके पीछे इसको मला जावे तो सुन्दरता होनेके सिवाय जिल्दको बहुतही मुलायम कर देता है अर्थात् मखमलकी तरह बना देता है और खुशबू ऐसी अद्भुत है जिससे दिल और दिमाग तरोताज़ा रहता है दोस्तोंको तोफा देनेके लिये निहायत ही कम कीमत तोफानी है. १ शीशी मूल्य ॥।) रुपयेमें मंगवाकर अनुभव कीजिये महसूल डाक ग्राहकको देना होगा। (नोट) सब शहरोंमें एजन्टोंकी जरूरत है.

मैनेजर-देशरक्षक औषधी भंडार, लुधियाना, (पंजाब).

Manager Desh Raksbak Aushadhi Bhandar,
Ludhiana (Punjab).

સ્ત્રીવર્ગમાં આનંદ દેનાર.

હીસ્ટિરિયા-વાયુમુકતા.

૨. નં. ૧૧૬.

કિં ૩ ૪-૧૦-૦ પૌ. જુદું.

નવા યા જુના હીસ્ટેરિયાની આંકડી Foot ૨૪ કલાકમાં અટકાવે છે અને કાયમના ફાયદાપર લાવે છે તેનાથી તણાવું, દાંતખીલી, ગલરામણ, હાયપ્ર વલી જવા, રોવું, પુથવું, ચકરી, ગર્ભાશયનો ભિગાડ, પક્ષવાત, ચિત્તભ્રમ વગેરે વગેરે ઉપાધિનો નાશ થાયછે અને તન્દુરસ્તી મળે છે. દવા દેશી, પથ્ય નહિ, બીજે અથડાશોમાં, સુવાવડી કે અગલાંને દઈ શકાય છે.

ભાવી પ્રજા ઘણું જીવો.

ધાવણા બચ્ચાંની આંકડી ત્રણ કલાકમાં અટકે છે. તેમજ જ્વર, પેટ મરડું, હેલટી, સન્નણી વગેરે દૂર મટેછે. કિં ૩ ૨ પૌ. જુદું.

દેશીનામું ટેકસ્ટ કી ०)૯ પૌ. ०)૮ નામું શીખવાનું પુસ્તક.

વ્યાયામકલા શાસ્ત્ર શરીર કેળવણીનું ૨૬૫ કદનું પુસ્તક નકલ ૧ છે કી. ૩. ૨) પૌ. ०)૯.

છગનલાલ લલ્લુભાઈ શાહ,
દેશીનામાવાળા, શેઠ શેરી—વડોદરા.

પ્લીહા (બરોળ) અને યકૃત (લીવર) આ રોગઉપર સાત દિવસમાં ગુણ દેનારી ચોક્કસ દવા. વી. પી. ખર્ચસહિત પ્લીહાની દવાના ૨–૧૪–૦ તથા યકૃતની દવાના ૨–૧૪–૦.

બેહેરાપણું—ચસકા, કાનમાંથી પરૂ કે લોહી વહેવું, મણગણાટ થવો, ઘોકું સંભળાવું, ખરજવગેરે કાનનાં સઘળાં દરદો ડા. દીક્ષિતની દવાથી ખાત્રીપૂર્વક મટેછે. કિં. ૨–૬–૦ ટપાલખર્ચ સહિત.

ડૉ. ડબલ્યુ. એન્. દીક્ષિત—પુના સિટી.

BLUE BLACK INK PILL. બલ્યુ-બ્લેક સાહીની ગોળીઓ.

આ સાહી ઘણી તેજરતી પાકા રંગની છે, તેનાથી લેખણને કાટ ચટતો નથી અને અંદર કચરો બાઝતો નથી. એક ગોલીથી એક મોટા પોટ જેટલી પુરતી સાહી થાય છે. કિંમતઃ– એક ગ્રોસ (૧૪૪ ગોલીઓ)ના આના પંદર; ટપાલ ખરચ આના ચાર **લીલી સાહી**– એક ગ્રોસ (૧૪૪ ગોલીઓ)ના આના પંદર–ટપાલ ખરચ આના ચાર. લાલ સાહી–એક ગ્રોસ (૧૪૪ ગોલીઓ)નો રૂ. ૧–૬–૦ ટપાલ ખરચ આના ચાર. ડાયમંડ બલ્યુ-બ્લેક ગ્રોસના આના પંદર–ટપાલ ખરચ ચાર આના.

SARAT CHANDRA SEAL,
15-3 Lakshmi Datt's Lane Bagh Bazar P. O. CALCUTTA.

ડોકટર પી. એસ. ગાન્ધા એમ. ડી (અમેરીકા).

ક્ષયરોગ (Phthisis) કંઠમાલ (Scrofula) દમ, હાંફણ (Asthma) જુની ખાંસી (Chronic Bronchitis) કુકડીયા ખાંસી (Whooping Cough) ઉન્માદ વાયુ (Hysteria) નામર્દપણું (Impotence) લકવા (Paralysis) ન્યુમોનિયા (Pneumonia) પ્લેગ (Plague) ધનુર્વા (Tetanus) જેદરી તાવ (Typhoid Fever) વિગેરે અસાધ્ય માનેલા રોગો **સીરમથી** એટલે ઘોડાની રસીથી ખાત્રી કરીને જલદીથી સારા કરીએ છીએ.

ડોકટર પી. એસ. ગાન્ધા, એમ. ડી.–સીરમ-થીરેપીસ્ટ,
ક્ષયરોગ તથા કંઠમાલના ખાસ ડાકટર,
ઠેકાણું:—આય કામંસી મુંબઈ નં. ૮.



આંખના મોતીઆની દવા.

મોતીઆનો ઓપરેશન-કેટરેકટ કપોર ઓપરેશન વગર નાબુદ કરે છે તથા આંખની ગએલી રોશની હરી આવે છે. એકજ ખાત્રીપત્રઃ–"આ દવા મોતીઓ થયો હોય તેવા આંખના દર્દીવાળાને ખરેખર અક્ષરકારક તથા આશીર્વાદ રૂપ છે એમ મને બ્લતે ખાત્રી થઇ છે." કિં. રૂ. ૬:૮

ધી મેનેજર યાકુતાન ડીપો-કેંપ રાજકોટ.



જેની આખી દુનિયામાં જોડી
નથી અને જેને સોના
રૂપાના ચાંદા મળેલા
છે, એવું

>>> આ <<<

ઓટો મોહીની

વાપરવા ચુકતા નહિ.

આવા હરીફાઈના હ્યાકટીના પ્રસંગોમાં પોતાની
કીર્તિને ઝળકતી રાખનાર માત્ર આ એકજ
સેન્ટ છે, વાપરી ખાત્રી કરો.

જરા ચેતો અને વિચાર કરો કે બજાર ભલતાં તેલો
વાપરી તમારા બાલો સફેદ થઇ ગયાછે. અમારૂં આ—

રોબીનીયા તેલ.

બાલને કાળા તથા સુંવાળા બનાવે છે. તેની અત્તરની
માફક મનમોહક ખુશ્બો તમારા મનને ખુશી કરવાને
બસ છે. કિં. બા ઔંસનો રૂા ૧.

તા. ક. અડધા આનાના સ્ટામ્પ
બીડવાથી રોબીનીયા તેલનો નમુનો
મફત આપવામાં આવશે.

મોહિની એજન્સી

ગુમાસ્તાછ—મુંબઈ.

સુખી જીવન અને આત્મોન્નતિ.

આત્મોન્નતિમાટે શરીર મજબુત, નિરોગી અને ધાતુ પુષ્ટ હોવી જોઇએ કારણ કે વીર્ય એ શરીરનું જીવન છે, અને સુખી જીવનમાટે તેની ખાસ જરૂર છે. એવા જીવનરૂપ વીર્યને અજ્ઞાન કે પ્રમાદથી અથવા બીજા ગમે તે કારણથી દુરૂપયોગ થવાથી શરીર અશક્ત, ચેહરો નિસ્તેજ અને ચિત્ત ચિંતાતુર થઇ જીવન દુઃખી બની સંસાર અસાર લાગેછે. અમારી–

વીર્યવર્દ્ધક ગુટિકા.

ના સેવનથી શારીરીતે ભુખ લાગે છે, શરીરમાં રક્ત તથા વીર્યનો વધારો થઇ તે વધે છે, વાત, પિત્ત તથા કફથી થેલા થએલ રોગોનો નાશ થઇ સ્વભાવસ્થામાં થતી શરીરની ખરાબી અટકે છે.

કિંમત ૪૦ ગોળીની ૧ ડબીના રૂ. ૨ ૮–૦

સૂચના–દવાઓનું મુચીપત્ર અને રોગીને સલાહ મફત આપવામાં આવેછે.

લખો–વૈદ્ય શંકરરાવ ગોપાલરાવ,

ધોલકા (જીલ્લો–અમદાવાદ).

રજિસ્ટર નંબર ૮૪૧–૧૦

ચારૂલતરકા

કિંમત ૧૫ પોસ્ટેજ સાથે

સપ્તમા સપ્ત માયાનો દુખાવો એકજ મીનીટમા આરામ! અધીવા અને હાડકાના કેળતર ઉપર પણજ અકસીર! બાદી, બદહજમી, ઝાડા, ઉલ્ટી, મુંઝવણ વિગેરે પર સચોટ અસર! કોલેરા ઉપરતો બાનીનીજ દવા! દાદ–ખંજવાના દુખાવા ઉપર બનદુખ ઉપચાર! વીછીના ડંખનો અજમેય ઉપાય! બીજા અનેક રોગો ઉપર ચમત્કારીક દવા તરીકે ચારૂલતરનુ અમૃતબિન્દુ આજે ઘરઘેર વપરાય છે કીં ૨ આ પોસ્ટેજ માફ. કેટલૉગ મફત! "અમૃતબિન્દુ" ઑફીસ–નડિયાદ.

અમૃતબિન્દુ

આનંદનિયર પ્રિન્ટિંગ વર્કસમા ઓમ ઓમ. જોશી બી એ ઓમળે છપ્યુ—અમદાવાદ

આ ઠેરાપણું.

આંખનાં દરદો, માથાનો દુઃખાવો, નવી ફ્રેંચ "ઓરલીન" દવાથી સહેલાઈથી દૂર થાયછે. ઘણા હેરતભરેલા સાજા થએલા દાખલાઓ છે.

૩૬ વર્ષની ઉમ્મરે તદન સાજા થયેલા બોરડનના રહીશ મી. થોમસ વીન્સલેડ લખેછે—

"માથાના દુઃખાવા-ચમકા માટે મને કહેતાં આનંદ થાયછે કે, મે "ઓરલીન" નો ઉપયોગ કર્યો. મારી મર્દ બ્યાધિ દૂર થઇ છે અને કહેતા દર્દ થાયછે કે હુ છ મીમાં જેવી રીતે સાજાગી શકું તેવી રીતે ૭૬ વર્ષની ઉમ્મરવાએ મોમાગી શકશે અને તેવા બીજા સાભળનારાઓને નવાઇ લાગેછે

ખોટા ઘણા દાખલાઓ છે →← એક વખત વાપરી ખાત્રી કરો.
ચાર કિમતનો મનીઓર્ડર મોકલનાર દરેકને મોકલવામાં આવશે.
આ કિમતે બીજી જોઇ સારી દવા નથી

ORLENE COY.
Railway Crescent-West
Croydon-Surrey
ENGLAND

ઓરલીની કમ્પની
રેલવે ક્રેસન્ટ-વેસ્ટ ક્રોઇડન-સરે
ઇંગ્લાંડ.

અંક ૨૬.

શ્રી ગુજરાતી પ્રેસ (૧૨૮૫)

અનાથાશ્રમ—અમદાવાદ.

પુસ્તક ત્રીજું. | માહે ૧૯૭૬. | અંક ૪ થો.

અધિપતિ—શંકરલાલ મણિશંકર ગોવિંદજી બી એ

દેવનું બાલામૃત.



જુઓની! આ બાળક કેવી હોંસથી
"દેવનું બાલામૃત" પી જાયછે

બાળકોને તંદુરસ્ત અને બળવાન
બનાવવામાં આ બાલામૃત દરેકને
વાપરવા ભલામણ કરીએ છીએ.

કિંમત બાટલી એકના આના ૧૨.


દેવસહિતા પુસ્તક મંગાવનારને મફત
મોકલવામા આવેછે

ડી ડી નવાડી,

ધન્વંતરી ઔષધાલય—જામનગર.

વિજળીના દીવા.





નાના ગજવામાં
રાખી શકાય છે.

અગ્નિની ચીલકુલ ધારતી નથી

કિ —૩ ૩॥, ૪, ૪॥, ૪, ૫, ૬, ૭, અને ૮
પોસ્ટેજ ૮ આના

તેલ કે દીવાસળીની
જરૂર પડતીજ નથી કલક
ચાંપ દબાવતાજ અજવાળાર
થશેની થાયછે

રપેર બેટરી કી. રૂ. ૧–૪–૦ પોસ્ટેજ જાદે

ટી. જી. શાહઝ. ઇલેક્ટ્રિક સ્ટોર્સ

હેડ ઑફીસ—ગોળપીઠ મુબઇ નં ૪
બ્રાંચ ઑફીસ—ચાર રસ્તા–પાય ૬ વા **અમદાવાદ.**

※જાહેરાત※

આતંકનિગ્રહ ઔષધાલયનાં અમૃતતુલ્ય ઔષધો.

૧ **મહુન્નપુટી અભ્રકભસ્મ**—ક્ષયજેવા ભયંકર વ્યાધિને મટાડવામાં આ ઔષધની કૃતેહ શાસ્ત્ર અને અનુભવ એ બને પ્રમાણોથી સિદ્ધ થયેલ છે. ઉધરસ, દમ, અશક્તિ વગેરેને તો તે તરત મારી હઠાવે છે કિંમત તોલા ૧ના રૂપિયા ૫૦ પચ્ચાસ.

૨ **ઉંચી કિંમતનો ઉંચા સુરમો**—આંખનાં ન મટે તેવા હઠીલા દરદોને પણ હઠાવીને આંખોને રોગરહિત અને તેજસ્વી કરેછે કિંમત તોલા ૧ ના રૂ. ૨૪ ચોવીસ.

૩ **લોહભસ્મ**—લોહીને સુધારેછે, લોહીને વધારેછે અને શરીરને લોહાસ્થિવત્ મજબુત બનાવેછે. શરીરને બસાષ્ઠવત્ તુરત બટકાવી કોંયતદાર બનાવેછે. કિંમત તોલા ૧ ના રૂપિયા ૫ પાંચ

૪ **આરોગ્ય અવલેહ**—શરીરમાં તાકાત અને સ્ફૂર્તિ આપેછે, પાચનશક્તિને સુધારેછે, બહુમૂત્રતા અને પથરીને મટાડેછે, દૂબળા હરસને શાંત કરેછે અને વખતવગર ધોળા વાળ થઈ જવા તેને બટકાવેછે. કિંમત તોલા ૨૦ વીશના ડબ્બા ૧ નો રૂ. ૨–૮–૦.

૫ **હરીતકી અવલેહ**—શરીરમા ક્ષયરોગના બીજરૂપે ગણાતી ઉધરસ આ અવલેહના સેવનથી નાબુદ થાયછે. તેનાથી દરત સાફ આવેછે, કફનો પ્રકોપ મટેછે અને અખંડ આરોગ્ય તથા બળ ટકી રહેછે. કિંમત તોલા ૨૦ ના ડબ્બા ૧ ના રૂા ૨ બે

૬ **અમૃતાર્ણવ અવલેહ**—પિત્તપ્રકોપથી સંતપ્ત થયેલ લોહી તથા વીર્યને સુધારી શરીરને શક્તિવાળું તથા તેજસ્વી બનાવેછે, યાદશક્તિને સતેજ કરેછે, સંગ્રહણીજેવાં દુષ્ટ દરદોનો નાશ કરેછે અને યુવાપણાને દૂર રાખેછે કિંમત તોલા ૨૦ નાં ડબ્બા ૧ ના રૂા. ૨ બે.

૭ **વાજીકરણ તૈલ**—કામપુરૂષત્વ મટાડવામાટે બહારથી લગાવવાના પ્રયોજરૂપે આ તેલ અદ્વિતીય–ચમત્કારિક છે કિંમત તોલા ૧૦ ની બાટલી ૧ ના રૂા ૫ પાંચ.

૮ **બાળમિત્ર**—બાળકોને તંદુરસ્ત, તેજસ્વી તથા તાકાતવાળા બનાવવાને આ ગોળીઓનુ સેવન કરાવવુ જોઈએ. કિંમત લગભગ ૩૦૦ ગોળીની ડબ્બી ૧ નો રૂા ૧ એક.

૯ **આતંકનિગ્રહ ગોળીઓ**—શક્તિની તમામ દવાઓમાં અજબ સત્તા ધરાવનારતરીકે પ્રથમપદ ભોગવતી આ ગોળીઓ અખૂટ કીંમત આપનારી ચમત્કારિક ગોળીઓ છે. કિંમત ગોળી ૩૨ ની ડબ્બી ૧ નો રૂા ૧ એક

વધારે દવાઓની વિગત જાણવાને અમારૂં પ્રાઈસલિસ્ટ મગાવો

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી

જામનગર—કાઠિયાવાડ.

ડૉ૦ વામન ગોપાળનો

આયોડાઇજડ

સારસાપરિલા.

આ સારસાપરિલા ખોટપણ કારણથી બગડેલા લોહીને શુદ્ધ કરી તેની વૃદ્ધિ કરવામાટે અકસીર દવા છે.

આ સારસાપરિલા ફક્ત લોહી સાફ કરે છે એટલું જ નહિ પરંતુ બીજાં ઘણાં દરદો જેવાં કે ગરમી, પ્રદર, સાંધાનું રહી જવું, મોમાં અને શરીરના બીજા ભાગોપર ચાઠાં પડવાં, સ્મરણશક્તિ ઓછી થઇ જવી, શરીરપર ફોલ્લા થઇ આવવા, ખુજલી–ખરજ, દરાજ, વગેરેને માટે પણ બહુજ અકસીર દવા છે.

શીશી ૧ ની કિમત રૂ ૧૫. ટપાલખર્ચ તથા પેકીંગ ખર્ચ આના પાંચ જુદું.

ચાર શીશીઓ પીવાથી સારો ગુણ આપે છે. બાર શીશી સામટી મંગાવનારને ટપાલ અને પેકીંગ ખર્ચ સાથે રૂા. ૪॥ પડશે.

માલેક—ડૉ. ગૌતમરામ કેશવરાવ એન્ડ સન્સ,

ઠેકાણું—મુંબઈ.

Be a Doctor Yourself.

To save your own family and your neighbours in times of epidemics which create a havoc in the country.

Here is your opportunity to save your poor brethren helpless and it is your time to be a helping hand to them

Shall we tell you the way you will discharge this philanthropic duty?

Buy a Sample Box of Dr. Burman's Specifics Contains—1 Camphor, 2 Cure for Asthma, 3 Kola Tonic, 4 Nervine Tonic Pills, 5 Purgative Pills, 6 Essence of Mint, put up quantities sufficient for the purpose. For details ask a copy of "The Medicines you want."

Price Re. 1-8 Per Box. Postage 4 Annas.

DR. S. K. BURMAN:

5, Tarchand Dutt Street—CALCUTTA.

आयुर्वेद जटली पारदक्रिया.

पंचमुखी पारदलिंग सालुंका समेत वजन साडेचार रतल ॥

किं. रु. ५४०० कमीशन रु. ४०० राजेश्रीमंत शिवभक्तोंकेलिये.

मृदः कोटिगुणं स्वर्णं स्वर्णकोटिगुणो मणिः ॥ मणिकोटिगुणो वाणो वाणकोटि-गुणो रसः ॥ रसात्परतरं लिंगं न भूतं न भविष्यति ॥ ऋषिकालसे आजतक ऐसी मूर्ति देखनेमें भारतमे आई नहोगी.

पारदगुटिका नंबर १।२।३।४॥ किं-रु. १०००, १००, १५, ५.

शताश्वमेधेन कृतेन पुण्य गोकोटिभिः स्वर्णसहस्रदानात् ॥ नृणां भवेत्सूतक-दर्शनेन यत्सर्वतीर्थस्य कृताभिषेकात् ॥ पारदलिंगदर्शन आर्चन पूजनसे और पारद गुटि-काके दर्शनसे उपरलिखेहुये फल प्राप्त होते है.

निघंट रहस्य मराठी भाग १।२।३ किं. रु. ५।-

श्रीमंत इंदुर प्रजापति महाराज होलकर सरकार पारद प्रयोगसे खुश होकर इनाम रु. १५०० दिये. नं. १ पारद गुटिका रु. १००० दिये.

धी केमिकल कंपनी—संगमनेर जि. आहमदनगर.

राजा महाराजाओ,

नवाबो, नामदार सरकारना धारासभाना ऑनरेबल मेम्बरो, मेथ-स जजो, कर्नेलो, मेजर, कैपटन, नामदार बॉम्बेसरकारना ऑनररी ओ. डी मी. लेफ्टेनन्ट पोलीटीकल एजन्ट, सरकारी सीवीलीयन ओफीसर, युरोपीयन सीवील मजस्त्रेट, एम. डी. नी डीग्री धरावनारा मेथा डाक्टरो तथा देशी अने युरोपीयन अमलदारो अने गृहस्थोमां **बादशाही याकुती** नामनी जगजाहेर दवा बहु वपराय छे एज तेनी उपयोगिताती निशानीछे—गवर्नमेन्ट सेक्रेटरीमां आ रजवाडी दवाओनालाइस थयेलछे.

बादशाही याकुती.

अमे ते द्वारथी गुमावेली ताकात पाछी लावे छे, पुरुषातन कायम राखे छे. आ राजवंशी याकुती वीर्यविकारना तमाम व्याधि मटाडे छे अने वीर्य बहु बनावी अई पुरुषातन आपे छे. अरी मर्दाश आपनार अने नबला माणुसने पण जुवाननी माफक जोरावर बनावनार आ दवानो लाभ लेवा अमारी आस अलामण छे. आ दवा वापरवामां कोइ पण जातनी परेजनी जरुर नथी ४० गोळीनी डबी जोडना रुपीया ३ छे.

बादशाही युनानी लेप.

उमदा दवाओमांथी आ लेप बनावेल छे अई पुरुषातन लावना माटे आ लेप अतेउमंद पलाज छे. आउंस जोडनी डबीना रुपीया आठ.

डाक्टर कालीदास मोतीराम-राजकोट-काठीयावाड.

જાહેર ખબર

પૈસા કેવી રીતે બચાવશો ?

લાખની પાણ!!!

તમારા ઘરમાં દરરોજ વપરાતી સાકરનો બચાવ કરો.

અમારે ત્યા વગર સાકરનો બનતો સ્વાદીષ્ટ લેહજતદાર ચાહ પીવામા ઘણોજ ઉત્તમ છે જેની અંદર બીલકુલ સાકરની જરૂર પડતી નથી.

એક કપ ચાહ બનાવતા ફક્ત બેબ નીભાર ચાહ બસ છે

ચાહ ઘણોજ સ્વાદિષ્ટ બને છે. એક વખત એકજ કપો મગાવી ખાત્રી કરો

ફ્રેન્સી ટીનના કબાની કિં. ૩ ૨ પોસ્ટેજ જુદું.

લખો—

ધી મરચન્ટ બ્રધર્સ એન્ડ કું

લુહાર ચાલ—મુંબઇ નં ૨

હાલના આ કાળા કહેરના સમયમાં
નિરાધાર થએલાં



ને

અને આ મ્હારો મ્હાનકડો ભાઇ,

પૈસેજ શ્રીમંત નહું

પણ

દિલના એ શ્રીમંતના

ખરી

હલાલની રોજીના પૈસાએ

કરેલા દાનથીજ

ઉગર્યાં છીએ.

કેવળ

ધનનાજ શ્રીમંત નહિ

પણ

દિલના ખરા શ્રીમંતો

જરૂર

દિલની સાચી શ્રીમંતાઈ

બતાવી

અમારાં જેવાં અનેક અનાથોને

બચાવો.

રોજની જંજાલમાં હુમને

ભૂલતા ના,

તેમાટે જરૂર સમો—

મંત્રી–હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.

કસ્તુરીની અગરબત્તી

વગર

તમોને ચાલશે નહિ, કારણકે તે તમારો શ્રમ વ્યતીત કરી તમને આનંદ આપશે.
તમારા ગૃહમાં સુવાસ ફેલાવી તેને સ્વર્ગધામ બનાવશે.
કિંમત એક રતલના રૂા. ૨-૮-૦

શાહ પોપટલાલ કસ્તુરચંદ જૈન
અગરબત્તીવાળા—જામનગર.

ઉદ્‌ભ્રાન્ત પ્રેમ

બંગાલી સાહિત્યના અભ્યાસી શ્રીયુત ભાઈલાલ નરભેરામ કરે, 'ઉદ્‌ભ્રાન્તપ્રેમ' એ બંગાલી અનુપમ ગ્રંથનો સાદી, સરલ અને મધુર ભાષામાં કરેલ અનુવાદ.

ગ્રંથકર્ત્તા અને પ્રકાશકની ખાસ પરવાનગીથી છપાઈ તૈયાર થયેલછે.

કિંમત ૦-૧૨-૦ લખો,
અંકુશ ઓફીસ—જામનગર.

તાવની રામબાણ દવા.

રૂ ૧૦૦ ઈનામવાળી.

ફાયદો ના થાય તો પૈસા પાછા.

(ખાસ પરેજ નથી)

કોઇ પણ જાતનો તાવ એટલે દહાડિયો, એકાંતરીઓ, ચોથીઓ, ઉનેં, ટાઢીઓ, તેમજ ચાલતા જમાનાના નવી નવી જાતના ઉડતા તાવો અમારી દવાથી ના ઉતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. કોઇ સખસ એમ સાબીત કરી આપશે કે વૈદ્યશાસ્ત્રી ગિરધરલાલ કહાનજીની દવાથી ચોથીઓ તાવ ના ગયો તો તેને રૂા. ૧૦૦ નો ઇનામ આપીશું. ડબ્બી ૧ ની કિંમત રૂા. ૧-૦-૦ ખાસ પરેજ નથી.

મફત મળતાં પુસ્તકો.

પુરૂષનાં ધાતુસંબંધી અને બીજા દરદો માટે "ધાતુવિકાર" નામનું પુસ્તક મગાવી વાંચો.

સ્ત્રીઓનાં દરદો માટે "સ્ત્રીવિકાર" નામનું પુસ્તક મગાવી વાંચો. અને પુસ્તકોનું પોસ્ટ ખર્ચ પણ લેવામાં આવતું નથી

વૈદ્યશાસ્ત્રી ગિરધરલાલ કહાનજી,
મુ. ધોળકા—જી. અમદાવાદ.

सौन्दर्य्य.

संसारमें एक जादू है, प्रत्येक मनुष्य सुन्दर बननेका इच्छुक है।

यदि आपको व आपके किसी मित्रको सौन्दर्य्यकी अभिलाषा है तो हमारे महांसे सौन्दर्य्यकी अपूर्व वस्तुएं मंगवाइये. यह वह वस्तु है जिसपर हज़ारों जैन्टलमैन पूर्णतया मुग्ध हो रहे हैं. और यह अपूर्व वस्तु यदि प्रतिदिन मुखपर मला जावे तो तमाम छाया, रक्तविकार, खुश्की, फुन्सी, फोड़ा, सफेद धब्बे, कील, खुजली, बुरे २ दाग और रंगतकी खराबीको दूर करता है, सफर वा बीमारीकी वजहसे चेहेरेकी बिगड़ी हुई रंगतको अत्यन्तही सुन्दर बना देता है बूढ़ेको जवान बनाना इसीका कम है.

आप इस तोफेको मामुली चीज न समझें बल्कि एक आला दर्जेकी चीज़ है अगर स्नानके पीछे इसको मला जावे तो सुन्दरता होनेके सिवाय जिल्दको बहुतही मुलायम कर देता है अर्थात् मखमलकी तरह बना देता है और खुशबू ऐसी अद्भुत है जिससे दिल और दिमाग तरोताज़ा रहता है दोस्तोंको तोफा देनेके लिये निहायत ही कम कीमत तोफामी है १ शीशी मूल्य १॥) रुपयेमें मगवाकर अनुभव कीजिये महसूल डाक ग्राहकको देना होगा। (नोट) सब शहेरोंमे एजन्टोंकी जरूरत है.

मैनेजर-देशरक्षक औषधी भंडार, लुधियाना, (पंजाब).

Manager Desh Rakshak Aushadhi Bhandar,
Ludhiana (Punjab)

સજીવનામૃત ઔષધાલયમાં બનાવેલી—

તાવ તથા કોલેરાની ગોળીઓ.

હિંદુસ્તાનની હવાને અનુકૂળ પડનો, કદીપણ માલી નહિ જાય તેવો ઉપાય, એક વખત મોતના પંજામાંથી છુટવું હોય અને અમરપણ ધારણ કરવું હોય તો આ અમારી બનાવેલી તાવની ગોળીઓ વાપરો આ ગોળીઓ સઘળી જાતના તાવ તથા તેમના જોરનો એકદમ નાશ કરેછે. ઇન્ફ્લુએન્ઝા, મલેરિયા, નેમુનિયા, ટાઈફોઇડ. ગરમ, એકાંતરા, ચોથીઆ પ્લેગ જાતના તાવને માટે આ ગોળીઓ બહુજ અકસીર છે કિં. ગોળી ૮૨ ની કિંમત ૧ નો ટપાલ ૧

કોલેરાની ગોળીઓ ઝાડા તથા ઉલટીમાટે અકસીર છે. કિં. ગોળી ૩૨ની કિંમત ૧ નો ટપાલ ૧. વાપરવાની રીત કિંમત સાથે આવશે

સઘળો પત્રવ્યવહાર અમારા એજંટ સાથે કરો.

મોલ એજન્ટ,
શાહ જેઠાભાઈ રત્નસિંહ મોમાયા
શુકનેશ્વર.
૨. માંડવી મસજીદ પુલ ઉપર
મુબઈ નં ૩

વૈદ્ય શાહ શીવજી જેઠાભાઇ
જાદવજી.
પ્રોપ્રાઇટર—સજીવનામૃત ઔષધાલય
ઠે ઓ —નાગલપુર, નં ૨, પોસ્ટ—માંડવી
બ્રાંચ- કચ્છ—માંડવી બંદર

સજીવનામૃત સરોજ નામનું પુસ્તક મફત મોકલવામાં આવશે. પોતાનુ નામઠામ, કેકાણું સુદ્ધ અક્ષરે અમારા એજન્ટને લખો.

કેશવકાન્ત હેર ઓઈલ.

(સફેદ તેલ મેળવ્યાવગરની બનાવટ)

ઉત્તમ સુગંધીવાળું તથા સસ્તામાં સસ્તું, ઉંચા ગુણોને માટે ગ્વાલીઅરના પ્રદર્શનતરફથી સર્ટિફિકેટ મળેલ છે તથા મદ્રીસોર પ્રદર્શનતરફથી ચંદ્ર મળેલ છે.

ચોખ્ખાં વનસ્પતિના તેલમાંથી અને તમામ જાતનાં સુગંધી ફૂલોમાંથી આ કેશવકાન્ત બાસરીતે બનાવવામાં આવેલ છે. તે બાલને ખરી જતાં અટકાવે છે અને તેને લીસ્સા તથા કાળા બનાવે છે. વિશેષમાં બીજાં તેલો જે વહેંચાય છે તેમાં આ તેલ સસ્તામાં સસ્તું છે કે જેથી ગરીબ તેમ તવંગર સરખી રીતે તેનો લાભ લઇ શકેછે

આ તેલની અંદર સફેદ તેલની મેળવણી છે એવું સાબીત કરનારને રૂ. ૧૦૦ ઇનામ આપવામાં આવશે.

એક વખત અજમાયશ કરી ખાત્રી કરો.

પોસ્ટેજ તથા વી. પી સહિત કિંમત બાટલી ૧ ના આના ૧૫.

કેશવ પરફ્યુમરી વર્કસ,

૨૪૭ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ—મુંબઈ ૩.

નોટ—કેશવકાન્તના દરેક પેકેટમાં ઇનામની ટીકીટ રાખવામાં આવેછે.

પ્લીહા (બરોળ) અને યકૃત (લીવર) આ રોગઉપર સાત દિવસમાં ગુણ દેનારી ચોક્કસ દવા. વી પી. ખર્ચસહિત પ્લીહાની દવાના ૨–૧૪–૦ તથા યકૃતની દવાના ૨–૧૪–૦.

બેહુરાપણું—ચસકા, કાનમાંથી પરૂ કે લોહી વહેવું, ગણગણાટ થવો, ઓછું સંભળાવું, અરજવગેરે કાનનાં સઘળાં દરદો ડા. દીક્ષિતની દવાથી ખાત્રીપૂર્વક મટેછે. કિં. ૨–૪–૦ ટપાલખર્ચ સહિત.

ડૉ. ડબ્લ્યુ. એન્. દીક્ષિત—પુના સિટી.

BLUE BLACK INK PILL. બલ્યુ-બ્લેક સાહીની ગોળીઓ.

આ સાહી બધી તેજસ્વી મોકા રંગની છે, તેનાથી કોખણને કાટ ચઢતો નથી અને અંદર કચરો બાઝતો નથી. એક ગોલીયા એક મોટા પોટ જેટલી પુરતી સાહી થાય છે. કિંમત–એક ગ્રોસ (૧૪૪ ગોલીઓ)ના આના ૫૮૨; ટપાલ ખરચ આના ચાર લીલી સાહી–એક ગ્રોસ (૧૪૪ ગોલીઓ)ના આના ૫૮૨–ટપાલ ખરચ આના ચાર. લાલ સાહી–એક ગ્રોસ (૧૪૪ ગોલીઓ)નો રૂ. ૧–૬–૦ ટપાલ ખરચ આના ચાર. ડાયમંડ બલ્યુ–બ્લેક ગ્રોસના આના ૫૮૨–ટપાલ ખરચ ચાર આના.

SARAT CHANDRA SEAL,

15–3 Lakshmi Datt's Lane Bagh Bazar P. O. CALCUTTA

૪૦ વર્ષની ચાલુ ફત્તેહ.

અમારા શુદ્ધ સાચા મોતીના સુરમાથી આંખના કોઇપણ દર્દ ઉપર ફાયદો નથી થયો એવું પ્રતિજ્ઞા પુર્વક કહેનાર ગ્રાહકોને પૈસા પાછા મળે છે સુરમો—શોર્ટ સાઇટ, રતાંધળાપણું, આંખની ગરમી, આંખનું દુઃખવું, રતાશ, કદણ, ઝાંખી પડવી, અજવાળાથી અંજાઇ જવું, પાંપણોનું ખરવું, પાણીવું ઝરવું, કુંક મુદતમાં પડેલાં ફુલાં નજલો વિગેરે દરદોને આ સુરમો જડમૂળથી નાશ કરે છે. (નં ૧ તોલા ૧ના રૂ.૪) નં ૨ તોલા ૧નો રૂ. ૧॥

લખો—વોરા ધનજી મુસાજી સુરમાવાલા, જામનગર-કાઠિયાવાડ.

નાની છબી પરથી
લાઇફ સાઇઝ્ઝ્રીના
ઓનલાઇનમેન્ટો
[સિદ્ધિઓ-ચોમાસુ]
અમારે ત્યાં સુંદર તથા વ્યાજબી દાને
અને વાયદાસર બનાવી આપવામાં
આવેછે.
ન તોપકારક કામને વાસ્તે ખાસ
ગોઠવ્યા પ્રમો સ્ટુડીયો બંધાવેલ છે,
સ્થાપના ૧૯૧૨.
વધુ વિગતમાટે લખો,
જોશી ફોન્ટ વારા.
જામનગર ફોટો કંપની
જામનગર.

લાંબો વખત થયા દુષ્ટ દરદોથી દુઃખી થતા દરદીઓને દિલાસો.

તદ્દન મફત! "વૈદકીય સંમતિ" તદ્દન મફત!

પોતાના કોઇપણ રોગને માટે ખરેખરી અને સવિસ્તર હકીકત પત્રથી લખી જણાવનારને વૈદક શાસ્ત્રાનુસાર "વૈદકીય સંમતિ" તદ્દન મફત લખી મોકલવામાં આવે છે.

અમારી સલાહ પ્રમાણે વર્તવાથી અને ઔષધનું સેવન કરવાથી દરદીઓને શું ફાયદો થશે તેની ખાત્રી એક વખત રૂબરૂમાં મલવાથી અથવા પત્રદ્વારા પુછાવી જોવાથી થઇ શકશે.

જવાબને માટે અર્ધાઆનાની સ્ટેમ્પ બીડવી તમામ પત્ર વ્યવહાર ખાનગી રાખવામાં આવેછે.

અમારા ઔષધાલયમાં પ્રત્યેક રોગને માટે શાસ્ત્રસિદ્ધ અને અનુભૂત ઉત્તમોત્તમ ઔષધો હમેશને માટે તૈયાર રાખવામા આવેછે વધુ વિગત માટે અમારું પ્રાઇસલીસ્ટ મંગાવી વાંચો.

વૈદ કાલિદાસ વિ. પોપટલાલ શાસ્ત્રી.

આરોગ્યકર ઔષધાલય જામનગર—કાઠીયાવાડ.

नेत्ररक्षक अञ्जन.

शर्तिया २१ वर्षका परीक्षा किया जो फुली मोतीयाबिन्द, धुंध, जाला माडा दर्का, रतौंद, तिमिर, नाखूना, सुर्खी, खुजली, मांसवृद्धि आदिको जडसे खो देता है. कीमत फी शीशी १) व ॥) व ।) नमूना)॥ का टिकट भेजनेसे सुरत भेजा जाता है.

एजेन्ट चाहियें—प्रोफेसर मुनीलाल गुप्त, इटावा यु पो.

अत्तरांचा नवीन कारखाना.

सद्गृहस्थ हो, आमचे कारखान्यांत सर्व प्रकारचीं शुद्ध चंदनाचें तेलावर बनलेलीं अत्तरें, सुवासिक तेलें, गुलाबजल, केवडा जल, अर्क मुरंबे, तंबाखु वगैरे सर्व माल माफक दरानें खात्रीचा मिळतो, सरी एक वेळ अनुभव घ्यावा.

अत्तरें.

गुलाब, केवडा, चमेली, खस, जूही, हीना, मुरंगी, गालती, आबा, शेंडू, प्यारा, शेवती इत्यादि दर तोळ्यांस ०॥=) आणेपासून १५ रु पर्यंत.

तेलें

बेला, चमेली, मोगरा, गुलाब, मसाला इत्यादि दर शेरास रुपये २-१५ पर्यंत.

तंबाखु-दर शेरास

रु २-४-१०-२०-३२ पर्यंत.

मोटा केटलोग फुकट पाठवूं :

माखनलाल विश्वनाथ, जनरल मर्चंट, मु. कन्नोज-सिटी

१ रुपियो कांई वधारे नथी.


मनोविकारना सपाटामां सपडाइने शरीरे सत्वहीन थयेला तमेो ? तमारी पाचनशक्ति मंद पडवानुं, दस्त साफ न आववानुं, हाथ पग दुखणा थवानुं, कम्मर दुखवानुं, शरीरमां झीणेाझीणेा ताव रहा करवानुं कारण शुं ते जाणेा छेा ? तेनुं कारण धातुपातज छे. तमे विचार करता हशेा के हवे शरीर साजं केम थाय ? —पण निराश थशेा नहि.

એક રૂપિયો એ કાંઇ મોટીવાત નથી અમારો "धातुपौष्टिक पाक" खरीदेा. अने ते २१ दिवस अनुपान साथे खाइने तमारी तबीयतमां केवेा सुधारेा थाय छे, तेनेा अनुभव लेा. तमारी तबीयतनेा सुधारेा तमने पेातानेज मालुम पडशे.

खरेखर ? એક રૂપિયેા કાંઇ વધારે નથી. माटे अनुभव लेा. वी. पी खर्च पांच आना थशे. Aryaoushadhalaya—MIRAJ.

आर्योषधालय.—मीरज (S. M. C.)

"આ તેલ મેસર્સ કરસનદાસ લધુ (રાજેન્દ્ર રોડ-જામનગર) ને ત્યાંથી મળશે."



અલક-રંજન તેલ.

બહુજ ખુશબોદાર, સુવાસિત તેલ વાળને ચક ચકિત બનાવે છે અને મનને પ્રફુલ્લ બનાવે છે. વાળ ખરી પડતા અટકાવે છે, અને મગજને શાંત કરે છે.

એક શીશીનો રૂા ૧ ૦-૦
ત્રણ શીશીનો રૂા ૨-૮-૦
એક ડઝનના ,, ૧૦-૦ ૦

ઝરઝીના (રજીસ્ટર્ડ)

જુવાનીમાં થતી ભયંકર ભૂલોને અંગે થતા લોહીના બગાડમાટે સર્વોત્તમ છે ચામડીના દરેક રોગનો નાશ કરી, લોહી સુધારવામાટે શ્રેષ્ઠ છે. ચાર ઔંસની શીશીના રૂા ૧-૧૨-૦ ત્રણ શીશીના રૂા ૫. ડઝનના રૂા ૨૦ એક રતલના રૂા ૧-૮-૦

ઝરવરીન

શારીરિક અને માનસિક નબળાઇને દૂર કરવાનું ટૉનિક છે. હરકોઇ જાતની નબળાઇને દૂર કરી, સ્મરણશક્તને સતેજ કરે છે નબળી તંદુરસ્તીને બળવાન બનાવી હરકોઇ કારણથી ઉત્પન્ન થયેલ અશક્તને હઠાવે છે. ૧૪ ડોઝની શીશીનો રૂા ૧-૦-૦ ત્રણ શીશીના રૂા. ૨-૧૨-૦ ડઝનના રૂા ૧૧ ૨૫ ડોઝના રૂા ૩-૮-૦

ઇન્ડીઅન કેમીકલ એન્ડ ફાર્માસ્યુટિકલ વર્કસ

૧ હોગલ કુરિઆ—કલકત્તા.

ટેલી. એડ્રેસ
"ઝરઝીના" કલકત્તા.

— વિષયાનુક્રમ —

	વિષય		પૃષ્ઠ
(૧)	મ્હારી ઇચ્છા. ...	(કવિતા)... ...	૧૨૧
(૨)	પૃથ્વીપરનાં મુખ્ય સ્થળોનું અવલોકન.	...	૧૨૨
(૩)	મનો તારક તમે જાતો! (કવિતા)...	...	૧૩૦
(૪)	અંત્યજનો સંસર્ગ.	...	૧૩૧
(૫)	ભારતના ઉદ્ધારમાટે અભ્યર્થના (કવિતા)	...	૧૩૭
(૬)	ધર્મપ્રચારક દર્શન.	...	૧૩૯
(૭)	સાક્ષિપ્રાય સ્વીકાર.	...	૧૪૧
(૮)	મનોવૃત્તિ.	..	૧૪૨
(૯)	વૈરાગ્યપંચકની ગુજરાતી વ્યાખ્યા ...	...	૧૪૭
(૧૦)	કાયાની માયા ખોટી છે. (કવિતા) ...	...	૧૪૯
(૧૧)	ચિત્તવૃત્તિ-વિજ્ઞાનશાસ્ત્ર.	...	૧૫૦
(૧૨)	પરમેશ્વરપાસે પ્રાર્થના	...	૧૫૪
(૧૩)	મોહીબાઇનો સ્વર્ગવાસ.	...	૧૫૮
(૧૪)	દિલ્હી દરબાર (ચાલુ વાર્તા) ...	૧૨૧થી	૧૨૮

જ્ઞાન કનિગ્રહ પ્રિન્ટિંગ વર્કસમાં એસ એમ. જોશી બી. એ. એમણે છાપ્યું—જામનગર.

ૐ

અંકુશ.

ANKUSH.

પુસ્તક ત્રીજું. | સાલ ૧૯૭૬. | અંક ૪ થો.

"મ્હારી ઈચ્છા."

પીલુ–ગઝલ.

ગરીબી હાલમાં હરદમ, રહે સુખ સ્વર્ગનું ભાસે;
નથી ઈચ્છા અમીરીની, ફકીરીમાં હૃદય રાચે.
જગતમાં આશ ના રહેતી, ધરા કે ધામને ધનની;
પ્રભુ જો પેટભર આપે, મુરાદો બર થશે મનની.
ધરું ના હાથમાં ઝોળી, કપટથી દામ હરવાને,
ભીખું હું ભાવના રૂડી, સ્વભૂમિ ચણ ધરવાને
હજારો દાસદાસીની, ગુલામીથી નથી ડરવું;
સજી સેવાતણી પાંખો, જગતમાં મુક્ત થઇ ફરવું.
પૂજારી લક્ષ્મીના થઇને, ભજ દિલભર નહિ કરવી;
કરી આરાધના હોંસે, સદાયે શારદા સ્મરવી
કરી કાળાં અને ધોળાં, નથી "મ્હોટા" કહેવાવું;
ચળી કર્ત્તવ્યને પંથે, પ્રભુને આશરે જાવું.

રમણિક ૨. મ્હેતા–જુનાગઢ.

વિમાનમાં બેઠેલા વૃદ્ધયક્ષે યુવાનયક્ષને પૃથ્વીપરનાં મુખ્ય સ્થળોનું કરાવેલું

અ વ લો ક ન.

લેખક--શ્રીયુત મહાત્માશ્રી નથુરામશર્મા-કરાંચી

આપણે આપણી રમણીય અનકાપુરીથી દક્ષિણભણી હરિહરના (રણછોડરાય ને સોમનાથના) પવિત્ર તીર્થવાળા સૌરાષ્ટ્રદેશમા આવ્યા છીએ આ સૌરાષ્ટ્રદેશમા આપણા વિમાનની નીચે પ્રાયશ નિવૃત્તિપરાયણ જીવન ગાળના ઇચ્છતા સંતોને અને પોતાનો આશ્રય ઇચ્છનાર અન્ય પ્રાણીઓને પ્રસન્નતા પૂર્વક આશ્રય આપનાર જે પવિત્ર પર્વત પ્રતીત થાયછે તે પર્વત લોકોમા ગિરનાર પર્વતના (ગિરિનારાયણ-નારાયણના (વિ' ના) અવતારરૂપ શ્રીદત્તાત્રેયના પર્વત-ના) નામથી ઓળખાય છે તે પર્વતના આ ઉંચા જાણીતા શિખરપર શ્રીદત્તાત્રેયના ચરણચિન્હ વિરાજેછે, તેથી લોકો આ શિખરને ગુરૂનું શિખર એવા નામથી ઓળખે છે આ પર્વતના બીજા કેટલાક શિખરોની ઉપર કેટલાક દેવોની ને કેટલીક દેવીઓની પ્રતિમાઓ વિરાજેછે કેટલાક રમણીય વનેવડે આ પર્વતની નીચાણનો ભાગ અલંકૃત થયેલો છે ભિન્ન ભિન્ન હિંદુધર્મના ને જૈનધર્મના યાત્રાળુઓ પોતપોતાના મનને શાંતિજન્ય સુખ આપવામાટે ને સંસારના નાનાવિધ દુઃખોને થોડો સમય ભૂલવામાટે આ પર્વતપર આરોહણ કરેછે ને પર્વતની નીચેના વનોમાં ભ્રમણ કરેછે આ પર્વતની દક્ષિણભણી કેટલેક દૂર

ઉપર પ્રભાસપાટણમા ગુજરાતના પ્રધાન હિંદુરાજાઓના ઇષ્ટદેવ શ્રીસોમનાથ મહાદેવ વિરાજે છે

ગુજરાતના ચક્રવર્તી હિંદુ મહારાજાઓના સમયમા ગુજરાતમા પાશુપતમતનું વિશેષ પ્રાબલ્ય હોવાથી શ્રીસોમનાથમહાદેવનો વૈભવ તેમના વંશો વધારે હતો તેમના પૂજનાદિમા યાત્રાળુઓતરફથી નિત્ય ધરવામાં આવતી ભેટોના ઉપરાંત આશરે બસો ગામોના રાજભાગની ઉપજનો વ્યય થતો હતો નિત્ય આવેલા નવા પવિત્ર ગંગાજળથી તેઓશ્રીને પૂજનવેલા વિધિપૂર્વક સ્નાન કરાવવામાં આવતુ હતું, ને મોટા ઠાઠમાઠથી નિત્ય ચારવાર તેમનુ પૂજન થતુ હતુ તેમા મધ્યરાત્રિએ થતા મહાપૂજનનો અલૌકિક ઠાઠ ભાવિકદર્શકોના ચિત્તને ચકિત કરી નાખે એવો પ્રતીત થતો હતો લાખો હિંદુ યાત્રાળુઓ પ્રત્યેક વર્ષે તેઓશ્રીના દર્શન કરી પોતાને કૃતાર્થ માનતા હતા પ્રત્યેક મહાશિવરાત્રિએ તથા સૂર્યગ્રહણોની વેળાએ ઘણા ધાર્મિક માણસો અહીં દર્શને જતા હતા હજારો તેઓશ્રી પોતાના મહાયોગીના સ્વભાવનુ સ્મરણ કરી બહુ ન્યૂન ભોજનનો અંગીકાર કરેછે

આ પ્રભાસપાટણથી થોડે દૂર જે નદી પ્રતીત થાય છે તે નદીની સમીપ શ્રીકૃષ્ણે ને બલભદ્રદેવે પોતપોતાના સ્થૂલશરીરનું પોતપોતાના આ પૃથ્વીપરના આવિર્ભાવનું પ્રયોજન સમાપ્ત થવાથી વિસર્જન કર્યું હતું-

પ્રભાસપાટણની દક્ષિણે જે સાગર પોતાના તરંગો ઉછાળીરહેલો દેખાયછે તે ભિન્નભિન્ન ભૌક્તિકનામોથી ઓળખાતો છેક પૃથિવીના કન્યાકુમારી દક્ષિણ છેડાસુધી પહોંચે છે તે પોતાના વિશાલઉદરમાં અનેક જાતિનાં અસંખ્ય જલચરોને પ્રસન્નપણે આશ્રય આપતો છતો, પોતાની નીચે ઘણા સુવર્ણ તથા રૂપાઆદિને ધારણ કરતો છતો. જોનારા લોકોને કયારેક પોતાનું ઉગ્ર ને કયારેક પોતાનું શાંતરૂપ દેખાડતો છતો, તથા પોતાના સ્થૂળ શરીર ઉપર અનેક પ્રકારની અનેક નાનીમોટી નૌકાઓને ધારણ કરતો છતો, જોનારા મનુષ્યોને પોતાના વિશાલપણાથી ને ગંભીરપણાથી વિસ્મય પમાડે છે. વિશાલતા ને ગાંભીર્ય સ્વભાવિકસ્વભાવ હોવાથી તે સ્વભાવ જેમાં વધારે પ્રતીત થાય તેને જોઇને જોનાર મનુષ્ય પોતાના અંત કરણમા અજ્ઞાનાવૃત સ્વસ્વરૂપના આવિર્ભાવવડે તે સુખનો અનુભવ કરેછે. આપણી સંમુખ કેટલેક દૂર પ્રતીત થતો શત્રુંજયગિરિ, જૈનોને મતે તે પર્વતપર ઘણા મુનિઓ મોક્ષરૂપ સિદ્ધિને પ્રાપ્ત થયેલા હોવાથી જૈનોના પવિત્ર તીર્થરૂપ ગણાયછે. તેનાથી થોડેછેટે જે વળા નામનું ગામ દેખાયછે તેની પાસે પૂર્વે વલ્લભીરપુર નામનું મોટું નગર હતું. તે નગર તે સમયમાં ગુજરાતપ્રાંતની રાજધાની હતું. સ્થિત્યંતર કરવાના સ્વભાવવાળા કાળે ઘણાં તેનું માત્ર નામજ અવશેષ રહેવા દીધું છે. ઉત્તર બાજુએ કચ્છના રણની પાસે જે આ જીંજુવાડા નામનું ગામ જણાય છે, તેની પાસે પૂર્વે પંચાસરનામનું નગર હતું. વલભીપુરનો નાશ થયા પછી તે નગર ગુજરાત પ્રાંતની રાજધાની ગણાતું હતું. સર્વ ભાષિક પદાર્થોનું રૂપાંતર કરી વિનાશ કરી નાખવાના સ્વભાવવાળા પ્રબલ કાળે તેનો પણ વિનાશ કરી નાખ્યો છે.

આ રાજનગર (અમદાવાદ) ઘણાં કેટલાંક વર્ષોથી ગુજરાત પ્રાંતની રાજધાની ગણાય છે. આ અણહીલપુરપાટણ વા સિદ્ધપુરપાટણ એ પંચાસરનગરના પતનપછી ગુજરાત પ્રાંતની રાજધાની બનાયુ હતું, પણ ઘણાં કેટલાંક વર્ષોથી તેને તે માન મળતું બંધ થયું છે આ દૂર પ્રતીત થતું ઉજ્જયન વા અવંતિકા–તે ભરતખંડમાં મોક્ષ આપનારી મનાતી સાત પુરીઓમાંની એક પુરી છે. તે નગરીગદ્વાર શ્રી મહાકાલેશ્વર બિરાજે છે. પૂર્વે પરદુ:ખભંજન વિક્રમરાજા જે નગરીને શોભાવતા હતા. ભરતખંડમાંનાં સર્વ તીર્થોના રાજાતરીકે મનાતું આ પ્રયાગરાજનામનું તીર્થ–ઉજ્જવલ જલવાળાં ગંગાનો ને કાંઇક ઝાંખા જલવાળાં યમુનાનો અદ્ભિ સંગમ થાય છે. આ તીર્થ ઘણા પ્રાચીનકાલથી અદ્ભુત પવિત્ર મનાય છે આ યમુનાનદીના તટપર શોભી રહેલુ આપ્યા, તેનીપાસે શાહજહાં બાદશાહનાં વહાલાં બેગમ અર્જુમંદબાનુનો તાજમહાલના નામથી ઓળખાતો જગપ્રસિદ્ધ રોજો છે. આ હસ્તિનાપુર, જેને હમણાં દિલ્હી કહેવામાં આવે છે ને પુનઃ ભરતખંડની રાજધાનીના માનને પ્રાપ્ત થયેલ છે તેની પાસે કુતુબમીનારનામનો ઉંચો મીનારો છે. આ કુરક્ષેત્ર પા પાણીપત. અદ્રિ પૂર્વે કૌરવ પાંડવનું મોટું યુદ્ધ થયું હતું. ત્યારપછી પણ અદ્રિ કેટલાંક મોટાં યુધ્ધો થયાં હતાં. બદ્રિ દૂર ઉત્તરદિશામણી દૃષ્ટિ કરતાં જે ઉંચો હીમ-

તલ પ્રદેશ પ્રતીત થાયછે તે આ પૃથિવીપર સ્વર્ગસમાન સુંદર મનાતો કાશ્મીરનામનો રમણીય દેશ છે. તેમાં શ્રીનગરનામના નગરની પાસે સર્વજપીઠ છે. તેનાથી પૂર્વભણી કેટલેક દૂર હિમાલયપર્વતની ગુફામાં અમરનાથનામના મહાદેવ વિરાજે છે. ભરતખંડની ઉત્તરસીમાપર જે આ ઉંચો ને ઘણા વિસ્તારવાળો પર્વત પ્રતીત થાય છે તેનું નામ હિમાલયપર્વત છે. આ પર્વત પૂર્વે સમુદ્રને તળીએ હતો એમ તેના ઉપર વર્તમાનમાં કેટલીક પ્રતીત થતી વસ્તુઓપરથી જણાય છે. આ પર્વતપર કસ્તૂરીમૃગો, ચમરીનામના મૃગો, ને અરણ્યમહિષો જોવામાં આવે છે, ને તેની તળેટીનાં કેટલાક અરણ્યોમાં સિંહોની ગર્જનાઓ ને હાથીઓની ચીસો સંભળાયા કરે છે. આપણી અલકાપુરી પાસેનો આ પવિત્ર કૈલાસપર્વત અને આ પવિત્ર માનસસરોવર છે. આ સ્થળોની શાંતિ ને રમ્યતા કેવી આહ્લાદક છે!

શ્રીકૃષ્ણના પ્રાકટ્યવડે, નિવાસવડે ને વિચરવાવડે પુણ્યસ્થાનરૂપ મનાતાં આ મથુરા, ગોકુલ ને વૃંદારણ્ય. આ અયોધ્યા, જે શ્રીરામભદ્રના પ્રાકટ્યવડે પવિત્ર મનાયછે. તેની સમીપ પવિત્ર સરયૂનામની નદી વહેછે. આ શ્રીવિશ્વનાથજીની કાશીપુરી. મોક્ષદાતા સાતપુરીઓમાંની આ બહુ પ્રસિદ્ધપુરી છે. આ પુરીમાં ઘણાં દેવાલયો છે. ત્યાંથી ઉત્તરદિશાભણીના ટીબેટઆદિ કેટલાક પ્રદેશો મૂકયા પછી જે બહુ દૂર મહાસાગર પ્રતીત થાયછે. તેનો ઘણો ભાગ ત્યાં પડતી ઘણી ટાઢને લીધે હિમમય રહેછે. પૃથિવીના ઉત્તર દિશાભણીના કલ્પિત છેડાના બિંદુને ઉત્તરધ્રુવ કહેવામાં આવેછે. આ ઉત્તરધ્રુવની આસપાસના પ્રદેશમાં ને પૃથિવીની દક્ષિણભણીના દક્ષિણધ્રુવની આસપાસના પ્રદેશમાંઆ ભરતખંડના ૭૭ માસના જેવડા લાંબા ને ઉદાસીનતા જણાવનારા દિવસો ને ૭૭ માસના જેવડી સૂનકારવાળી લાંબી રાત્રિઓ થાય છે. તે રાત્રિના કોઇ ભાગમાં તે ઉત્તરભણીના પ્રદેશમાં ઉત્તર અરૂણપ્રકાશની ગંભીર ને કાંઇક ભયપ્રદ છતાં પણ રમણીયજેવી ભાગતી પ્રતીતિ થાયછે. ત્યાં ઘણીજ ટાઢને લીધે તથા આહારના પદાર્થોના ને બળતણના અભાવને લીધે માણસો વસતિ કરીને રહી શકતાં નથી. તે હિમમય પ્રદેશમાં કોઇ કોઈ સ્થળે ક્વચિત્ ધોળાં રીંછ, ધોળાં શિયાળ, ને ધોળા કાગડાઓ જોવામાં આવેછે. આ ઉત્તર મહાસાગરને નામે ઓળખાતા મહાસાગરના કોઇ કોઇ ભાગમાં તિમિનામના મહામત્સ્યની ચરબી જોત થાય છે, જેના શરીરમાં તેલના જેવી પુષ્કળ વસા (ચરબી) હોય છે. ઉત્તર મહાસાગરની દક્ષિણભણીના અને દક્ષિણમહાસાગરની ઉત્તરભણીના સમીપના પ્રદેશોમાં જે મનુષ્યો વસે છે, તેઓનું જીવન લગભગ પશુઓના જેવું વ્યતીત થાય છે. કેમકે જ્યાં ઉત્તરમહાસાગર સર્વદા બરફથી ભરપૂર રહેછે ત્યાં કેટલાક સહસ્ર વર્ષોપૂર્વે પૃથિવીનો મધ્યભાગ હતો, ને તે સ્થળપર તેજોરાશિ સૂર્યનાં ઉષ્ણકિરણો પડતાં હતાં. જળ ત્યાં સ્થળ ને સ્થળ ત્યાં જળ એવા ફેરફારો આ પૃથ્વીપર વારંવાર જ્યાં ત્યાં થયા કરેછે

આ મચ્છીબારનું ગામડું મળીને વર્તમાનમાં સોનાની મનાતી ને ભરતખંડના પશ્ચિમભાગની

રાજધાની મોહેંજોદારો, (મુંબઇ). ભરતખંડના દક્ષિણભાગભણી સમુદ્રતટપર સમુદ્રથી પૂર્વભણી જે પ્રદેશ પ્રતીત થાયછે તે કવિઓએ વખાણેલા વાયુવાળો ને ઉત્તમ ચંદનવૃક્ષોવડે શોભતો મલયદેશ છે. તેમાં પૂર્ણા-નદીના કાંઠાપર પ્રતીત થતું આ કાલટિ નામનું ગામ છે તે શ્રીઆદ્યશંકરાચાર્યના પ્રાકટ્યના સ્થાનરૂપ મનાયછે. પ્રથાનકેણમાં દેખાતું આ ગયાજી, અહિં પૂર્વે બુદ્ધભગવાને ઉગ્ર તપ કર્યું હતું. આ હિંદુઓનું ને બૌદ્ધોનું તીર્થ છે. આ હુગલીગંગાઉપરનું કેટલાક સમયસુધી ભરતખંડની રાજધાનીનું માન પામેલ કલકત્તા, આ બંગાળાના ઉપસાગરને કાંઠે પ્રતીત થતી જગન્નાથપુરી, આ આંડમાનબેટ, તેમાં મહાપરાધિઓને તેમના કૃત્યની શિક્ષા ભોગવવા ભરતખંડમાંથી મોકલવામા આવે છે. દક્ષિણભણી આ કાંચી, ચિદંબર, મદ્રાસ, રામનાથ ને લંકા પ્રતીત થાયછે આ ગંગા-સાગરનામનું તીર્થ આવ્યુ. અહિં ઉપરના પ્રદેશમાં બેળાં થઇને આવતાં બ્રહ્મપુત્રા ને ગંગાજી બંગાળાના ઉપસાગરને મળે છે. અહિં પૂર્વે ભગવાન્ કપિલજી તપ કરતા હતા. જેમનું અકારણ અપમાન કરવાથી તેઓશ્રીની દૃષ્ટિના પાતવડે સગરરાજાના સાહસ્રપુત્રો બળીને ભસ્મ થઇ ગયા હતા. ઉત્તરભણી દૂર જે વાલુકામય પ્રદેશ દેખાયછે તે મોંગોલિયાના રણના નામથી ઓળખાય છે. આ રણમાં માણસોને ભ્રાંતિ ઉપજાવનારા કેટલાક વિચિત્ર દેખાવો દૃષ્ટિએ પડેછે. આ રણના કોઇપરના ટીંબેટના ઉપરના ભાગમાં કેટલાક સાધુના જેવો વેષ પહેરનારા બુદ્ધધર્મી મનુષ્યો જે પોતાના હાથમાં નાની લાકડાની ઘંટી લઇને ફેરવતા દૃષ્ટિએ પડેછે, તેઓ એવા ભાવથી એ ઘંટી ફેરવે છે કે જેમ પાષાણની ઘંટીથી અન્ન દળાઇ જાયછે તેમ આ ઘંટી ફેરવવાથી અમારાં પૂર્વજન્મોના ને આ જન્મનાં સર્વ પાપો દળાઇ જશે.

આ ચીનની ઉત્તરસીમાઉપર આશરે પચાસ ગાઉ લાંબી ને આશરે પચ્ચીશ હાથ પહોળી મોટા ગઢની રાંગજેવી જે ઉંચી ભીંત જણાય છે તે પૃથ્વીપરનાં મનુષ્યોને આશ્ચર્ય ઉપજાવનારા આ પૃથ્વીપરનાં દૃશ્યોમાંનું એક આશ્ચર્યોત્પાદક દૃશ્ય છે. ચીન દેશની ઉત્તરદક્ષિણના બળવાન્ લોકો ચીનદેશઉપર સૈન્ય લઇને ચીનદેશ જીતવા વા લૂટવા ન આવી શકે માટે ચીનદેશના કોઇ રાજાએ ઘણાં વર્ષો પૂર્વે આ અદ્‌ભુત ને વિશાળ ભીંત બંધાવી છે. આ સર્વભક્ષીજેવા મનુષ્યોની વસતીવાળો ચીનદેશ ઘણા વર્ષોથી દિગ્‌ભમમાં વર્ણવાતો આવ્યો છે. બુદ્ધધર્મ પાળનારા ચીનાઓની લાંબી ચોટલીઓ રાખવાની રીતનું ચીનમાં વસતા મુસલમાનો પણ પોતાની મસ્તકમુંડન કરાવવાની રીતિનો પરિત્યાગ કરી અનુકરણ કરે છે ચીનાઓનો કેટલોક ભાગ અફીણના દુર્વ્યસનથી દુઃખમય સ્થિતિમાં આવી પડયો છે. આ દેશમાં મનુષ્યોની જેવી ગાઢી વસ્તી છે તેવી ગાઢી વસ્તી પૃથ્વીપરના બીજા કોઇ પણ દેશમાં નથી. ચીનની સમીપ આ નાનકડો પણ ઉદ્યોગી ને સ્વદેશાભિમાની દેશ જીપોનના વા જપાનના નામથી ઓળખાય છે. ત્યાંના મહારાજાને મીકાડો એવા નામથી ઓળખવામાં આવે છે. આ લોકોએ ગયાં વર્ષોમાં પોતાની

વ્યાવહારિક સ્થિતિ બહુ બદથી નાંખી છે તેમની બાલ્યવ્યવહારમાં પ્રગતિ થઇ છે, પણ ત્યાં ચાલતા બુદ્ધધર્મમાં ને સીંટોધર્મમાં તેમની શ્રદ્ધા ભેળી પડી છે ગળપૂર્વક અંત:કરણનો બહારનો વેગ વધવાથી અંત કરણનો પરમાનંદરૂપ આત્માને વિષય કરનારો શુભ વેગ ઘટે ને તેથી સાચું મનુષ્યત્વ ઘટી પશુત્વ વધે એ સ્વાભાવિક છે. આ દૂર જણાતો એટ પૃથ્વીપર સૌથી મોટો ગણાય છે ને તે આસ્ટ્રેલીઆને નામે ઓળખાયછે તેના કીનારાપરના ભાગમા યુરોપના લોકો વસેછે, ને રેતાળ તથા ઝાડીવાળા તેના મધ્યભાગમા ત્યાના મૂળ નિવાસીઓ વસેછે. આ સમીપમા સમુદ્ર પ્રતીત થતા વિશાળ મહાસાગરને શાતમહાસાગરના નામથી ઓળખવામા આવેછે, કેમકે આ મહાસાગરમા પવનનાં તોફાનો થોડા થાયછે આ વિશાળ મહાસાગરની અંદર જે મોટા દ્વીપોના આકારો જેવા પ્રતીત થાયછે તે આ મહાસાગરમા રહેતા પરવાળાના કીડાઓએ આ મહાસાગરને તળીએથી લગભગ ઉપરની સપાટીસુધી બાંધેલા પરવાળાના બંડકો છે. કંટાળ્યાવિના સતત કરવામા આવતા ઉદ્યોગનું ફળ કેવું મહાન્ થાય છે તે પરવાળાના કીડાઓએ બનાવેલા આ બંડકો સ્પષ્ટ જણાવે છે. હવે આપણને નીચે ને ચારે બાજુએ કેવલ ક્ષારજલનો મોટો સમૂદ્રજ પ્રતીત થાય છે, ને બહુ દૂર કોઇ કોઇ બેટો જણાય છે, અને ઉપર વિશાળ, ગંભીર અને અચલ આકાશ પ્રતીત થાયછે, નિર્જન પ્રદેશ ને ગંભીર દેખાવો જોનારના મનને ઉદાસીન ને ગંભીર બનાવે છે એમ વિદ્વાનો કહે છે તે આપણને આ વેલાએ થતા આપણા અનુભવથી સાચ પ્રતીત થાય છે. હવે આપણી સામે નકશા પ્રતીત થવા લાગેલો ને ઉત્તરદિશાથી દક્ષિણદિશાભણી ગયેલો જે મોટો દેશ છે તે અમેરીકાખંડ અથવા નૅની દુનીયા એવા નામથી કહેવાય છે. આ ખંડ ઉત્તરમહાસાગરથી દક્ષિણમહાસાગરસુધી લંબાયેલો ને તેની બંને બાજુએ પાસિફિક (શાત)ને આટલાટિકનામના વિશાળ મહાસાગરવાળો પ્રતીત થાયછે. આ ખંડના પેરૂ આદિ દેશના મૂલ નિવાસીઓને સોનામારે તથા ભૂમિમાટે યુરોપના લોભી ને નિર્દય લોકોએ બહુ દુ:ખ આપ્યું હતું. આ ખંડના મૂલ નિવાસીઓ જે અવશેષ રહ્યા છે તે બિચારા આ ઉંચા પ્રતીત થતા આંડીસનામના પર્વતમાં કે આ ઘાટા પ્રતીત થતા વનોમા રહે છે. ને કેટલેક ભાગ પોતાના ધર્મનો પરિત્યાગ કરી બદુધા ખ્રીસ્તી થઇ યુરોપની સત્તાધારી પ્રજાને આધીન થઇ પોતાના દિવસો વ્યતીત કરેછે. આ ખંડમાં ઘણે ઠેકાણે સોનાની ને કેટલેક ઠેકાણે હીરાની ખાણો છે. આ ખંડમા ઘણાં ઘાટાં વનો ને મીઠાપાણીનાં મોટાં સરોવરો છે. આ આમેઝન ને મીસીસીપી નામની બે નદીઓ પૃથ્વીપર બહુ મોટી ગણતી નદીઓમા પોતાના નામો નોંધાવનારી છે. આ પૃથ્વીપર જે પાણીના ધોધો છે તેમાં આ નિયાગ્રાનો ધોધ સૌથી મોટો ગણાય છે.

આ ધનધાન્યાદિથી અને ઉદ્યોગી મનુષ્યોથી ભરપૂર તથા પોતાની સ્વતંત્રતાને પ્રિય માનનારાં માણસોથી વસેલાં અમેરિકાખંડમાંનાં સ્વતંત્ર સયુક્ત સંસ્થાનો. અહિંના મનુષ્યોનો ઉદ્યોગ ને મુખ્ય નગરોમાંનાં કેટ-

લાંક ઘરોની ઉંચાઇ જોઇ પરદેશી મનુષ્યોનાં મન આશ્ચર્યમાં ડૂબી જાયછે. આ ઉત્તર-અમેરિકા અને દક્ષિણઅમેરિકાની વચ્ચેની પનામાની સંયોગીભૂમિ મટીને થયેલી પનામાની સામુદ્રધુની. પુનઃ આ ખારા પાણીથી ભરેલો ને જેમાં વારંવાર મોટાં મોટાં પવનનાં તોફાનો થાયછે એવો ન્યાટલાંટિક મહાસાગર આવ્યો. આ વેળા દૈવયોગે એમાં ગમે તેવું મોટું તોફાન થાય તોપણ આપણને તેથી કાંઇ પણ અડચણ થવાનો લેશ પણ સંભવ નથી. તોફાની પ્રાણી પદાર્થના સંગીને તોફાનની અસર થાયછે, પણ અસંગીને તે તોફાનની શી અસર થાય? હવે આપણને યુરોપખંડના ને આફ્રિકાખંડના પશ્ચિમકાંઠા દેખાવા લાગ્યા. આ યુરોપખંડના પશ્ચિમ ભાગમાં જે બે મોટા બેટ પ્રતીત થાયછે તેમાંના પૂર્વભણીના બેટને ગ્રેટબ્રિટન એવું નામ આપવામાં આવેછે. તેમાં જે મોટું નગર આ ટેમ્સનામની નદીની બે બાજુએ પ્રતીત થાયછે તે લંડન એવા નામથી લોકોમાં ઓળખાય છે. આખી પૃથ્વીપર વસતીમાં તે સૌથી મોટું નગર છે. આ બેટના લોકો વ્યાપારમાં કુશળ છે ને તેમનું નૌકાબળ પૃથ્વીપર ઉત્તમપ્રકારનું ગણાયછે આ ગ્રેટબ્રિટનની દક્ષિણે પ્રતીત થતા ફ્રાન્સના લોકો વિલાસી પ્રકૃતિના ગણાયછે. એ દેશની રાજધાની પેરીસ છે. આ નગર પૃથ્વીપર સૌ નગરોથી ગોલિતું ગણાયછે. આ જર્મનીના લોકો સૈાકિકકળામાં ચટ્ટિયાતા મનાયછે. ઉત્તરભણી બહુ દૂર જતાંતો આઇસલેંડનામનો બેટ, ક્રોધી જેમ ક્રોધવડે પોતાના તનમનને સર્વદા બાળ્યા કરેછે તેમ જ્વાળામુખી પર્વતોવડે પોતાની ભૂમિને બાળ્યા કરેછે. યુરોપખંડમાં દૂર પ્રતીત થતો ડુંગરાળ ને નદીઓવાળો દેશ સ્વીટ્ઝર્લાંડના નામથી ઓળખાયછે. એ દેશની અવસ્થા સારા પ્રકારની ગણાતી નથી. આ સ્વિટઝર્લેંડ નામનો નાનો દેશ વનો ને સરોવરોવડે રળિઆમણો છે. આ ઇટલીનામનો દેશ પણ ફ્રાન્સની પેઠે વિલાસી ગણાયછે. ખ્રીસ્તીધર્મના પોપના નામથી ઓળખાતા ધર્માધ્યક્ષ આ દેશના રોમનામના નગરમાં વસેછે. ક્રોધી જેમ પોતાના મુખમાંથી વારંવાર ક્રોધની જ્વાળાઓ કાઢયા કરે તેમ આ દેશમાંનો વેસુવિયસનામનો જ્વાળામુખીપર્વત વારંવાર પોતાના મુખમાંથી અગ્નિની જ્વાળાઓ કાઢયાં કરેછે. આ નાનકડો દેશ ગ્રીસ અથવા યુનાનના નામથી પ્રસિદ્ધ છે. આ દેશ આગળ વિદ્યાકળામાં બહુ શ્રેષ્ઠ ગણાતો હતો. તત્ત્વજ્ઞાનના સંબંધમાં ઘણા સૂક્ષ્મ વિચારો કરનારા વિદ્વાનો પૂર્વે આ દેશમાં થઇ ગયા છે. આ ભૂમધ્યસમુદ્રની દક્ષિણે પ્રતીત થતો આફ્રિકા ખંડ છે, તેના ઉત્તરભાગમાંનો આ આલજીર્યાપ્રાંત પૂર્વે ભૂમિપર જલની ન્યૂનતાથી ઉજ્જડજેવો પ્રતીત થતો હતો, પણ હવે તે ત્યાં ઓદ્યોગિક ઘણા પાષાણકૂવાઓને લઇને સોનેરો ઉદય થઇ ગયેલો જણાયછે જેમ અજ્ઞાનકાળમાં અજ્ઞાની મનુષ્યોનું અંતઃકરણ ત્રિવિધતાપથી બળતું હોય છે, પણ જ્યારે તેના અંતઃકરણમાં બ્રહ્મવિદ્યા નામની અપૂર્વ તૃપ્તિનો ઉદય થાયછે ત્યારે તેનું અંતઃકરણ પરમાનંદથી ભરપૂર થઇ જાયછે, તેમ આજીર્યાપ્રાંત પૂર્વે એક-

પ્રકારનો ભાસતો હતો, તે હમણા તેનાથી વિપરીત બીજા પ્રકારનો ભાસેછે. આ મિસર વા ઇજિપ્તદેશ પૂર્વે વિદ્યાનુરાગી માણસોની વસ્તીવાળો હતો જે આ ઉંચા, મોટા ને દૃઢ મકાનો પ્રતીત થાયછે તે પિરામિડના નામથી ઓળખાયછે આ પૃથ્વીપરના અદ્‌ભુત દૃશ્યો માનું આ મકાનો પણ એક અદ્‌ભુત દૃશ્ય ગણાયછે અહિના પ્રાચીન નિવાસીઓમાના રાજાઓ ને શ્રીમંતો પોતાના મૃતસંબંધી જનના શબોને તે સડે નહિ એવા ઔષધો લગાડી કપડામાં વીંટાળીને તે ચિરકાલ રહે એમ બોયરામાં કે યોગ્ય સ્થળોમા રાખતા હતા આ નાઇલનામની વિશાળ નદીના પુર ને કાપવડે આ દેશમા સારો પાક થાયછે આ સિકંદરિયાનામના બંદરની એક ભાગમા ચગ્રાટ જિતવામા ને લોકોને પોતાનું પરાક્રમ જણાવવામા આનંદાનુભવ કરનાર મહા રાજા સિકંદરનું સમાધિસ્થાન છે મનુષ્ય પોતાના જીવનમા તૃષ્ણાને વશ થઇને ગમે તેવા કામો કરે, ને લોકોને દુઃખ દે, પણ અંતે તેના વિનાશી શરીરને કોઇ પણ રીતે પૃથ્વીઆદિ પંચભૂતોમાં ભળી ગયાવિના અન્ય ગતિ નથી હે વત્સ! કોઇપણ પ્રકારનું શરીર ધારણ કરીને જીવે પોતાના શરીરના વિના શીપણાનો ને અશુભકર્મના દુઃખદ વિપાકનો વિચાર કરી ગર્વ, કામ ક્રોધ કે લોભાદિને વશ થઇ કોઇ પણ પ્રાણીને પીડા કરવી ઉચિત નથી, પણ સર્વને તેમનું નિરંકુશ સ્વાતંત્ર્ય ભોગવવા દેવું ને તેમના ઉપર નિર્મળ સ્નેહ રાખવો એ ઉચિત છે હે સુત! સ્વપ્નના જેવા પોતાના અલ્પસ્થાયી જીવનને દુષ્ટ મમતાને વશ થઇને જીવે મલિન કામાટે કરવું જોઇએ! આખી પૃથિવીપર સર્વથી વિશાલ આ રેતીના મહાસાગરરૂપ સહરાનામનું મોટું રણ આ રણ પૂર્વે સમુદ્રના તળીઆરૂપે હતુ આ નિર્જન ને જોતા ઉદાસીનતા ઉપજાવનારા મહારણમા ભાત કોઇ કોઇ જગાએ મીઠુ પાણી ને થોડા વૃક્ષો જોવામા આવેછે આ મહારણમા વાયુના મોટા વંટોળીઆઓસાથે પુષ્કળ ઝીણી રેતી ઉડેછે તેથી કોઇ કોઇ સરખે સ્થળે રેતીના મોટા ટેકરા થઇ જાયછે, ને જ્યા રેતીના ટેકરા હોયછે ત્યા સમાન સ્થળ થઇ જાયછે રૂપાંતર કર્યા કરવું એ માયાનો સ્વભાવજ છે કોઇ વેળા આવા વંટોળીઆથી ઉંટોના ટોળાઓસાથે વ્યાપારીઓ ને તેમનાં માણસો દબાઇ જાયછે આ આફ્રિકાખંડના કિનારાના ભાગમા યુરોપખંડના લોકો તથા કેટલાક ત્યાના લોકો વસેછે આ ખંડના મધ્યભાગમા મોટા મોટા અરણ્યો ને સરોવરો છે

આ આફ્રિકાખંડના ઝાડીવાળા મધ્યભાગ માથી કેટલાક વર્ષોપૂર્વે જંગલી મનાતા માણસોને ગુલામતરીકે વેચવામાટે ગુલામો પકડવાનો ને વેચવાનો નીચ ધંધો કરનારા નિર્દય મનુષ્યો લઇ જતા હતા તેમાં સિંહ, હાથી, વાઘ દીપડા ચીતા, ને ગોરીલાનામના વાનરઆદિ ઘણા પશુઓ ને શાહમૃગ આદિ પક્ષીઓ વિચરે છે આ આફ્રીકાખંડના ઇશાનકોણમા એશિઆખંડના સમીપના ભાગ મા જે સાકડો જલમય ભાગ પ્રતીત થાયછે તેનું નામ સુએઝની નહેર છે થોડા વર્ષોથી

પહેલાં ત્યાં ભૂમિ હતી, ને તેને સુએઝની સંયોગીભૂમિ એવું નામ આપવામા આવતું હતું. તે સંયોગીભૂમિને ખોદી જો ત્યાં નહેર કરવામાં આવે તો યુરોપખંડની નૌકાઓ જલમાર્ગે એશિઆખંડમાં થોડા સમયમાં થોડે વ્યયે ને થોડે શ્રમે જઇ શકે આ વિચાર મોંન્સ્યુ ડી. લેસેપ્સનામના ફ્રાંસદેશના એક વિદ્વાન્ કારીગરને સૂઝયો, ને તેણે ઘણો પરિશ્રમ કરીને પોતાના તે વિચારને સફલ કર્યો. સદાગ્રહવાળો પ્રયત્ન મનુષ્યને કયા કામમા વિજય અપાવતો નથી! જેને કાંઠે વૃક્ષો ઉગી શકતાં નથી, ને જેમાં પ્રાણીઓ જીવી શકતાં નથી, એવું આ અત્યંત ખારા પાણીવાળું મૃતસરોવર દૂર દેખાયછે. આ તુર્કસ્તાનમાંના જેરૂસાલેમનગરની પાસેનું બેથલહેમનામનું ગામ. અહિં ખ્રીસ્તીધર્મના પ્રથમાચાર્ય શ્રીઈસુખ્રીસ્તનું સમાધિસ્થાન છે. આ અરબસ્તાનમાંના મદીનાનામના નગરની પાસે મુસલમાનોના પ્રથમાચાર્ય શ્રીમહમ્મદનું સમાધિસ્થાન છે. આ ઈરાનદેશ પીનારની બુદ્ધિનો ભંગ કરનાર ઉંચા મનાતા મદ્યને માટે પ્રસિદ્ધ છે. આ અફઘાનીસ્તાનમાંનું ગીઝનીનગર. અહિં પૂર્વે એક મહમ્મદનામનો રાજા થઇ ગયો. જેણે દ્રવ્યતૃષ્ણાને વશ થઇને ભરતખંડપર બાર વાર મોટી ચડાઇઓ કરી ત્યાંથી ઘણું દ્રવ્ય આણ્યું હતું, પણ મરતીવેલા આમાંનું કાંઇ પોતાની સાથે આવવાનું નથી એમ જાણી તે પસ્તાયો હતો. પુનઃ આપણું વિમાન ભરતખંડના પશ્ચિમ કાંઠાપર આવ્યું. આ ભગવાન્ શ્રીકૃષ્ણના નિવાસથી ને તેઓશ્રીની ચરણધૂલિકાથી પાવન થયેલી સાગરમાં નિમગ્ન થયેલી દ્વારકાપુરીની પાસેની નવી દ્વારકાપુરી. આ દ્વારકાપુરીમાં પૂજ્યચરણ શ્રીશંકરાચાર્યજીએ સ્થાપને કરેલો શારદામઠ છે. આ સામો પ્રતીત થાયછે તે ગિરનારપર્વત છે, એમ કહેવાની હવે કાંઇ અગત્ય નથી. હવે આપણું વિમાન આપણી અલકાપુરીભણી ગતિ કરેછે.

જાહેર પ્રજાને અગત્યની સૂચના.

ચોટ્યાવાળ, ફુલું, ઝાંખ, મોતીઓ, પરવાળાં અને બગતરા જેવાં અસંખ્ય દરદોને સહેતર નાશ કરી આંખને તેજસ્વી કરવા "શુદ્ધ સાચા મોતીનો સુરમો" ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે. એક વખત મંગાવી ખાત્રી કરો.

કિં૦ તોલા એકના—નં૦ ૧ લો રૂ. ૧૦) નં૦ ૨ જો રૂ. ૪) નં૦ ત્રીજો રૂ. ૧૫).

શુદ્ધ મદીનાનો સુરમો તે૦ ૧ ના રૂપીઆ ૨૯)

ઇસાજી મુલ્લાં ઇસમાલજી સુરમાવાલા એન્ડ કું૦

નંબર ૧૦૨. ઠેકાણું-કુલબજાર. જામનગર-કાઠીયાવાડ.

બનો તારક તમે ભ્રાતો!

ગઝલ—કવ્વાલી.

દિપાવો હિન્દ ભ્રાતાને, જગાવી દેશ ભક્તિને;
કરો ઉત્સાહી સર્વેને,—તમે એ આર્ય ભ્રાતાઓ!

બધા વ્હેપાર ધંધ રે, બધ મેળા ગયા છેરે;
રહ્યું ના તત્ત્વ તે માંહે,—સુધારો તેય ભ્રાતાઓ!

બધું વિદેશથી આવે, તદા સંસાર તો ચાવે;
નહિ તો આપદા વેઠે,—કરો તૈયાર તે ભ્રાતો!

હતા સૌ હુન્નરો આહી, વીરો! આ ભર્તની મહી;
વિદેશી વિશ્વ થે આહી,—ગણારે આવના ભ્રાતો!

અરે! આ ભૂમિ તેની તે, અને આ વંશ તેના તે!
અનિલ, ઋત જલાશય તે,—છતાં સ્થિતિ દુઃખી ભ્રાતો!

ત્યજી આલસ્યને બન્ધુ! વધોચો કાર્યનો સિન્ધુ!
રહે બાકી ન એક બિન્દુ!—નમાગ દેશમાટે તો!

કરો પુરુષાર્થને પ્રીતે, રહો ના કર્મ આધારે,
કરે પુરુષાર્થ તે જીતે,—અરે! આ કાજમાં ભ્રાતો!

કવિનનિ "ચન્દ્રશંકર" ની, તમારા કેર ધારેને;
દરિદ્રી દેશ સઘના ના,—'બનો તારક તમે ભ્રાતો'!

ચન્દ્રશંકર ધીરજલાલ પંડ્યા,
ઉમલ્લા.

અંત્યજનો સંસર્ગ.

(લેખક—શ્રીયુત મધુવચરામ અલવચરામ વોરા-સુરત)

આજ કાલ ગગનમાં ગાજી રહ્યો છે, દશે દિશાએ એકજ મહાનાદ-સુધારો, સુધારો, સુધારો! માત્ર ભારતભૂમિમા નહિ પણ પૃથ્વીઉપરના સર્વ દેશોમાં, રાજનીતિમાં સુધારો, કળાકૌશલ્યમાં સુધારો, કેળવણીમાં સુધારો, ધાર્મિક સુધારો, નૈતિક સુધારો, સંસાર સુધારો! અને શેમા નહિ સુધારો? કાળચક્ર જેમ જેમ આગળ ફરતું જાયછે, મનુષ્યવર્ગની સ્થિતિ બદલાતી જાયછે તેમ તેમ સર્વ વિષયમા કાંઇ કાંઇ ફેરફારો સ્વાભાવિકરીતે થયાજ કરવાના? એમા જરાપણ સંશય નથી. અને તેથી પૂર્વકાળથી ચાલતા આવેલા વિચારોને દૃઢતાથી વળગી રહેવુ એ મિથ્યા પ્રયત્ન છે. સમયને અનુસરતા થવુ એજ શાણા પુરૂષનુ કર્ત્તવ્ય છે. સત્યયુગના ધર્મ જૂદા, ત્રેતાના જૂદા, દ્વાપરના જૂદા, અને કળિના જૂદા, એમ આર્ય ઋષિમુનિઓ પોકારી પોકારીને કહી ગયા છે. એક સમયે જે ધર્મ જણાયછે તે અન્ય સમયે અધર્મરૂપે દર્શન દેછે, તેજ પ્રમાણે એકજ સમયે પણ ભિન્ન ભિન્ન સ્થિતિમાટે સમજવાનુ છે. દૃષ્ટાંત લેતાં ગૃહસ્થોનો જે ધર્મ છે તે સંન્યાસી અને પરમહંસમાટે અધર્મ છે, તેમજ પરમહંસને જે કરવાની છુટ છે તેને માટે સંસારીને નિષેધ છે. ત્યારે પ્રશ્ન એ ઉઠેછે કે ધર્મ આદિ, અનાદિ, નિર્વિકારી, કહેવાય છે તે કેમ હોઇ શકે? ધર્મના બે પ્રકાર છે એસ્વરૂપે તેનાં દર્શન થાયછે, આત્મિક અને લૌકિક. આત્મિક સદાસર્વદા નિર્વિકારી એકજ છે અને જેમાં ફેરફાર થાયછે તે લૌકિક છે. યુગના રૂપને અનુસરતો જે ધર્મ છે તે લૌકિક છે જેને સનાતન ધર્મ કહેવામાં આવેછે તેનાં લક્ષણ નીચે પ્રમાણે છે.

યો ધર્મ સર્વકાલેષુ સર્વ દેશેષુ ચાવ્યયઃ।
સર્વત્ર ચૈકરૂપશ્ચ સમભાવઃ પરોદયઃ ॥
નિત્યોઽચ્યુતો નિર્મલશ્ચ સર્વલોકસુખાવહઃ।
સર્વેષ્ટ્યો બ્રહ્મમૂલ. સ ચ ધર્મ સનાતનઃ॥

સર્વ દેશ અને સર્વ કાળને વિષે સર્વત્ર અને સદાય એકજ નિર્વિકારીરૂપે હોય તેજ સનાતન ધર્મ.

જ્યારે મનુષ્યજાતિ પૃથ્વીઉપર પ્રથમ પ્રગટ થઇ ત્યારે તેની બાલ્યાવસ્થા હતી, તેનું કર્ત્તવ્ય શું, તેણે કયે માર્ગે પ્રયાણ કરવાનું છે, અંતે કયે સ્થળે જવું છે, તેવિષે તે કેવળ અજ્ઞાન હતી અને તેથી તેને ગુરૂની, શિક્ષણ આપનારાની આવશ્યકતા હતી, અને તેથી દૈવી પુરૂષના અવતારનો સંભવ હતો. પ્રથમ મનુ ભગવાનને કહેવા છે તેનું કારણ એજ છે. પ્રજાના અધિપ, રાજા તેજ છે તે મનુષ્યજાતિને માટે નિયમ બાંધેછે. આવા દૈવી પુરૂષોની સંકુચિત દૃષ્ટિ હોતી નથી. તેઓની દીર્ઘદૃષ્ટિમાં ભવિષ્ય સમાયેલું છે. ઘણી પ્રજા-

તે સુજ્ઞજન વિચારી લેશે. આમ કરવાથી રંગ પણ બદલાતો નથી અને પરમાણુ પણ બદલાતાં નથી. જે અધિકાર પિતૃ અને દેવતાનો છે તે અધિકાર છીનવી લેવાનો આ વ્યર્થ પરિશ્રમ છે. પરમાણુની સ્વચ્છ શુદ્ધતા, અને વર્ણ અથવા રંગનો વિચાર કરવાની કેટલી અગત્ય છે તે શું કહેવાની જરૂરછે? મરકી અને બીજા ચેપી રોગોના સંબંધમાં કવારન્ટાઇનનો ચાલતો નિયમ જગજાહેર છે. અસ્પૃસ્યતાનો આ નિયમ સામ્રત સમયમા ખ્રિસ્ત વર્ષથી પ્રસિદ્ધ થયેલો છે, પણ ભારત વર્ષના પૂજ્ય, હજારો વર્ષ ઉપર થઇ ગયેલા મહાન ઋષિ મુનિઓને તે અજ્ઞાત નહોતો, એમ પૂર્વથી પળાતી આવેલી સૂતકની પધ્ધતિ પ્રગટ રીતે દર્શાવી આપેછે. બીજા માણસના અમે તેવાં ઓજનો સ્પર્શ નહિ થાય તેને માટે સ્વામીને બદલે નમસ્કાર હતા અને છે નમસ્કાર કરનાર સામાના અંતરમા જે ખરૂ તત્વ રહેલું છે તે ઓળખેછે એમ બતાવી આપે છે. અરે એટલુજ નહિ પણ એ પરમ તત્વની મહત્તા અને તેનુ પૂજ્યપણુ સ્વીકારવામા આવેછે, સામી વ્યકિતની સ્થિતિ તેના વિનાશિ, વિકારી દેહનો વિચાર નમસ્કારકર્તા કરતો નથી પણ પોતાનામા જે દિવ્ય અંશ રહેલો છે તેજ અંશ સામામા રહેલો છે એમ તે માને છે, અહિં તિરસ્કાર નથી પણ પૂજ્યભાવ છે, મોટાપણુ નાનાપણુ નથી પણ સમાનતા છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામા પાચમા અધ્યાયના ૧૮ મા શ્લોકમા શ્રીકૃષ્ણભગવાનનુ વચન છે કે—

વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ।
શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતા સમદર્શિન. ॥

બ્રાહ્મણ, હાથી, ગાય, કુતરો, ચાંડાળ, સર્વને ભલી સમના રાખવાનુ આ શિક્ષણ છે. કેમકે સમષ્ટિ રૂપ ઈશ્વરનાં એ સર્વ અંગ છે. અહિં સમભાવ રાખવાનો કહ્યો છે અને ભાવ માનસિક દેહમાં રહેલો છે.

સિંહ, વાઘ, વરૂ, ગાય, બેટા, બકરાં, પશુવર્ગમાં છે. પશુયોનિ તો એકજ છે, પણ સિંહ વ્યાઘ્રને ગાય કેમ કરી શકાશે? વનસ્પતિયોનિમાં પણ સમાનગુણવાળા વૃક્ષની કલમો કરવામાં આવેછે, અસમાનની થઈ શકતી નથી.

ચાલતા સમયમાં કહેવાતા સુધારકો વારંવાર વિશ્વામિત્ર ઋષિનું દૃષ્ટાંત આગળ કરીને કહેછે ક્ષત્રિય વર્ણમાંથી બ્રાહ્મણ વર્ણમાં તે ગયા હતા તે ઉપરથી નીચલા વર્ણનો મનુષ્ય ઉપલા વર્ણમાં જઇ શકે છે, એમ સિદ્ધ થાય છે, અને પૂર્વે તે પ્રમાણે બનતું તેનુ એ સબળ પ્રમાણ છે વિશ્વામિત્ર ઋષિની કથા શ્રીરામાયણ અને પુરાણોમાં વિસ્તારથી વર્ણવેલી છે એક મુજબ એ ગ્રંથો કપોલકલ્પિત, નહિ ભરૂંસા રાખવા જેવા, અને બીજે મુજબ તેને બનવા પ્રમાણ રૂપ મુકવામાં આવે છે. જો આપણે પુરાણોને આધારરૂપ ગણવા ઇચ્છીએ તે તેમાનો અગત્યનો ઘણો ભાગ પડતો મુકીને બાકીનો આગળ કરી તેને નિરાળો લાવી સ્વતંત્ર સ્વીકારાવવા માગીએ એ પ્રપંચ અથવા યુકિતને માટે શું કહેવું? વિશ્વામિત્ર કઠણ મહાન પરિશ્રમે બ્રહ્મર્ષિ થયા એ વાતને શા માટે ધ્યાનમાં

રાખતી નહિ જોઇયે? પણ વખતે હલકા વર્ણનુ તેમણે તપ કરતુ હતું પ્રથમ તપશ્ચર્યાને અંતે તે મહર્ષિ થયા, બીજા તપવર્ધન અંતે રાજર્ષિ અને ત્રીજાને અંતે બ્રહ્મર્ષિ અહિં ત્રણની સંખ્યા કથન કરેલી છે, તેમા ગૂઢ અર્થ સમાયેલો છે વળી તપના વર્ષોની સંખ્યા લેતા એક જીવન અથવા જીંદગી જણાતી નથી તે ઋષિ ક્ષત્રિયના સર્વ ધર્મ પરિપૂર્ણ પાળીને મહાન પ્રયાસે બીજા જન્મમાં મહર્ષિ થયા, ત્યારપછીના જન્મ રાજર્ષિ અને તેની પછી બ્રહ્મર્ષિ થયા અહીં પણ ક્રમે ક્રમે ચડવાનુ શિક્ષણ છે અનિજ વનસ્પતિ, પશુ અને મનુષ્ય એમ ચાર યોનિમા જીવની ગતિ છે અને તેમા ક્રમે ક્રમે પસાર થવાય છે અનિજ યોનિમાથી બહાર આવી પશુ કે મનુષ્ય યોનિમા જવાતુ નથી

ઈશ્વરેચ્છાને આધીન દેવતાઓ જીવોને ભિન્ન ભિન્ન વર્ણોમા જન્મ આપે છે, તો વર્ણ પલટવાનો પ્રયત્ન ઈશ્વરેચ્છાથી વિરુદ્ધ વર્તન છે એવુ પ્રયત્ન શું એમ નથી દર્શાવતુ કે તે પ્રયત્નકર્તા ઈશ્વરના કરતા વિશેષ જ્ઞાન અને ડહાપણ ધરાવે છે? આ અભિમાન તે કેવુ?

ચાર વર્ણઉપર સકળ જગતની વ્યવસ્થા ચાલી છે એ વાત નિશ્ચય છે એ ચારને વિષે પરસ્પર કેવો સંબંધ રહેવો જોઇયે એજ મુખ્ય પ્રશ્ન છે અત્યજ વર્ગ ચાર વર્ણથી બહાર છે તેઓની સ્થિતિ દયાજનક છે અને તેને સુધારવાની અતિ આવશ્યકતા છે તે નિર્વિવાદ છે તેઓને કેળવણી આપવી, સ્વચ્છતા-પવિત્રતા, નીતિ ધર્મના નિયમો શિખવવા, કર્તવ્યોશ્રવણ જ્ઞાન આપી તેમાને સારા ઉદ્યમમા અને ઉદ્યોગમા જોડવા એ પ્રત્યેક મનુષ્યનુ કર્તવ્ય છે નવીનને બદલે જુના સાધન અપાય તેઓમાં બળસિંચન થતા પોતાના બળવડે, સ્વપરાક્રમે તેઓ ઉચી પંક્તિમા જન્મને બેસવે આપસમાન બળ નહિ અને મેળસમાન જળ નહિ, પોતાના બળવિના સ્વર્ગે જવાતુ નથી આ વાત ધ્યાનમા રાખજો અત્યજોને અડવાથી-તેઓને ભેટવાથી તેઓની સાથે ભોજન લીધાથી તેઓનુ કલ્યાણ થતુ નથી પશ્ચિમના પવનથી ઝપટાયલા મનુષ્યો આ પ્રમાણે કરવામા મોટુ પરાક્રમ માનતા હોય એમ સમજાય છે પશ્ચિમ પ્રદેશની રીત ભાતનુ અનુકરણ કરતુ તેનેજ તેઓ સુધારો જોખે છે, પરંતુ ત્યાની સર્વ પ્રજાની સ્થિતિનુ અને સર્વ પ્રકારના વહેવારોનુ તેમને સંપૂર્ણ જ્ઞાન હોય એમ જણાતુ નથી તે દેશમાંથી કોઇ અમીર અથવા મોટા ઉચા વર્ગનો વેપારી ત્યા જેને ઝક કહેવાય (Snuper) કહે છે તેની સાથે સંસર્ગ રાખશે? કરી નહિ તેનાથી તે સદાય વેગળોજ રહે છે નીચા વર્ગોની સુધારણા ઘટતા પગના ભરવા એ પ્રયત્ન કામ છે પણ બાલણ અત્યજનો સંસર્ગ રાખતો તેથી બાળણ બાળણ મટી ને અત્યજજનો બાપ છે અને અત્યજ બાળણ થતો નથી પણ તે ઉચા વર્ગના જીવોને બાટમા પડતુ તો સહેલું છે પણ નીચેથી ઉંચે ચડવુ કઠિન છે અંત્યજોમાંથી સંસર્ગ રાખવાથી બાળણ બનવા જોઇએ છે, કદાચ તેઓનો સ્પર્શ દોષવાળો સમ-

જતા નથી કોઇક તેઓ સાથે અથવા તેઓએ આણી આપેલી ચાહ પિયે છે પણ હજી સુધી કોઇએ એવી આવવા જવાનો વ્યવહાર રાખ્યા એમ બનવામાં આવ્યું નથી પોતાની માન્યતા પ્રમાણે વર્તન કરવામાં જેઓ આંચકો ખાય છે અને તેથી પોતાના જેવા બીજાઓને યુક્તિ પ્રયુક્તિથી બનાવવા માગે છે તેઓનામાં નૈતિક હિમ્મતની ખામી છે એમ સ્પષ્ટ રીતે સમજાઇ જાય છે ગમે તેવા માણસસાથે બેસીને ખાવાથી, ગમે તેવા માણસની છોકરીસાથે અથવા તેના છોકરા સાથે લગ્ન કરવાની રૂઢિ છે એવો જો વિચાર હોય તો તે ખોટો-નુકસાનકારક છે વળી ત્યાં પશ્ચિમ પ્રદેશમાં જ્યાં જુઓ ત્યાં જેને ક્લબ (Club) મંડળ કહે છે તે ઠેર ઠેર જોવામાં આવે છે તેનું સ્વરૂપ જોતાં જણાય છે કે તેમાં અમુક વર્ગના મનુષ્યને દાખલ કરવામાં આવે છે, સર્વ લોકને નહિ આ ક્લબ સ્વરૂપ ન્યાતનુંજ જણાય છે એવા મંડળનો કોઇ સભ્ય મંડળના નિયમો નહિ પાળે તો તે મંડળથી છુટો થાય છે આ દેશના કહેવાતા સુધારકો પોતાની ન્યાતના નિયમોનો ભંગ કરી જ્ઞાતિથી તેમાં આવું રહેવાનું પ્રાપ્ત કરવામાં માન અને અભિમાન લે છે આ વર્તન કેવું શોભા આપનારું છે તે કહેવાની જરૂર નથી

પશ્ચિમ પ્રદેશોમાં ચાલતા વિવાહ અને રીવાજોનું અનુકરણ કરવાથી ભારતવર્ષની પ્રજા પોતાનું પ્રાચીન સ્વરૂપ કેવળ બદલી નાખશે એમાં જરા પણ સંશય નથી એમ થતાં એ પ્રજા સ્વતંત્ર, નિરાળી નિર્મળ પ્રજા કહીં રહેશે? અને નહિ રહેશે તો તે પરિણામ શું ઇષ્ટકારક છે? વળી હાલના સમયમાં જ્યારે સ્વરાજ્યની માગણી ચોતરફ થઇ રહી છે, જ્યારે આપણા માયાળુ કૃપાળુ નામદાર શહેનશાહ કૈસરેહિંદ બાવીસ દેશોના પ્રતિનિધિ કરી આપણને અમૂલ્ય નવા હકો આપીને સ્વરાજ્ય-સ્વપૂર્ણ સ્વરાજ્યને માર્ગે પહોંચાડે છે, જ્યારે એ મહાન્ અમૂલ્ય હેતુ સિદ્ધ કરવાને સર્વ કોઇએ હળીમળીને પ્રેમથી, એક દિલથી, સંપથી કામ કરવાનું છે ત્યારે કલેશ બીજ રોપવા જોકામાં પરસ્પર વિરોધ પાડવો એ શું ઉદ્યોગપણાનું કૃત્ય કહેવાશે?

વિશેષ એ પણ લક્ષમાં રાખવાનું છે કે અદૃશ્ય વર્ગમાં પણ ભિન્ન ભિન્ન વિભાગો છે શું ઢેડાઓ ભંગીવર્ગસાથે સંસર્ગ કરવાને તૈયાર છે? નથીજ થોડા રૂપતઉપર દેવી નિશાળમાં ભંગીને દાખલ કરવાથી તમામ ઢેડના છોકરા ઉઠી ગયા હતા નીચલા વર્ગોને પ્રથમ એકત્ર કરીને પછી ઉપર ચડાવવા જોઇએ

ચાર વર્ષ પૂર્વે હતા તેમાંથી આપ્રત સમયમાં ચારમે થોડા જોઇએ છીએ તેનું કારણ મતભેદ અને દ્વેષ છે એવા અનેક વિભાગો શોચનીય છે પ્રવૃત્તિમાર્ગનો નિયમ એકથી અનેકના છે સૃષ્ટિમાર્ગમાં એકથી અનેકની રચના દૃષ્ટિએ પડે છે એ મનુષ્યને માટે જેમ પ્રથમ પ્રવૃત્તિમાર્ગ અને પછી નિવૃત્તિમાર્ગ છે તેમજ સૃષ્ટિને માટે પણ તે બે માર્ગ છે નિવૃત્તિમાર્ગ અનેકતા ધીરે ધીરે ટળી જતા અને એકતા જળવાઇ રહેછે શ્રીકૃષ્ણભગવાને બાર વર્ષ ગોપાલ

રહેલા છે એમ કથન કરેલું છે, પણ તે ચારે એકી વેળાએ થયેલા છે એમ તેમણે કહ્યું નથી. શ્રીમદ્‌મહાભારત શાંતિપર્વના અધ્યાય ૧૮૮ ઉપરથી જણાય છે કે પ્રથમ એક વર્ણ માત્ર બ્રાહ્મણનો હતો, જેમાંથી બીજા વર્ણો ક્રમે ક્રમે થયા. એજ પ્રમાણે બૃ.ઉપનિષદમાં કથન છે. મનુષ્યજાતિના ક્રમવિકાસમાં હવે જ્યારે નિવૃત્તિમાર્ગનો પ્રસંગ આપડેલો છે તો અનેક ધીરે ધીરે ટળીને એકજ થઇ રહેશે. ઇશ્વરેચ્છાના નિયમ અચળ છે અને તેનો ભંગ કરવાને કોઇપણ શક્તિમાન નથી. જાતિભેદ અંતે જતો રહેશે એ વાત નિશ્ચય છે. પણ તે પરિણામ સાહસ અને ઉતાવળ કર્યાથી બરત આવવાનું નથી, ઉતાવળે આંબા પાકતા નથી, જ્યારે તેને યોગ્ય સમય આવેછે ત્યારેજ પરિપક્વતા થાયછે. કવીશ્વર દલપતરામ કહેછે કે—

અર્જુન સંભળાવજોજે,
ધીરે ધીરે સુધારાનો સાદ;
અર્જુન સ્નેહસહિત સંભળાવજો—
લાખ કરોડપર લાડનો,
આખો મેલીયે તો મરી જનય;
પણ ચૂકો કરી ભલગવીએ,
ખાસી રીતથકી તે ખાય.
અર્જુન સ્નેહસહિત સંભળાવજો.

મનુષ્યમાત્રના દેહ એકજ જાતનાં તત્વોથી બનેલ છે, તે સર્વના દેહમાં જે અવિનાશી તત્વ ઝળકે છે, પ્રકાશે છે, તે એકજ છે. મનુષ્ય માત્ર એકજ પિતાનાં સંતાન છે અને એ બંધુત્વભાવથી સકળાયલાં છે એ વાત નિરંતર લક્ષમાં રાખી, અંત્યજ અસ્પૃશ્યવર્ગનો આપણે કદીપણ તિરસ્કાર કરીશું નહિ. તેના પ્રત્યે અત્યંત પ્રેમભાવ રાખીને વર્તીશું, તેઓની સાંપ્રતસ્થિતિથી આપણે દિલગીરીસાથે દયા ધારીશું, તેઓને સારે માર્ગે પાડવાને આપણે પોતાનાથી બનતો પરિશ્રમ કરીશું અને તેઓને ઉંચામાં ઉંચી પંક્તિએ પદોન્નતી સાધું સુખ ભોગવવાનો સમય પરમકૃપાળુ પરમેશ્વર જેમ બને તેમ તુરત આપે એજ તે સર્વશક્તિમાનપ્રત્યે આપણા ખરા અંતઃકરણથી પ્રાર્થના કરી માગીશું.

ભારતના ઉદ્ધારમાટે અભ્યર્થના.

શાર્દૂલવિક્રીડિત.

પરમાનંદ કૃપાળુ તાત! જગના, પ્રાનદાતા પ્રભો!
તમારી દૃષ્ટિસમાન વિશ્વઉપરે, સંપૂર્ણ ન્યાયી વિભો!
જોને હે પ્રભુ! દીર્ઘકાલથકી આ, ભારત પીડાઇ રહ્યું,
કીધે પ્રભુ! વર્ણનું દુઃખ બહુ, રે! અંતમૂર્છા સહ્યું. ૧

હે કરુણાનિધિ! શાસ્ત્ર વેદ સઘળાં, તમારી કથા ગાયછે,
શું આ સર્વ મુનિવરો ભણી ગયા, તે વ્યર્થ દેખાયછે,

હે પરમાત્મન્! પ્રભુ હે જગપતિ! જો હો દયાળુ અતિ,
તો શા કારણથી પતિત જનનો, ઉદ્ધાર કરતા નથી? ૨

આહા! ભારતભૂમિ જે અખિલમા, સુવર્ણથી શોભતી,
વિદ્યા-ચતુરજ-લક્ષ્મી-ધાન્યથકી જે ઉભરાઇ જતી હતી,
રે! રે! ભારતભૂમિ આ જગતમા, ભૂખે પીડાતી દિસે,
આજે તે સંતાનને અરરરે! મૂઠી ચણા ના મળે ૩

આહા! ભારતભૂમિનાં ગૃહ બધા માણિક્ય રત્ને ભર્યા,
શોભે રત્નજડ્યુંના દીપ બધે, સંપૂર્ણ ઉજ્જસમા,
તે આ ભારતભૂમિના ગૃહદિને, અંધાર વ્યાપ્યો અરે!
આજે હાય! અભાગી દીનજનને, ના તેલ પૂરૂ મળે ૪

આર્યો સર્વ વૃધિથી જગતમા સમૃદ્ધિવાળી હતા,
આહા કામદુઘાસમી વૃધિથી, ધનધાન્ય સૌ પામતા,
કિન્તુ આ દુર્દૈવના સમયમા, નિર્માલ્ય ખેતી દિસે,
આજે હાય! અભાવ વૃષ્ટિજલનો, સંપૂર્ણ દુઃખી કરે ૫

વિદ્યા-ચતુર-શક્તિ-જ્ઞાન-ધનનો, યાન્ત્રિક કૌશલનો,
આજે નાશ થયો પ્રભુ! અરરરે! વણિજ્ય વ્યાપારનો,
રિદ્ધિથી ભરપૂર ભારતજનની, આજે દશા તો જુઓ,
પૂરા વસ્ત્ર અનાજ હાય! ન મળે, આ દૈવનો કોપ છે? ૬

આજે ભારતવર્ષનો દિનરવિ, હા! અસ્ત પામી ગયો,
વિદ્યા-ચતુર-રિદ્ધિ-સિદ્ધિ સહુનો, રે! અંત આવી ગયો
દીનાનાથ પ્રભુ દુઃખે હૃદ થઇ, ધારો દયા અંતરે,
શિક્ષા જે દુષ્કર્મની યથીનટે, તે ભોગવી છે અમે ૭

ફેરો ભારતવાસીના હૃદયમા સ્વમાત સદ્ધર્મને,
આપો હે અખિલેશ! આર્યજનને, સૌજન્ય સત્કર્મને
પામે ભારતવર્ષ આ અખિલમા, સંપૂર્ણ અભ્યુદય,
યાવચ્ચંદ્રદિવાકરૌ સુખતણો, ના હો કદીએ લય. ૮

નલિનીકાન્ત.

ધર્મપ્રચારક દર્શન.

લેખક—શ્રીયુત જેસંગ ભાવજી ચૌહાણ-કરાંચી

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जन शलाकया । चक्षुरुन्मीलित येन तस्मै श्रीगुरवे नम. ॥१॥

આ બ્રહ્માંડમાં બે પ્રકારની ક્રિયાઓ દેખાય છે; જડક્રિયા અને ચેતનક્રિયા ચેતનક્રિયા વિદ્યા અર્થાત્ ઈશ્વરનુ રાજ્ય અને જડક્રિયા અવિદ્યા અર્થાત્ ઈશ્વરથી વિમુખ અધિકાર છે. જડસત્તા સ્થાવર પદાર્થથી લઇને મનુષ્ય સિવાયના સર્વ જીવોપર છે, કારણ કે મનુષ્ય સિવાયના અન્ય સર્વ જીવો પ્રકૃતિને આધીન થઇ ચાલે છે, તેમના ગમન કરણ ઉપર પ્રકૃતિની પૂર્ણ સત્તા રહેલી હોવાથી, તેઓ પ્રકૃતિપ્રતિકૂલ પોતાની બુદ્ધિદ્વારા કઇ પણ નવીન કાર્ય કરી શકતા નથી પરન્તુ મનુષ્યયોનિનો અધિકાર ચેતન રાજ્ય સુધી હોવાથી તે પોતાની બુદ્ધિપર પોતાની સત્તા ચલાવી બુદ્ધિની સહાયતાથી યથાશક્તિ નવીન કાર્યો કરવામા સમર્થ થઇ શકે છે અને સાધનસંપન્ન થઇ તે પોતાના પુરૂષાર્થદ્વારા ઉન્નતિ પ્રાપ્ત કરી ઈશ્વરસાક્ષાત્કાર કરી મુક્તિપદ પ્રાપ્ત કરી શકે છે

ચોરાશી લક્ષ યોનિમાથી ફક્ત મનુષ્ય સિવાયના સર્વ જીવોમા અજ્ઞાનનો અંશ (પ્રકૃતિની સત્તા) અધિક હોવાથી તે સર્વ જીવો ધર્મવિચારના અધિકારી નથી, પરન્તુ સૃષ્ટિક્રિયાના અવિરોધી નિયમને આધીન રહી જીવ ક્રમશઃ ઉન્નત યોનિને પ્રાપ્ત કરતો ક્રમે કરીને મનુષ્યયોનિસુધી પહોચી ધર્મવિચારનો અધિકારી બની શકે છે.

ઉદાહરણદ્વારા—જેમકે કોઇ મનુષ્ય પુર વહેતી નદીમા ડુબતો હોય ત્યારે એક વખત તો તે નદી તેને જલ ઉપર લાવી મૂકે છે તે સમયે જો તે મનુષ્ય કંઇ પણ પુરૂષાર્થ કરી તરી પાર ઉતરે તો તે અવશ્ય બચી જાય છે, પરન્તુ જો તે બુદ્ધિહીન હોય તો તે ગભરાઇ જઇ પુન ડુબી મરે છે

એ રીતે જીવપર કૃપાનરા થઇ પ્રકૃતિ માતા તેને એક વખત મનુષ્યયોનિસુધી પહોચાડી ધર્મનો અધિકારી કરેછે, પછી પુરૂષાર્થ કરી મુક્તિ મેળવવી મનુષ્યના હાથમા છે આ વિચારથી શાસ્ત્રકર્ત્તાઓએ સિદ્ધ કર્યું છે કે કર્મના સાધનદ્વારા મનુષ્ય વગરખટકે ઉન્નત થઇને મુક્ત થઇ જાય તે કર્મોનું નામ ધર્મ અને જે કર્મોદ્વારા મનુષ્ય બચવા અટકી જાય અથવા બંધનની અધિકતા પ્રાપ્ત થાય તે કર્મોનું નામ અધર્મ.

ધર્મનો પ્રચાર કરવો તે કાર્ય ધર્મપ્રચારકોનુ છે અને તે પ્રચારદ્વારા અધિકારાનુસાર ઉપદેશ આપી સૃષ્ટિના જીવોનુ કલ્યાણ કરવુ તેનો મુખ્ય ધર્મ છે.

જગતના ઇતિહાસનું અવલોકન કરવાથી એમ સિદ્ધ થાય છે કે જે જે ધર્મપ્રચારકમહાત્માઓએ ધર્મ-સ્થાપન, ધર્મ-સંરક્ષણ અને ધર્મ પ્રચાર[1] કર્યો છે, કરે છે અને કરશે તે

---

૧ પ્રચાર શબ્દનો અર્થ અગ્રે પ્રકટ કરેલો છે.

સર્વને ત્રણ ભાગમાં વિભક્ત કરી શકાએ કીએ જ્ઞાની, સાધક અને પંડિત.

૧ જ્ઞાની ધર્મપ્રચારકનું સામાન્ય લક્ષણ. જ્ઞાનદૃષ્ટિદ્વારા ધર્મને અદ્વિતીયથી આરંભી અંતર લક્ષ સુધી જોઇ લીધો હોય અને સકળ સમયમાં ધર્મના સાર્વભૌમ ભાવનો પ્રચારક હોય તે, તેમાં શ્રીકૃષ્ણ શ્રીવેદવ્યાસ અને પૂજ્ય આર્ય મહર્ષિઓની ગણના થાય. જ્ઞાની ધર્મપ્રચારકમા વિશેષતા એ છે કે જેમાં જ્ઞાનનો પૂર્ણ વિકસ હોવાથી એમનો ઉપદેશ સર્વ સંપ્રદાય, સર્વ ધર્મમાર્ગોને હિતકર છે અને એના પાલનદ્વારા સકલ પ્રકારના અધિકારીગણને અધિકારાનુસાર કલ્યાણપ્રદ છે

૨ સાધક ધર્મપ્રચારકના સામાન્ય લક્ષણ સાધનદ્વારા ભગવત્‌ના અનંત ભાવરાજ્યોમાંથી અમુક અમુક ભાવરાજ્યમા વિચરનાર, પોતપોતાના અનુભવેલા ભાવોમા ઉપદેશદ્વારા ધર્મરાજ્યના અમુક અમુક અંશનો ઉદ્ધારક હોય તે. તેમા વૈષ્ણવ શૈવ, શાક્ત આદિ ઘણા સંપ્રદાયોના આચાર્યોની ગણના થાય છે. સાધક ધર્મ પ્રચારકગણમા વિશેષતા એ છે કે તે મહાપુરુષોદ્વારા અમુક અમુક સમયે ધર્મના વિશેષ વિશેષ અંશનો ઘણી સારી રીતે ઉદ્ધાર થાય છે અને સાથે ઘણા જીવોનું કલ્યાણ પણ થાય છે, પરન્તુ આ પ્રચારકના ઉપદેશમાં એટલી ન્યૂનતા નજરે પડે છે કે તેથી ધર્મના સાર્વભૌમભાવનો સંકોચ થાયછે તેથી તેને એકદેશવાદી પણ કહી શકાય.

૩ પંડિત ધર્મપ્રચારક જે ત્રિકાળદર્શી જ્ઞાની નથી, કે નથી ભગવત્ ભાવગ્રાહી સાધક; માત્ર કેવળ વિદ્વાના બળથી શાસ્ત્રકથિત ધર્મનો પ્રચારક હોય તે અને તેના પણ ત્રણ વિભાગ નીચે પ્રમાણે થાય છે:—

૧ ઉત્તમ પંડિત ધર્મપ્રચારક કે જેની પ્રવૃત્તિ બીજાના મતોનું ખંડન કરવાપૂરતી ન હોય પણ સર્વ સંપ્રદાયસમુદાય, શાસ્ત્રના યથાર્થ તાત્પર્યને સમજે એવી હોય, તે શાસ્ત્રજ્ઞ સર્વ હિતકર છે આથી તેનું કર્મ ધર્મરાજ્યની ઉત્તમ પ્રજાઓને તેના અધિકારાનુસાર માર્ગ દેખાડી, ભક્તિપદનો ઉપદેશ આપે છે.

૨ મધ્યમ પંડિત ધર્મપ્રચારક ન્યાયપૂર્ણ યુક્તિદ્વારા બીજાના મતને પોતાના મતમાં મેળવીને પોતાને આધીનમતાવલંબી કરે તે. આનાથી દાંભિકતા અને સાંપ્રદાયિક વિરોધ વધવાનો સંભવ છે.

૩ અધમ પંડિત ધર્મપ્રચારક પ્રબળ તર્ક યુક્તિદ્વારા બીજાના ધર્મમતનું ખંડન કરે છે, પરન્તુ જીવોના ઉપકારાર્થ કોઇ એક માર્ગ ન બનાવી શકતા હોય તે. આનાથી નાસ્તિકતા, અશાંતિ અને અધાર્મિકતા વિસ્તરવા સંભવ છે.

ઉપર પ્રમાણે વિચાર કરતાં સત્ અર્થાત્ બ્રહ્મ અને અસત્ અર્થાત્ આ માયારાજ્ય રૂપી સંસાર એ બન્નેના વિશેષ રૂપને જાણી સત્ પંથમા સ્થિત રહેનાર ઉપદેષ્ટા, ગુરુ અથવા તો ધર્મપ્રચારક ગણાય છે

પરન્તુ કોઇ કોઇ સ્વદેશહિતૈષી વિચારકગણો એવું કહેવા લાગ્યા છે કેજ્યાં સુધી ભારતવર્ષમાં અનેક નાના પ્રકારના સંપ્રદાયો છે ત્યાં સુધી એક પ્રકારના ધર્મનો ઉપદેશ કેમ થઇ શકે? પરન્તુ સ્થિર બુદ્ધિથી વિચાર કરતા એમ સિદ્ધ થાય છે કે અગર કેટલા પણ ધર્મસંપ્રદાયોનાં બહિર્લક્ષણ ભિન્નભિન્ન

હોય અને એક બીજા સંપ્રદાયોનો આચાર પણ મળતો ન હોય, તો પણ ધર્મની ગતિ સર્વ સંપ્રદાયોમાં એકજ પ્રકારની થશે. કારણ કે બહિઃસાધનના ભુદાપણાસાથે અંતઃકરણની ધર્મવૃત્તિઓમાં સર્વ સંપ્રદાયો ભિન્નતા ન ધરાવતાં એક મત બહણ કરી શકે છે.

મહારાજ યુધિષ્ઠિરની સત્યપ્રિયતા અને સહિષ્ણુતા, દેવવ્રતની દૃઢપ્રતિજ્ઞતા, લક્ષ્મણનો ભ્રાતૃભાવ અને જિતેન્દ્રિયતા, સાવિત્રી અને સીતાનું સતીત્વ, મહર્ષિ વસિષ્ઠની શાન્તિ અને ક્ષમા, ભીષ્મપિતામહનો ત્યાગ, શુકદેવજીનો વૈરાગ્ય અને દેવર્ષિ નારદની ભગવદ્ભક્તિ કયા સંપ્રદાયને પ્રિય નથી થઇ શકતી?

આપણા દેશમાં સંપ્રદાયોની વાત બાજુ પર રાખતાં, સમસ્ત પૃથ્વીપર જેટલા ધર્મ-સંપ્રદાયો ઉપસ્થિત છે તે સર્વે એ પ્રકારની આંતરિક વૃત્તિની ઉન્નતિમાં પ્રશંસા કર્યા વિના રહી શકતા નથી, માટે ધર્મપ્રચારકગણ સાર્વભૌમ દૃષ્ટિ રાખી જીવોના ઉદ્ધારનો પંથ બતાવતા રહે તો કોઇ પણ વખતે કોઇ પણ સંપ્રદાયને ક્લેશ અથવા કોઇ પણ અધિકારીને હાનિ થવાનો સંભવ નથી અને જ્ઞાનભૂમિના તારતમ્યથી અધિકાર વિરહ હોવા છતાં તેનો ઉપદેશ સર્વ જીવહિતકારી છે.

— સાભિપ્રાય સ્વીકાર. —

સ્વામી રામતીર્થનાં વચનામૃતો—પ્રકાશક ત્રીકમલાલ સાંકળચંદ, તંત્રી-ભાવસાર સુબોધક અમદાવાદ. પ્રખ્યાત સ્વામી રામતીર્થનાં નામથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે મન. વાણી અને વર્તનમાં ઉચ્ચભાવથી ભરેલી સમાનતાવાળા આ મહાપુરૂષનાં ઉપદેશાત્મક વચનો ખરેખર અમૃતરૂપજ છે. મૃતદશાને દૂર કરવાનાં સાધનરૂપ છે. એક એક વચનામૃતના વિશેષ વ્યાખ્યાનમાટે બહાના મોટા નિબંધો લખી શકાય એવી મહત્તાવાળાં ૫૦૪ વચનામૃતોનો આમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. આ સંગ્રહ પ્રત્યેક મનુષ્યે નિત્યપાઠ કરવા યોગ્ય છે.

હૃદયમન્થન—લેખક કલ્યાણજી વિઠ્ઠલદાસ મેહેતા-સુરત. દેશના વર્તમાન વાતાવરણમાં વિશેષ પ્રકાશમાં આવેલા વિષયો તેમજ નીતિ વગેરે સામાન્ય વિષયોપર પણ તેના નામ પ્રમાણે ઉંઘતા હૃદયને જાગ્રત કરી દે એવી કવિતાઓને લીધે આ પુસ્તક ગુજરાતી કાવ્ય પંક્તિમા સારા સ્થાનપર આવે એવું છે અને સ્વ. ભાઇ રણછોડભાઇ દાદાભાઇ મહેતા બી. એ. જેમણે ગુજરાતી સાહિત્યની સેવા બજાવવામાં સારો હિસ્સો આપ્યો છે તેમને આ પુસ્તક અર્પણ કરવામાં આવ્યું છે તે પણ યોગ્યજ છે.

બુદ્ધિપ્રકાશ—વસુ વર્ષથી ચાલુ આ ગુજરાતીય માસિક પત્ર જાતિ સુધારણાનાં તેમજ સામાન્ય સાહિત્યના વિષયોથી અલંકૃત થઇ સમાજ સેવામાં પ્રવૃત્તિ કરી રહ્યું છે. અમો એના વધતી ચાલુ સફળતા ચાહીએ છીએ.

મનોવૃત્તિ.

અનુવાદક—શ્રીયુત વિદ્યાર્થી ભીમાશંકર શર્મા-પોરબંદર.

બન્ધાય વિષયાસગિ મુક્તૌ નિર્વિષય મન । મન એવ મનુષ્યાણા કારણ બન્ધમોક્ષયો ॥

મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ કેવળ તેમનું મનજ છે મનને યદિ અનુકૂલ માર્ગમા લઇ જવામા આવે તો તે મુક્ત અને પ્રતિકૂલ પથમાં લઇ જવામા આવે તો બંધ જાય છે. મનની આ વિચિત્ર શક્તિને જોઇને એમ કહી શકાય છે કે આ અનાદિ તથા અનન્ત બ્રહ્માંડરાજ્યનું કારણ મનજ છે મનને જે વૃત્તિઓની સહાયતા વડે એની પ્રબળ શક્તિઓ પ્રાપ્ત થઇ છે, તે વૃત્તિઓ પણ ગણત્રીમા અવશ્યમેવ અસંખ્ય હોવી જોઇએ મનોવૃત્તિઓ અનન્ત હોવા છતા પણ તેમના લાભ તથા ગુણોના પરિણામનો વિચાર કરીને પ્રધાન પ્રધાન વૃત્તિઓનુ જ્ઞાન પ્રત્યેક ધર્માનુરાગી મુમુક્ષુએ મેળવવુ આવશ્યક છે, કારણ કે તે વૃત્તિઓના વિચારવડે મનુષ્ય પોતાના અંત કરણની ઉન્નતિ કરી શકે છે એ અસંખ્ય મનોવૃત્તિઓમાથી મુખ્ય મુખ્ય મનોવૃત્તિઓના સારાસારનો વિચાર પ્રસ્તુત લેખમાં કરવામા આવશે

સાધારણ રીતે મનુષ્યના અંત કરણમા ત્રણ પ્રકારની વૃત્તિઓ ઉદ્ભવતી જોવામા આવે છે અને તે આ પ્રમાણે — (૧) મૂઢ, (૨) ક્ષિપ્ત, (૩) વિક્ષિપ્ત હવે આપણે એ ત્રણે વૃત્તિઓનો કિંચિત્ વિસ્તારથી વિચાર કરીએ અંત કરણની પ્રથમ વૃત્તિને 'મૂઢ' વૃત્તિ કહેવામા આવે છે આ વૃત્તિ તમોગુણની છે, એટલે કે જ્યારે મન સત્ અસત્ના વિચારથી હીન થઇને નિંદ્રા, આલસ્ય, વિસ્મૃતિ આદિને વશીભૂત થઇને નિરકુશ માર્ગમા કિંવા લગામવિનાના અશ્વની પેરે ઉન્મત્ત થઇને કાંઇનુ માઠ કરવા લાગી જાય છે ત્યારે તે સમયની તેની વૃત્તિનું નામ મૂઢ વૃત્તિ છે એ સમયના મન સ્વાભાવિક રીતેજ અતિશય ચંચલ થઇ જાય છે બીજા પ્રકારની વૃત્તિનું નામ 'ક્ષિપ્ત' છે આ વૃત્તિ રજોગુણની છે, એટલે કે જ્યારે મન અમુક કાર્યમા નિમગ્ન થઇને બુદ્ધિની સહાયતાથી વિચારપૂર્વક પોતાના લક્ષ્યનુ સાધન કરે છે, ત્યારે તે સમયની તેની વૃત્તિનું નામ ક્ષિપ્તવૃત્તિ છે એ વેળાએ તેની સ્થિતિ અંકુશવાળા હાથીના જેવી કિંવા લગામવાળા ઘોડાના જેવી હોય છે અને તે જે કાંઇ કરે છે તે બહુ વિચારપૂર્વક કરે છે. અંત કરણની તૃતીય વૃત્તિને 'વિક્ષિપ્ત' વૃત્તિના નામથી ઓળખવામાં આવે છે આ વૃત્તિ સત્વગુણ-

આંથી ઉત્પન્ન થાય છે; એટલે કે જ્યારે મન સુખ તથા દુઃખના વિચાર અને તમોગુણની આલસ્યાદિક વૃત્તિઓ તેમજ રજોગુણની વૃત્તિઓથી રહિત થઇને સત્ત્વ ગુણની વૃત્તિઓને આધીન થાય છે ત્યારે તે સમયની તેની વૃત્તિનું નામ વિક્ષિપ્ત વૃત્તિ છે. આ વૃત્તિ સાંસારિક પ્રવૃત્તિઓમાં નિમગ્ન રહેનાર મનુષ્યોમાં ક્વચિત્ જોવામાં આવે છે અને તે અતિ અલ્પ સમય સુધી સ્થિર રહે છે. આ ત્રણે વૃત્તિઓ સર્વ મનુષ્યોમાં ગુણના ભેદને લીધે સાધારણ રીતે જોવામાં આવે છે અને મનુષ્યોના ગુણો અનુસાર તેમનું પ્રમાણ ન્યૂનાધિક હોય છે. આ ત્રણ વૃત્તિઓ સર્વ મનુષ્યોમાં સ્વભાવિક રીતે જ હોય છે પરંતુ જ્યારે મનુષ્યના ચિત્તમાં કોઇ પણ પ્રકારની [આ ત્રણમાંની] વૃત્તિ ન ઉદ્ભવે ત્યારે એ અવસ્થાને ચિત્તની નિરુદ્ધાવસ્થા કહેવામાં આવે છે; અને એજ યોગનું લક્ષ્ય છે. આ નિરુદ્ધાવસ્થાને પ્રાપ્ત કરવામાટે શાસ્ત્રોમાં જે ઉપાયો બતાવવામાં આવ્યા છે તે ઉપાયોમાંનો એક ઉપાય એકાગ્ર વૃત્તિ પ્રાપ્ત કરવાનો છે. આ વૃત્તિ ચિત્તની સ્વાભાવિક વૃત્તિઓ કરતાં સર્વથા ભિન્ન પ્રકારની વૃત્તિ છે અને કોઇ સદ્‌ગુરૂના ઉપદેશ અનુસાર આચરણ કરવાથીજ આની સાધના કરી શકાય છે. જ્યારે ચિત્તમાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રણ પદાર્થો સિવાય બીજો પદાર્થ કાંઇ પણ નથી રહેતો, ત્યારે ધ્યાનની પ્રબળતાથી ધ્યેય પદાર્થમાંજ ધ્યાતાનું લક્ષ્ય સ્થિર થવાથી આ વૃત્તિ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે ક્ષિપ્ત, વિક્ષિપ્ત અને મૂઢ એ ત્રણ સાધારણ વૃત્તિઓ અને એકાગ્ર તથા નિરુદ્ધ એ બે અસાધારણ વૃત્તિઓ મળીને અંતઃકરણની પાંચ વૃત્તિઓ થાય છે. પરંતુ પ્રથમની ત્રણ વૃત્તિઓ તો પ્રત્યેક મનુષ્યમાં કોઇ પણ પ્રકારના વિશેષ પરિશ્રમ વિનાજ વારંવાર ઉદ્ભવતી જોવામાં આવે છે; જ્યારે છેલ્લી બે વૃત્તિઓ સદ્‌ગુરૂના સદુપદેશની સહાયતાથી વિરલ મુમુક્ષુ સાધકોનેજ પ્રાપ્ત થાય છે, એ ભૂલી જવાનું નથી. એકાગ્ર વૃત્તિ સાધન અવસ્થાની છે અને નિરુદ્ધવૃત્તિ સિદ્ધ અવસ્થાની છે; આજ નિરુદ્ધ વૃત્તિની અવસ્થામાં સાધકને સમાધિની પ્રાપ્તિ થાય છે.

સૂક્ષ્મદર્શી યોગીજનોએ જાતિઓના વિચારથી વૃત્તિઓના પાંચ વિભાગ પાડ્યા છે. તેમનાં નામ આ પ્રમાણે છે; પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા, અને સ્મૃતિ. પ્રથમ એટલે પ્રમાણ વૃત્તિને મહર્ષિ પતંજલિએ પુનઃ ત્રણ વિભાગમાં વિભક્ત કરી છે. પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાન પ્રમાણ અને આગમ પ્રમાણ. જ્યારે જ્ઞાનેન્દ્રિયોની સાથે કોઇ વસ્તુનો પ્રત્યક્ષ સંબંધ થાય અને જ્ઞાનેન્દ્રિયો એ વસ્તુનો સાક્ષાત્ અનુભવ કરે, ત્યારે તેને પ્રત્યક્ષ પ્રમાણ કહેવામાં આવે છે. દૃષ્ટાન્ત તરીકે ચક્ષુઓ સમક્ષ દૃષ્ટિગોચર થતો દીપકનો પ્રકાશ. જે વસ્તુનું પ્રથમ જ્ઞાન થયેલું હોય અને તેનાં લક્ષણો પણ જાણવામાં આવ્યાં હોય, પણ બીજી વાર કેવળ તેનાં લક્ષણોજ જોવામાં આવે તો તે પરથી તે વસ્તુનું અ-

ઉદ્ભવથી અંતઃકરણને દુઃખ થાયછે તે પા પજનક વૃત્તિઓ 'નિકૃષ્ટ' વૃત્તિઓ કહેવાય છે જેવી કે હિંસા, દ્વેષ, ક્રોધ ઇત્યાદિ જે વૃત્તિઓના ઉદ્ભવથી અંતઃકરણને સુખ પ્રાપ્ત થાયછે તે પુણ્યજનક વૃત્તિઓનું નામ 'અકૃષ્ટ' વૃત્તિઓ છે જેવી કે વૈરાગ્ય દયા, સરલતા ઇત્યાદિ પરંતુ એ ઉભય પ્ર કારની વૃત્તિઓની અવસ્થા એવી છે કે જ્યારે નિકૃષ્ટ વૃત્તિઓ ઉદ્ભવે છે ત્યારે અ કિનષ્ટ વૃત્તિઓ દબાઇ જાયછે, અને જ્યારે અકિનષ્ટ વૃત્તિઓ ઉદ્ભવે છે ત્યારે નિકૃષ્ટ વૃત્તિઓ દબાઇ જાયછે એટલા માટેજ જે મનુષ્યોના અંતઃકરણોમાં નિકૃષ્ટ વૃત્તિઓ વિશેષ સંખ્યામાં ઉદ્ભવે છે, તે મનુષ્યો પાપી કહેવાય છે પરંતુ જ્યારે મુક્તિના પંથમાં વિચરણ કરવું પડે ત્યારે નિકૃષ્ટ વૃ ત્તિઓને તો દબાવવીજ પડશે કિન્તુ અકિનષ્ટ વૃત્તિઓને પણ પર વૈરાગ્યની સહાયતાથી દ બાવવી પડશે, કારણ કે મોક્ષના માર્ગમાં તો એ ઉભય વૃત્તિઓનો લય થવો જોઇએ નિકૃષ્ટરૂપી તામસ વૃત્તિઓ।। અવલંબનથી જીવોની અધો ગતિ થાયછે અને અકિનષ્ટ રૂપી સાત્વિક વૃત્તિઓના અવલંબનથી જી વોની ક્રમોન્નતિ અર્થાત્ ઉર્ધ્વ ગતિ થાયછે એ ઉભય પ્રકારની વૃત્તિઓનું ગીતા શાસ્ત્રમાં આસુરી સંપત્તિ અને દૈવી સંપત્તિના નામથી શ્રીભગવાને વર્ણન કર્યું છે નિકૃષ્ટ વૃત્તિઓ પાપપૂર્ણ છે અને અકિનષ્ટ વૃ ત્તિઓ સાક્ષાત્ પુણ્યફળને આપનારી છે એજ બે વૃત્તિઓના ભેદથી કદાચાર, સદાચાર, પાપ પુણ્ય અને ધર્મ અધર્મ આદિનો શા સ્ત્રોમા વિચાર કરવામા આવ્યો છે પુણ્યા ત્મા જનો, સાધુ તથા ધર્મપ્રેમી મનુષ્યો અત્યંત પરિશ્રમપૂર્વક પાપજનક નિકૃષ્ટ વૃત્તિ ઓને પુણ્યજનક અકિનષ્ટ વૃત્તિઓથી નિરંતર દબાવ્યા કરેછે અને ધીમે ધીમે એવો અ ભ્યાસ પડી જતા તેઓ એવા પુણ્યાત્મા બની જાયછે કે તેમના અંતઃકરણોમાંથી બહુધા પાપજનક નિકૃષ્ટવૃત્તિઓનું મૂળોચ્છેદન થઇ જાયછે કિંબહુના એ પ્રકારે તેમનો અભા વજ થઇ જાયછે વૃત્તિઓના સાધનનું રહસ્ય આ જ છે અને એ માટેજ આર્ય ધર્મ વેત્તાપુરૂષોનું કથન છે કે મનુષ્યના બંધ તથા મોક્ષનું કારણ કેવળ તેનું મનજ છે *

* શ્રી ભારતધર્મ મહામંડળની મુખપત્રિકા 'નિગમાગમ ચન્દ્રિકા' ના ઓગષ્ટ ૧૯૧૬ ના અંકમા આવેલ એક લેખનો કિંચિત્ પરિવર્તનસાથે અનુવાદ

'અંકુશ' માસિકનું—

વાર્ષિક લવાજમ હિંદ માટે ૩. ૧-૮-૦

" " પરદેશ માટે ૩.. ૩-૦-૦ પોસ્ટેજ સહિત

જામનગર—કાઠીઆવાડ.

વૈરાગ્યપંચકની ગુજરાતી વ્યાખ્યા.



લેખક—શ્રીયુત પંડિત શિવશંકર શર્મા વૈદ્યરાજ—જામનગર.

शिलद्भिमनलं भवेदनलमौदरं बाधितुं पयः प्रकृतिपूरकद्भिमु न धारकं सारसम् ।
अयत्नमलमात्मकं यदि पटच्चरञ्चरं भजन्ति मिषुधा मुधा अहह बुभुक्षितः बुभुक्षितः ॥



આ જગતમાં આનન્દ લેવામાટે ખાવું પીવું વિગેરે ઉપભોગના વિષયો વિદ્યમાન છે, અને તેનાથી દરેકને સુખ મળે છે. તો માણસોએ ખાવું, પીવું, ફરવું વિગેરે આનન્દ લેવો છોડી વૈરાગ્યની ઇચ્છા શામાટે કરવી જોઇએ? કારણ કે વૈરાગ્ય લીધા પછી ઠાઢ તડકો વરસાદ તે બધા સહન કરવાં પડેછે કયારેક ભોજન મળેછે, કયારેક ઉપવાસ કરવો પડેછે તેથી આવા કષ્ટસાધ્ય વૈરાગ્યની શું જરૂર છે? આ વિચારમાં નીચે મુજબ કોઇક નીતિકારનુ પણ કથન છે કે—વિષયોનુ સેવન કરવાથી રોગનો ભય રહેછે, કોઇ દુરાચરણ કરવાથી કુલભ્રષ્ટ થઇ જવાનો ભય રહેછે, ધન દોલત હોયતો ગમ્મ લઇ લેરો તેવો ભય રહેછે, માન જગતી ખેડા રહેવાથી કંગાલપણાનો ભય રહેછે. બલ હોયતો શત્રુ જોર કરી લડવાની તૈયારી કરેછે, સુન્દર મનોહર રૂપ હોય તો સ્ત્રીઓનો ભય રહેછે. કારણ કે સુન્દર રૂપવાન પુરૂષમા સ્ત્રીઓ વિશેષ આસક્ત થાયછે, તેથી પરિણામે દુઃખ થાયછે, માટે વિશેષ રૂપમાં પણ ભય રહેછે. શાસ્ત્ર ભણવામાં પણ વાદ થવાનો ભય લાગેછે. સારા ગુણ હોય તો ખલ-દુષ્ટોનો ભય રહેછે, એટલે સદ્‌ગુણી પુરૂષને ખલ-દુષ્ટપુરૂષો દુઃખ દઇ પજવે છે. શરીરમાં પણ કાળ આવતાં નાશ થઇ જરો એવો ભય રહેછે. આવી રીતે મનુષ્યને દરેક વસ્તુ ભયવાળી છે. પરન્તુ એક વૈરાગ્યજ કેવળ ભયવિનાનુ સ્થળ છે તેથી બધા કરતાં વૈરાગ્ય ઇચ્છવા જેવું છે. અને તે આપત સાધીત કરવામાટે વેદાન્તાચાર્યે વૈરાગ્યપંચક નામના ગ્રંથમાં પોતાનો આશય બતાવ્યો છે. જોકે વૈરાગ્ય લીધાપછી પણ અન્નની જરૂર છે, પાણી પીવાની જરૂર છે, વસ્ત્ર પહેરવાની પણ જરૂર છે, કુદરમાં વૈરાગ્યમાં પણ અન્ન વસ્ત્ર જલ વિના ચાલતું નથી અને તે અન્ન જલ વિગેરે પ્રયત્ન કર્યા વિના મળતું નથી, કારણ કે સિંહ સુતો હોય તો તેના મોઢામાં તેના ભોજનરૂપ મૃગલાં આવી જતાં નથી અર્થાત્ પ્રયત્નથી સિંહ પોતે શિકાર કરે તો તેની ક્ષુધા શાન્ત થાય છે. આથી અન્ન જલ વસ્ત્ર મેળવવામાટે ઉદ્યોગની જરૂર છે. અને તે કેવી રીતે મેળવવું તે માટે વેદાન્તાચાર્ય, વૈરાગ્યપંચકના પહેલા શ્લોકમાં નીચે મુજબ પ્રતિપાદન કરે છે

વૈરાગ્યવાન્ પુરૂષને અન્ન જલ વસ્ત્ર કોઇ પણ વસ્તુની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરવાની જરૂર નથી. કારણ કે વૈરાગ્યવાન્ પુરૂષને પોતાના ઉદરના જઠરાગ્નિને શાન્ત કરવા શું ખેતરોમાં ધાન્ય નથી? અર્થાત્ ખેતરોમાં પેરાયલું ધાન્ય ઘણું છે. એટલે બેદુતોએ ખેતરમાંથી પોતાના દાણા લઇ લીધા પછી જે કાંઇ દાણા વેરાઇ ગયા હોયછે તે દાણા વીણી વૈરાગ્યવાળાએ પોતાની ક્ષુધા શાન્ત

કરવાની છે. તૃષાશાન્તિમાટે નદી કૂવા અગર તળાવોમાંથી બે ત્રણ જલની અંજલી પીવાથી શું તૃષા મટતી નથી? અર્થાત્ શાન્ત થાયછે. વસ્ત્ર પહેરવામાટે રસ્તામાં પડી ગયેલાં જૂનાં અને મેલાં વસ્ત્રના કટકા ઘણા મળે છે, તેનાથી શું શરીર ઢાંકી શકાતું નથી? અર્થાત્ ફાટેલા જૂના વસ્ત્રના કકડાથી પણ શરીર ઢંકાય છે. આવી રીતે દરેક અન્ન જલ વસ્ત્રનાં સાધનો જગત્માં વિના યત્ને મળી શકે તેમ છે. તો પણ વિદ્વાન્ પુરૂષો અન્ન વસ્ત્રાદિ માટે અભિમાની ધનિક પુરૂષોને ખાલી-ફોગટ ભજે છે. અર્થાત્ વૈરાગ્યવાન્ પુરૂષોએ કોઇ લક્ષ્મીમદાન્ધ પુરૂષોની તાબેદારી કરવી ઘટતી નથી. તેમજ આ વિષયનું પ્રતિપાદન શ્રીમદ્ ભાગવતમાં દ્વિતીય સ્કંધમાં શુકદેવજીએ સ્પષ્ટ રીતે કરેલું છે કે વિદ્વાન્ પુરૂષોએ અન્નવસ્ત્રાદિમાટે ધનના મદવાળા પુરૂષોની સેવા શામાટે કરવી જોઇએ! તેમને વસ્ત્રોની જરૂર હોય તો શું રસ્તામાં જૂના લૂગડાના કકડા નથી? અર્થાત્ ઘણા છે. અન્નની જરૂર હોય તો જંગલોમાં વૃક્ષોનાં સારા મીઠાં ફળ મળી શકતાં નથી! અર્થાત્ મળી શકે છે જલ પીવામાટે પારકાનું પોષણ કરનારી નદીઓ શું સુકાઇ ગઇ છે! રહેવા માટે ગુફાઓ શું કોઇએ રોકી રાખી છે? અર્થાત્ રહેવા માટે ગુફાઓ છે. તેમ છતાં પણ જો મન સ્થિર ન રહે અને અન્ન જલની ફિકર રહે તો સાક્ષાત્ જગન્નિયન્તા ભગવાન્ પોતાના શરણે આવેલા પોતાના ભક્તોનું રક્ષણ શું કરતા નથી! શરણાગત મનુષ્યોનું રક્ષણ ભગવાન્ પોતેજ કરે છે તો પછી વૈરાગ્યવાળા મનુષ્યને ભગવદ્ભજનસિવાય અન્યનું સેવન કરવાની જરૂર નથી.

આવી રીતે ઉપર્યુક્ત મુજબ રસ્તામાં પડેલાં લૂગડાં, વૃક્ષોનાં ફળ, નદીનું જળ વિગેરે કદાપી ન મળી શકે તો પણ ધનવાળા અભિમાની પુરૂષોનો આશ્રય કરવો કોઇ પણ રીતે ઠીક નથી. કારણ કે ધનિક પુરૂષોની તાબેદારી ભોગવ્યાપછી પણ અન્ન વસ્ત્રાદિક કયારેક મળે છે. અને કયારેક તે વિના તદ્દન નિરાશ થવું પડે છે. તેથી દરેક રથળે દરેક રીતે શ્રીકૃષ્ણ ભગવાન્ના નીચે બતાવ્યા ઉપદેશ મુજબ વર્તવું ઠીક છે.

હે અર્જુન! બીજા દેવની ઉપાસનાકરતાં મારું ચિન્તન કરતા જે મનુષ્યો મારી ઉપાસના કરે છે તેવા નિત્યસેવાપરાયણ મારા ભક્તોનું યોગક્ષેમ હું કરૂંછું એટલે મારા ભક્તોનું પોષણ હુંજ કરૂંછું. તેમજ ભાગવતમાં શિલોञ્છવૃત્તિ (ખેતરમા વેરાયલા ધાન્યને વીણી નિર્વાહ કરવો તે) બીજા બ્રાહ્મણોએ પોતાનું જીવન ચલાવવું જોઇએ, તેવી રીતે પ્રદર્શિત કર્યું છે. તેમજ બ્રાહ્મણ દેવોએ ઋત (ખેતરમાથી ધાન્યને વીણવું) અને અમૃત [કોઇ પાસે યાચના કર્યા વિના વર્તવુ] એ બન્નેથી પોતાની આજીવિકા ચલાવવી કહેલી છે. આવી રીતે સર્વપૂજ્ય બ્રાહ્મણોએ કોઇ પણ રથળે કોઇની પાસે યાચના અને સેવા કર્યા વિના આત્મનિર્ભરપણે વર્તવુ ઉચિત છે. વળી એક શંકા થવા સંભવ રહેછે જે શિલોञ્છવૃત્તિથી ક્ષુધાની શાન્તિ કરવી, બે ત્રણ જલની અંજલિથી તૃષાને શાન્ત કરવી, જૂનાં મેલાં કપડાંથી શરીર ઢાંકવું અગર ગુફામા રહેવુ વિગેરે બધું કષ્ટ ઉપજાવનાર આચરણ શા માટે આચરવું જોઇએ! તે ઠેકાણે અમે "ઉદ્ધરપટક ભક્ષણ" ન્યાયથી સમાધાન કરીયે છિયે જે ઉંદરીયું જનાવર પોતાની ક્ષુધા શાન્ત કરવા માટે કયારેક ગમે [ખીજડીનુ વૃક્ષ] ના ઝાડને ખાવા જાય ત્યારે તે ઝાડીયાને ખીજડીના ઝાડના કાંટા વાગવાથી વ્યથા થાયછે પણ ખીજડીનાં પાંદડાં અને ડાળીયો ખાવાથી

તેને સુખ પણ થાયછે. જો કે કોઇ ઇચ્છિત વસ્તુ મેળવતાં માણસોને કષ્ટ વેઠવું પડે છે અને અપેક્ષિત વસ્તુનો જ્યારે લાભ થાયછે. ત્યારે મેળવતાં વેઠેલું કષ્ટ નિર્મૂલ થઇ જાય છે. તેમી રીતે ઉપર મુજબ અન જલાદિ માટે શિલોञ्छ વિગેરે વૃત્તિથી કષ્ટ થાયછે. પરન્તુ અભિલષિત નિર્લેપ નિરતિશય બ્રહ્માનન્દનું સુખ જ્યારે મળેછે ત્યારે દરેક અવસ્થામાં વેઠેલું જે કાંઇ દુઃખ તે ગણાતુ નથી.

કાયાની માયા ખોટી છે.



મંદાક્રાંતા.

જે કાયાની જતન અતિશેં વ્હાલી માએ કરેલી,
જે કાયાને લલિત વસને વ્હાલી માએ વીંટેલી;
જે કાયાની જતન કરતી શુષ્ક શય્યા રચીને,
તે કાયાને દહન કરશે કાષ્ટ ચિત્તા રચીને. ૧

જે કાયાને સબળ કરવા ધાતુભરમો જમાડી,
જે કાયાને સબળ કરવા ખાંડ ખીરો ખવાડી,
જે કાયાને અગદ કરતાં પુષ્ટ થાવા ફરીને,
તે કાયાને દહન કરશે કાષ્ટ ચિત્તા રચીને. ૨

જે કાયાને તપન શીતથી સાંચવી સુખમાટે,
જે કાયાને સુમન સંગથી શોભની ગંધમાટે;
જે કાયાની જતન કરીએ પુષ્પ શય્યા રચીને,
તે કાયાને દહન કરશે કાષ્ટ ચિત્તા રચીને. ૩

જે કાયાને અભિનવ થવા સેંટ તેલે સુહાવી,
જે કાયાને અભિનવ થવા કાંચનેથી મઢાવી;
જે કાયાને મનહર કરી ટાપટીપે કરીને,
તે કાયાને દહન કરશે કાષ્ટ ચિત્તા રચીને. ૪

વેણીશંકર કાનજી દવે.

ચિત્તવૃત્તિવિજ્ઞાન શાસ્ત્ર.

અનુવાદક—શ્રીયુત "અભ્યાસી."

પ્રકરણ ચોથું.

ચિત્તવૃત્તિની વ્યાખ્યા અને મુખ્ય મુખ્ય ચિત્તવૃત્તિઓ કઈ તથા તેનાં આવશ્યક તત્વો કયાં?

(અનુસંધાન પૃષ્ઠ ૬૦ થી)

આપણે આગળ કહી ગયા કે આકર્ષણ, અનાકર્ષણ, સ્વીકાર, પ્રતિકાર, પ્રીતિ, અપ્રીતિ, રાગદ્વેષ, પોતેજ મૂળ પ્રાથમિક પાયારૂપી વાસના ચિત્તવૃત્તિઓ છે આમા વસ્તુત શું શું વિગત સમાએલી છે તેનુ સક્ષિપ્ત નિરીક્ષણ થવુ ઉપયોગી છે, અને તે નિરીક્ષણ કરતા આગલા પ્રકરણમા ચિત્તવૃત્તિની જે રૂપરેખા દોરવામા છે, તેમાં આવશ્યક મહત્તાવાળો વધારો પણ સૂચવાશે

આકર્ષણ, પ્રીતિ, અને રાગ શબ્દજ સ્વતઃ સૂચન કરેછે કે—

૧ અન્ય વ્યક્તિ કે પદાર્થસાથે સદ્ધામાં આવવાથી એક અનુભવસિદ્ધ સુખ પરિણામે છે, જોકે તે બેમાં પ્રથમ શું અને પછીશુ, એટલે કે, પહેલી વાસના કે પહેલું સુખ–તે સામાન્ય પ્રશ્નનો નિર્ણય, આ સ્થળે કરવો અશક્ય છે, તો પણ આપણા હાલના હેતુ પુરતુ એટલુંતો માની લેવામાટે સબળ કારણ છે કે મનુષ્યના એકજ જન્મ પામેલા બાળકનો પ્રથમજ અનુભવ એ છે કે તેના જીવનને ટકાવી રાખે તેવા કાયક પોષણની અપેક્ષા, કાયિક ન વર્ણવી શકાય તેવી લાગણી તેવી ખાએશ, ભલે સાધારણ અને આછા રૂપમાં પણ, દેખાઇ આવેછે. માતાનું દુધ આ લાલસા કે ખાએશ પૂરી પાડેછે, અને તે બોધસ સાક્ષાત્ સુખપ્રાપ્તિના ક્ષણથીજ એક અનિશ્ચિત, અસ્પષ્ટ, અપેક્ષા બદલાઇને સ્પષ્ટ વાસના બંધાય છે અને તેને આપણે દુધ માટેની તેની ચાહના કે રતનપાન માટેની તેની (બાળકની) પ્રીતિ વગેરે કહીએ છીએ એ પ્રમાણે. વસ્તુસ્થિતિ છે તો પછી સામાન્યતઃ એમ કહેવુ કે "આકર્ષણ" શબ્દમાં પૂર્વે અનુભવાએલા સુખનો સમાવેશ થઇ જાયછે તો તેમા કાંઇ ખોટુ નથી.

૨ વળી તેમાં ગત કાળમાં અનેક ભા-વતનું સ્મરણ પણ ગર્ભિત રીતે સમાએલું છે તેમજ—

૩ ભવિષ્યમાં તેવા સંયોગો પ્રાપ્ત થયે એજ પ્રકારના આસ્વાદનની આશા પણ સમાએલી છે. ઉપરે—

૪ [અ] એ પદાર્થસાથે પુનઃ સંબંધમાં આવવા-પુનઃ ભોગવા, પુનઃ સહવાસમા રહેવા, માટેની વાસના ઉદ્ભવે છે. પરંતુ તે [પદાર્થસબંધે] સહવાસ.

[બ] કે સંબંધ જે કે સંભવિત છે ખરો પણ તેનુ સંપૂર્ણ રીતે સંઘટન થતું એટલે એક બીજા સાથે ઓતપ્રોત થઇ જોડાઇ જવું કેવળ અસંભવિત છે, જ્યા તેનું સંઘટન કે એકતા, [જો કે દૃષ્ટાન્તમા પણ તે સંઘટન કે એકતા માત્ર સાથે લખી છે,] સંભવિત છે; જેમકે પોષણ કરનાર અને પોષણ કરતી ચીજ [ખોરાક] વચ્ચેનો સંબંધ, ત્યાં વાસના-કેવળ વાસના જ રહેછે. એટલે કે તે વૃદ્ધિ પામી યથાર્થ ચિત્તવૃત્તિની સ્થિતિએ પહોંચતી નથી. આ સ્થિતિ વસ્તુત તો એક જીવની બીજા જીવ પ્રતિની છે; આ બન્ને જીવો વચ્ચે સંપૂર્ણ વાસ્તવ સંયોગ [એકત્વ થવુ તે] અશક્ય છતા, એક બીજા પાસે જવાનો, નિકટ થવાનો, સંબંધ શક્ય છે; એટલુજ નહિ પણ આ સંસાર ક્રમમા નિત્ય તેવુ બને જાય છે. માટેજ ચિત્તવૃત્તિ તે એક વાસના, અને [વાસના] એક જીવની બીજા જીવ પ્રતિ જોડાવાની સહજ જ્ઞાનશક્તિ જે તેમાં રહેલી છે, તે દર્શક છે.

હવે પોષક અને પોષણ વચ્ચે દેખાતા સંપૂર્ણ સંયોગ [જોડાણ] માં અરૂં સત્ય શું છે, કિંવા જીવિત અને નિર્જીવ વચ્ચે જે રેખારો ભેદ છે કે નહિ; તથા જીવો વ્યક્તિઓ, અમુક ઉપાધિઓ, કે શરીરો યાને અનાત્મસમૂહ ધારણ કરવા છતાં, એક બીજા તરફ શારીરિ પ્રીતિ કે અપ્રીતિનાં પાત્રો બને છે; તેમજ પ્રત્યેક જીવ-સ્કુલિંગ તેનાં અધારણ અને અસ્તિત્વમાંજ આકર્ષણ અને અનાકર્ષણ શક્તિઓ, શામાટે અને કેવી રીતે લઇ આવેછે; અને આ શક્તિઓના કારણને લઇને કેવળ સંયોગ કે કેવળ વિયોગ, એક બીજાને કેમ અને શી-રીતે થવો અશક્ય બની જાયછે; ઇત્યાદિ પ્રશ્નો તો જીવાત્માના આત્મવિદ્યાશાસ્ત્રને લગતા છે.

પણ એ દૃષ્ટિએ તો જે ઉપર વર્ણવી ગયા તે બધા સંજોગો ચિત્તવૃત્તિમાં સમાયેલ છે; અને તે પણ આત્મવિદ્યાશાસ્ત્રઉપરજ આધાર રાખનાર છે; એટલે તેની સંપૂર્ણ વિગત સમજવી હોયતો તે વિષય [Metaphysics] નો પૂરેપૂરો અભ્યાસ થવો જોઇએજ. વેદાન્તશાસ્ત્રમાં, અને અધ્યાત્મવિદ્યા કે થિયોસોફિકલ સાહિત્ય [Theosophical Literature] ના સાહિત્યમાં શરીરો, કે કોશ, કે ઉપાધિઓ આદિ શબ્દો કે જે દ્વારા વ્યક્તિત્વ અહંકાર ક્રમે ક્રમે વિનાશ પામે છે, તે, શારીરિ બને

છે, તેની માહેતી પણ એજ આન્વીક્ષિકીશાસ્ત્ર આપે છે. મતલબ આ ચિત્તવૃત્તિ વિજ્ઞાનશાસ્ત્રનું પણ, જો સંપૂર્ણ જ્ઞાન, તપસિલ સાથે, પ્રાપ્ત કરવાની કોઇની ઇચ્છા હોય, તો, તેણે તે આન્વીક્ષિકીશાસ્ત્ર [Science of Metaphysics] નો બહુજ સારી રીતે અભ્યાસ કરવો આવશ્યક છે, એટલુંજ કહેવાનું અત્રે તાત્પર્ય છે.

મૂળ વિષયઉપર હવે પાછા ફરીશું. કલ્પનામાં બહું કરેલું આશાજનક સુખ વાસના સાથે ઓત પ્રોત થઇ જઇ એક ચોક્કસ પ્રકારની માનસિક દશા રચે છે, અને તે ચિત્તવાસના કરતાં ચિત્તસંવેદનરૂપ બની જાય છે. આમાં જે ખાસ તત્ત્વ, લક્ષ કે ધ્યાનની સાથે સચોટ થઇ બેસેછે તે વાસના અંશ કરતાં સુખદ અંશથી વધારે ભરેલ હોયછે. અત્રે એ પણ દર્શાવવુ ઉચિત છે કે કલ્પના અને આશા બન્ને એકજ માનસિક પ્રક્રિયાનાં ભિન્ન ભિન્ન રૂપો છતા તે બન્ને રૂપોમા સહજ ભેદ પણ રહ્યો છે.

સંવેદનો જ્યારે તો, અગાઉ કહેવાઇ ગયુ છે. તેમ, કેવળ આત્મજ્ઞાન, આત્મઉપલબ્ધિ, આત્મસાક્ષાત્કાર, કે આત્મસંવિત્તા પૃથક્ પૃથક્ સંયોગોમાં સવિશેષ અંશો કે અણુઓજ છે.

બીજી દૃષ્ટિએ જોતાં ચિત્તવૃત્તિ (શબ્દ) નો પ્રથમ જેણે ઉપયોગ કર્યો તે પુરૂષના માનસિક ચિત્રમાં તો વાસના કે વૃત્તિ અંશ, અને તેની સાથે તેને સહજ અનુસરતી જે કાંઇ ચેષ્ટા કે ગતિ અંશની આકૃતિ ખડી થઇ તે આકૃતિ દર્શક અર્થજ વહન કરનારી જણાત હોય એમ લાગેછે. 'ઇમોશન' [Emotion] શબ્દ ધાતુ રૂપે ['E' outg & 'moves' to move] નિહાળતાં પણ, એક પદાર્થ તરફ કિંવા તેથી દૂર, ગતિ કે ચલન કરતી ક્રિયા બતાવનાર એક શબ્દ છે. સંસ્કૃત ભાષાનો શબ્દ 'ભાવ' જે અર્થબોધ કરેછે તેજ અર્થ આ 'ઇમોશન' [Emotion] શબ્દ બોધ કરાવેછે; એટલે કે તેમાં થતું, ઉદ્ભવતું બદલે એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં ગતિ કરતાં, અમુક મધ્યમ સ્થિતિ પ્રાપ્ત કરવા વાળું થતું, એવી કાંઇક સંજ્ઞા વાચક એ શબ્દ જણાયછે. હવે આ ચિત્તવૃત્તિનાં બે સાવ સાદાં રૂપો–[એટલે કે વાસના, અને તેની ધીજન્ય ઓળખ, કેવળ સંવેદનાજ નહિ] અર્થાત્ એક પદાર્થ પ્રતિ થતી મતિ આકર્ષણ, ચાહના, રાગમાંથી ભિન્નતા પામી વિશેષે કરી એક મનુષ્ય અને બીજા મનુષ્ય વચ્ચે, વધારે વિષમરૂપોમા, શીરીતે વિકાસ પામેછે તે તપાસીએ.

૧ એક વ્યક્તિ બીજી વ્યક્તિપ્રતિ જે આકર્ષણ ધરાવેછે. તે, તથા તજ્જન્ય સમાન ભાવનાનું જ્ઞાન મળી એ બન્ને વચ્ચે જે સરખાપણાનો ભાવ ઉદ્ભવે છે. તેનુંજ નામ પ્રેમ કે પ્રીતિ છે

૨ આકર્ષણ કરનાર વ્યક્તિ પ્રતિ જે વડીલતાનો કે વરિષ્ટતાનો ભાવ ઉત્પન્ન થઇ

તો તે આકર્ષણ તથા ભાવ મળી બન્નેનું નામ 'સન્માન' કે 'પૂજ્યભાવ' છે.

૩ જેના પ્રતિ આકર્ષણ થાય તેના ઉપર કૃપા કે દયાભાવ રાખવામાં આવે તે ભાવ વૃદ્ધિનું નામ અનુકમ્પા કે ઔદાર્ય છે

ઉપર વર્ણવી ગયા તે પ્રમાણે એક જીવ અને બીજા જીવ વચ્ચે, સમાનતા, વરિષ્ટતા કે કનિષ્ટતા કઈ રીતે ઉદ્ભવે છે; તે મહાન પરમ શાન્તિનો ભંગ થઇ સુખ દુઃખરૂપી દ્વિધા સ્વરૂપ કઈ રીતે તમાંથી પ્રકટ થાય છે, તે સ્થિતિમાંથી આકર્ષણ અને અનાકર્ષણ, કિંવા રાગ દ્વેષ કઈ રીતે દૃશ્યમાન થાય છે! એ શક્તિ કે રૂપાન્તર કરવા કે થવામાં અથવા રાગ કે દ્વેષ ઉત્પન્ન કરવામાં જે સામર્થ્ય સમાયું છે તેનો ખરો અર્થ શું છે? વ્યક્તમાંથી એક અને અનેક સાથે સાથે કીરીતે પ્રાદુર્ભાવ પામે છે! આવા આવા નિકટ સબંધ ધરાવતા અને તન્મય બતાવતા પ્રશ્નોના ખુલાસા પણ જેમ આન્વીક્ષકી શાસ્ત્રદ્વારાજ થઇ શકેછે, અને એવા સંતોષ કારક ખુલાસા કે નિર્ણય તેવા પ્રશ્નોના થાય નહિ ત્યાસુધી તૃપ્તિ કે શાન્તિને અવકાશ પણ નથી; કારણ કે આપણે અત્રે તો જે જે અસ્તિત્વમાં ભાસે છે, તેના અરસપરસના સંબંધોપરત્વેનું વર્ણન કરવા પ્રયત્નશીલ થયા છઇએ, કાંઇ તેનાં મૂળ રૂપોનું વર્ણન કરતા નથી. [અસ્તુ]

પરંતુ ચિત્તવૃત્તિઓની રચના અને તેના વિકાસપરત્વે જે મુખ્ય અગ્રગણ્યભાગ લેછે તે આ સમાનતા, વરિષ્ટતા, કે કનિષ્ટતાનું ભાન કેરાવતા અંશો કે તત્વોનો અર્થ શું છે, તે આ સ્થળે સમજવવાનો પ્રયત્ન કરવો ઇષ્ટ તેમજ શક્ય પણ છે; આ અંશો કે તત્વોજ શુદ્ધ રાગ કિંવા દ્વેષની સમતાનો ભંગ કરી અસંખ્ય પ્રકારના, વિવિધ રંગો, અને અનેક નરેહોવાળી વિષમતા કરી નાખે છે. એક સ્થૂળ દૃષ્ટાંત અત્રે આપવાથી આપણે જે કહેવાનો હેતુ છે તે પાર પડશે. અમુક આકર્ષણ શક્તિવાળાં બે લોહચુંબકો યથાયોગ્ય અમુક અમુક સ્થળે આપણે ગોઠવ્યા, અને પછી તેમાંથી જે એક પેલા બીજાને પોતાતરફ ખેંચે, તેનું સ્થળાન્તર કરે અને પોતે લેશમાત્ર ચલાયમાન થાય નહિ, તેને આપણે વધારે શક્તિવાળુ અને બીજાને ઓછી શક્તિવાળું લેખીશું; પણ જો આ બન્ને લોહચુંબકો એકી સમયે એક બીજા તરફ આકર્ષાઇ ગતિમાન થઇ અર્ધે અન્તર આવી મળે તો અલબત તે બન્ને સમાન શક્તિવાળાં છે એમ ગણાશે, તેજ પ્રમાણે બે જીવો આકર્ષણ ધરાવતી અમુક અમુક શક્તિવાળા છે તે બેમાંથી જે એક પેલા બીજા તરફ ખેંચાઇ ગતિમાન થઇ. આકર્ષાય તે તેટલે અંશે કનિષ્ટ, અને તે સમયે, તેટલા દેશકાળે, આકર્ષણ કરનાર જીવ વરિષ્ટ કોટીનો છે. જો બન્ને એક બીજા તરફ એકી સમયે આકર્ષાય તો બન્ને સરખેસરખા સમાન છે,

[અપૂર્ણ]

પરમેશ્વરપાસે પ્રાર્થના.

લેખક—શ્રીયુત શાસ્ત્રી પોપટલાલ અંબાશંકર—જામનગર.

(અનુસંધાન પૃ૬ ૧૦૬ થી)

ઉપર પ્રમાણે અને કાર્યોમાં તેઓએ જે કારણ બતાવેલું છે તે ઉપરથી સહૃદય વિદ્વાનો જાણી શકશેકે એઓની બુદ્ધિ કેવી જડ તથા ભ્રષ્ટ છે. જ્યાં બિલકુલ જલનું પરત કે નદી વાડી કે કૂપ વગેરે કશું જનાશય નથી હોતું ત્યાં જલ ચડેલો જલતૃષ્ણાથી પીડા એવો કોઇપણ મનુષ્ય તથા પશુ પક્ષી વગેરે પ્રાણી કેવી દુર્દશામાં આવી પડેછે કે છેવટ તેને પ્રાણ પણ છોડવાં પડે છે તે બાબતનો આ પણે જનના અનુભવથીજ ખ્યાલ કરવો જોઇએ. એવી દુર્દશામાં કોઇ જલાશય કે પરબ જોવામાં આવે તો પ્રાણીને કેવી પ્રાણ બચી જવાની ઉત્તમ ધારણા પાર પડેછે એનો વિચાર કરતાં જાણી શકાય છે કે જે એઓએ પ્રાણીઓના જીવનરૂપ જલદાન અટ કાવેલું છે તેઓએ પ્રકારાંતરથી અનેક કાર્ય સમર્થ મનુષ્યાદિ પ્રાણીઓના જીવનજ અટકાવ્યો છે એજ પ્રમાણે બાપપરણાળાના સબંધમાં પણ સમજવાનું છે એવા પરો પકારને અટકાવનાર ધર્માભાસી લોકોની વિરોધ વૃત્તિ કરવાથી પણ પાપ લાગે એવું છે એ પ્રમાણે પરસ્ત્રીના પ્રસંગનો ત્યાગ એ પણ સર્વ ધર્મપ્રાણીઓને માન્ય હોવાથી ધર્મનું બાધન છે કહ્યું છે કે "વિધાતાએ કાંતા અને કનક એ બને પદાર્થોને એવા તો વ્યા મોહક બનાવેલા છે કે તેઓના પાશમાંથી કોઇ ભાગ્યશાળીજ છુટવા પામેછે અને જે પુરૂષ તેઓના વ્યામોહમાં ફસાતો નથી તેને સાક્ષાત્ મનુષ્યાકૃતિવાળો દેવનો પણ દેવજ સમજવો જોઇએ પરસ્ત્રીની લાવણ્યરૂપ કાલી નાગણના સપાટામાં આવી પડેલા દુર્યોધન અને રાવણપગેરે મહાસમર્થ ચક્રવર્ત્તીઓ પણ છેવટ રણમાં રઝળી મુવા છે, તો બીજા સામાન્યપ્રાણીની તો શું વાત કરવી ! શાસ્ત્રનો મુખ્ય ઉપદેશ તો એજ છે કે નૈષ્ઠિક બ્રહ્મચર્યજ પાળવું જોઇએ પણ કદાચ તેમ ન બની શકે તો પોતાના વર્ણની ઉત્તમ કુળની સ્ત્રીસાથે યથાવિધિ વિવાહ કરી તેમાંજ સંતોષ માનવો જોઇએ. પણ કેટલાએક વ્યભિચારી લોકો કાગડાઓ જેમ જલાશયના પવિત્રપાણિને છોડીદઇ જલભરીને જતી સ્ત્રીઓના ઘડામાંથી પાણી પીવા ઇચ્છેછે તેમ પોતાની સ્ત્રી છતાં પણ પરદારેચ્છારૂપ પાપમાં પડેછે જે લોકો સ્ત્રીઓસંબંધી સાંસારિક સુખભોગમાટે ઉ કૃષ્ટ ઇચ્છા ધરાવે પણ હમેશમાટે બેનશીબજ રહેછે. તેઓ પૂર્વકાળમાં પોતે કરેલા વ્યભિ—

ચારાત્મક પાપોનોજ પરિણામ ભોગવેછે એમ સમજવાનું છે. થોડા સમયપહેલાંજ થઇ ગએલા એક વૈષ્ણવનાય શાસ્ત્રીએ રચેલા સત્સંગવિજય નામના નાટકમાં—યશસામમિચાર ઇવ નૂનં વ્યભિચારઃ કિમતઃ પરં બ્રવીમિ । ગુરુદારવિટઃ કલાધિનાથઃ સકલંકાં વિકલાં કલામુવાહ ॥ વ્યભિચાર છે તે વ્યભિચાર કરનાર પુરૂષની કીર્તિને નષ્ટ કરવામાટે અભિચાર પ્રયોગરૂપ છે. જેમ ગુરૂ બૃહસ્પતિની સ્ત્રી તારાની સાથે વ્યભિચાર કરનાર ચંદ્રમા મોહોટો કલંકી થયો છે. એ પ્રમાણે કહેલું છે કેજે કુલમાં સ્ત્રી કે પુરૂષ વ્યભિચારી થાયછે તે કુલ તુરતજ ઉત્તમતાથી ભ્રષ્ટ થઇ અધોગતિને પામ્યાવગર રહેતું નથી. વ્યભિચારનું સુખ પયોમુખ વિષકુંભજેવું છે. વ્યભિચાર એ જીવનરૂપ જલને નષ્ટ કરવામાં પ્રલયાનલ અગ્નિજેવો છે. વ્યભિચાર એ ધર્મરૂપ કલ્પવૃક્ષોને કાપવામાં કુહાડાસમાન છે. વ્યભિચાર એ પવિત્રતારૂપ પદ્માકરને દગ્ધ કરવામાં હિમસમાન છે. વ્યભિચાર એ સ્વચ્છ શરીરરૂપ ક્ષેત્રમાં થતા પુરૂષાર્થોરૂપ ધાન્યોના અંકુરોને બાળી નાખવામાં પાષાણની વૃષ્ટિરૂપ છે અને વ્યભિચાર એ સદાચારરૂપ ઉજ્વલવસ્ત્રને બાળીનાંખવામાં નીલી-ગળીરૂપ છે. તેથી શરીરની ક્ષીણતા થાયછે, બુદ્ધિ બગડી જાયછે, મન મલિન થઇ જાયછે, ચિત્ત ચોરાઇ જાયછે, રૂધિર રગણી જાયછે, માંસ મવાઇ જાયછે, ઓજ ઓછું થઇ જાયછે, રસ રખડી જાયછે, મજ્જા ભરવા લાગેછે, ત્વચા તિમિરજેવી થઇ જાયછે, અસ્થિ ઉખડી પડેછે, સંધિઓ શિથિલ થઇ જાયછે, કેશો કાશજેવા થઇ જાયછે અને કાંતિ કરમાઇ જાયછે. તે શક્તિનું ચાતન કરવામાં શસ્ત્ર છે. રોગોનો રંગ મચાવવામાં રંગભૂમિ છે અને મૂઢપણું પ્રાપ્ત કરવામાં બટુ છે. એ ઉપર ધ્યાન દઇ તેને ધ્યાનથી અધર્મ હોવાને લીધે દૂરજ રાખવું. વ્યભિચારનો ત્યાગ જેમ ધર્મનું સાધન છે તેમ તૃષ્ણાપ્રવાહનો વિચ્છેદ પણ સર્વમાન્ય ધર્મનું સાધન છે. પોતાને અવશ્ય જોઇતા પદાર્થો કે જેઓ ધર્મથી કોઇ પ્રકારે વિરૂદ્ધ ન હોય તેઓને મેલવવાની ઇચ્છાથી અધિક ઇચ્છા એ તૃષ્ણા શબ્દનો અર્થ છે. ભાગવતમાં કહ્યું છે કે પૂર્વના ઘણા ઘણા રાજાઓ શત્રુઓના અંતને, પૃથ્વીના અંતને અને શરીરના અંતને પામ્યાછે પણ તૃષ્ણાના અંતને પામ્યા નથી. તેને અનુક્રમથી ઓછી કરવાનો યત્ન કરવો એ ધર્મને પ્રાપ્ત કરવાનો યત્ન છે. સંસારચક્રને ગતિ આપનાર તૃષ્ણા છે. તેથી તેના વિરામથી થતા સંતોષ સુખને મેળવી શકાય છે. જેમ તૃષ્ણાવિરામ ધર્મનું સાધન છે તેમ ગુરૂજનોનારૂદ્ધ પૂજ્યબુદ્ધિ પણ ધર્મનું સાધન છે. માતા પિતા વિદ્યાવૃદ્ધ તપોવૃદ્ધ ધર્મવૃદ્ધ જાતિવૃદ્ધ બુદ્ધિવૃદ્ધ અને ગુણવૃદ્ધ લોકોની તરફ ભક્તિભાવ વિનયભાવ અને કૃતજ્ઞભાવથી અવશ્ય વર્તવું એ ઉત્તમ ધર્મ છે. જે ઉદ્ધતલોકો જુવાનીના જુસ્સામાંકે દુષ્ટલોકોના દબાણથી ગુરૂજનોની આજ્ઞા

પ્રમાણે નથી ચાલતા અને તેઓની આજ્ઞા-વિરૂદ્ધ દુરાગ્રહાદિક શિલાને ડોકમાં બાંધેછે તેઓ ઉત્તર કાલમાં અવશ્ય અપાર દુઃખ સમુદ્રમાં ડુબશે. એમા કશો સંદેહ નથી. જેમ ગુરૂજનોતરફ માનવૃત્તિ ધર્મનું સાધન છે. તેમ સર્વ પ્રાણીઓ ઉપર અનુકંપાવૃત્તિ રાખવી એ પણ સર્વમાન્યધર્મનું સાધન છે. આ અનુકંપા શબ્દ–"एकसंवधिज्ञानं परसंवधिज्ञानस्मारकम्" એ ન્યાયપ્રમાણે સ્વસદાચાર. મુદિતાવૃત્તિ કરૂણાવૃત્તિ તથા ઉપેક્ષાવૃત્તિના ઉપલક્ષણરૂપ હોવાથી યથાયોગ્યવૃત્તિ ચતુષ્ટયસંબંધી વ્યવહારનો સ્મારક છે શ્રીમદ્ભાગવતના એકાદશસ્કંધમાં—

ईश्वरे तदधीनेषु बालिशेषु द्विषत्सु च ।
प्रेममैत्री कृपोपेक्षा य करोति स मध्यम ॥

એ શ્લોકમા કહેલી પ્રેમવૃત્તિ મુદિતાવૃત્તિથી ભિન્ન છે, કૃપાવૃત્તિ કરૂણવૃત્તિથી ભિન્ન છે, ઉપેક્ષાવૃત્તિ એકજ છે, અને મૈત્રીવૃત્તિ અનુકંપાથી ભિન્ન છે એઓના ઉપયોગમાટે વિષયભૂત પાત્રોનો વિચાર કરતા શાસ્ત્ર કહેછે કે મધ્યમ વર્ગના મનુષ્યે પોતે સાધકદશાપન્ન હોવાથી ઇશ્વરને વિષે પ્રેમવૃત્તિ રાખવી. ઇશ્વરના ભક્તોને વિષે મૈત્રીવૃત્તિ રાખવી અજ્ઞાની મૂર્ખ લોકો વિષે કૃપાવૃત્તિ એટલે આ લોકો મૂર્ખતાને મુકી સુધરે તો ઘણું સારૂં થાય એવી દયા તથા તે સંબંધી બનતો પ્રયાસ કરવાની ધારણા રાખવી અને શત્રુભાવથી વર્ત્તનારા લોકોતરફ ઉપેક્ષા એટલે તેઓની સામે નહિ ભાગી રહેતાં "अतृणे पतितो वन्हि. स्वयमेवोपशाम्यति" ઘાસ કે કાષ્ઠ વગરે દાહ્ય પદાર્થો વગરના પ્રદેશમા પડેલો અગ્નિ જેમ પોતાની મેળેજ શાન્ત થઇ જાયછે તેમ દુષ્ટલોકો પણ જો પોતાસામે કોઇ ન થાય તો પછી પોતાની મેળેજ થાકીને બેસી જાયછે એવો વિચાર કરી તેવા નીચલોકોતરફ ઉપેક્ષાજ કરવી જોઇએ. એ પ્રમાણે આઠ પ્રકારનો ધર્મ સર્વતંત્રસિદ્ધાંતપ્રમાણે સર્વમાન્ય હોવાથી સર્વ લોકોએ પાળવાનો છે. જ્યારે એ સર્વમાન્યધર્મનું આચરણ કરવામાં આવે છે ત્યારે. મનુષ્ય પરમેશ્વરપાસે પ્રાર્થનીય પદાર્થોની પ્રાર્થના કરવાનો અધિકારી થાયછે. તે વિના અધિકારી થતો નથી. તથા પરમેશ્વરનું જે સામર્થ્ય છે કે પ્રભાવ છે તેનું જ્ઞાન પણ ઉપર બતાવેલ અષ્ટપ્રકારક ધર્મની સેવા વગર થતુ નથી. હવે જે કોઇ પુરૂષ ધર્મ સેવનથી અધિકારી થયો હોય તેણે પરમેશ્વરપાસે શું માગવું જોઇએ? એવી આકાક્ષા થતા વિદ્વદ્વર્ગ કહે છે કે પરમેશ્વરપાસે જે માગણી કરવી તે ઘણીજ ટુંકારપમાં કરવી, કારણ કે દેવપાસે, રાજાપાસે કે તેવા કોઇ સમર્થ મનુષ્યપાસે એકને એક પદાર્થ વારંવાર ન માગવો, તેમ લંબાણવાળા શબ્દોની લપવાળું ન માગવુ, તથા જેમ બને તેમ સંક્ષેપમા, અને તો વિસ્તારથી ન માગવુ તે પ્રમાણે માગવાની સૂચના કરનાર આવો એક શ્લોક છે—

अनायासेन मरणमदैन्येन च वर्त्तनम् ।
देहि मे त्वं दयासिंधो त्वदृक्ति परमेश्वर ॥

એ એકજ શ્લોકમાં ચારે પુરૂષાર્થની માંગણી આવી જાયછે. અનાયાસથી મરણ એટલે રોગાદિકથી રીબાઇને નહિં પણ સહેજ શરીરનું છુટી જવું તે એવું મરણ ધર્માચરણ વગર થતું નથી, એમ કહેવાયું છે કે મરણ વખતે પ્રાણીને સેંકડો વીંછી વળગ્યા હોય તેવી વ્યથા થાયછે. પણ તે ધર્માત્માને નહિં પણ પાપાત્માને માટે સમજવાનું છે. પુણ્યાત્મા પ્રાણી તો વગર વ્યથાએ પોતાને જે કઇ કર્ત્તવ્ય હોય તેને પહોંચી વળને અવસાન સમયમાં કરવાનાં ધાર્મિક સાધનોનું સંપાદન કરીને શરીરને છોડે છે. અને જેઓ પાપી દુરાચારી અને પરનાઅહિતમાંજ રાચ્યનાર હોય છે. તેઓ લાંબા વખતના વ્યાધરોગોથી બેહાલવધને જીવવામાટે હાય હાય કરતા કરતા શરીરને છોડે છે. પાપીજનો કોઇ વખત સમુદ્રમાંહુબીને, અગ્નિમાંબળીને ઉચાપ્રદેશ પરથી પડીજાઇને, કોઈ પશુના પગથી ચગદાઇજઇને, કોઇ વાઘ વગેરે હિંસકપ્રાણીના ભોગ થઇને, કોઇ સોમલ વગેરે સ્થાવર કૃત્રિમવિષ પ્રયોગના ભોગથઇ પડીને, જંગમવિષ સર્પાદિકના કોળિયા થઇને શરીરને છોડે છે ઇશ્વરવાસે સર્વ આવવાની બાબતોમાંથી આ શ્લોકમાં જે અનાયાસ મરણની પહેલી પ્રાર્થના કરી છે. તે અનાયાસથી દેહ છોડનાર તે વખત ઇશ્વર સ્મરણાદિક કર્ત્તવ્ય કરી શકે છે અને "મરણે યા મતિઃ સા ગતિઃ" દેહના અવસાન સમયે જેવી બુદ્ધિ રહે છે. તેવી પરલોકમાં ગતિ થાય છે, એ શાસ્ત્ર વચન પ્રમાણે અનાયાસથી જેનું શરીર પડે છે. તેની મતિ પ્રાયઃ સારી રહે છે તેથી તેની ગતિ પણ પ્રાયઃ ઉત્તમ થાય છે. તથા બીજી બાબતોમાં વખતે ફેરફાર પણ પડે છે. પણ મરણમાં કોઇ કાળે પણ ફેરફાર પડતોજ નથી તેથી અવસ્થાવિષદાયને સુખરવની પ્રાર્થના પ્રથમજ કરવી જોઇએ. એવા હેતુથી છે. બીજો પ્રાર્થનાપદાર્થ અદૈન્યવર્ત્તન છે. આમાં અર્થ અને કામનો સમાવેશ કરેલો છે. સાંસારિક સર્વ વ્યવહાર દ્રવ્યની તથા આરોગ્યવાળા શરીરની સંપત્તિ વગર સિદ્ધ થઇ શકે તેમ નથી તેમાં પણ દ્રવ્ય સંપાદનની પ્રથમ જરૂર છે. દ્રવ્ય સંપાદન એટલે. આજીવિકા ચલાવવા માટે કરવા માટે અધ્યયન અધ્યાપન યજન યાજન દાન અને પ્રતિગ્રહ એ પટ્કર્મો કહેલાં છે. તેઓમાં ત્રણ ધર્મ સંપાદન માટે છે અને ત્રણ આજીવિકા માટે છે. ક્ષત્રિયને માટે અધ્યયનાદિ ત્રણ ધર્મ માટે છે. અને રાજ્યાધિકાર પ્રજાપાલનત્વ અને બ્રાહ્મણ સિવાયના બીજા વર્ણો પાસેથી કર લેવા વગેરે વૃત્તિ સંપાદનના ઉપાયો છે. વૈશ્યને માટે કૃષિ વાણિજ્ય ગોરક્ષા અને કુસીદ [વ્યાજ] વગેરે આજીવિકાના ઉપાયો છે. અને શૂદ્ર માટે બ્રાહ્મણાદિવર્ણત્રયની યથા સંભવ સેવા ચાકરી કરવી એ આજીવિકાનો ઉપાય છે. વ્યવહારમાં ચાલતા કેટલાએક આજીવિકાના ઉપાયોએ એવા છે કે જેઓમાં આજીવિકા ચલાવનારે દીનતા કરવી પડે છે. અને કેટલાએક ઉપાયો એવા છે કે જેઓમાં આજીવિકા ચલાવનારે દીનતા કરવી નથી પડતી.

[અપૂર્ણ]

સ્વ. શેઠશ્રી ગોપાલજી વિશરામની વિધવા મોંઘીબાઇનો

સ્વર્ગવાસ.

ગયા ચૈત્ર સુદ ૭ ને ગુરૂવારે ધર્મમૂર્ત્તિ શેઠ ગોપાલજી વિશરામના સ્વર્ગવાસની નોંધ અમોએ લીધી હતી. જેને બરાબર દશ માસ થતાં તેમના પત્ની મોંઘીબાઇના સ્વર્ગવાસની નોંધ લેવાનો દુઃખદ પ્રસંગ પ્રાપ્ત થયો છે. પતિની પાછળ તેના બાર માસમાં પ્રયાણ કરી, જનાર પવિત્ર સ્ત્રીના મરણની નોંધ પણ સુશીલ સ્ત્રીઓ ચારિત્ર્યનો ઉત્તમ દાખલો પૂરો પાડે છે. મોંઘીબાઇનો જન્મ સંવત્ ૧૯૨૬ ના આશ્વિન સુદ ૧૨ ને ગુરૂવારે મુ. માઇના શ્રીમાન્ શેઠશ્રી દેવજી પ્રેમજીને ત્યા થયો હતો. શ્રીમાન્ પિતાને ત્યા જન્મ અને સ્વશુર પક્ષ તેવોજ શ્રીમાન્ એ યોગ પૂર્વના પુણ્યના પરિપાકવિના થતો નથી મરણસમયે એમની ૫૦ વર્ષની ઉમ્મર હતી. તેમના જન્મ સમયમા લોહાણા જ્ઞાતિમા કેળવણીનો પરિચય ન હોવાથી મોંઘીબાઇને કેળવણી આપવામાં આવી ન હતી છતાં પણ તે ઘણુંજ ચતુર હોતાં સભ્ય અને વિવેકી હતા કારણકે ગૃહસંસારને લગતા કામનુ ઉત્તમ શિક્ષણ તેમના માતુશ્રી લક્ષ્મીબાઇએ આપેલ હતુ. અને તેથી તેઓ સલાહ લેનારને ધીરજથી ઉત્તમ સલાહ આપતાં હતાં ગરીબ વર્ગ તરફ દયા ની લાગણી ધરાવતાં હતા વળી પોતાના પતિના સ્વર્ગવાસપછી પોતાના પતિના નામથી ચાલતા જહોળા વેપારનો વહીવટ પોતાના પુત્ર સમાન માણસોથી સારી રીતે ચલાવતાં હતાં તેમની પેઢીનાં માણસો જુના તથા ઘણા વિશ્વાસુ હોવાથી બાઇના મનને પૂર્ણ સંતોષ હતો. મોંઘીબાઇની શારીરિક સ્થિતિ તેમના પતિના સ્વર્ગવાસપછી ઘણુંજ નબળી હતી, વૈધવ્ય પ્રાપ્ત થયા પછી તેમણે દશમાસ કેવલ સાદું જીવન ગાળ્યું હતું અને પરોપકારમાં પોતાનો હાથ લંબાવતાં હતાં આવા મુશીલબાઇનો સ્વર્ગવાસ ઉદર વ્યાધિથી માહ સુદ ૭ ને શનિવારે થયો હતો. પોતાનું શરીર હવે નભી શકશે નહિ એમ ખાત્રી થતાં બાઇએ ગરીબોને ને ચોખા ઘી વેચાવેલ હતાં. લોહાણા કોમમાં ચંદા રામજીનાં સરતાં ભાડાંના મકાનમાં રહેનાર વર્ગને દરેક કોટડી દીઠ રૂપીયા પાંચ પાંચ મોકલાવી આપ્યા હતા, પોતાના ઘરના ખાનગી નોકર ચાકરને નોકરીની કદર કરી છેલ્લા શ્વાસોશ્વાસ વખતે રોકડ રકમની બક્ષીસ આપી હતી તે ઉપરાંત અગ્યાર હજાર રૂપીયા હાથે તે આપે એમ માની તેજ વખતે નિર-નિરાલી સરધામાં મોકલાવી આપ્યા હતા, પાંચસો રૂપીયાની ગાયો છોડાવવાનો હુકમ પણ તત્કાળ કર્યો હતો. આવાં ધર્મમૂર્તિ બાઇના સ્વર્ગવાસથી આવા વિષમ દુષ્કાલના સમયમાં ઘણા ગરીબ વર્ગને લાગી આવે એ બનવા યોગ્ય છે. નાસિક હરદ્વાર વગેરે સ્થળે ધર્મશાળા બાંધી અન્નક્ષેત્ર ચાલુ કરવાની તેમની પ્રબળ ઇચ્છા હતી. વિધવા થવાથી વર્ષ દિવસ બહાર નિકળાય નહિ તે કારણને અંગે તે ઇચ્છા તેની પાર પડી નહિ. ચાર ધામની યાત્રા કરી દ્રવ્ય સન્માર્ગે વાપરવાની પ્રબળ ઇચ્છા છતાં દૈવે વયમાજ તેમને હરી લીધાથી ,મનના વિચાર મનનાં રહ્યા. મરણ વખતે તેમના મુખમાથી આ મતલબના શબ્દો નિકળ્યા હતા. છેલ્લા શ્વાસ પર્યન્ત તે બોલ્યાં હતાં.

પોતાના એકજ પુત્રના સ્વર્ગવાસનો કારીઘા કદિ ન રૂઝાય તેવો મનમાં હતો છતાં

શાન્ત ચિત્ત રાખી ઇશ્વરની મરજી ઉપર આધાર રાખી બાઇ પોતાનું જીવન વ્યતીત કરતાં હતાં તેવામાં શેઠના સ્વર્ગવાસથી તેમને ઘણું લાગી આવ્યું અને અંતે તેમનો સ્વર્ગવાસ થયો. આપણા ધર્મશાસ્ત્રના સિદ્ધાંતપ્રમાણે આ પતિ પત્ની બન્ને પુણ્યાત્મા હોવાથી ઉત્તરાયણના સૂર્યમાં, શુકલ પક્ષમાં બંન્નેનો દેહ પડતાં તેઓનો સ્વર્ગમાંજ વાસ થયો ગણાય. તેમનો દેહાંત થવાથી હવે વ્યાપાર બંધ કર્યા વગર છુટકો ન હોવાથી મરણ સમયે પોતાના દરેક નોકરને જરાપણ અસંતોષ ન આપવાને રાજી કરવા આ બાઇ ચોકસ શબ્દોમાં ભલામણ કરી ગયાં છે. હવે તેમના નછકના ભાયાત કે જે કાયદેસર હકદાર છે તે તેમના ઉત્તમ દ્રવ્યના વારસ બની આ બન્ને પતિ પત્નીને પગલે ચાલી તેમના દ્રવ્યનો સદ્‌ઉપયોગ કરે એવી દૃઢ બુદ્ધિ ઇશ્વર તેઓને આપે. બાઇએ તો પોતાની સર્વ મિલકત પોતાના મરણ પછી ધર્માદા કરી દેવાની ખાસ આજ્ઞા કરી છે એમ કહેવામાં આવે છે. બાઇના આત્માને પરમાત્મા શાંતિ આપો. બાઇના શબને સુખડથી અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો. પોતાના પતિના વખતથી ચાલતાં આવેલાં ધર્માદાના ધોરણને આ બાઇએ જેમનું તેમ ચાલુ રાખ્યું હતું. પોતાની શારીરિક સંપત્તિ સારી ન હોવાથી તેઓ માહ સુદ ૬ ને મંગળવારે પોતાના દેશ કચ્છમાં હવા ફેર કરવા માટે જનાર હતાં પોતાના સ્વશુરના ગામમાં પોતાના પતિના સ્મરણાર્થે એક સોનાપુર તથા એક ધર્મશાળા પોતાનાં મોટાં સાસુ, જે સતી થયાં હતાં તેમની દેરી પાસે બાંધવાનો તેમનો દૃઢ નિશ્ચય હતો.

છન્દ—હરિગીત.

વિશ્રામસુત ગોપાલ દિલે વિમલ પ્રીતિને વર્યા,
ગત વર્ષના મધુમાસમા જે શોક સ્વર્ગે સંચર્યા;
વિધવા બનેલાં મોંઘીબાઇ પતિવિરહના શોકમા,
દશ માસ ઉંડા શ્વાસ ભરી વિચર્યાં વિભુવના લોકમાં. ૧

તિથિ એક પામ્યા દૈભ્ય એકજ પક્ષ આવ્યો અંતમાં,
વૈકુંઠમા ઉભયે કર્યો છે વાસ આસ વસંતમાં;
વાસર અને માસે તદ્‌વત આજ તિથિનો રહ્યો ગયો,
એથી જણાયે ઉભયનો પરલોકમાં ભેટો થયો. ૨

ગુરૂએ લઈ શુભ જન્મ શનિએ દેહને ત્યાગી દીધો,
નવનો ઉમેરો જન્મતિથિમાં ભક્તતા સૂચક કીધો;
શ્રીમંત દેવકુંવરબાનાં પુત્રી પુત્રસમાં હતાં,
દિલ યાચકે દિલગીર મોંઘીબાઇ પરલોકે જતાં. ૩

પીયરનો સાથે શ્વસુર પક્ષ અપાર ધનશાળી મળ્યો,
પણ મોંઘીબાઇના હૃદયમાં લક્ષ્મીનો મદ ના ચડ્યો;
કારણ-હતાં નિજમાત લક્ષ્મીબાઇ સદ્‌ગુણશાલિની,
શિક્ષણ સુતાને દઇ કર્યાં ગોપાલકેરાં ઘ્વાલિની. ૪
જે અન્તસમયે અર્ધશતકની ઉમ્મરે પહોંચ્યાં હતાં,
નિવડ્યા નકી ડાહ્યાં ચતુર જૂના જમાનાનાં છતા,
દૃગમાં દયાની લાગણી દેખાની દીનજનો ભણી,
સંતોષતાં સેવક જનોને સુત સમાન સદા ગણી. ૫
પતિના વિરહથી શરીરની સંપત્તિ માઠી બગડવા,
જીવન અમૂલ્ય સુધારવા પરમાર્થની કરી દવા,
ખર્ચ્યાં હજારો-હાથથી નિજનાથના હિત કારણે,
રાખી મયા અભિધાન મોંઘીબાઇ શુભ સંભારણે ૬
મનમાં હતું જે ચાર ધામ કરીયુ સજ્જન ઉન્દથી,
ને અન્નસત્ર સદુ સ્થળે સ્થાપીશું અતિ આનન્દથી;
વળિ ધર્મશાળાઓ વિવિધ બંધાવશું બે ત્રણ સ્થલે,
ઇચ્છા થઇ નહિ પૂર્ણ મોંઘીબાઇની ભાવિજને ૭
ઇચ્છા થઈ નથિ પૂર્ણ કોઇની આજ લગિ સંસારમાં,
પણ ધન્ય-જ્યે જીવ જે પરમાર્થ કેરા પ્યારમાં,
જાતિ હુદ્દાઓની ઘણી તેમા મણિ મોંઘા હતા,
ગોપાલ-મોંઘીબાઇ જન્મે છે સુકમોંથી છતાં ૮
પતિ પત્નીએ શુભ ભોગવ્યાં છે પુણ્યના ફલ ભાવનાં,
પરલોકમાર્ગે પ્રયાણ કીધું ઉત્તરાયણ આવતાં,
નિશ્ચય ઉભયનો વાસ છે સુખકન્દ દ્વારક પુરે,
પણ ધાર એના વિરહનો ઇચ્છે નહિં આશ્રિત ઉરે. ૯
કેશવ કરો કલ્યાણ એના શ્રેષ્ઠ કૌટુમ્બિક તણું,
આ શોક સક્ષેપે કહ્યો પણ કષ્ટ છે ઘટમાં ઘણું,
શ્રીનાથ એ પતિપત્નીને નિજ શરણમાંહે સ્થાપજો,
કીર્તિ શરીરને કાન્તિમય કરી આત્મશાન્તિ આપજો ૧૦

જાહેર ખબર

અસલ કુકડા છાપનો મકલાઇ ચુનો A K. P. મારકાનો અમારે ત્યાંથી મલશે. તેમ ઇમારતના બાંધકામને માટે ખાસ ભઠીઓમાં ચોરબંદરી સફેદ પત્થરનો પકાવેલ ચુનો કરટ કવેલીડીનો જથાબંધ મલશે.

બહાર ગામના જથાબંધ ઓરડરો પુરા પાડીએ છીએ, એક વખત મંગાવી આપી કરજો.

મેસર્સ અબુબકર કાસમ.

સફેદ પત્થર, લાદી, મકલાઇ, ચુનો, તથ ચુનાના વેપારી.

પોરબંદર-કાઠીઆવાડ.



જેની આખી દુનિયામાં જોડી
નથી અને જેને સોના
રૂપાના ચાંદા ભળેલા
છે, એવું

આ

ઓટો મોહીની

વાપરવા ચુકતા નહિ.

આવા હરીફાઈના હરીફાઈના પ્રસંગોમાં પોતાની
કીર્તિને ઝળકતી રાખનાર માત્ર આ એકજ
સેન્ટ છે, વાપરી ખાત્રી કરો.

જરા ચેતો અને વિચાર કરો કે બજાર ભલતાં તેલો
વાપરી તમારા બાલો સફેદ થઇ ગયાછે. અમારૂં આ—

રોબીનીયા તેલ.


બાલને કાળા તથા સુંવાળા બનાવે છે. તેની અત્તરની
બારીક મનમોહક ખુશબો તમારા મનને ખુશી કરવાને
બસ છે. કિં. બા. બોકનો રૂા. ૧.

તા. ક. બકપા આનાના સ્ટાંપ
બીડવાથી રોબીનીયા તેલનો નમુનો
મફત આપવામાં આવશે


મોહિની એજન્સી

જુમામસ્જીદ—મુ બઈ.

મોતને લાત મારનાર.



પરસ્તાન
એગ્યુમીક્ષર
તાવની દવા.



ધી પરસ્તાન પરફ્યુમરી કું.

ન. ૧ પાયધુની મુબઇ ૩

-સાહિત્યરસિકોને સોનેરી તક-

બહાર પડશે! —ટુંક સમયમાં— બહાર પડશે!

"વનમાલી"

(માસિક પત્ર).

આ માસિકમાં પ્રતિમાસે રસમય, સામાજિક લેખો, સાંસારિક તથા ઐતિહાસિક, બોધી, ટુંકી વાર્તાઓ, મહાનપુરૂષોના જીવનચરિત્રો અત્યુત્તમ કાવ્યો, ઇનામી નિબંધો, સ્ત્રી ઉપયોગી લેખો પ્રગટ થશે. વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ૩-૦-૦ હિન્દ માટે. ફેરાવરમાટે રૂા. ૪-૮-૦ પોસ્ટેજ સહિત. ગ્રાહક થવામાટે જલદી નામ નોંધાવો.

જાહેરખબર માટે આ માસિક અત્યુત્તમ સાધનછે. ભાવ તદ્દન સસ્તા

"જાહેરખબર મેળવવા માટે પ્રમાણિક એજન્ટો જોઇએ છીએ"

વિદ્વાન બ્રહ્મો તથા સાક્ષર બન્ધુઓને વિજ્ઞપ્તિ.

ગુર્જર લેખકો તથા લેખિકા ભગિનીઓને પોતાના લેખો તથા કાવ્યો "વનમાલી" માટે લખી મોકલવાને અમો માનપૂર્વક નિમંત્રણ કરીએ છીએ.

હરિદાસ જે સંપટ.

સંપાદક "વનમાલી" ભીમાણી સ્ટ્રીટ-કચ્છ માંડવી.

GOOD LUCK.

Can be attained by following the rules laid down in

RAI SAHIB DR. K. C. DASS

SEXUAL SCIENCE.

The most useful guide for HEALTH WEALTH and PROSPERITY and everyday companion for young and old. Distributed gratis and post free.

Apply to:—

THE SWASTHYA SAHAYA PHARMACY.

39-2, Harrison Road, CALCUTTA.

A BOON OF CIVILISATION NOW READY.

BOOK YOUR ORDER FOR A COPY.

DO IT TO-DAY.

THE ENCYCLOPÆDIC INDIAN DIRECTORY

A handy Reference Book replete with Information carefully gathered on the spot

Labour and money have not been spared to make the compilation a reliable and handy "Vade mecum" for the trade profession

---

STUDENTS AND TOURISTS will find the *General* and *Archæological* sections educative and helpful

Published in parts, such as —

	Rs
Delhi, Lahore, Cawnpore Allahabad etc, ..	... 1 each.
Calcutta and Bombay at .	. 3 "
Madras at	2 "

For further particulars please apply to —

The Encyclopædic Indian Directory Co,

Dept 13, ALLAHABAD.

દિલ્હી દરબાર.

અનુવાદક—શ્રીયુત વકીલ.

પ્રકરણ ૩ જું ચાલુ.

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૦ થી.)

તે દરમ્યાન ગાંજીઆએ પરાકને સમજાવી રવાના કર્યાં અને બોલી "સિંગસાહેબાંકાગળમાં લખેલી હકીકત પ્રમાણેજ અમલ કરેલ છે અને તમારે કાંઇ ચિંતાકરવા જેવું નથી." "પધારો આંસાહેબજીનાબ, તબીયત સારી"!

ગાંજીઆસાથે ખાનગી વાતચીત કરવા બિહારીચરણ બહુજ ઉત્સુક રહેતો પણ તે કેમ કરી બની શકતું?

થયેલ વાતચીતના સ્વરૂપઉપરથી તે માત્ર એટલુંજ સમજી શકયો કે દાયમણિ તેને ઘેર આવી હતી. રસ્તામાં કોઇ એક તેની પાછળ પડ્યું હશે. પણ કાંઇ હરકત કરી નહિ હોય. અને તે ગાંજીઆની સ્થિતિને લક્ષને. સર્વજાણતા કે લગભગ બધી બાદીઓ ગાંજીઆની દુકાને વખતોવખત આવતી. સણીઓને મન તે વિશ્રાતિસ્થાન હતું. કોઇ ખરીદવાને બહાને આવતી અને પોતાની અસંદગીના યુવાનોસાથે ઓળખાણ કરતી

બિહારીચરણને શંકા થઇ કે અવશ્ય કોઇએ આ સર્વ હીલચાલની તપાસ રાખેલ હશે નહિતર તેની પાછળ આવવાનો હેતુ શો! ગાંજીયાના વહીવટ ઉપર કોઇએક ખાસ તપાસ રાખતું હોવું જોઇએ, અને તે બાબતની ગાંજીયાને ખબર પણ નહોય.

જુલેખાંએ આપેલ કાગળ દાયમણિએ ગાંજીયાને આપેલ અને તે પ્રમાણે વ્યવસ્થા થયેલ છે, તેટલું પણ તે સમજ્યો અને કાગળની સૂચનાપ્રમાણે ગાંજીઆએ તેણીને આ સ્થળેથી બેસવી હતી. ત્યારે દાયમણી હાલ છે કયાં! જુલેખાની ચીજસહિત દાયમણી નાશી ગયેલ છે. એ સમાચાર જ્યારે નુરજહાન સાંભળશે ત્યારે તે સર્વ ભેદ જાણવા આકાશ પાતાળ એક કરશે દાયમણીને શોધવા અને છૂપી હકીકત મેળવવા તે પૃથ્વીનો ખૂણેખૂણો તપાસશે. જુલેખાની સાથે સંબધ ધરાવતી કોઇ પણ વ્યક્તિને તે છોડશેજ નહિ નુર-

જહાને જુલેખાને મારી નાખેલ છે. ખરી રીતે તે ઔરતે જલાદના હાથથી મરવાને બદલે પોતેજ આત્મઘાત કરેલ છે. અને જ્યારે દાયમણી મળવાની ત્યારે તેનો શિરછેદજ થવાનો.

અસાધારણ દુશિયાર જુલેખાં જ્યારે અ ણધાર્યા બનાવો બનવા લાગ્યા ત્યારેજ ભયને સમજી ગઇ હતી તે દરબારસાથેની વાતચી તથી નુરજહાન તેનું અવશ્ય વેર લેશે એમ પણ જાણતી હતી.

બિહારીચરણને લાગ્યું કે દાયમણીનું આ વી બન્યું છે વૃદ્ધ અને નાતવાન હોવાથી તેના ઉપર દયા કરવામા નહિ આવે બેગમમહાલ એ એવુ સ્થળ હતું કે જ્યાં બાપ દીકરાને અથવા દીકરો બાપને મારી નાખતાં અચકાતો નહિ તેમજ ભાઇઓને ઝેર દેવાના તો ઘણા પ્રસંગો બનતા. ત્યાં એક દાસીની જીંદગીની તો કિંમતજ શી !

આમ વિચાર કરતો બિહારીચરણ ત્યાં ગાંજીઆની દુકાનપાસે ઉભો હતો વળી વિચાર થયો કે—

" શું ગાંજીઆને આ ભયનું ભાન નહિ હોય? જ્યારે મહારાણી જાણશે કે જુલેખા અને ગાંજીઆને સારો બ્હેનપણીનો સંબંધ હતો, વળી જ્યારે તેણી જાણશે કે જુલે ખાએ પોતાનો સર્વ સમાન વૃદ્ધદાદીસાથે ગાંજીઆને ત્યાં મોકલ્યો છે, ત્યારે ચોક્ક ખ બરની સુપ્રસિદ્ધ પાનવાળી ગાંજીઆની જીં દગીનો અંતજ આવવાનો. કેવું નવાઇ જેવું છે કે ગાંજીયા હજુ મોજ શોખમાં મશગુલ છે. જુલેખાના ભાગ્યથી શું તે અજ્ઞાત છે? ઘણુ કરીને જુલેખાના મરણબાબત તે કાંઈ નહિ જાણતી હોય, તે કેમ ધારી શકે? જુલેખાં હજુ ગઇ કાલેજ મરીગઇ અને હજુ સુધી તે સમાચાર બ્હાનગી છે અને બ્હાનગીજ રાખવાના છે.

જુલેખાના ભાગ્યબાબત કોઇ કાંઇ જાણી શકશે નહિ બેગમ મહાલમાં લોકો મરતા નથી પણ અદૃશ્ય થઇ જાયછે.

આ પ્રકારના વિચારો બિહારીચરણના મનમાં થતા હતા અને તે બહુ અધીરો થઇ ગયો ત્યારે કરવું શું ! આ સઘળો સમય ગાંજીયા ઘરાકોને સમજાવતી હતી અને બિહારીચરણસાથે બ્હાનગી વાત કરવા અવકાશ નહોતો.

ઘરાકોને સમજાવતી ગાંજીયા બિહારીચરણ તરફ ફરી અને કહ્યું " સીધ સાહેબ-બીજું પાન જમો. તમારી કૃપાથીજ સારાં પાન મને મળેછે અને ઘરાકો પણ સંતોષ પામેછે. આ તમારી માયામાટે તમારી આભારી છું." અને પછી એક બ્હાનદાન ઘરાક જે ઉભો હતો તેના તરફ ફરી કહ્યું " સીધ સાહેબ અમારા આ વેપારમાં આડતીયા છે અને તેની ભલ્લામને લઇનેજ મને સારો માલ મળેછે "

ઘરાકો બોલી ઉઠ્યાં "શું એમછે!" અને કેટલાક બિહારીચરણસામે જોઇ રહ્યા.

થોડા સમયબાદ બિહારીચરણે જણાવ્યું " ગાંજીયાબીબી! ગયકાલ એક સારો પાન વેચનાર ગુજરી ગયો તે જાણી ખરેખર તમને દિલગીરી થશે."

ગાંછ્યા બહુ મુંઝાણો અને બોલી "શું
શું! આપણો પ્રખ્યાત પ્રિય પાન વેંચનાર
હવે નથી?" ગાંછ્યા આ સમાચાર સમજી
નહિ. ઘરાકોને જેમ તેમ સમજાવી ગાંછ્યા
દુકાનઉપરથી ઉઠી અને બિહારીચરણને કહ્યું
"સિંધસાહેબ! મારી સાથે ચાલો."

પાછલા ખંડમાં જઇ બિહારીચરણસાથે
વાત કરી તે દરમ્યાન દુકાનઉપર નોકરો
ઘરાકને સમજાવતા હતા.

ગાંછ્યા અને બિહારીચરણની વાતચિત
તદ્દન બાનગી હતી અર્ધા કલાકપછી બિ-
હારીચરણ બહાર આવ્યો અને આગ્રાના
ચોકબજારના ટોળામાં અદૃશ્ય થઇ ગયો.

થોડા સમયબાદ ગાંછ્યા બહાર આવી,
રોકડપેટી લઇ પોતાની ગેરહાજરીમાં દુકાન
ચલાવવાને નોકરોને સૂચના આપી તેઓને
કહ્યું કે "મને બલારે ઠીક નથી. ઘેર જઇ
આરામ લઇશ બપોરના ઘણેભાગે પાછો
આવીશ."

ગાંછ્યા દુકાન બહાર નીકળી એકા બાડે
કરી ગઇ. ગાંછ્યા ગઇ તેટલુંજ લોકોએ
બનવું.

પ્રકરણ ચોથું.

ગંભીર બનાવો

આગ્રાના આખા શહેરમાં ભારે ચળવળ
થઇ રહી હતી. આગ્રાથી દિલ્હીસુધી લોકોનાં
મન એટલાં બધાં ઉશ્કેરાઇ ગયાં હતા કે
રોજના ચાલુ વ્યવહારમાં પણ ખલલ પડતી
હતી. વેપારરોજગાર બંધ થઇ ગયા હતા
કેટલાક મહિનાઓ થયા દેશની સ્થિતિ આ
પ્રમાણે હતી. દિલ્હીમાં ભયાનક ખુન અને
નમ મડદાનો દેખાવ; ફતેહપુરસીકરીમાં ભૂત-
પ્રેરિત દેખાવો, સાથે ગ્વાલીયરના કિલ્લામાંથી
ખુશરૂનું ભાગી છૂટવું, બલબત ધીરે ધીરે
લોકો આથી ટેવાયલા બના હતા. વિશેષમાં
એક નવો બણબાર્યો બનાવ બન્યો હતો
અને તેથી વળી સર્વ લોકો ભયભીત અને
ચિંતાતુર થયા હતા.

તેઓના સાંભળવામાં આવેલ હતું કે ફતે-
હપુરસીકરીમાં ભૂતનો એવો જમાવ થયેલ
છે કે બહાદુરમાં બહાદુર રજપુત પણ ત્યાં
રહી શકતો નથી અને પાછો ચાલ્યો આવે
છે. બજીતસિંહને પણ ત્યાંથી પાછું ફરવું
પડેલ છે તે તેઓએ સાંભળ્યું. આગ્રા આ-
વતાં રસ્તામાં તંબુ નાખી તે પડેલો છે.

શહેનશાહ આ બણબાર્યા બનાવોથી બહુ
ઉશ્કેરાઇ ગયો હતો અને સખ્ત પગલાં લેવા
તેનો વિચાર હતો. બહુજ શરવીર સરદાર
सद्गृहस्थ हो, आमचे कारखान्यांत सर्व प्रकारचीं शुद्ध चंदनाचें तेलावर बनलेलीं अत्तरें, सुवासिक तेलें, गुलाबजल, केवडा जल, अर्क मुरंबे, तंबाखु वगैरे सर्व माल माफक दरानें खात्रीचा मिळवो, तरी एक वेळ अनुभव घ्यावा.

अत्तरें.

गुलाब, केवडा, चमेली, खस, जूई, हीना, सुरंगी, मालती, आवा, झेंडू, सारा, शेवती इत्यादि दर तोळ्यास ०॥।≈ आणेपासून १५ रु पर्यंत.

तेलें

बेला, चमेली, मोगरा, गुलाब, मसाला इत्यादि दर शेरास रुपये २--१५ पर्यंत.

तंबासु--दर शेरास

रु २--४-१०-२०--३२ पर्यंत.

मोटा केटलोग फुकट पाठवूं

मारवनलाल विश्वनाथ, जनरल मर्चंट, मु. कन्नोज--सिटी

१ रुपियो कांई वधारे नथी.

मनोविकारना सपाटामां सपडाइने शरीरे सत्वहीन थयेला तरुणो ? तमारी पाचनशक्ति मंद पडवानुं, हस्त साद न आववानुं, हाथ पग दुखवा थवानुं, कमर दुखवानुं, शरीरमां ओछोओछो ताव रह्या करवानुं कारण शु ते जाणो छो ? तेनुं कारण धातुपातज छे. तमे विचार करता हशो के हवे शरीर सारुं केम थाय ? —पण निराश थशो नहि

એક રુપિયો એ કांઇ मोटी वात नथी. अमारो "धातुपौष्टिक पाक" खरीदो. अने ते २१ दिवस अनुपान साथे खाइने तमारी तबीयतमां केवो सुधारो थाय छे, तेनो अनुभव लेवो. तमारी तबीयतनो सुधारो तमने पोतानेज मालुम पडशे.

अरेभर ? એક રુપિયો कांइ वधारे नथी. माटे अनुभव लेवो. वी. पी खर्च पांच आना थशे. Aryaaushadhalaya—MIRAJ.

आर्योषधालय.—मीरज (S. M. C.)

— વિષયાનુક્રમ —

	વિષય	પૃષ્ઠ
(૧)	બલા એ ન્યાય કર્યાનો છે. (કવિતા)... ...	૧૬૧
(૨)	ઔદ્વિનશિક્ષા.	૧૬૨
(૩)	વસંતવર્ણન. (કવિતા)	૧૭૨
(૪)	નિષ્કામકર્મની મહત્તા.	૧૭૩
(૫)	સખીને સંબોધન. (કવિતા)	૧૮૧
(૬)	બેદુલા.	૧૮૨
(૭)	વૈરાગ્યપંચકની ગુજરાતી વ્યાખ્યા.	૧૮૭
(૮)	ઉઠો ઉઠો ભારતને ઉદ્ધારો. (કવિતા)... ...	૧૮૯
(૯)	ચિત્તવૃત્તિ-વિજ્ઞાનશાસ્ત્ર.	૧૯૦
(૧૦)	શાને દુલાવો? લોક ઓ! (કવિતા)	૧૯૬
(૧૧)	ચાલુવિષયની ચર્ચા.	૧૯૭
(૧૨)	સાભિપ્રાય સ્વીકાર.	૧૯૮
(૧૩)	હિતવચનો.	૧૯૮
(૧૪)	દિલ્હી દરબાર (ચાલુ વાર્તા) ...	૧૨૯થી ૧૩૬

Be a Doctor Yourself.

To save your own family and your neighbours in times of epidemics which create a havoc in the country

Here is your opportunity to save your poor brethren helpless and it is your time to be a helping hand to them

Shall we tell you the way you will *discharge* this philanthropic duty?

Buy a Sample Box of Dr. Burman's Specifics. Contains—1 Camphor, 2 Cure for Asthma, 3 Kola Tonic, 4 Nervine Tonic Pills, 5 Purgative Pills, 6 Essence of Mint, put up quantities sufficient for the purpose. For details ask a copy of "The Medicines you want."

Price Re. 1-8 Per Box. Postage 4 Annas.

DR. S. K. BURMAN.

5, Tiverhand Dutt Street—CALCUTTA.



અંકુશ.



ANAISH

પુસ્તક ત્રીજું. ફાલ્ગુન ૧૯૭૬. અંક ૫ મો.

भला ए न्याय क्यांनो छे ?

ગજલ–કવ્વાલી.

કુળ કૃત્યોજ આરંભી જનો પસ્તાય છે અન્તે;
પછી માફી અહા ! ચાહે, ભલા એ ન્યાય કયાંનો છે?

ગરીબની રે સતાં ગર્દન, જરી ના દિલ દયા ધારે;
ચહે હા ! માફી સપડાતા, ભલા એ ન્યાય કયાંનો છે?

તૃષિત કરથી ઝૂટી પ્યાલુ, અરેરે ! ઢોળી દે જલને;
ઈતર પામે જલની ઇચ્છા-કરે, એ ન્યાય કયાંનો છે?

ન દે આશ્રય નિરાશ્રિતને, અતુલ લક્ષ્મી છતાં નિજની;
ચહે આશ્રય બુરી વેળા, ભલા એ ન્યાય કયાંનો છે?

પડેલાપર અરે ! પાટુ લગાવા રાખી ના બાકી;
પડે ઉઠવા મદદ માગે, ભલા એ ન્યાય કયાંનો છે?

ઉછેર્યા સીચ્યા ના જલને, કદી વૃક્ષો જીવનપથમા;
પછી જોયે શીતલ છાયા, ભલા આ ન્યાય કયાંનો છે?

ઉચ્ચાર્યા ના કહે "ચન્દ્ર", દુઃખિતપ્રતિ મધુર વેણો;
પછી દુઃખમાં ચહે સાંત્વન, ભલા એ ન્યાય કયાંનો છે?

ચન્દ્રશંકર ધીરજલાલ પંડ્યા–ઉમ્મલા.

સ્ત્રીહિતશિક્ષા.

લેખક—શ્રીયુત શાસ્ત્રી પોપટલાલ અંબાશંકર—જામનગર.

જગત્કર્ત્તા પરમેશ્વરની માનસસૃષ્ટિ અને દૈહિકસયોગસૃષ્ટિ એ પ્રમાણે બ્રહ્મજાતની સૃષ્ટિમાં માનસસૃષ્ટિકરતાં દૈહિકસંયોગસૃષ્ટિ અધિક વિસ્તૃત થવાને લીધે માનસસૃષ્ટિનુ વિસ્મરણ કરાવનાર થઇ પડી છે સૃષ્ટિનુ કારણ અને કાર્ય એ બન્ને નરજાતિ અને નારીજાતિ છે અન્યનરજાતિ સૃષ્ટિનું કાર્ય ગતા પણ અધિ ... હોવાથી નિરૂપયોગીજેવી છે. એ પ્રમાણે હોવાથી મુખ્ય અને કાર્યોપયોગી એ જાતિજ છે. તેઓમા પણ મનુષ્યજાતીય નર અને નારી સર્વોત્તમ છે. કારણ કે તે બુદ્ધિ, વિવેક, ધૈર્ય, કાર્યસામર્થ્ય અને તેવા બીજા પણ સ્વપરોપકારક અનેક ગુણોનુ સ્થાન છે જોકે કેટલાએક નરો અને નારીઓ દુષ્ટસ્વભાવના હોવાને લીધે સ્વપરોપકારક થવાને બદલે સ્વપરોપઘાતક થઇ પોતાના સબંધમા આવનારાઓને પ્રત્યક્ષરીતિથી તથા પરોક્ષરીતિથી મોટીમોટી હાનિમા ઉતારે છે તથાપિ તે બુદ્ધિ વિવેક અને કેળવણીના અભાવનોજ પરિણામ છે. અન્ન, વસ્ત્ર, નિવાસસ્થાન, આરોગ્ય અને વ્યવહાર. એ પદાર્થપંચક મનુષ્યમાત્રને નિર્વાહનાં આવશ્યકસાધનો છે એ સાધનો સંબંધી યોગક્ષેમ સ્ત્રી તથા પુરૂષના પ્રાધાન્યાનુકૂલ પ્રયત્નસાધ્ય છે. ઉક્ત પદાર્થપંચકનુ ઉપાર્જન કરવું એમાં પુરૂષનો મુખ્યપણાથી અનાદિસિદ્ધ અધિકાર છે અને ઉપાર્જન કરેલા પદાર્થોનુ સંરક્ષણ કરવું એમાં મુખ્યતાથી સ્ત્રીનો અનાદિસિદ્ધ અધિકાર છે. ઉપાર્જન અને ઉપાર્જિતનું સંરક્ષણ એ યોગક્ષેમ શબ્દોનો અર્થ છે. પુરૂષ ગમે તેવા પ્રયત્નથી પદાર્થોને મેળવી પોતાનાં કબજામાં રાખે પણ જો ઘરમાં આવ્યાપછી તેની યોગ્ય વ્યવસ્થા ન થાય તો તેવિષેનો યત્ન નિષ્ફલ નિવડે છે. એટલામાટે જેટલેઅંશે પદાર્થોના ઉપાર્જનની આવશ્યકતા છે તેટલેજ અંશે તેઓના સંરક્ષણની પણ આવશ્યકતા છે. એટલામાટે સ્ત્રીએ પોતાના પતિના સુખમાટે, પોતાના સુખમાટે, પ્રજાના સુખમાટે અને વ્યવહારની અનુકૂલતામાટે ક્ષેમમાં તત્પર રહેવું જોઇએ. સ્ત્રીએ પ્રથમ ધાન્યના સંરક્ષણમાટે પૂરતુ ધ્યાન આપવાનુ છે. તંદુલ [ચોખા] વગેરે કેટલાંએક ધાન્યો જુના કાલનાં હોય તો સારા ગણાય છે. તેથી તેવાં ધાન્યોને તેવા અપેક્ષાસ્થળે રાખવાં જોઇએ કે જેને લીધે તેઓ મક્ષમક્ષાદિકથી દુષ્ટતાને ન પામે. કેટલાંએક ધાન્યો પોતાની મોશમવગર બીજા સમયમા મેળવવાં હોયતો બહુ મુશ્કેલી પડે છે. તેવાં ચોમાસાવગેરે ધાન્યો ઇચ્છા થાય ત્યારે ઉપયોગમાં આવીશકે એટલામાટે પ્રથમથી તેઓનો યોગ્ય ઉપયોગજેટલો સંગ્રહ કરી રાખવો જોઇએ અને તે ધાન્યનું પૂરતીરીતે રક્ષણ પણ કરવુ જોઇએ. પ્રથમથીજ

પ્રત્યેકદિવસે આહારમાં લેવાનાં ધાન્યોના સંબંધમાં નેત્રદ્વારા કણ્વત્વ અકણ્વત્વનો, નેત્ર અને હસ્તદ્વારા અનુપયોગી સાંસર્ગિક પદાર્થોનો દૂર કરવાનો, બન્ને હાથથી સંશ્લિષ્ટ-ભેળાં થયેલાં કોતરાંને જુદાં પાડવામાટે સૂપડાને હલાવવાનો, અનુપયોગિ કાઠિન્યને દૂર કરી ઉપયોગિ માર્દવને લાવવામાટે તથા ઉત્પત્તિસિદ્ધ તુષોના પૃથક્કરણનેમાટે ઉદ્ખલમાં મુસલદ્વારા થતા અવહનન [ખાંડવું-નથા ખાંડવું]નો, તીક્ષ્ણશક્તિની મંદતામાટે, સંસ્કારજન્ય મૃદુતાને માટે, આકૃતિના આધિક્યમાટે અને વિશેષ યત્નવિના તુષાપનયનમાટે જલાપ્લાવન [પાણીમાં પલાળવું] નો, ચૂર્ણોપયોગી સ્થિતિનેમાટે પેષણીનો અને દ્રુદલતાવગેરેને માટે લઘુપેષણીનો સંસ્કાર કરવા સંપૂર્ણ ધ્યાન આપવું જોઇએ. કેટલાંએક અખંડધાન્યોને, ખંડધાન્યોને અને પિષ્ટરૂપ થયેલાં ધાન્યોને તેઓની સ્વાભાવિક ઉત્તમ સ્થિતિમાં વિકૃતિ ન થવામાટે યોગ્યપાત્રોની, તે ઉપરના પિધાનની, રાખવાના ભૂમિપ્રદેશની, મૂષકવગેરે ધાન્યભક્ષક પ્રાણીઓથી રક્ષણની તથા પરિપવન [ચાલિની] સંસ્કારની પણ પૂરતી કાળજી રાખવાની છે. નિઃસત્ત્વવગેરે ધાન્યોનેમાટે તેઓમાં ઘણા ત્રાજ કણોનો સદ્ભાવ હોવાથી તેઓને દૂર કરવા માટે વા-નપ્લવન [વાયલણ] વગેરે સંસ્કારો કરવાના છે. તે તે ધાન્યોની ઉત્પત્તિ, તે ઋતુકાલજ છે, અપર્યુષિતકાલજ છે, સ્વદેશજ છે કે પરદેશજ છે તેવિષેનો પણ વિચાર કરવાનો છે. તે તે ધાન્યોની આકૃતિ, પ્રમાણ અને વર્ણ સ્વાભાવિક આકૃતિવગેરેથી ન્યૂનતાવાળાં છે, અધિકતાવાળાં છે, કે સામાન્ય છે? તેઉપર પણ ધ્યાન દેવાનું છે. કારણ કે આકૃતિવગેરેની અસ્વાભાવિક ન્યૂનતા તથા અધિકતા ઉપદ્રવિ નથી. ઘરમાં વિશેષ પ્રમાણમાં તથા સાધારણ પ્રમાણમાં પડેલાં ધાન્યો, ધાન્યભક્ષક પશુઓથી, પક્ષિઓથી તથા ધાન્યદૂષક ક્ષાન્ત અને ભિક્ષાકવગેરે પ્રાણીઓથી ઉચ્છિષ્ટ ન થાય તેવી સગવડ રાખવાની છે. અમુક પ્રાણીઓથી અમુક ધાન્ય દુષ્ટ થાયછે તે વિષયમાં એક કિંવદંતી અહીં ઉપસ્થિત થાયછે. એક મોટા ગામમાં અશાસ્ત્રીય પદ્ધતિથી સંન્યાસ લઇ ઉપરથી ધર્મનો ઢોંગ કરી અનાયાસે સુખપૂર્વક નિર્વાહ ચલાવવામાટે કાષાય વસ્ત્રવગેરે પરિત્રજ્યાનો વેષ ધરી અંદરથી અનેક કૃત્યો કરનારી શાંડિલીમાતા એવા નામથી પ્રસિદ્ધ એક પરિવ્રાજિકા રહેતી હતી. તે કોઇ વખત યંત્રમંત્રોના પ્રયોગથી, કોઇ વખત ભિક્ષાના દાનથી, કોઇ વખત કલ્પિત ઔષધોના પ્રયોગથી, કોઇ વખત સ્ત્રીઓના દક્ષ પગની રેખાઓને જોઇ ભૂત ભવિષ્યનાં શુભાશુભ ફલો કહેવાથી અને એટલાથી પણ સંતોષ ન થતાં, કોઇ વખત ધાન્યાદિના ક્રયવિક્રયથી પણ ઉદ્યોગમાં ચુસ્ત રહેતી. કારણ કે વૈરાગ્યનો જેમાં ગંધ પણ ન હોય તેવો સંન્યાસ તેવા પરિણામવાળોજ નિવાહે છે. એ પ્રમાણે કેટલોક વખત જતા આખા ગામમાં તે શાંડિલીમાતા મુગ્ધલોકોના મનમાં પરિવ્રાજિકાકર્તૃત્વને વિચક્ષણ લોકોના મનમાં પ્રપંચીરૂપે પ્રસિદ્ધિમાં આવી હતી

તે શાંડિલીમાતાને એક છોકરો હતો, તેની સ્ત્રી હતી અને તેને ઘેર પણ છોકરાં હતાં

તેના છોકરાની સ્ત્રી બરોબર હુશિયાર ન હતી તેથી ઘરની ચીજવસ્તુઓને બરોબર સાચવતી ન હતી તેને લીધે હમેશા બન્નેને તકરાર ચતી. એ પ્રમાણે ચાલતા ગામમા ધોળા તલનો ભાવ ઘણોજ વધી જવાથી શાંડિલી માતાએ એકદમ મોટા પ્રમાણમા ખરીદી લીધા. ઘેર લાવ્યાપછી તેમાંથી કેટલાક તુઓને દૂર કરવામાટે પોતાના ઘર આગળના વિસ્તીર્ણ પ્રદેશમા તડકામાં નાખી વહુને તેના સરક્ષણમાટે સંપૂર્ણ ભલામણ દઇ પોતે બીજા ઉદ્યોગમાટે ગામમા ગઇ પણ કળથી વહુએ મૂર્ખતાને લીધે બરોબર સભાળ ન રાખી ભોજન કર્યાપછી સ્નાનભાગ દેવાના સમયમા ઘરથી દૂર ન જતા ઘરના આગણામા જ તેણીએ અન્ન દેવામાટેનો શબ્દ પોકાર્યો તેજ વખતે અનેક કુતરાઓ એક બીજાની જતા દેખી એકઠા થયા તેઓએ પોતાના જાતિસ્વભાવથી પાથરેલ તડકના ભાગનાઉપર આવી અન્નના ટુકડાઓ કે જે શાંડિલીમાતાની પુત્રવધૂએ આપેલા હતા તેઓને ઝોટાઝોટ કરી આવા માડયા અને પાથરેલા તડકઉપર મૂતરવા લાગ્યા કુતરાઓએ મૂતરીને બગાડેલા તડકો તે ભાગ પરસ્પરમા લડાઇ થવાને લીધે સઘળા તલમા વ્યાપ્ત થઇ ગયો. અને તડકો બધ્યો આમતેમ ઉથલપાથલ થઇ ગયો તે સ્ત્રીએ ઘણા પ્રયાસે પોતાને તેઓની જાતને અને કામને છાજતી પૂજાથી વિદાયગિરી આપી વહુ ઉભી હતી તેટલામા બહારથી શાંડિલીમાતા ઘરઆગળ આવી આવીને તલના સમુદાયને રસાયલ થઇ ગયેલો જોઇ તથા તેમાં કુતરાઓના મૂતરને તથા તેના દુર્ગંધને તથા ભીંજાએલા તિલસમુદાયને દેખી વધી ગુસ્સે થઇ અને મનમાં વિચારવા લાગી કે આ તિલરાશિઉપર કુતરાઓ મૂતરી ગયા તેથી હવે તે ખેતરમા વાવવા છતા પણ બિલકુલ ઉગશે નહિ કારણકે ક્ષારના યોગથી અન્નનું બીજ નિર્વિર્ય થઇ જાય છે તેમા પણ શ્વાનના મૂત્રમા તો આસ તેવો ગુણ છે કે તિનાં બીજને નષ્ટજ કરી નાખે છે માટે હવે આ ધોળા તલ આપી દઇ કાળા તલ ખરીદી લઉં તો ખોટ ન જાય, તેમ કાળાતલ રાખીને ધોળાતલ આપીશ એટલે કોઇપણ ના નહિ પાડે એવો વિચાર કરી તુરતજ ગામમા જાહેર કર્યું કે શાંડિલીમાતા ધોળાતલ આપી તેને બદલે કાળાતલ રાખે છે જેની ઇચ્છા હોય તે લઇ જજો આવી રીતે યત્નથી ઘણા લોકો તે પ્રમાણે કરી મનમા પ્રસન્ન થયા, પણ જેઓ પહોંચેલા હતા તેઓ વિચાર કરીને બોલ્યા કે—" નાકરમા ચ્છાડલી માતા વિકીર્ણીત તિલૈસ્તિલાન્" શાંડિલીમાતા કે જે બડી કાબેલ છે તે એકદમ ધોળાતલ કે જે મોંઘી કિમતના છે તે આપી દઇ થોડી કિમતવાળા કાળાતલ તે રાખે છે, એમા કાઇક પ્રબલ કારણ છે પાછળથી ઉપરનુ કારણજ નિકળ્યુ એ પ્રમાણે સ્ત્રીઓની મૂર્ખતાથી મહોટો અનર્થ થાય છે એતો શાંડિલીમાતા પહોંચેલી હોવાથી જેમતેમ કરી રસ્તે લાવી આ દાખલાથી સ્ત્રીઓનેમાટે તેઓની યોગ્ય દેખરેખસારૂ ઘરમાં કોઇ અનુભવી વૃદ્ધ માણસની જરૂર છે. તેમા પણ જે સ્ત્રીમા પ્રથમથી પોતાના કર્ત્તવ્ય કાર્યો સંબંધી યોગ્ય બુદ્ધિજ ન હોય

સેવી આપ્તોનેમાટે તો હમેશાં તેવા કોઇ કાર્ય-નિર્વાહક વૃદ્ધ વ્યવહારકુશલ પુરૂષની અથવા તેવાજ ગુણથી કેળવાએલી સ્ત્રીની જરૂર છે. અને જે સ્ત્રી બુદ્ધિમતી હોય તેણીના સંબંધમાં પણ બુદ્ધિનો અનુભવસિદ્ધ પરિપાક, અવસ્થાનો પરિપાક અને પોતાના પતિની સેવાથી આરંભી ગૃહસ્થાશ્રમસંબંધી ઐહલૌકિક તથા પારલૌકિક યાવત્કાર્યનિર્વાહમાં સમર્થ વ્યવહાર કૌશલ્યનો પરિપાક આવે ત્યાંસુધી વૃદ્ધ અનુભવી આપ્તજનની જરૂર છે. સાંપ્રતકાળમાં તો ઘરમાં સાસુ સસરો કે તેવા આપ્તજનો હોય તો નવપરિણીતા સ્ત્રી આવીને તુરતજ તેઓના તરફથી શું શું લાભો થયા છે અને શું શું લાભો થશે એ વિષયનો દીર્ઘ વિચાર પણ નહિ કરતાં તેઓના સંરક્ષણ નીચે રહેવાનું પસંદ નહિ કરી વિરૂદ્ધ પડી જઇ તે વૃદ્ધલોકો કે જેઓએ પોતાના પતિઉપર અપ્રતિમ ઉપકારસાગરને ઉભરાવવામાં પૂર્ણચંદ્રની ગરજ સારી છે તથા જેઓ પુત્રતરફ તથા પુત્રવધૂતરફની પ્રત્યુપકારરૂપે સેવા ભક્તિ અને યોગ્ય પોષણની આંતર ઇચ્છાયુક્ત અંતઃકરણવાળાં હોય છે તેઓને તકલાદી કારણો દર્શાવી, પોતાની મુગ્ધબુદ્ધિ હોવાને લીધે તથા વિદ્યાભ્યાસવગેરે સુધારાસંબંધી કેળવણીના અયોગ્ય પરિણામનું પાત્ર હોવાથી જુદાં મુકી દેછે અથવા તો પોતાના પતિને જેમતેમ ઉધું સમજાવી પોતે જુદી પડી જાય છે. પણ જ્યારે તેવો કોઇ વ્યવહારસંબંધી પ્રસંગ આવે છે ત્યારે જ્ઞાતિસંબંધી, દેશસંબંધી કે ઘરસંબંધી કાર્યોવિષે પોતાને જ્ઞાન ન હોવાથી અતિશે મુંઝવણમાં આવી પડે છે. ત્યારે તેઓની હાજરીને અતિ આવશ્યક સમજે છે. કારણ કે પ્રત્યેક પદાર્થની હાજરીમાં તે પદાર્થની કિંમત નથીજ જણાતી પણ તેની ગેરહાજરીમાં આગી દેખાવાથી પૂરતીરીતે જાણવામાં આવે છે. સ્ત્રી જો વ્યવહારકુશલ હોય તો કેટલી અનુકૂલતા દેખાડી દેછે અને જો વ્યવહારકુશલ ન હોય તો કેટલી ખામી દેખાડી દેછે એ વિષયમાં એક બીજી કિંવદંતી ઉપસ્થિત થાય છે એક મોટા નગરમાં એક બ્રાહ્મણ તથા એક વૈશ્ય પોતાની શક્તિપ્રમાણે સ્વતંત્ર ઉદ્યોગથી યથાકથંચિત્ નિર્વાહ કરતા હતા. પણ તે સિદ્ધ ન થવાથી પરસ્પરમાં અતિ મિત્રભાવ હોવાને લીધે બન્નેએ વિચાર કર્યો કે આપણે બન્ને અમુક ધનની રકમ એકઠી કરી સંભૂયસમુત્થાનની પદ્ધતિથી વ્યાપાર કરીએ તો તેમાંથી પરસ્પરની સહાયતાથી બન્નેને લાભ થશે. એ પ્રમાણે સિદ્ધાંત કરી બન્નેએ ધાન્યના ક્રયવિક્રયાત્મક વ્યાપારનો આરંભ કર્યો દૈવના આનુકૂલ્યથી પ્રતિદિન અનુક્રમદ્વારા વ્યાપાર વધવા લાગ્યો. દુકાનની અંદર લેવાદેવાના પ્રસંગમાં નીચે પડતાં અનેક ધાન્યનો અમુક જથ્થો કે જે બન્નેના નિર્વાહમાટે પૂરો પડી શકે તેટલો થતો હતો તેને સાયંકાલે એકઠો કરી બન્ને વાંટી લેતા હતા. વાંટેલા ભાગને લઇ પોતપોતાને ઘેર જઇ પોતપોતાની સ્ત્રીને આપતા હતા. તેઓમાં બ્રાહ્મણની સ્ત્રી તો વ્યવહારકુશલ ન હોવાથી તથા ન્હાવું ધોવું વાસણ સાફ કરવાં અને ઘરને પવિત્ર રાખવું એ વગેરેમાં કાલ નિર્ગત થઇ જવાથી જાર, ભા-

જેરો, ઘઉં, ચોખા, દાળવગેરે જે ધાન્યનો ભેળસેળ થઈને દુકાનથી આંવેલો ભાગ હોય તેને એકદમ પીસી નાખી ટેબરારૂપ અથવા તેનું ખીચડારૂપી અન્ન બનાવી પતિને જમાડી પોતે જમે છે. વૈશ્યની સ્ત્રી તો વ્યવહારકુશલ હોવાથી તથા પવિત્રતાને પરાધીન ન હોવાથી પોતાનો પતિ જે ભાગ લાવે તેને, ઘરનું કામકાજ કરી લીધાપછીના વખતમા એક પાત્રમાં નાખી એક બાજોઠપર મુકી ચોમેર જુદાં જુદાં પાત્રો રાખી મિશ્રિત ધાન્યમાંથી પ્રત્યેક ધાન્યના એક એક કણને વીણી લઇ તે તે ધાન્યોને જુદાં જુદાં રાખી યોગ્ય રીતે સાચવી હમેશાં જુદી જુદી રસોઇ બનાવે છે. એટલે કોઇ દિવસ તુવેરની દાલ, કોઇ દિ... મગની દાલ, કોઇ દિવસ અડદની દાલ વગેરે દાલ સાથે ઝીણા ચોખાનો ભાત બનાવે છે. જાડા ચોખાની ખીચડી બનાવે છે. કોઇ વખત રોટલી, કોઇ વખત રોટલા, કોઇ વખત કઢી, શાક, પૂડલા, ઢોકળાં, વડીપાપડ, પૂરણપૂરી, કચોરી, ભજીયાં, કૂબડી, વડાં, માનભોગ, લાપસી, લાડુ અને પૂરીઓવગેરે બનાવી પતિને અનેક સ્વાદોનો અનુભવ કરાવે છે અને કરે છે. તેથી પતિના શરીરની કાંતિ તેજ, બલ, ઉત્સાહ, કાર્ય કરવાનું સામર્થ્યવગેરે વધવા લાગ્યાં. એ પ્રમાણે કેટલોક વખત જતાં એક દિવસ વૈશ્યે બ્રાહ્મણને પૂછ્યુ કે મિત્રા આપણ બન્નેનો નિર્વાહ કમાણી અને ધંધોરોજગાર સમાન છતાં તમો દુર્બલ નિસ્તેજ અને બલવગરના કેમ દેખાઓ છો? મને તો આપણે આરંભેલા આ વ્યાપારથી દરેક રીતે ફાયદો દેખાય છે. માટે આમ કેમ છે.? બ્રાહ્મણે પુછ્યું કે તમેજ હમેશાં શું જમો છો? વૈશ્યે કહ્યું કે દાળ, ભાત, રોટલી, શાક, દૂધ, સાકર, પાપડ, સેવ, વડી અને કોઇ દિવસ મોદકવગેરે મિષ્ટાન્ન જમુ છું આ વાત સાંભળી બ્રાહ્મણ શંકાકુલ થઇ બોલ્યો કે હું તો હમેશાં ટેબરાં અથવા ખીચડો ખાઉં છું. તમો એ અનેક જાતના પદાર્થો કયાંથી ખાઓ છો? બ્રાહ્મણે જાણ્યું કે જરૂર આમાં કંઇ કપટ છે કાં તો પાછળથી દુકાનમાંથી ઉત્તમ ધાન્યો ઉઠાવી જતો હશે તેવગર આ વાત બને નહિ વૈશ્યે બ્રાહ્મણના મનમાં થયેલી શંકાને જાણી લઇ એક દિવસે બપોરપછી પોતે જતાં આવતાં બ્રાહ્મણને પોતાને ઘેર તેડી ગયો. જ્યાં ઘર આગળ જાય ત્યાં તેની સ્ત્રી ઉપરપ્રમાણે તે તે ધાન્યોના કણોને જુદા જુદા પાત્રોમાં વીણીને નાખતી હતી. તે દેખી બ્રાહ્મણે પુછ્યું કે આ શું કરો છો? તેણીએ સર્વ હકીકત કહી સંભળાવી અને કહ્યું કે "મહારાજ! ઘરમાં કમાઇને નાખવું એ પુરૂષનું કાર્ય છે, પણ ઘરમાં આવેલા પદાર્થોની યોગ્ય વ્યવસ્થા અને તેનો ઉપભોગ કરવો એ સ્ત્રીનું કાર્ય છે. એટલામાટેજ "न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते" ગૃહ એ ખરીરીતે ગૃહ નથી પણ ગૃહિણી [સ્ત્રી] એજ ગૃહ કહેવાયછે. સાધારણ સ્થિતિમાં પણ સાધારણ સ્થિતિ નહિ દેખાવા દેવાઉપરાંત ઉત્તમ સ્થિતિ દેખાડવી એજ સ્ત્રીનું કામ છે. એટલા માટેજ "मित्रमापदि जानीयाद्भार्यां च विभवक्षये" કોઇ આપત્તિ આવે ત્યારે મિત્રની

પરીક્ષા થાયછે અને વૈશ્યની તમામ સાધારણદશામાં સ્ત્રીની પરીક્ષા થાયછે. વગેરે શબ્દોથી બ્રાહ્મણ સમજી ગયો કે 'આમાં વૈશ્યનું કપટ નથી પણ તેની સ્ત્રીની ચાતુરી છે. આ દાખલા ઉપરથી સ્ત્રીએ કેવી રીતે ઘરની વ્યવસ્થા ચલાવવી તે પ્રત્યક્ષ જણાઈ આવેછે. સ્ત્રીએ કેવી રીતે વર્ત્તવું જોઇએ તેવિષે શ્રીમદ્ભાગવતમાં કહેલું છે કે "સ્ત્રીએ પતિની સેવા કપટ, આલસ્ય અને પ્રમાદથી રહિત રહીને કરવી, પતિના સંબંધીઓસાથે પણ અનુકૂળ રહેવું, અસ છતાં પ્રિય લાગે એવો વાગ્વ્યવહાર કરવો, ક્રોધનો ત્યાગ કરવો, ગંભીરતા રાખવી, શીલનું સંરક્ષણ કરવું, ઘરમાં વાસીદાં સેપન, રંગોવાળાં મંડલો, વસ્ત્રોપાત્રો અને ઉપકરણોની પવિત્રતા તથા સ્વચ્છતા રાખવી, પોતે યોગ્ય વસ્ત્રાદિકથી અલંકૃત રહેવું, ઉત્તમ ભોજનસામગ્રીથી પતિને સંતુષ્ટ કરી પોતે સંતુષ્ટ રહેવું. કાર્યમાં ચતુરાઇ રાખવી, ધર્મમાં પ્રેમ અને પતિઉપર સ્નેહ રાખવો તથા પ્રજાનું યોગ્ય પાલન કરવું."

પ્રાચીનકાળમાં ચક્રવર્ત્તી સ્વાયંભુવમનુ મહારાજની લાડકવાઇ પ્રિય પુત્રી દેવહૂતિએ બ્રાહ્મણપતિ કર્દમમુનિની કેવી સેવા બજાવી હતી? અત્રિમુનિનાં પત્ની અનસૂયાએ, વસિષ્ઠમુનિનાં પત્ની અરુંધતીએ, અગસ્ત્યમુનિનાં પત્ની લોપામુદ્રાએ અને સત્યવાનની પત્ની સાવિત્રીએ પતિની કેવા સદ્ભાવથી સેવા બજાવી છે? કે જેના પ્રભાવથી અનંતકાળસુધી પોતાની સત્કીર્ત્તિદ્વારા તેઓ હયાતીનેજ ભોગવેછે એ વાત વારંવાર ધ્યાનમાં રાખવી જોઇએ. સુપડ સ્ત્રીએ હું સર્વથા સ્વતંત્ર થઇ જઉં તો ઠીક એવી કલ્પના કરવી નહિ. કારણ કે—

પિતા રક્ષતિ કૌમારે ભર્ત્તા રક્ષતિ યૌવને ।
પુત્રશ્ચ સ્થાવિરે ભાવે ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ ॥

સ્ત્રીએ બાલ્યાવસ્થામાં એટલે વિવાહપહેલાં પિતાવગેરે પોષકવર્ગની દેખરેખનીચે રહેવું, યૌવનાવસ્થામાં એટલે યથાશાસ્ત્ર વિવાહપછી પતિની દેખરેખનીચે રહેવું અને વૃદ્ધાવસ્થામાં પુત્રવગેરે પોષકવર્ગની દેખરેખનીચે રહેવું એટલે પૂર્વાવસ્થા, મધ્યાવસ્થા અને અંત્યાવસ્થામાં સ્વતંત્ર થઇ રહેવું નહિ એમ અનુભગવાનની આજ્ઞા છે. સૂક્ષ્મદૃષ્ટિથી વિચારશું તો સર્વપ્રકારની યથેષ્ટ સ્વતંત્રતા, એ સર્વને માટે ખરા હિતની સાથે સંયોગ ન થવા દેવામાં અનુકૂળ ઉપસર્ગરૂપ છે જે વિઘ્ન અનુભવમાં શરીરને, મનને કે ઇંદ્રિયોને પ્રતિકૂલપણું ન બતાવતાં એટલે રુચિકારક થઇને પરિણામમાં મોહોટા અનર્થને ઉત્પન્ન કરે તે વિઘ્ન અનુકૂળ ઉપસર્ગરૂપ કહેવાયછે અને જે શરીર, મન અને ઇંદ્રિયોને તેજ વખતે અરુચિ અથવા દુઃખનો અનુભવ કરાવી વર્ત્તમાનસમયમાં તથા ભવિષ્યકાળમાં અનર્થનો પરિણામ આપે તે પ્રતિકૂલઉપસર્ગ કહેવાયછે; એટલામાટેજ ન્યાયશાસ્ત્ર કે જે વેદાનુયાયી હોવાથી છ આસ્તિક દર્શનોમાંનું એક અનેનકપ્રધાન હોવાથી મોહોટા સૂક્ષ્મ વિચારશીલોને પણ પોતાના ઘટત્વાવચ્છેદકાવચ્છિન્નજેવી શબ્દજ્ઞાનથી બુદ્ધિમત્તાના અભિમાનને બળાત્કારથી છોડાવી દેનારું દર્શન છે, તેમા "અનુલકૂવેદનીયં સુખં" "પ્રતિકૂલ—

નૈતનીયં દુઃખં" એટલુંજ લક્ષણ આપ્યું છે; એટલે તે ખરીરીતે સુખદુઃખના પારિણામિક સ્વરૂપના નિર્વચનતરફ લક્ષ્ય નહિ રાખતાં સર્વસંવેદ્ય સામાન્ય આભાસિક પ્રતીતિના અનુવાદરૂપે નિર્વાહિત થાયછે. જો પારમાર્થિક સુખદુઃખના લક્ષણવિષે તેનું લક્ષ્ય હોત તો એ બન્નેને આધિકયવેદક વિશિષ્ટજનસંવેદ્ય વિશેષણ આપત. એ પ્રમાણે સ્વાતંત્ર્યનું અનુકૂળ ઉપસર્જનત્વ સર્વસંમત છે. આ સ્થળમાં એક આવી શંકા ઉઠેછે કે "યદન્યવશં દુઃખં યદાત્મવશં સુખં" એ શાસ્ત્રીય સુખદુઃખનું નિર્વચન, ઉપરના સિદ્ધાંતથી ઉલટું જવાને લીધે અગતિક થઇ જશે આનું સમાધાન આ પ્રમાણે છે કે આ સુખદુઃખનું નિર્વચન વેદાંતદર્શનાનુપાયિ છે. એટલે વેદાંતગમ્ય પરમાત્માસિવાયનો બીજો સઘળો પ્રપંચ મિથ્યા છે તેથી તેમા આસક્તિદ્વારા ચ્યુત પારવશ્ય એ દુઃખ છે અને પરમાત્માના સ્વરૂપમાંજ નિમગ્ન રહેવું તે સુખ છે. તેથી દેહાભિમાન ગૃહસ્થાવસ્થાના સંબંધમાં આ નિર્વચન લાગુ પડતું નથી, તેથી અહીં કેવળપણાથી વિવિક્ષેત સ્વાતંત્ર્યનો અર્થ નિરંકુશરૂપે ફલિત થાયછે.

અમે તેવો મનુષ્ય જ્યારે નિરંકુશસ્થિતિને પામેછે ત્યારે અનાદિકાલસિદ્ધ પ્રવૃત્તમાર્ગમાં મુસાફરી કરવાની સ્વાભાવિક રૂચિ હોવાથી વિવેક દૂર થઈ જાયછે અને તેથી હિતકારી માર્ગની મુસાફરી કે જેમાં પોતાની ઇચ્છાપ્રમાણે નહિ પણ હેયોપાદેય બુદ્ધિપ્રકાશને અગવો કરીનેજ ચાલી શકાયછે તેતરફ અરૂચિ થાયછે અને તેથી પુરૂષાર્થસિદ્ધિરૂપ પ્રાપ્તવ્યસ્થાનની પ્રાપ્તિ થતી નથી. એટલા માટે મનુષ્યમાત્રે ગુરૂજનો, વૃદ્ધજનો, મિત્રજનો, વિદ્વજ્જનો, હિતોપદેષ્ટાજનો અને તેવા બીજા યોગ્યજનોના તે તે કાર્યપ્રવૃત્તિમાર્ગમાં યોગ્ય અંકુશની જરૂર છે. "પુરુષઃ પ્રધાનંતદુપકરણમન્યત્" વ્યવહારમાં પુરૂષવર્ગ મુખ્ય છે અને તે સિવાયના બીજા સ્ત્રીવર્ગેરે પદાર્થો તેના કાર્યોપયોગી સાધનરૂપ છે. એ શાસ્ત્રીયવાક્યથી સર્વકરતાં મુખ્ય ગણાતા પુરૂષવર્ગને પણ નિરંકુશપણામાં રહેવું તે યોગ્ય નથી, સારે સ્ત્રીવર્ગ કે જે સૃષ્ટિના નિયમપ્રમાણે પરતંત્રતાપ્રધાન હોય તોજ યોગ્ય ગણાયછે. તે સ્વતંત્ર એટલે નિરંકુશસ્થિતિ ભોગવે તેતે શાસ્ત્રથી તથા લૌકિક વ્યવહારથી કેટલું અયોગ્ય છે નિરંકુશપણાના પર્યાયરૂપ સ્વાતંત્ર્યથી ઘણેભાગે અધર્મની ઉત્પત્તિ થાયછે. વેદશાસ્ત્રની આજ્ઞા એ સર્વને માટે પહેલો અંકુશ છે. વેદશાસ્ત્રને જાણનારાઓની આજ્ઞા એ બીજો અંકુશ છે, વડીલની આજ્ઞા એ ત્રીજો અંકુશ છે અને ન્યાયવર્તી રાજપુરૂષોનો પ્રભાવ એ ચોથો અંકુશ છે. એ અંકુશોના વશ્યમાં રહેનારી સ્ત્રી સર્વપ્રકારના અનાચારોના તથા દુરાચારોના પંજામાં સપડાતી નથી અનુભવવાન પણ એવી ઉત્તમ સ્ત્રીના ઉદ્દેશથીજ લખેછે કે જેવી સ્ત્રીઓને પિતાવગેરે જનકલોકોએ, ભાઇઓએ, પતિએ અને શ્વશુરપક્ષના લોકોએ સત્કારવચનોથી તથા અલંકાર

અને વસ્ત્રાદિથી સ્ત્રીઓને પ્રસન્ન રાખવી. કારણ કે સ્ત્રીઓ જો પ્રસન્ન હોય તો ગૃહસ્થધર્મનું યથાર્થ પાલન થવાથી કલ્યાણની પ્રાપ્તિ થાય છે, જે દેશમાં, જે ગામમાં અને જે ઘરમાં સ્ત્રીઓની યોગ્યતા જળવાય છે ત્યાં દેવતાઓ પણ પ્રસન્ન થઈ રહે છે અને જ્યાં ઉત્તમસ્ત્રીઓ નિરર્થક તિરસ્કારવગેરેથી દુઃખાયા કરે છે, ત્યાં સઘળી ગૃહસ્થાશ્રમસંબંધી ક્રિયાઓ ધડાવગરની થાય છે. બ્હેન અને કુળની સ્ત્રીઓ યોગ્ય છતાં યોગ્ય સત્કારને પ્રાપ્ત થાય નહિ તે કુળ થોડા વખતમાંજ કોઇ મહોટા અકસ્માત્ અનર્થમાં પડે છે અને જો તેઓનો યોગ્ય સત્કાર થયા કરતો હોય તો હમેશાં તે કુળ અભ્યુદયનું પાત્ર થાય છે. જે કુળમાં ભાર્યાની સર્વ પ્રકારની યોગ્યતાને લીધે પતિ સંતોષી રહેતો હોય તેમજ પતિની સર્વ પ્રકારની યોગ્યતાથી ભાર્યા સંતોષવાળી રહેતી હોય તે કુળ હમેશાં કલ્યાણને પામ્યા કરે છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે કે કુળની સ્ત્રીઓ જો અધર્મને માર્ગે ચાલે છે, તો તેઓ આખા કુળને પાયમાલ કરી નાખે છે. એટલામાટે સ્ત્રીઓએ કુળધર્મ, જાતિધર્મ, દેશધર્મ, પરંપરાપ્રાપ્ત ધર્મ અને શાસ્ત્રધર્મ એઓની વ્યવસ્થામાં કોઈ રીતિથી લોકવિરુદ્ધ કે ધર્મવિરુદ્ધ ન થાય તે વાતનું પૂરતું ધ્યાન રાખી વર્ત્તવાનું છે. શાસ્ત્રમાં સ્ત્રીઓની જે નિંદા જોવામાં આવે છે તે તેઓના કુસંગવગેરેથી લાગુ પડેલા દુર્ગુણોના ઉદ્દેશથી છે. અથવા તો કેવળ અમુક વ્યક્તિઓમાં પૂર્વસંસ્કારોને લીધે રજોગુણપ્રધાન તથા તમોગુણપ્રધાન, પ્રકૃતિના પ્રાબલ્યથી થતા રાગદ્વેષપ્રધાન, સ્વાર્થસાધનશીલ પ્રવૃત્તિની ઉત્કટ રૂચિથી થતી અન્યનિરપેક્ષતાથી રહેલા દુર્ગુણોના ઉદ્દેશથી છે. આ વિષય સ્ત્રીઓએ ધ્યાનમાં રાખવાનો છે કે સ્ત્રીજાતિને માટે શાસ્ત્રોમાં તથા લોકવ્યવહારમાં જે સાહસકારિત્વ, અનૃતત્વ, માયાવિત્વ, મૂર્ખત્વ અને અવિવેકિત્વ વગેરે દુર્ગુણોનો આરોપ કરવામાં આવે છે તે દુર્ગુણોને અને સ્ત્રીઓને જો, ષટ્પદાર્થને તથા ષટ્પદાર્થજાતિને, પૃથ્વીદ્રવ્યને તથા ગંધગુણને, જલદ્રવ્યને તથા રસગુણને, તેજોદ્રવ્યને તથા રૂપગુણને, વાયુદ્રવ્યને તથા સ્પર્શગુણને અને આકાશદ્રવ્યને તથા શબ્દગુણને જેમ અવિનાભાવપ્રયોજક સમવાય સંબંધ છે તેમ સમવાય સંબંધ હોય તો સ્ત્રીઓને માટે મહાભારત કે જે ઐતિહાસિક સ્મૃતિઓમાં શિરોમણિરૂપ છે તેમાં ધર્મરાજ યુધિષ્ઠિરરાજાના પ્રશ્નઉપરથી ગંગાના પુત્ર બાલબ્રહ્મચારી ભીષ્મપિતામહે ઉપદેશ કરેલું સ્ત્રીધર્મોનું વ્યાખ્યાન સર્વથા વ્યર્થ થઇજાય. કોઇશાસ્ત્રમાં ષટ્પદાર્થી ષટ્પદાર્થજાતિને દૂર કરવાનું સાધન અથવા ઉપદેશવ્યાખ્યાન આપેલું નથી. તેથી જો સ્ત્રીઓ શાસ્ત્રોક્તઉપદેશને અનુસારે ચાલે અથવા ચાલવાધારે અને તે પ્રમાણે ચાલવાનાં સાધનોનો આશ્રય કરે તો અવશ્ય પોતાના દુર્ગુણોને દૂર કરી સદ્ગુણોનું પાત્ર થઇ શકે.

ભીષ્મપિતામહે કહેલા સ્ત્રીધર્મનો સારાંશ આ પ્રમાણે છે કે જે સ્ત્રી, હમેશાં પવિત્ર, ચતુર, પતિને અનુસરનારી અને પ્રિયવાક્યોને બોલનારી હોય છે તે સ્ત્રી, રૂપાંતરથી લક્ષ્મીજ *

છે એમ સમજવું, જે સ્ત્રી, હમેશાં સ્નાન કરી અધિકારપ્રાપ્ત ધર્મ કર્મ કરનારી, નિયમિત આહાર વિહાર કરનારી અને આવશ્યક પ્રસંગવગર નકામું બોલવું નહિ કરનારી હોય તે સ્ત્રી મનુષ્યને રૂપે દેવતાજ છે એમ સમજવું, રસવતીના કાર્યમાં [રસોઇના કામમાં] અતિ કુશલ, યોગક્ષેમમાં મૂકતા ન કરનારી, વ્યવહારોના અગવડવાળા પ્રસંગોમાં અથવા ગુંચવણભરેલા હોવાથી ઉભયતઃ પાશજેવા કાર્યોમાં સરલ માર્ગ શોધીકઢારી વિક્ષેપનો વિક્ષેપ કરનાર અને આપત્તિરૂપ સમુદ્રના ઉપાયરૂપ નૌકાથી તથા સદ્ગનશીલતાથી તથા ધૈર્યાવલંબનથી પાર દેખાડનાર બુદ્ધિવાળી સ્ત્રી સર્વમાં ઉત્તમત્તાનું પાત્ર થાય છે. જેના હાથથી તથા ઉદરથી સુભક્ત, સુસ્નેહ, સરસ અને ઉજ્જ્વલ પાક [રસોઇ તથા બીજા અર્થથી બાલક] થતો હોય તે સ્ત્રી ઉત્તમ ગણાય છે. જે સ્ત્રી ઘરના કામકાજમાં દાસીનું કામ કરતી હોય, ભોજનમાં માતાનીપેઠે ખરી લાગણીથી સંતોષ આપતી હોય, વિપત્તિમાં વિપત્તિને દૂર કરવાના ઉપાયો બતાવતી હોય તે સ્ત્રી સર્વમાન્ય થાય છે. જે સ્ત્રી પતિના ખરા હિતને માટે જેવી લાગણી રાખતી હોય તેવી લાગણી બીજા અન્યથાસિદ્ધ થતા કાર્યોમાં, સાંસારિક સુખોમાં, ઐશ્વર્ય મેળવવામાં અને તેવા બીજા અલંકારો અને વસ્ત્રાદિકના લાભમાં ન રાખતી હોય તે સ્ત્રી સર્વહિતનું પાત્ર થાય છે. જે સ્ત્રી હમેશાં પતિની પહેલાં પ્રાતઃકાલમાં નિદ્રાનો ત્યાગ કરી ધર્માચરણમાં પ્રવૃત્ત થનાર હોય, આપની સેવા કરનાર હોય, ગુરૂજનોની યોગ્ય સેવામાં તત્પર હોય, ઉપકરણોની શુદ્ધિ રાખનાર હોય, સાસુ સસરાની આજ્ઞાને વેતરીકે નહિ પણ ફરજતરીકે પ્રેમથી ઉઠાવનાર હોય તથા માતાપિતાના કુળને ઉજ્જ્વલ કરનાર હોય, તે સ્ત્રી કોઇ દિવસે દુઃખી થતી નથી, સ્ત્રીએ પતિ જે વ્રત કરના હોય, વ્રત કરતા હોય, ઉપવાસ કરતા હોય અને તેવું કોઇ સત્કર્મ કરતા હોય તો પોતાને માટે જુદો યજ્ઞ, વ્રત, કે ઉપોષણ કરવાનું આવશ્યક નથી, કારણ કે સ્ત્રી અર્દ્ધાંગના હોવાથી પતિની સેવાદ્વારા પતિએ કરેલા યાવદ્ધર્મકર્મમાં તેણીને ફલનો ભાગ મળી શકે છે, કે જેમ રાજાને પ્રજામાંના ધાર્મિક બ્રાહ્મણોના ધર્મકર્મમાંથી અમુકભાગ મલે છે. ઉત્તમકુળની સ્ત્રીઓ માટે પતિમાં શુદ્ધપ્રેમ, આશ્રિત દાસદાસીઓઉપર દયા, સાસુવગેરે વૃદ્ધસ્ત્રીઓ પ્રત્યે નમ્રતા, દેરાણીઓ તથા જેઠાણીઓમાં સ્નેહભાવ, ગુરૂજનવગેરે માંગવ અને બાલકવગેરે અપરાધ કરે તો પણ તેઓઉપર ક્ષમા; એ સર્વ સદાચારજ વ્રતોપવાસવગેરેનું ફલ આપી શકે છે. તેમ પોતાનો પતિ બહારથી ઘરઆગળ આવે ત્યારે આસનઉપરથી અભ્યુત્થાન [સામું ઉભા થવુ] કરવું, પતિને પગ ધોવામાટે જળ આપવું, ત્યારપછી આસન આપવું અને તે પછી કહે તો પીવામાટે જળ આપવું, પૂછે તે વાતનો સારો રહી નમ્રતાથી ઉત્તર આપવો અને આજ્ઞા કરે તેનો શિરોમાન્ય સત્કાર કરવો. એ દૈનદિન વ્યવહાર છે. મહાકવિ કાલિદાસવિરચિત સર્વસહૃદયજનપ્રિય અભિજ્ઞાનશાકુંતલ માં

જ્યારે શકુંતલા પુત્રની સાથે પોતાને સાસરે જાય છે તે પ્રસંગે જતી વખતે તેણીનું પુત્રની પેઠે સંરક્ષણ કરનાર વૈશંપાયનના શિષ્ય મહર્ષિ કણ્વમુનિએ સાસરામાં શીરીતે વર્ત્તવું તેવિષે સંક્ષેપથી ઉપદેશ કર્યો છે કે શકુંતલા! ગુરૂજનોની સેવા કરજે, સપત્ની હોય તો તેઓમાં પણ દ્વેષવૃત્તિ ન રાખતાં પ્રિયસખીતરીકે મનોવૃત્તિ રાખજે, કોઇ વખત પતિતરફથી કોઇજાતનો તિરસ્કાર થાય તોપણ તું તેનો તિરસ્કાર કરવાના વિચારને પણ જન્મ આપીશમાં, ચાકરનોકર લોકોતરફ અત્યંત ચાતુરીથી વર્ત્તજે અને પતિની કૃપાથી ઐશ્વર્યાદિની પ્રાપ્તિ થાય તો પણ કોઇજાતનું છકેલપણું કરવું નહિ. બધુજનોતરફ વાત્સલ્ય રાખવું, પતિના મિત્રવર્ગતરફ નમ્રવચનોથી વ્યવહાર, પતિના શત્રુવર્ગતરફ ભેદબુદ્ધિ, હરવાફરવાની ઇચ્છા થાયતો પતિએ કાર્યપ્રસંગે જવામાટે પ્રસન્નતાથી દર્શાવેલા સંબંધીવર્ગોનાં ગૃહે, આવશ્યક મહાશિવરાત્રિજેવા વ્રતોત્સવના પુણ્ય દિવસોમા મહાદેવના દર્શનમાટે શિવમંદિરોમાં અને અત્યંતનિકટ જ્ઞાતિવર્ગમાં વિવાહવગેરે આવશ્યક પ્રસંગો સંબંધે તેઓનાં ગૃહોમા સાસુ નણંદ તથા પ્રૌઢ સદાચારી સ્ત્રીઓસાથે જવાનું છે. ગીતગાનની ઇચ્છા થાય તો પ્રાચીન સતીઓનાં ચરિત્રો, રામચંદ્ર અને સીતાના વિવાહસંબંધી ગીતો, મહાદેવ અને પાર્વતીના વિવાહસંબંધી ગીતો, અને પતિસંબંધી શુશ્રૂષાજન્ય ઉત્તમ કુળોનાં વર્ણનગર્ભ ગીતો ગાવાનાં છે. હાસ્ય અતિ મંદતાવાળું, શબ્દોચ્ચારણ મર્યાદાયુક્ત, દૃષ્ટિ આજેપત્રગરની તથા વિકૃતિવગરની રાખવાની છે. પતિએ કરેલી વાત તથા ઘરની વાત કોઇપાસે કરવી નહિ તથા સાંભળેલી વાત પણ જો નિરર્થક વિક્ષેપ કરાવનાર હોય તે ઘરમાં કરવી નહિ પોતાનાં બાલકોને યોગ્ય આહારવિહારથી તથા સ્નાન અંજન અભ્યંગ અને વસ્ત્રાદિકદ્વારા યોગ્ય પોષણથી વૃદ્ધિ પમાડવાં જોઇએ.બીજાંનાં બાળકોને પણ પોતાનાં બાળકજેવી દયાદૃષ્ટિથી જોવાં, રોગાદિ અવસ્થામાં પણ પતિ તથા તેના ઘરના મુખ્ય જનોના મત પ્રમાણે ઔષધાદિ ઉપચારો કરવા, પતિના પ્રવાસમાં મિષ્ટાન્ન ભોજન, પરગૃહગમન અને તાંબૂલ વગેરે ઉપચારોને છોડીદઇ તમામ સાદી પદ્ધતિથી રહેવાનું છે. એ પ્રમાણે જે સ્ત્રી શાસ્ત્રીય પદ્ધતિથી તથા વ્યવહારપદ્ધતિની વિચક્ષણતાથી ચલે છે તે સ્ત્રી ઉભયલોકમાં હિતનું પાત્ર થાય છે એમાં કશો સંદેહ નથી. આપણા દેશની સ્ત્રીઓ આ સ્ત્રીહિતશિક્ષાની પઠનપાઠનદ્વારા પ્રખ્યાતિ કરી પોતે તથા બીજી સ્ત્રીઓને સદાચારનું પરિશીલન તથા સદાચારથી અવિરુદ્ધ ગૃહવ્યવહારનું પરિશીલન કરીને તથા કરાવીને પરમ કલ્યાણનું પાત્ર થાય એવી સર્વ શક્તિમાન પરમેશ્વરપાસે અમારી પ્રાર્થના છે.

'અંકુશ' માસિકનું—

વાર્ષિક લવાજમ હિંદ માટે ૩. ૨-૮-૦

" " દેશાવર માટે ૩. ૩-૦-૦ પોસ્ટેજ સહિત

જામનગર—કાઠીઆવાડ.

વસંતવર્ણન.

વસંતતિલકા.

૧ શીતકાલ વર્ષનાં બહુ દુઃખ પામે, રંકોથી સાધન પુરાં ન પડાય કામે;
આવી દયાથી રવિ ખૂબ નભે પ્રકાશ્યો, આતો વસંતઋતુ ચૈત્રની સાથ આવ્યો. ૧

૨ આ સુવર્ણમય મંદિરટોચ ભાસે, શું લાલ પુષ્પમય કોઇ દડો વિકાસે;
છે સૂર્ય એ નથીજ ગોલક[1] લાલ ટાંગ્યો, આતો વસંતઋતુ ચૈત્રની સાથ આવ્યો. ૨

૩ સંતાપ આપથી ખમાય ન એમ જાણી, જ્યોનિયે વિવિધ વાસ કરેજ પ્રાણી;
ચંપા ચમેલી ગુલજાનથી ખૂબ ફાલ્યો, આતો વસંતઋતુ ચૈત્રની સાથ આવ્યો ૩

૪ આ બાઇ ને બુઇતણી શુભ વેલ શોભે, જે દેખતા જનતણું મન ખૂબ લોભે;
આ મોગરો અતિ સુગંધથી શ્રેષ્ઠ ભાસ્યો, આતો વસંતઋતુ ચૈત્રની સાથ આવ્યો. ૪

૫ જોયો અનેક બહુ શોભી થયેલ જાણી, કુપ્યાં કરેલ સઘળા દિલ બહાર આણી
વેગો થતો મલિન માલતિનો જણાયો, આતો વસંતઋતુ ચૈત્રની સાથ આવ્યો ૫

૬ મોટા સમૃદ્ધિથી નમેલ જણાય જેવા, આંબા ફલોથી બહુ નમ્ર બનેલ તેવા;
ખાટી ઘટાથી જન તાપ મટાડનારા, દેખાય યોગ્ય સમયે જન જેમ સારા. ૬

૭ પંચમસ્વરથી ગાન કરી જનોને, આનંદમગ્ન નૃપતુલ્ય બનાવવાને;
કોકિલ આ કલરવો કરી ખૂબ ટાપ્યો, આતો વસંતઋતુ ચૈત્રની સાથ આવ્યો. ૭

૮ સંતાપ સૂર્યથી થતો ન ખમાય તેથી, ધારા[2] ઘરે જઇ રહે ધનિયો સુખેથી;
શીતોપચાર કરવા જન સર્વ લાગ્યો, આતો વસંતઋતુ ચૈત્રની સાથ આવ્યો. ૮

શાસ્ત્રી કેશવલાલ રેવાશંકર—જામનગર.

---

૧ ગોળો ૨ ફુવારા

નિષ્કામકર્મની મહત્તા.

લેખક—શ્રીયુત બાલકવિ–જામનગર.

'यथा नाम तथा गुणाः' એરેજ મોહમયી નગરી. એ અલબેલી મોહમયીમાં કૈલાસના સમુદ્રકિનારાઉપરના ધનાઢયોના બગલા પૃથ્વીપરજ સ્વર્ગની પ્રતીતિ કરાવે છે. તેમા 'લક્ષ્મીભવન' કોઇ રાજમહિલજેવુજ શોભેછે તેની બાંધણી મજબુત અને ટકાઉ છે નામીચા કારીગરોના હાથથી તે બધાયુ હતુ કૂંચ ઇટાલીયન ચિત્રકારોના ચિત્રો તેમાં ભીંતપર લટકતાં હતાં. આ ભવનની શોભા, તેની અંદરની સુવ્યવસ્થા, અને ,એક દર રચના જોઇ, તેનો માલેક કોઇ કરોડોપતિ બાદિયો હોવો જોઇએ એમ જોનારને તુરત જણાઇ આવતું. તેમાં યુરોપની જુદી જુદી અને ચીન–જાપાનઆદિ દેશોમાની ઉત્તમોત્તમ અને અદ્‌ભુત વસ્તુઓ સગૃહીત કરેલી હોઇને. વિલાયતમાંના કોઇ લૉર્ડના મહેલજેવી શોભા આ લક્ષ્મીભવનમા પ્રત્યક્ષ જણાય, તેમ કરવામાં જરાપણ કચાસ રાખી નહતી

લક્ષ્મીભવનના લક્ષ્મીદાસશેઠ મુબઇના પ્રસિદ્ધ નામીચા વેપારી હતા તેમની ત્રણ ચાર મિલો હતી, વેપાર ધમધોકાર ચાલતો હતો. લક્ષ્મીદાસશેઠ કોઇ દિવસ ભૂલચાપ ખાતા નહિ, કેમકે આગળપુથી વિચાર કરીનેજ તે કોઇપણ કામનો આરંભ કરતા. વેપારમાં બહુ દક્ષ હતા. પ્રથમજ નફાટોટાના આંકડા માંડી પછીજ તેની શરૂવાત કરતા.

લક્ષ્મીદાસશેઠનો પુત્ર હરિદાસ વિદ્યાભ્યાસમાં બહુ આગલ વધેલ હતો શેઠે કેળવણી આપવાપાછળ અર્થ કરવામાં જરાપણ કચાસ રાખી હતી નહિ આટલીબધી સંપત્તિનો ઉપભોગ કરવો, તેમાં બનેતેમ ઉમેરો કરવો, પોતાની છાપાઓમા છપાએલ કીર્તિ સંભાળવા ઉંચા દરજ્જાનુ, પાશ્ચિમાત્ય શિક્ષણ આવશ્યક છે અને ખાણાં આપીને પણ ડિગ્રીઓ છોકરાએ મેળવવી જોઇએ, એમ વૃદ્ધ શેઠજી પોતે સારીરીતે સમજતા હતા.

હરિદાસ બહુ ઉદાર, દયાળુ અને વિચક્ષણ, ઉદાત્ત તેમ ઉદ્યોગી હતો, શેઠનો સ, ઘણો સ્વભાવ અને બધુજ પોતાનુ તેને પસંદ પડતું એમ ન હતુ કૉલેજમાં હતો, ત્યારે તે સીધી સડક મૂકીને ઘણીવાર વખતે વખતે આડફેટ માર્ગે પણ જતો. કોઇવાર રમત–ગમત અને ચેનચાળતરફ તેનુ મન વળતુ, તો કોઇવાર તે દુષ્કાળફંડ, અનાથાશ્રમ, ગરીબોમાટેની વિદ્યોત્તેજક સભાસાર તનમનથી મહેનત કરતો લક્ષ્મીદાસશેઠને આવા આડફેટુ રસ્તા ગમતા નહિ પણ તે પ્રાપ્તે તુ પોડશે વર્ષે પુત્ર મિત્રવદાચરેત્ એ ન્યાયથી ધીમે ધીમે હરિદાસને પોતાની લાઇનપર વાળવા પ્રયત્ન કરતા પોતાને ખરો હાથરો

થાપી થશે? પ્રત્યક્ષ રોકડ થાપી વધશે? એજ હરિદાસે બરાબર સમજવું જોઇએ એ શેઠનું લક્ષ્યબિંદુ હતું.

હરિદાસ ચોકકું થયાં બી. એ થયો હતો, ધીરે ધીરે પોતાની પેઢીની વેપાર લાઇનની માહેતી આપવા શેઠનો વિચાર હતો. તેથી હવે મોટા મોટા પ્રસિદ્ધ વેપારીઓ-દલાલો વિગેરેની હરિદાસને પિછાનો કરાવવામાં તે ગુંથાયા હતા.

૨

દીપોત્સવીના દિવસો સર્વત્ર આનંદમય હોય છે. દરેક વેપારી આ દિવસોમાં પોતાનાં સરવાયાં તપાસે છે લક્ષ્મીભવનના ભવ્ય દિવાનખાનામાં પિતા-પુત્ર વાતો કરતા બેઠા હતા.

"મેં વેપાર રોજગાર ચલાવ્યો તે સરલ અને ન્યાયસર રીતિથી ચલાવ્યો" લક્ષ્મીદાસશેઠ બોલ્યા—"લુચ્ચાઇ કે લફરાંથી વેપારમા બરકત થતી નથી. આબરૂથી કાંઇ લુચ્ચાઇ નભે થોડીજ! આ સિવાય બીજા પણ મે ઘણાં ધાર્મિક અને લોકોપયોગી કામો કર્યાં છે. આ બધાથી મને ફાયદોજ થયો છે. લોકોમાં મારી આબરૂ વધી, પત વધી, મોટા મોટાઓની પિછાન થઇ, અને સરકાર દરબારમાં પણ મારી માનમાન્યતા વધી સારા કામમા પૈસા આપવા પડે, પણ તે બહુ વિચાર કરીનેજ! હું વેપારમાં જે ધોરણે કામ લઉં છું તેજ ધોરણ આ બાબતોમાં પણ લાગુ પડેછે દેનગી આપવી તે પણ એવીરીતે કે ઘણાને લાભ મળે, અને આપણું નામ રહે."

"એટલે?" મૌનનો ભંગ કરતાં હરિદાસે પુછ્યું—"આપણે જે કાંઇ આપવું, તે કીર્તિરૂપે અગર તો એવીજ બીજી કોઇ રીતે પાછું આવી મળે એ રીતે આપવું એજ આપનો આશય કે નહિ?"

પોતાને ઉપરોધિક શબ્દોવડે હરિદાસ બોલે છે એમ શેઠે માન્યું ને હસતાં હસતાં બોલ્યા-"બરાબર. દાન કરવાનું તે પાત્રાપાત્ર જોઇનેજ કરવું જોઇએ. આપણા પૈસા બાલે આપણને શું મળશે એ ન જોવું જોઇએ એમ"

"તે જોવું જોઇએ"—હરિદાસે આગળ ચલાવ્યું. "પાત્ર જોયાવિના આપવું ઉચિત નથી અને એવાજ એક સત્કાર્યમાટે આજે પૈસા માગવાનું મારા મનમાં છે વિઠ્ઠલદાસને આપ જાણો છો હું કોલેજમાં હતો સારે તેણે મને કેવી સારી મદદ કરી છે"

શેઠે ડોકું હલાવ્યુ હરિદાસ કોલેજમાં હતો સારે તેના અંગડ વર્તનથી, તે એકવાર મુશીબતમાં ફસાયો હતો. પણ એ વખતે વિઠ્ઠલદાસે તેની આબરૂ સંભાળી હતી અને ત્યારથી બન્નેની સારી મિત્રાચારી બંધાઇ હતી

"હાં. એ વિઠ્ઠલદાસ બાબો. કેમ તેનું ઠીક ચાલે છેને?" શેઠે પુછ્યુ

"ના ના. બિચારાને વેપારમાં બહુજ નુકશાન ભોગવવું પડે છે તેને વહુ અને એક તદ્દન નહાનો છોકરો છે. બિચારાને પોતાને ક્ષય લાગુ પડવાથી ડોકટરે તેને કહ્યું છે કે હવાફેર કરવા દોઢેક વરસ તેણે અહીંથી બહાર જવું જોઇએ. તેને એ મદદ આપણે આપવી એમ મારા મનમાં છે."

"તેને મદદ ઠીક. કેટલી તેમાં રકમ મને જોઇશે?"

"તેનું કરજ અદા કરી હવાફેર કરવા જાય તેમાં બહુતો પચિસ હજાર રૂપિયા બસ થશે—"

"પણ તે વરસ દોઢવરસ હવાફેર કરવા જવાથી ખાત્રીપૂર્વક સાજો થશે, એમ ડોકટર કહેછે ખરો?"

"ના ડોકટર કોઇ તેવી ખાત્રી-પોલીસી આપતા નથી એતો ઉપચાર છે કરી જોવો, એમ તે કહેતા હતા" હરિદાસે ખુલાસો કર્યો

"મારા વિચારપ્રમાણે એ બાલી ઉપચારમા કાંઇ હાસલ નહિ એ વેપાર થશે નહિ ચટ્ટો કહેવાશે ફાયદો થવાની ખાત્રી હોય તો એક રસ્તો જુદો કે વિઠ્ઠલદાસ સાજો થયા બાદ કોઇક દિવસે પણ તેણે આપણા ઉપકાર પાછા વાળ્યા હતા પણ આ શું હવે હાથમાં તેને જોતાજ હોય તો સો સવાસો મોકલી દે, તે માટે બહુતો એ તારો ઉપકાર માનશે થયું અન્ય કાંઇ તેથી લાભ થવાનો નથી '

' ખાતી-ખોટ-લાભ-આભાર નહો ટોટો એ બાનતો વેપારની છે" હરિદાસે કહ્યું " વ્યવહારથી શ્રેષ્ઠ અને નક્કી ટોચથી પણ ઉચ્ચતર એવુ આ જગતમા-સંસારમા બીજુ કાયક છે હું વિઠ્ઠલ દાસનો મિત્ર માનુષ્ય અમુક વરસ પહેલાં મરેવખતે તેણે મને સહાય કરી છે અજે તેને મદદ આપવાનો પ્રસંગ મને પ્રાપ્ત થયો છે તે વખતે નફોટોટો શુ થશે? એ વિચારથી ગણવા બેસુ, તો મારૂં અંતઃકરણ મને શું કહેશે? શું એ મારા મનુષ્યત્વને શોભાવશે?"

શેઠનો પિત્તો બાયક ગયો તે બોલ્યા—"શાન્તતાથી બોલેલુજ મને ગમે છે. મારીપાસે ગરમ થઇ જોરદાર બોલવાથી કોઇનું કાંઇ વળવાનું નહિ પૈસાના પ્રમાણમાં જો બદલો ન મળે, તો તે ઉડાઉપણુજ કહેવાયા તેવુ ઉડાઉપણુ મને પસંદ નથી દીવાલીના તહેવારના હાથખરચીના આ વરસે તને હજાર રૂપિયા મળશે, તેની ગમે તે વ્યવસ્થા કરવા તું મુખ્તયાર છે તારા બાનગી વ્યવહારમાં હું હાથ નાંખતો નથી એ તુ જાણે છે"

"તે વાત ખરી" હરિદાસ બોલ્યો—"હમણાં પણ એક બાબતમા મારે રૂપા મેળવવાની છે દુષ્કાળ નિવારણમાટેના ફંડમા સ્વયંસેવકો ગામોગામ મદદ મેળવવામાટે ફરનાર છે, તેમની સાથે જવા મારો પણ વિચાર છે"

"બહુ ભલુ કામ" શેઠ જરા ચીડાતા બોલ્યા—"દુકાળના ફંડમાં અપણે મોટી રકમ આપી છે કે૪ પેપર તેનામાટે રાતા લેખ વિના બાકી નથી હવેતો તું મારો ધંધો ઉપાડી લે તો બસ એવા ફંડમાટે 'ફંડાય ભૂતી' કરતા ગામેગામ રખડનારથી શુ?"

હરિદાસ બોલ્યો નહિ થોડીવાર નીચુ જોઇ બેઠો પછી ઉઠીને તે બહાર ગયો શેઠ પણ પોતાના શોરૂમમા ફરવા લાગ્યા તેમનું ચિત્ત આજે ઉદ્વિગ્ન હતું બીતપરની ટીગાતી એક બે છબીઓતરફ શૂન્ય દૃષ્ટિથી જોઇ તે એક આરામખુરસીપર પડ્યા, સામેજ એક રાઉંડટેબલઉપર કેટલાક માસિકોના અંક, તેમનો જોવા સંબંધ હતો એવી સંખ્યાબંધ

રીપોર્ટ અને તેમનાં કાર્યોસંબંધે સ્તુતિપ્રદર્શક લેખાવલીના પેપરના અંકના થોકડા એ હતું.

શેઠજીએ ઉપરઉપરથી તે કાગળીયાં ઉથલાવ્યાં. તેમાં તેમના ધર્માદાવિષે વખાણ હતા. કોઇએ તેમને 'હિંદુસમાજના આધારસ્તંભ' કોઇએ 'કબુંદાનેશ્વરીનો અવતાર' એમ લખ્યું હતું પરંતુ નિત્યની માફક આજે તેમને એ વખાણથી આનંદ થયો નહતો. હરિદાસસ થેની વાતચીતથી તેમના મનમા વિચારપરંપરા ચાલી રહી હતી. પોતાના સઘળાં ધર્મકાર્ય પાયાશુદ્ધ છે. કોઇપણ પરોપકારનું કે લોકહિતનું ઉચિતકામ કરવામાં પોતે પાછી પાની ભરી નથી એવી શેઠને ખાત્રી હતી. પરંતુ હરિદાસ જોકે આજે કાંઇ વધારે નહોતો બોલ્યો, તોપણ તેની વાત કરતી વખતના ચહેરાપરથી. પોતે કયાંય ભૂલ કરી હશે કે કેમ? એમ શેઠને શંકા થતી હતી આખરે કટાળીને તે એક કોચપર જઈ પડયા. આખો બંધ કરી. થોડીવારે તે ઘેરાવા લાગી. ઘણીવારસુધી ને તેરીજ અર્ધનિદ્રામા પડયા!

૨

કેટલીકવારે શેઠને જણાયુંકે—પોતે એક રસ્તાની બાજુના ઓટલાપર બેઠા છે રસ્તો વિશાળ હતો ચોતરફથી માણસો એ રસ્તે આવતા જતા, કેટલાક માણીના ઝરણાંઓ ઓળંગીને આવતા હતા તો કેટલાક મેદાનમાથી, કેટલાક જંગલમાથી તો કેટલાક ડુંગરની ધારો ઉતરીને આવતા હતા ઘણા માણસોનાં ટોળાં આગળથી પસાર થતા હતાં તેમાંથી કેટલાક તેમના તરફ જોતા અને આપસઆપસમા કાંઇ વાતો કરતા!

આ કયો દેશ છે? અને આટલા માણસો કયાં જાય છે? એ સમજવાની શેઠને ઇચ્છા થઇ. તે પોતાની જગ્યાએથી ઉઠીને રસ્તામાં જતા માણસોને પુછપરછ કરવા તેમની પાસે ગયા.

તેમાથી એકે લક્ષ્મીદાસશેઠને ઓળખ્યા, તે બોલ્યો—"કાં લક્ષ્મીદાસશેઠ! ચાલશો કે અમારી સાથે?"

"તમે બધા કયાં જાઓ છો?"

"આ સ્વર્ગનો રસ્તો છે. સા અમારા માટે શુ ગોઠવણ છે, તે જોવા જઇએ છીએ".

"તમારીસાથે આ કોણ છે?"

"તેમની અને મારી ઓલખાણ અહીં રસ્તામાજ થઇ, બાકી તમારી અને મારી તો જુની ઓલખાણ! તમે મને—તમારા જુના ડૉકટરને ઓળખ્યોજ હશે?"

આ ગૃહસ્થ લક્ષ્મીદાસશેઠના સામનો ડૉકટર હતો. શેઠ બચપણમા તેમનીજ દવા લેતા

"હા" શેઠે કહ્યું—"તમારો સ્વર તો પહેલાના જેવોજ છે આ જગા મને કાંઇ અદ્‌ભુતજ જણાય છે. પણ હુ તમારી સાથે આવુ તો ચાલશે?"

"કેમ ન ચાલે? અહી સૈભાગ્ય પુણ્ય કર્મોપ્રમાણે જાની સમવડ કરેલી હોય છે. આપણે મૃત્યુલોકમા હોઇએ છીએ, ત્યારે સ્વર્ગમાનું આપણું મકાન આપણે તૈયાર કરીએ છીએ, એમજ માનોને? તમારામાટે તો અહીં મોટો બગલો તૈયાર હશે"

"અરેજ. તેવો હોવોજ જોઇએ." શેઠ બોલ્યા—"પણ આટલું વહેલું અહીં આવવું પડશે એમ હું ધારતો નહતો. ચાલો, ત્યારે સાથેજ જઇએ."

ડોક્ટર અને શેઠ વાતો કરતા ચાલ્યા. ડોક્ટરનું જીવન ઘણેભાગે નહાના ગામડામાં દુઃખીઓની સંભાળ લેવામાં અને તેમનાં દર્દો દૂર કરવામાં ગયું હતું. તેથી તેના જીવનમાં એવી કોઇ જાહેર બાબત બની નહતી. શેઠજીના જીવનમાં માત્ર એવી ઘણીવાતો બની હતી તેમણે મ્હોટાં મ્હોટાં કારખાનાં ખોલ્યાં હતાં. નવીન સંસ્થાઓ સ્થાપન કરાવી હતી. મ્હોટા માણસોસાથે તેમણે સંબંધ જોડયા હતા. પણ સ્વર્ગના માર્ગમાં એ વાતો કહેવી તેમને સુઝતી નહતી.

ડોક્ટરસિવાય બીજો એક લક્ષ્મીદાસશેઠની પિછાનવાળો નીકળ્યો. તે ગરીબ કારકુન હતો તેની સ્ત્રી ઘેલી થવાથી દસ પંદર વર્ષથી ઘેલાની હોસ્પિટાલમાં તે હતી. તેને એક આંધળી છોકરી હતી, તેના માટે તે રાત્રિદિવસ શ્રમ વેઠતો.

શેઠજીની પ્રત્યક્ષ પિછાનશિવાયના કેટલાએક પ્રવાસીઓની હકીકત પણ વાતચીત ઉપરથી તેમના જાણવામાં આવી. તેમાં એક ગરીબ વિધવા હતી. નેત્રથી રહીને તેણીએ ઘણાં કષ્ટ સહન કરી, પોતાના ચાર પાંચ છોકરાને સદાચારનું શિક્ષણ આપી કમાતા કર્યા હતા. એક માસ્તર હતો. પગાર બિચારાને ટુંકો હતો, તો પણ કરકસરથી ચાલી પોતાનું શિક્ષણ આપવાનું કર્તવ્ય નિયમિત પને વ્યવસ્થિત કરતો તેનો દાખલો લઇ અને ઉપદેશ સાંભળી તેની પાસે ભણેલા વિદ્યાર્થીઓ ઉદ્યોગી-પ્રમાણિક અને સત્વશાલી બન્યા હતા. બીજી એક બાઇ હતી. તેણી અર્ધાંગ વાયુને લઇ ઘણી મુદતથી ખાટલાવશ હતી. તેની આવી દુર્દશા છતાં તેણીની વૃત્તિ આનંદી અને સંતોષી રહેતી. તેણીનાથી કાંઇ કામ બની શકતુ નહિ. તોપણ તેના પરિચયમાં આવનારને તે સંતોષ અને ઉત્તેજક નવાલા વાર્તાલાપથી સુખ આપતી. એક બીજો કોળી હતો. તે દિવસે મીલમા પોતાની નોકરી કરી રાત્રે અસ્પૃશ્યજાતિની નિશાળમાં શિક્ષકનું કામ કરતો.

આ સઘળું મંડલ વાતો કરતું અને વચમાંથી કોઇ ગીતો ગાતું ચાલ્યું જતું હતું. સ્વર્ગમાં પોતાને સારી જગા-સુંદર ઘર મળશે, એવી તેમને ખાત્રી હતી. લક્ષ્મીદાસ શેઠને પ્રથમ ઉદાસીનતાએ ઘેર્યા હતા, પરંતુ મંડલના આનંદથી તેમનો ઉત્સાહ પણ વધ્યો આ ગરીબડા મંડલકરતાં પોતાનો બંગલો બહુ મોટો હશે, અને તે જોઈ પોતાને અત્યાનંદ થશે એમ શેઠની માનીનતા હતી. કેટકેટ પોતાના હાથથી ઘણાં મોટાં સત્કૃત્યો થયાં હતા, કેટલીક જૂની સંસ્થાનો જીર્ણોદ્ધાર પોતાના હાથે થયો હતો, ધર્મગુરૂઓને—મહારાજાને મોટી રકમોની બેટો ધરીને સંતુષ્ટ કર્યા હતા. અરે! મુંબઇમાં તેમને વિક્ટોરીયા નહિ પણ ગોટરોમાંજ ફેરવ્યા હતા. શેઠજી ધર્મનો થાભલો —મંડલના અગ્રેસર ગણાતા. એ મૃત્યુભૂમિની કીર્તિનો બદલો પોતાને અવશ્ય મળવાનોજ એવી શેઠજીને સંપૂર્ણ ખાત્રી હતી.

૪

આખરે સઘળા સ્વર્ગદ્વારપાસે પહોંચ્યા, ત્યાં ચિત્રગુપ્ત બેઠા હતા તે ગંભીરતાથી બોલ્યા—"તમારૂં સ્વાગત હો તમારાં મકાન તૈયાર છે દેવનગરીમાં જઇ પ્રત્યેક પોતપોતાના ઘરમાં દાખલ થવું"

બધું મંડળ દેવનગરીની અંદર દાખલ થયું ચિત્રગુપ્તનો અનુચર હાથમાં નોંધપોથી લઇ તેમની સાથે નિકળ્યો, નગરીમાં સર્વત્ર શાંતિ હતી નગરીમાંથી એક નિર્મળ જલપૂરિત નદી વહેતી જતી હતી તેના બન્ને કાંઠે સુંદર અનેક પુષ્પઝાડો હતા નગરીમાંના રસ્તા પહોળા સરલ અને સ્વચ્છ હતા ઘરો જુદાજુદા આકારના પણ સુંદર અને શોભીતા હતા, તેને ફરતા નહાના મોટા બગીચાઓ હતા

આ મંડળ ચાલતા ચાલતા તેમાંથી એકેકનું ઘર આવવા લાગ્યું તેમ તેમ તે આનંદથી અંદર જતું ઘરની અંદરનું મંડન પણ તેને ઓલખી સ્વાગત કરતું એવીરીતે સર્વત્ર આનંદધ્વનિ સંભળાતા બધું મંડળ એવીરીતે વિખરાઇ જતા લક્ષ્મીદાસશેઠ અને પેલા ડૉક્ટર એ બે જણાજ તે અનુચર સાથે રહ્યા તે એક બંગલાપાસે આવ્યા, એ બંગલાને ફરતો સુંદર બગીચો હતો અને અંદરનો બંગલો પણ અત્યારસુધી આવી ગએલ મકાનોકરતા મોટો અને દેખાવડો હતો

ચિત્રગુપ્તના અનુચરે ડૉક્ટરને કહ્યું—'આ તમારૂં મકાન આવ્યું અહીં રોગ, દુઃખ કે ઉંચનજરે પણ પડશે નહિ મૃત્યુલોકમાં જે શત્રુઓસામે તમે ટક્કર લીધી તેનો અત્રે પ્રવેશ સરખોપણ થશે નહિ તમારાં સારાં કૃત્યો માત્ર અત્રે ફળાદેશને પામ્યાં છે તમે કોઇને મદદ કરી હોય, કોઇનું ભલું કર્યું હોય, કોઇનું દુઃખ-સંકટ ટાળ્યું હોય, કોઇને સુખી કર્યા હોય, એ બધા પુણ્યના ફલો અત્રે ભોગવવાના છે

ડૉક્ટરને પોતાનો બંગલો જોઇ અત્યાનંદ થયો અંદર જતાંપહેલા શૌચાદિતરફ જોઇ તેણે કહ્યું—"કેવું મજાનું મકાન છે? તમારો બંગલો પણ નજીકજ હશે આપણે વારંવાર મળીએ ભાવ તો તમે તમારૂં મકાન જોવા જાઓ"

ડૉક્ટરના ગયાપછી અનુચરે પુછ્યું—"તમને હવે કયા લઇ જાઉં?"

"કયા કેમ? મારે મારા બંગલે જવું છે. મારો પણ બંગલો અહિં હોવોજ જોઇએ" લક્ષ્મીદાસશેઠે જરા કડકાઇના રૂપમાં કહ્યું

"તમારૂં નામ લક્ષ્મીદાસશેઠજ ને?"

'હા, એ તારા સાંભળવામાં આવ્યું હશેજ સર લક્ષ્મીદાસ કે સી તે હું પોતેજ"

"જરા થોભો, તે કે સી કે બે સી એ બધું તમારી મર્ત્યભૂમિનું પણ ઠીક," નોંધપોથી જોઇ—"તમારૂં નામ નોંધમાં છે મારી પાછળ આવો"

૫

બંને આગળ ચાલવા લાગ્યા તેમને નહાના મોટાં ઘણાં મકાનો નજરે પડ્યાં તેઓ કેટલાક માર્ગ આગળ વધી ગયા હવે તો તેમને નહાનાં-તદ્દન નહાનાં ઝુંપડાં દેખાવા લાગ્યાં પરંતુ તે સુંદર અને પ્રત્યેક ઝુંપડાને ફરતો નહાનો બગીચો હતો.

આખરે એ લત્તો પણ ખલાસ થયો. એક વિસ્તીર્ણ મેદાન આવ્યું. તેમાંથી તે પસાર થવા લાગ્યા. એક નહાની ઝુંપડી આવી. આ ભાગ તદ્દન રૂક્ષ હતો. મેદાનમાં એક બે વેલિઓના ળાળાં હતાં, પણ તેનાપર ફુલ નહતાં. તેમ પાનો પણ નહતાં. ઘાસ પણ ક્યાંય ક્યાંય છુટ ઉગેલું હતું. ઝુંપડું પણ કોઇ ગરીબ બેડુતને શોભે તેવું હતું. બીજાં જૂનાં ભાંગેલ તુટેલ મકાનનું વલણ બેળું કરી તે ઝુંપડું બાંધેલ જણાતું હતું

। આ ઝુંપડાના દ્વારપાસે ઉભા રહી તે અનુચરે કહ્યું—"શેઠજી આ આપનું ઘર."

શેઠ તો આશ્ચર્ય અને દુઃખથી આભાજ બની ગયા! ક્રોધથી તેમની આંખો ચકલચકલ ફરવા લાગી. મૃત્યુલોક હોત તો ધારીપાગેથા તે અવિવેકી અનુચરને શિક્ષાપત્રી અપાવ્યા વિના કદી શેઠ રહેત નહિ. પણ અહીં કરે શું? તે બોલ્યા—"આ ઝુંપડું બતાવવામાં ભૂલ થઇ છે. તું કહેછે તે બીજો કોઇ લક્ષ્મીદાસ હશે, બાકી હું તો કાયદા કાઉન્સીલનો મેમ્બર."

"ના ના. જરાપણ ભૂલ નથી. જુઓ. આ તમારૂં નામ. તે નીચે તમારાં એકંદર કર્મો અને સાથેજ પાપ પુણ્યની નોંધ.',

"પણ એ બનેજ કેમ?" શેઠ દુઃખથી ઉતાવળા થતા બોલ્યા-"મેં મોટાં મોટાં સત્કાર્યો કર્યાં છે. મારૂં નામ જ્યાં ત્યાં પ્રસિદ્ધ છે. આમ છતાં મારામારે ઘર આવું ઝુંપડું—બીચારીનેવું કાં? બીજાઓને સારાં મકાનો અને મનેજ આવું ઝુંપડું કાં? તેમના જેવો મારો બંગલો કેમ સારો બંધાયો નથી?"

"તમે તમારા મકાનમાટે આવોજ સામાન મોકલ્યો તેમાં અમે શું કરીએ?" તે અનુચરે કહ્યું.

"શું કહો છો? આવો સામાન?"

"હા. તમે જે સામાન મોકલ્યો તે બધાનો ઉપયોગ કરીનેજ આ ઝુંપડી બાંધી છે."

"તમારી તદ્દન ભૂલ છે. તેમાં કાંઇજ શક નથી. મેં એવાં કાર્યો કર્યાં છે કે તેનાથી પુણ્યનો મોટો જથ્થો થયો હોવોજ જોઇએ. મેં કોલેજ અને યુનિવર્સીટીમાં સ્કોલરશીપો સ્થાપન કરી. એક દવાખાનું બંધાવ્યું. ચાર દેવળોનો જીર્ણોદ્ધાર કર્યો. બે નદીઓપર ઘાટ બાંધ્યા—"

"એ બધું અમારા જાણવાબહાર નથી. એ કામો બધાં સારાં છે. પણ તે તમારી નામના ચલામાટે, તમારી કીર્ત્તિ અવિચલ રહેવામાટે કર્યાં છે. તેનો ઉપયોગ તમારી કીર્તિના પ્રસારમાં થયો છે. કેમ? એજ ઉદ્દેશથી તમોએ એ કામો કરેલાં ને?"

"હા." શેઠે અચકાતાં કહ્યું—"કીર્તિના વિચારો મારા મનમાં વારંવાર આવતા ખરા. મારૂં નામ પ્રસિદ્ધ થાય તો સારૂં એમ મને થતું અરૂ, પણ એસિવાય બીજાં મારાં સારાં કામો છે. પ્રત્યેક પરોપકારી અને ધાર્મિક કામમાં મનુષ્યો મારી મદદ મેલવી ગયા છે. એવા કામમાં મે હજાર હાથે પૈસો આપ્યો છે."

"સાચી વાત. આ બધી વાતો દુનિયાપર પસરી છે અને ઘણાના મોઢેથી તમારૂં નામ બોલાયછે એજ તેનું ફળ. વળી સરકારમાંથી

પણ તમને પદવીઓ મળી છે. વળી પ્રત્યેક કાર્યમાં તે કરતી વખતેજ અમુક ફાયદો મેલવીશું એમ તમે વિચાર કરતા. તે પ્રમાણે ઇચ્છિત બદલો તમને મલી ગયો છે. જેનો બદલો તમને મળ્યો તેનોજ બદલો ફરી અહીં શરીરે મળે?"

"શું ફરી નહિ મળે? મારી પોતાનાજ હિતમાં નજર હતી એ વાત ખરી, પણ તેમાં બીજાઓનો પણ લાભ તો સમાયો હતોને? મે કર્યું છે તે વિચારપૂર્વકજ કર્યું છે. તેનાથી લોકોનું કલ્યાણજ થયું છે. શું તેની અહીં કાંઇજ કિંમત નથી?"

"ના. મૃત્યુલોકમાં તેની બહુ કિંમત છે. તેનો બદલો તમને ત્યા મળ્યોજ છે આત્મ તુતિના ઉદ્દેશથી કરેલ કાર્યની અત્રે કાઉજ કિંમત નથી? તમે જે કાંઇ પુણ્ય કર્યું—અહી ઘર બાંધવા જે સામાન મોકલ્યો તે અમે કાળજીથી સંભાળી તેનુજ આ મકાન બાંધ્યું છે."

વાતો કરતાં કરતાં અનુચરની દૃષ્ટિ વધારે ને વધારે તીક્ષ્ણ થતી ગઇ, તેણે શેઠજી તરફ અનિમિષ લોચનવડે જોવા માંડ્યુ, લક્ષ્મીદાસ શેઠ શરમાયા, બે ડગલાં પાછા હઠયા વિચારોથી તેમનું માથું ભમવા લાગ્યું. તેમણે પોતાની આંખો હાથવડે દાબી લીધી.

કેટલીકવારે લક્ષ્મીદાસશેઠે પુછ્યુ—"મારૂં આયુષ્ય આટલું બધુ નિરૂપયોગી હતું, તો હું અહીં કેમ આવી શકયો?"

"પ્રભુની કૃપાથીજ."

"પણ એ પ્રભુકૃપા થઇ શી રીતે?"

"તે દયાના સાગર છે તેથી"

"પણ મારૂં જીવન ફોગટ કેમ ગયું? મારે શું કરવું જોઇતુ હતું? અહીં કયા કૃત્યની કિંમત છે?"

"તે અમારા મોટા મોતા બાહ્ય, પણ લોભથી-રોળથી અથવા નામને માટે જે આપેછે, તેની અહીં કિંમત નથી. કેવળ બીજાનું ભલું થવાખાતર નિષ્કામ બુદ્ધિથી જે-સત્ય કૃત્ય કરાય છે તેનીજ અહીં સાચી કિંમત અંકાય છે. બદલો મેળવવાની ઇચ્છાથી કરેલ કામની અહી કાંઇ કિંમત અંકાતી નથી, કેમકે દુનીયામાં તેવા ખુશામતીયા અને પુલણકોનો તુટો નથી."

લક્ષ્મીદાસ શેઠ નિરાશ થઇ ઉભા હતા. તે અનુચરે કરૂણાપૂર્ણ સ્વરે કહ્યું—"શેઠ! તમારા આયુષ્યમાં એવું કોઇ કૃત્ય થયેલું તમને નથી સાંભરતું?"

"કદાચ થયું હશે, પણ ઘણા વર્ષ પહેલાં, અને તે નવા વિચારોપ્રમાણે નજીવું જણાઇ તેના માટે મે કોઇ દિવસ વિચાર કર્યો નથી."

"તેવાં નજીવાં કામો પણ અમારે અહીં વિસરાતાં નથી. તમારા હાથથી તેવાં થોડાં ઘણાં કામો થવાથીજ તમોને અહીં સ્થાન મળ્યું. આ સ્થાન તમે માનો છો તે કાર્યના ફળરૂપે નહિ."

લક્ષ્મીદાસ શેઠનું અંતઃકરણ દિલગીરીથી ભરાયું અને કેવી સ્થાનના વિચારોથી ધીરે ધીરે શાન્ત તથા પ્રસન્ન થતું ગયું.

૬

થોડીવારે લક્ષ્મીદાસશેઠ જાગ્રત થયા. માથું ઉંચું કરી જોયું તો પોતાના 'લક્ષ્મીભવન' મહેલના ઘડીયાલમાં ૭ ના ટકોરા થયા.

રાત્રે પોતાને શું થયું? મૂર્છા આવી કે સ્વપ્ન? અથવા તો નિદ્રામાં પોતાનો આત્મા દૂર દેશ ગયો હતો? આવિષે ઘણીવાર સુધી શેઠજીએ વિચાર કર્યો. છેવટે ટેબલના ખાનામાંથી બેંકપરના ચેકની બુક કાઢીને એક ચેક લખ્યો. અને તે કાઢી લઇ પોતે હરિદાસની ખોલીમાં ગયા.

હરિદાસ હજુ નિદ્રાવશ હતો. શેઠે તેના ચહેરાતરફ ઘણીવારસુધી જોયા કર્યું. તે નિર્દોષ અને મીઠા હાસ્યથી ભર્યો હતો. શેઠે ખિસ્સા પેન્સીલ લઇ નીચે પ્રમાણે લખ્યું—

"ભાઇ હરિદાસ! તેં ગઇ કાલે માગેલ રકમનો ચેક આ સાથે છે, તેનો તારી મરજી-પ્રમાણે ઉપયોગ કરજે. દુકાળદુઃખનિવારણ માટે ઇશ્વર વાત કરી કરાવીશું. તારા શોડા શબ્દોએ મારા મગજમાં જબરો પ્રકાશ પાડયો છે, અને કોઇપણ બદલાવગરની આશાએ કરેલાં કામોજ કિંમતી છે એ હું આજે સમજ્યો."

એટલામાં ખળભળાટ થવાથી પાછું વાળી જોયું તો હરિદાસ જાગ્યો હતો. તેણે આંખો ચોળતાં પુછ્યું—"કોણ પિતાશ્રી?"

"હા હું પોતેજ, પાછો તારી ખોલીમાં આવ્યો હતો. પ્રભુ આપણને સારા વિચાર આપે અને સુમાર્ગ બતાવે. જેથી શેષ જીવન નવજીવનરૂપે પલટાઇ જાય."

લક્ષ્મીદાસશેઠ કીર્તિદાન છોડી હવે શુભ-દાન તરફ વળ્યાછે.

સખીને સંબોધન.

આશાભરી નજરથી નયનો નચાવી,
કંઇ કંઇ હતી મન મહી રચતી હું ભાવી;
સ્નેહી હતો પ્રિય સખી કદી દુઃખ તહારો!
સ્મૃતિએ રહું યદિ હવે નવ તોય આરો! ૧
એ સ્વપ્ન મિષ્ટ સહુ ભાર ઉડી જવાને!
નિર્ભો નશીબ દુઃખ માંહિ ડુબી જવાને!
આજે બની અવરની સખિ! દેહથી તહુ!
અહા! ત્યાંજ સ્નેહ રચજે વસી સૌખ્યમાં તહું. ૨
દૃષ્ટે ન જોહ ગતથી શક હું નિહાળી!
રહેવું હવે હૃદયના સહુ ભાવ ખાળી!
ના ધર્મ આપણ સમાજ વિચાર લે —
મરની બની સખિ! યદિ ગત ભાવિ શોચે! ૩
પાતંત્ર્યને વશ હજુ બહુ હિન્દ જાયા,
કંઇએ થતાં રૂઢિ થકી જીવનો અકારી!
રહેજે સખી! તપ તપી, ફલ ભાવિ જોશે!
ને જીંદગી રસ ભુની મમ એમ વહેશે! ૪

જમનાદાસ નારાયણજી અઢીયા.

બે હુલ્લા.

લેખક—શ્રીયુત ડૉ. ભાઇલાલ નરભેશંકર અધિકારી-જામનગર

[૧]

શિવનો પરમ ભક્ત ચાંદસોદાગર ચંપક નગરનો મુખી હતો શિવનો એ આદેશ હતો કે જો ચાંદસોદાગર પૂજા નહિ કરે તો મ ત્યલોકમાં પૂજા પ્રચારમા મૂકાશે નહિ

મનસાદેવીએ ચાદસોદાગરની પૂજા મેળવવા વિવિધ પ્રકારની યુક્તિ પ્રયુક્તિઓ લડાવી, પરતુ પૂજા કરવી તો દૂરની વાત, ચાંદસો-દાગર તેને અત્યત તુચ્છકારતો

જ્યારે સરલતાથી ચદ્રધરની પ્રીતિ આક પૂંવામાં અશક્ત નિવડ્યા ત્યારે મનસાએ તેની સાથે કટ્ટી શત્રુતા આદરી ચાંસોદાગરને "મહાજ્ઞાન" નામની એક શક્તિ હતી અને એ શક્તિથી તે સર્પોથી કરાયેલા મણુસોને સાજા કરી શકતો હતો, મનસાદેવી જ્યારે સર્પદ્વારા ચાદસોદાગરના એકાદ પુત્રને કે કાણે પાડવાનો ઘાટ કરતા, મહાજ્ઞાનના પ્ર ભાવે કરી પિતા તેને તેજ વખતે ઉગારી લેતો એ કારણને લીધે પહેલા પ્રથમ મનસાદેવી તેની સાથે વિરોધ કરી ચાદને આટીમા લઇ શક્યા નહિ

જ્યારે દરેક રીતે અનળા પાસા પડયા ત્યા ત્યારે મનસાદેવીએ એક દિવસ એક પરમ સુંદર સ્ત્રીનો વેષ ધારી આખરે ચાદ-સોદાગરનુ મન હરણ કરી લીધુ, તે કપટીને "ચક્રમ" વળિક, મનસાજ છે તે જાણી શ-ક્યો નહિ, અને તે ધૂર્તની વાક્યજાળમાં તથા રૂપછટામા આદ "મહાજ્ઞાન" શક્તિ આપી પરવારી બેઠો 'મહાજ્ઞાન" મળ્યા બધી મ-નસાદેવી એક દીપ-શિખાની પેઠે આકાશમાં મળી ગયાં, અને ચાંદસોદાગરનું ભવિષ્ય ગાઢ અધકા માં ગુમ થયુ

પણ ચાદનો એક વૈદ્ય ભાણેજ હતો અને તેનુ નામ "શંકરગારૂડી" હતું ગરૂડ જેવો ચદ્રિકુળનો [સર્પનો] શત્રુ હતો, એ પણ એવોજ હોઇ તેણે એ પદવી મે-ળવી હતી આ એક તેનો દિલોજાન દોસ્ત હતો વૈદ્યરાજ સર્પદંશનો તો એક રામબાણ ઇલાજ જાણતા હતા ગમે તેવો પ્રાણઘાતક નાગ કાં ન કરડયો હોય, એ વૈદ્ય રોગીને સપાટાબધ સાજો કરી લેતા ચાદના પુત્રોને સર્પો ડસતા ત્યારે એ મુદ્દતની સહાયતાથી તેઓના જીવ બચતા

દેવી પહેલા વૈદ્યરાજને વશ કરવા પોતાની વિદ્યા અજમાવવા લાગ્યા પણ જ્યારે સો ઉપાયે પણ અકૃત્રિમ સુદૃઢ મિત્રાચારીમાં વિચ્છેદ થયો નહિ ત્યારે તે મિત્રનો જીવ લેવાનો સકલ્પ કરી મનસા નાના ઉપાયો યોજવા લાગ્યા,

કેટલીએવાર, મહેનત છૂટી પડવા જેવું થયું પણ આખરે મનસાદેવીની મુરાદ પાર પડી. વિચિત્ર કૌશલે મનસાએ શંકર-ગારૂડીનો પ્રાણ લીધો. આ વખતે ચાંદસોદાગર ખરેખર નિરાધાર થઈ પડયો. "શિવ-શૂળી જે કરેછે, કરવા દો" કહી ચંદ્રધર હજી વધારે ને વધારે પોતાના સંકલ્પમા દૃઢ થતો ગયો.

એક વરસ પૂરું થતાં ન થતાં એક પછી એક ચંદ્રના છયે ૭ પુત્ર સર્પદંશથી માર્યા ગયા.

ચાંદની શોકમાં વિહ્વળ બની ગયેલી સ્ત્રી સનકા પ્રતિદિન સ્વામીનાં ચરણ નયનજળે ભીંજવતી દૈવતાસાથે વાદ ન કરવા પ્રાર્થના કરતી, અને તરૂણવયની ૭ વિધવાસ્ત્રીઓ કૂરકર્મ કરતા સસરાસામે આંખોનો આસુ ઓથી ભરીનાખી તાકી રહેતી પોતાની ગોકાર્ત્ત દૃષ્ટિથી તેનુ ચિત્ત કોમળ કરવા મથતી પ્રભુને બહુ કાળનો જૂનામાં જૂનો નોકર "નેડા" એક હાથે આંખના પાણી લુછતો અને બીજે હાથે ઘરનું કામકાજ કરતા કરતા પ્રભુના પાદપદ્મપર પડી ક્ષણે ક્ષણે જાતી ભરાઇ આવવાથી પોકેપોક ર હતો. દેશદેશાવરથી તેના મિત્રો મનસાસાથે ચડસાચડસીમા ન પડવા ઉપદેશ દેવા આવતા. પણ ચાંદસોદાગર બધાને માથે ચઢી બેસતો તેનો હતો બધા પુત્રોના વિષ ક્રયોપકયનથી ખિન્ન બનેલો, વાદાનુવાદથી ત્રાસી રહેલો, અને લક્ષ્મીના પ્રાસાદતુલ્ય તેનો વિશાળ પ્રાસાદ સ્મશાનની વિજનતા ધારણ કરી બેઠો હતો કોઇ ગતે ચાદનુ વજ્રજેવું કઠિન પણ ઢિલિલ થયું નહિ. ઉતરો ગમગીન હૃદયથી ભર્યા ચડાવી પોતાની વિપુલ "હિન્તાલ" લાકડાંની ડાંમથી મનસાદેવીની એ શત્રુતાનું વેર વાળવા ચડંગો લગાવી બેઠો.

તેના ઘરપર કાગડા ઉડતા થઇ ગયા હતા. જે ઘરમા આનંદ નથી ત્યાં કોઇ પ્રકારે મનને સાંત્વના મળતી નથી તે ઘરની અવિરલ અશ્રુધારા તથા હાહાકારથી ચાંદસોદાગરનું ચિત્ત વધારે ચમકાઇ જવા લાગ્યું તે બધુબાધવોથી તથા કુંટુંબીઓથી વિખુટો પડી દૂર રહેવા લાગ્યો. તેઓની વિના મૂલ્યે મળતી શિખામણોને ઉપકારસાથે પાછી વાળવા લાગ્યો. નિંદાવાદ વધારે અસહ્ય જણાવવા લાગ્યો વિદેશભ્રમણાપી હૃદયની જ્વાળા ઠારી જવાશે જાણી તે સમુદ્રયાત્રાએ નિકળવા પ્રસ્તુત થયો.

ચટગ્રામ (Chitagong) ના ખલાસીઓ સાત વહાણને નાના પ્રકારનાં વાણિજ્યનાં ઉપકરણોથી લાદી શણગારી આવ્યા અને સોદાગર વેપાર અર્થે મુસાફરીએ નિકળવાના છે એવો જય ડંકો ચારે કોર વાગવા લાગ્યો. નફરો તથા નાવિકો તે વાત ચંપકનગરમાં ઘરેઘર ફેલાવવા લાગ્યા સાત વહાણોમાંથી "મધુકર" નામનું વહાણ સૌકરતા વિશાળ તથા નાના પ્રકારની કારીગરીથી જાણે એક મ્હોટો રાજપ્રાસાદ હોય એમ શોભા આપી રહ્યું હતુ. એ "મધુકર" માં સોદાગર સવાર થયા. ત્યારે ચપકનગરના રહેવાસીઓનાં ટોલેટોળાં તીરપર ઉભા રહી તે વહાણનુ નકશી કામ એકટમે નિરખી રહ્યા હતા. સઘળી નૌકા ઉપર તરી રહી અને એક પછી એક હંકારવા લાગી. આ વેળા બીજુ એક હૃદયવિદા-

રુક દશ્ય એ હતું કે ચંપકનગરના મહેલમાં અશ્રુઓથી ભરી વદુઓથી ઘેરાયેલી સનકા બીછાનામાં આમતેમ પછાડા મારતી લોટયા કરતી હતી એ દુ:ખી સંસારમાં પતિસેવામાટે તેનામાં જે કાંઇ બળ અવશેષ રહ્યું હતું, આજ જાણે તે પણ દેહની અંદર રહેવા પામ્યું નહિ

કાળીદહ [નદી] ના વિપુલ ચક્કરમા આવી પડી સાતે સાત વહાણો ભમરડી ચકરડી રમવા લાગ્યા મનસાદેવીના આદેશથી પ્રબળ વિટોળીઓ નિકળ્યો કાળીદહના ભીષણ આવર્ત્તો કર્ણધારના હાજા ગગડાવી દેવા લાગ્યા અને બધાઓનો જીવ મૂડીમાં રહ્યો જોતજોતામા આખુ જગત એક પ્રબળ પૂરમાં તણાઇ જવા લાગ્યુ, મુશળધારે વરસાદ પડવા લાગ્યો અને તે વાવાઝોડામાં વહાણોનું નામ નિશાન પણ રહ્યું નહિ સાતે વહાણના મૂકા ઉડી ગયા.

ચંદ્રધર કાળીદહના પાણીમા તરવા લાગ્યો અને આ આફતમા તે " શિવ " " શિવ " ચીકારતો મરવામાટે સજ્જ થયો

પરતુ ચાંદસોદાગર મરે તો દેવીની પૂજા જ મનમાં પ્રસારવા કોઇ રહેશે નહિ જાણી દેવીએ તેનું બેસવાનું સુવિસ્તૃત પાંદડાંઓવાળુ શતદળ ચાંદની સામે ફેંક્યુ કે જાણે સોદાગર તે પકડી તરતો રહી શકે પોતાની સન્મુખ તરતી પાદડીઓ પાણી પદ્મલતા જોઇ ચંદ્ર ધરે ટેકાવા હાથ લાંબો કર્યો પરતુ મનસાનું એક નામ 'પદ્મા' ઔચિત્ય તેના મનમાં પડતા

થેનો સનક્ષ રહેલો જોઇ ધુતકારી ય પાછો વાળી લીધો અને અગાધ જળ રાશિમા દુબી મરવા તૈયાર થયો

કોઇ ઉપાયે બચી ચાંદ ત્રણ દિવસપછી એક સમૃદ્ધિશાળી ગામ પાસે આવી ચઢ્યો નમરેહ ઢાકવાવાસ્તે સ્મશાનના ચિથરા વીણી લઇ કદક સરખાઇમા આવ્યો ત્યારે વણિક રાજે તે ગામમાં પગ મૂકયો

તે સ્થળે એક સમૃદ્ધિશાળી ચંદ્રકેતુ નામનો વાણિયો રહેતો હતો અને તે ચાંદનો નાનપણને ગોઠીઓ હતો બે દુ:ખમયમાં ત્રણ દિવસ સુધી સંપૂર્ણ રીતે અનપાણી-વગર રહી ચાંદ ચંદ્રકેતુના ઘરમા દાખલ થયો

આશ્ચર્ય—સખાની આવી કફોડી સ્થિતિ જોઇ ચંદ્રકેતુને ઘણુજ લાગી આવ્યુ તેણે તેને સારો આવકાર આપ્યો અને નહવરાવી ધોવરાવી સારા સ્વચ્છ કપડા પહેરાવ્યાં. ત્રણ દિવસના કોરા અપવાસ પછી અન્ન દેવ નજરોનજર થયા ભોજનની પૂરતી રીતે જોગવાઇ થઇ હતી એટને તે જોઇ ચાંદના જીવમા પાણી છૂટવા મજા અને તે પાગલપટ્ટ લેવા લલચાયો પણ નસીબ બે ડગના આગળને આગળ. તેવામા ચંદ્રકેતુએ પોતાના મિત્રતરફની સારી લાગણીને લીધે તેને મનસામાયે મમત ન બાંધવા ભલામણ કરવા બેઠો એક તો તેણે વ્યાધિ વેળી હતી તેમાં વળી વાતચિતપરથી જાણી લીધુ કે ચંદ્રકેતુ જરૂર મનસાનો પૂજારી હોવો જોઇએ અને જરૂર ઘરમા કયાક મનસાની મૂર્તિ પણ હશે એમ ચોક્કસ માની બેઠો

ક્રોધના આવેશમા ચાંદનુ શરીર થરથરવા લાગ્યુ, હાથપગ તેણે ભાણાપર બેસી જંઘ

પણ કર્યો નહોતો છતાં તે ઉપવાસી ચાંદસોદાગરે ઉશ્કેરાયેલા સિંહની માફક આસનપર ઉભા થઇ વસ્ત્રો ફાડી નાખ્યાં અને સ્મશાનનાં ચિથરાં ભાળાં પહેરી લઇ રીસમાં ને રીસમાં મિત્રનું ઘર છોડી રસ્તો પકડયો, એ દેખાવ જોઇ ચંદ્રકેતુને દયા આવી અને પોતાના બધુને સમજાવવા ઘેડો પાછળ પણ તે બધા કાલા ઘાલા કરવાપર પાણી ફરી વળ્યુ. ઉલટો તે એકવાર કેવળ તિરસ્કારભરેલી નજરે બોલી ગયો "આવા વંદેલને બોળવી બાતી જ કાણી" ચાંદ મનસાદેવીને "કાણી" "બૂંચણ" ઇત્યાદિ અશ્લીલ શબ્દોની સંજ્ઞા આપી બોલાવતો.

એવી સ્થિતિમાં ચાંદે ગામેગામ લટકી ભિક્ષા માગી થોડા ચોખા ભેળા કર્યા. અને તે એક જગાએ ધણીજ સાવચેતી સાથે ઢાંકી કુંખી ન્હાવા નિકળ્યો. ન્હાઇ ધોઇ જહરાનળ શાંત કરવાના નિર્ણયપર આવ્યો હતો પણ તેની ગેરહાજરીમાં મનસાદેવીએ પોતાના ગણ દેવ ભૂતિકોને તે ચોખા ડેફાણેસર પાડવા મોકલ્યા અને તે કામ બહુજ વખતમાં પૂરું પડી ગયું હતું. ક્ષુધાર્ત ચાંદ આવી જુએ છે તો તેના અતિ કષ્ટે સંધરેલા ચોખાનો એક દાણો પણ નજરે પડયો નહિ. ત્યારે આંખ લાલચોળ થઇ ગઇ અને એકવાર ઉંચે દૃષ્ટિ કરી "છએ છ પુત્રો મારવા ગયા છતાં તેના ગોકમાં પ્રાણ ગયો નહિ તો પછી અનાહારે આટલી સહેલાઇથી તે કેમ જવાનો? મેં તો પણ લીધું છે તે ભાગવાનું નહિજ" એમ મનમાં અર્ધસ્ફુટ સ્વરે બબડવા લાગ્યો અને મનસાદેવીપર ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યો.

વિવિધ રસપૂર્ણ ઉત્કૃષ્ટ ખાદ્યદ્રવ્યથી જે આત્મીય સ્વજનોને નિત્ય પુષ્ટ કરતો રહ્યો હતો તે વણિકકુળચક્રવર્ત્તી દેશપ્રસિદ્ધ ચંદ્રધરે નદીતીરે બેસી કેળાં ઉપરની ઉતારી નાખેલ છાલ ખાઇ ક્ષુધા નિવારણ કરી. કેટલાક કઠિયારાઓ રસ્તેથી જતા હતા તેઓએ ચાંદને આવી હાલતમાં જોઇ અત્યંત દરિદ્ર ધાર્યો અને તેઓની સાથે વનમાં લાકડાં કાપવા આવે તો બપોને નસીબ ઉઘડશે એમ તેને ભરોસો આપી સાથે લઇ ગયા.

તપેલ કાંચનવર્ણી, સૌમ્યકાન્તિવાળો, સ્મશાનનાં ચિથરાં પહેરેલ, લગભગ દિગંબર જણાતો વણિક તેના ઉપાસ્ય દેવતા ચંદ્રચૂડની માફકજ દેખાતો હતો.

ચાંદ કઠિયારાઓ કરતાં લાકડાં સારીરીતે પારખી શકતો હતો. તેણે ચંદન કાષ્ઠની પ્રચંડ ભારી માથે ઉપાડી. તેઓની આગળ આગળ નગરના ચોપટાતરફ વસવા લાગ્યો. મનસાદેવીના આદેશથી અદૃશ્યભાવે વાયુપુત્રે તેના કાષ્ઠના ભારાઉપર પગ મૂકયો તેથી એટલો તો ભાર વધી પડયો કે તે ચાંદ માથાપર ખમી શકયો નહિ.

આ પ્રમાણે ડગલે ને પગલે લાંછિત થતો થતો ચાંદસોદાગર એક બ્રાહ્મણને ત્યાં નોકરી રહ્યો. માલેકની આજ્ઞાથી ડાંગરના ખેતરમાં નીંદવાના કામમાં નીમાયો પણ મનસાદેવીના

હુકમમા સપડાઇ તે ડાંગર તથા ઘાસનુ પાર્થક્ય સમજી શકયો નહિ. ઘાસના બદલામાં ડાંગર વાવવા બેસી ગયો ઓઢનુંચોઢ વેતરવા બેઠો એટલે તેને બ્રાહ્મણના ધર્મમાંથી રજા મળી. ચંદ્રધર જંગલમાં ભટકતો ભટકતો વિમાસવા લાગ્યો; એકાન્તમાં ઉન્મત્તભાવે વિચરણ કરતાં કરતાં તે અસ્ફુટ ભાવે મનસાને કડવાં વેણ સંભળાવવા લાગ્યો ત્યાં કેટલાક પારાધીઓ પક્ષીઓને ઝપાટામાં લેવા જાળ નાખી બેઠા હતા. પક્ષીઓ જાળપાસે આવી પહોંચ્યાં હતાં. એટલામાં ઉદ્‌ભ્રાન્ત મોદાગરનો પગ અજાણપણે જાળપર પડયો અને તેના ધક્કાથી બધાં પક્ષીઓ ચોંકી ઉઠી ગયા. તે જોઇ શિકારીઓનો પિત્તો ઉકળી ગયો અને એઓ બોલ્યા—

"કાં? તે પખીડાં તેં દીધાં હાંકી,
કયાંથી આવ્યો કાળ તુ એવો કનંકી"

સોદાગર તેઓનો નિંદાવાદ તથા કટૂક્તિ સાંભળી સ્થિર થઇ ઉભો રહ્યો અને પારાધીઓ તેને ઉદ્ધત સમજી ચાલતા થયા તે વેળા સંધ્યાના સૂર્યાસ્તની મનોરમ સ્નિગ્ધ રોશની વનપ્રદેશના માથાપર મુકુટની શોભા આપી રહી હતી, ગામડાંમાંથી નિકળતા બેકુતોના પહાડી રાગના લવકારા વનાન્તમાં લીન થઈ જતા હતા, નિર્મિડ વમડાની ક્રોડમાંથી સટકી જઇ તમિસ્રા [રાત્રિ] સમસ્ત જગતનો ગ્રાસ કરતી આગળ વધતી આવી. ચિંથરેહાલ પણ કાંચનપ્રતિમાસરખી પૈાદ દિગંબરમૂર્તિજેવો દેખાવડો સોદાગર આકાશભણી તાકી હાથ જોડી બોલ્યો "ભગવન્, તારા સેવકને આત્મપ્રસાદ શિવાય કશુ જોઇતું નથી; આવા અત્યાચાર વખતે તારા પ્રત્યેનો ભાવ ન ખોઇ બેસું એજ ઇચ્છું છું. તારી સેવાના બદલામા મણિમયમહેલ તથા રાજસુખ બોગ, પ્રિય પુત્ર કલત્ર મેળવવાની મનમાં કોઇ દહાડો વાંચ્છના ન થાય એ ચાહું છું." તે ગાઢ જંગલમાં સંપૂર્ણ નિરાશ્રય ચંદ્રધર વણિક દુર્ગતિની હદ ઓળંગી જઇ, મહેશ્વરના શ્રીચરણ તરફ કેટલાંક બિંદુ અશ્રુનાં—કેવળ કેટલાંક દીયાં અશ્રુનાં બેટતરીકે ટપકાવ્યાં—ચઢાવ્યાં. એકાદ બિલ્વપત્ર તથા એકાદ ધતૂરાના પુલની શોધખોળમાટે સોદાગરની નજર અહીં તહીં દોડી પરંતુ ત્યાં તે હાથ આવ્યાં નહિ. [અપૂર્ણ]

જાહેર ખબર

અસલ કુકડા જાપનો મકલાઇ ચુનો A. K. P. મારકાનો અમારે ત્યાંથી મલશે. તેમ કુમારતના બાંધકામ-માટે ખાસ ભઠીઓમાં પોરબંદરી સફેદ પત્થરનો પકાવેલ ચુનો ફર્સ્ટ કવોલીટીનો જથાબધ મલશે.

બહાર ગામના જથાબંધ ઓરડરો પુરા પાડીએ છીએ, એક વખત મંગાવી ખાત્રી કરશો.

મેસર્સ અબુબકર કાસમ.
સફેદ પત્થર, લાદી, મકલાઇ, ચુનો, તથ ચુનાના વેપારી.
પોરબંદર-કાઠીઆવાડ.

વૈરાગ્યપંચકની ગુજરાતી વ્યાખ્યા.

લેખક—શ્રીયુત વૈદ્યરાજ પંડિત શિવશંકરશર્મા હવેલી અધિકારી-જામનગર.

(૨)

दुरीश्वरद्वारवहिर्वितर्दिकादुरासिकायै रचितेऽयमञ्जलिः ।
यदञ्चनार्भं निरपायमस्ति नो धनञ्चयस्यन्दनभूषणन्धनम् ॥२॥

તત્ત્વવેત્તાઓ અને જેમને સાંસારિક વ્યવહારનો ભય, આશા, સ્નેહ તેમજ લોભ નથી અર્થાત્ જેઓ સંસારની જાળમાથી મુક્ત થયેલા છે તેવા પુરૂષો, કોઇપણ શ્રીમદાન્ધ પુરૂષોપાસે, તેમજ અન્ય નાસ્તિક જનપાસે, કોઇ દિવસ પણ યાચના કરવા જતા નથી અને તેવા ધનવાન્ અભિમાની માણસોપાસે જવામાટે વિચાર પણ લાવતા નથી તે વિષયના વિશેષ વિવરણમાટે, વેદાન્તાચાર્યે ઉપર્યુક્ત શ્લોકથી નીચેમુજબ પ્રતિપાદન કર્યું છે


અમો તત્ત્વવેત્તાઓ—દુરીશ્વર એટલે કેવળ ધન, પુત્ર, વિગેરે વ્યાવહારિક વિષયમા અભિમાન ધરાવી સામર્થ્ય ધનાવનારા લક્ષ્મીવાન્ અમક અધિકારવાન્ પુરૂષોના મકાનોની બહાર ઉભા રહીને, યાચના નહિ કરવા માટે અમારા પ્રભુ જગન્નિયન્તાને અમો આ અંજલિ અર્પણ કરીએ છીએ અર્થાત્ નિરસ્કાર કરનાર ધનવાન્ અને અધિકારવાન્ પુરૂષોના દ્વારની ઓટલીએ બેસીને કોઇપણ જાતની યાચના કરવામાટે, અમો અમારા મનને તત્પર ન કરીએ તે માટે અમારી આ પ્રાર્થના છે કારણકે શ્યામ કાન્તિવાળા, કોઇ વખતે પણ નાશવિનાના, અને અર્જુનના રથના ધૂરપણારૂપ, એવા શ્રીકૃષ્ણભગવાન્ અમારૂં ઉત્તમોત્તમ ધન છે, અમારે લૌકિક ધનવાળા, અને અભિમાની પુરૂષોપાસે જઇને, યાચના કરવાની કોઇરીતે જરૂર નથી સાક્ષાત્ શ્રીકૃષ્ણભગવાનરૂપી, ધન હોવા છતા બીજા ધનની અપેક્ષા કરવી તે કેવળ બાલચેષ્ટાજ છે તેમજ ભગવત્ધનની આગળ, નાશવંત દુઃખોત્પાદક લૌકિક ધનની તુલના નથી

અહિં શંકા થવાનો સંભવ રહેછે જે મૂળ શ્લોકમા ' धनञ्चयस्यन्दनभूषणन्धनम् " કહીને અત્રે શ્રીકૃષ્ણભગવાનરૂપીજ ધન ગણ્યુ છે તે માટે ત્યાં ધનશબ્દનો રૂઢ અર્થ સોનુ રૂપુ વિગેરે જે વ્યવહારમા ઉપયોગિ છે, તેનો તો બાધ કરવામા આવ્યો છે અને ધન શબ્દનો અર્થ, શ્રીકૃષ્ણભગવાનવિષે ઘટાવી ચરિતાર્થ કરવામા આવ્યો છે આથી रूढिर्योगमपहरति એ ન્યાયમા બતાવેલા રૂઢ શબ્દના સામર્થ્યનો કેવળ નિરાસ થાય છે જેમકે બરીગીતે હસ્તી શબ્દનો ઉચ્ચાર થતા હાથીનુજ જ્ઞાન થશે [हस्तौ विद्येते यस्येति हस्ती] જેને હાથ વિદ્યમાન હોય તેને હસ્તી કહેવાય, એ વ્યુત્પત્યનુસાર તો હસ્તી શબ્દનો ઉચ્ચાર થતા, હાથવાળા દરેક માણસોમાથી કોઇપણ માણસનું જ્ઞાન થવુ જોઇએ તથાપિ રૂઢિ,

યોગ. એ ન્યાયથી હસ્તી શબ્દ હાથીમાટે રૂઢ હોવાથી હસ્તી એટલે હાથીનુંજ જ્ઞાન થાય છે. તેવી રીતે અત્રે ધન શબ્દનો અર્થ સુવર્ણાદિધાતુમાં રૂઢ હોવાથી, સુવર્ણાદિનો વાચક હોવો જોઇએ. કારણ કે ધન શબ્દનો સુવર્ણાદિવાચક અર્થ જગતમાં પણ પ્રયોજનભૂત છે. અને કોઇ તુચ્છ માણસ પણ પ્રયોજનવિના કંઇ કામ કરતો નથી. વળી તેમ કોઇ નીતિકારે પણ "सर्वे गुणा काञ्चनमाश्रयन्ते" આ વાક્યનો નિર્દેશ કરી દરેક ગુણો સુવર્ણનો આશ્રય કરે છે એટલેકે દરેક વ્યક્તિને ધનની બહુજ જરૂર છે. સ્પષ્ટાર્થ પ્રત્યક્ષ હોવાથી ધનશબ્દનો રૂઢ અર્થ સુવર્ણાદિકનો વાચક હોવાથી, તેજ અર્થ ગ્રહણ કરવા જેવો લાગે છે, યૌગિક અર્થની આવિશ્યકતા નથી.

આ શંકાનું સમાધાન ઘણી સરલરીતે પ્રત્યક્ષજ છે. શ્રીકૃષ્ણ પરમાત્મા એકજ છે. અને દરેક ધનના અધિપતિ પણ તે પોતે શ્રીકૃષ્ણભગવાનજ છે. કારણ કે ઈશ્વર હોવાથી દરેકજનની સત્તા તેમનામાજ છે. તેમ ઈશ્વરને બિલકુલ નિ:સંશયપણાથી અવિનાશિ ધન કે હોવામા કોઇપણ જાતનો બાધ આવતો નથી જગતમાં નાશવાળા ધનથી અલ્પસુખ મળે છે અને શ્રીકૃષ્ણભગવાન તો અખંડ આનન્દના સુખને આપનારા છે. અન્ય દેવાદિક અગર ધનાદિકથી ચિરકાલપર્યન્ત શાશ્વતસુખ મળવાનો તો સંભવ પણ નથી આ ઉપરથી નિશ્ચિન્તપણે શ્રીકૃષ્ણભગવાનસિવાય બીજું કોઇપણ જાતનું લૌકિક ધન, કોઇપણ રીતે કોઇને સુખકારક નથી તે વાત સ્પષ્ટજ છે. તદપિ અત્રે ધનશબ્દનો અર્થ અન્યદેવ બ્રહ્મા, રૂદ્ર, ઇન્દ્ર, બલાદિવિષે ચરિતાર્થ કરાય, તો તેમ થવા પણ સંભવ નથી. કારણકે અન્યદેવમાં દરેક રીતે પૂર્ણ સામર્થ્ય નથી. જાંસુધી પૂર્ણ સામર્થ્ય ન હોય ત્યાંસુધી અખન્ડાનન્દની પ્રાપ્તિ થવાનો અવસર આવવો અશક્યજ છે, માટે અન્યદેવોમાથી કોઇપણ દેવને અત્રે ધન તરીકે માનવા ઠીક નથી. કારણકે "द्यावापृथ्वी जनयन्देव एक । આ બધું આકાશ પૃથ્વી વિગેરે એક ભગવાનેજ ઉત્પન્ન કર્યું" બીજીશ્રુતિમાં "સમગ્ર જગતનો કર્ત્તા પણ ભગવાન અને સમગ્ર જગતનો રક્ષણ કરનારા પણ ભગવાન એકજ છે." તેમજ "નારાયણથી બ્રહ્મા ઉત્પન્ન થાય છે. નારાયણથી રૂદ્રદેવ ઉત્પન્ન થાય છે. અર્થાત્ નારાયણથી દરેક સ્થાવર જંગમાત્મક જગત્ ઉત્પન્ન થાય છે" તેમજ "શ્રીકૃષ્ણ ભગવાનજ પરમદૈવત છે." ઇત્યાદિ અનેક શ્રુતિઓમાં પ્રતિપાદન કર્યું છે વળી નારાયણભગવાનમય વેદ છે, નારાયણભગવાનમય યોગ છે અને કુંકામાં નારાયણભગવદાત્મક યજ્ઞ, તપ, દાન, સર્વ છે અને તે દરેકરીતે ભગવાનને આધીનજ છે. આવી રીતે વેદાન્તચાર્યે શ્રીકૃષ્ણભગવાનને જે પરમધન માનેલું છે તેજ મુખ્ય ધન છે, તે વાત નિ:સન્દિગ્ધ છે, તેમજ એક સૂક્ષ્મદૃષ્ટિએ જોતાં માલુમ પડશે જે સમગ્રજગત્ લક્ષ્મીને ચાહે છે. કોઇ વ્યાપારથી લક્ષ્મી ચાહે છે, તો કોઇ વિદ્યાથી લક્ષ્મી ચાહે છે, કોઇ નવા હુન્નરથી, તો કોઇ સારી નોકરીથી, આરીતે દરેક જનસમાજ લક્ષ્મીને ચાહે છે. તેમ તે મુજબ સમગ્રજગત્ વર્તી રહ્યું છે. લોકે લક્ષ્મીના પરમપ્રિય શ્રીકૃષ્ણભગવાનજ છે, આ ઉપરથી નિશ્ચય થાય છે કે, જે લક્ષ્મીને સર્વ જગત ચાહે છે અને જેના પ્રભાવથી વ્યવહારમા બધા આનંદથી સચીપચી રહ્યા છે તે લક્ષ્મીજી તો પોતાના પ્રિયરૂપ શ્રીકૃષ્ણભગવાનના ચરણકમળને નિરંતર સેવે છે. આ ઉપરથી સિદ્ધાંત થાય છે જે સામાન્ય લોકોપયોગી નાશવાળાં ધન કરતાં, અવિનાશી પૂર્ણાનન્દ શ્રીકૃષ્ણભગવાનજ પરમધન છે. [૨]

"ઉઠો ઉઠો ભારતને ઉઠાડો."



મૃદુ મળસ્કું વિકસ્યું અનેરૂં, પ્રભાત આ નૂતન વર્ષકેરૂં,
ઉઠો ઉષા થઇ ગઇ રંગભીની, જગે ગજાવો જય ભારતીની
જયનાદથી જગનજનો જગાડો ઉઠો ઉઠો ભારતને ઉઠાડો— ૧

પ્રભાત છે સુંદર સૌખ્યકારી, સરોજસઘાત વિપત્તિહારી;
ઉઠો સકળ ઉન્નત માર્ગચારી, ઉઠો ઉપેક્ષા બસ છે તમ્હારી
પ્રસુપ્ત ભ્રાતા ગણને જગાડો, ઉઠો ઉઠો ભારતને ઉઠાડો— ૨

મદાન્ધતા હર્ષ વિષાદ છાયા, અનંગ સેના ધન ધાન્ય જાયા,
પ્રમાદ લિપ્સા નિજ મોહ માયા, વિરામ આરામ સ્વપ્રાણ કાયા
સ્વતંત્રતા શબ્દધુનિ જગાડો, ઉઠો ઉઠો ભારતને ઉઠાડો— ૩

સ્વદેશસેવા હિત જન્મ જાણો, સુવૃદ્ધિને તો ગુરૂમંત્ર માનો,
સ્વતંત્રતાની સુરુચિ પિછાણો, સુપ્રીતિનાં ભવ્ય રચો મકાનો
સ્વવંશનાં ગૌરવ ગીત ગાઓ, ઉઠો ઉઠો ભારતને ઉઠાડો— ૪

સ્વદેશની જય વર વીર બોલો સ્વજાતિની શક્તિ સદૈવ તોલો,
કલંકનાં અંક નિશંક ધોઓ, ઉઠો ઉઠો બાંધવ ચક્ષુ ખોલો
સ્વજાતિની કીર્તિ કલા જગાડો, ઉઠો ઉઠો ભારતને ઉઠાડો— ૫

વિવેક વિદ્યા બળ બુદ્ધિ જોડો, વિપત્તિયોથી મુખડું ન મોડો,
પ્રભુત્વનું સ્વત્વ કદી ન છોડો સ્વવૃદ્ધિના બાધક બૂદ્ધ તોડો
ગુમાવલા ગૌરવને બચાવો, ઉઠો ઉઠો ભારતને ઉઠાડો— ૬

સશક્ત હોતો ન બનો અશક્ત, બનો બધા જાગવીર દેશભક્ત,
કહો "છીએ ભારતના સુભક્ત" ચલો બતાવો નિજ ઉષ્ણ રક્ત
ન ભ્રાન્તિમાં કાળ વૃથા વિતાવો, ઉઠો ઉઠો ભારતને ઉઠાડો— ૭

વિરોધિયોના દળને હટાવો, ધર્મ ધ્વજની ઘોર ઘટા ઘટાવો,
સ્વદેશના સાહસને મિટાવો, સ્વરાજ્યના જીવનને ખિલાવો.
સ્વરાજ્યવાદી સહુ વીર થાઓ, ઉઠો ઉઠો ભારતને ઉઠાડો— ૮

બ. ઓ. કવિ વૈશાલી

ચિત્તવૃત્તિવિજ્ઞાન શાસ્ત્ર.

અનુવાદક—શ્રીયુત "અભ્યાસી."

પ્રકરણ ચોથું ચાલુ.

ચિત્તવૃત્તિની વ્યાખ્યા અને મુખ્ય મુખ્ય ચિત્તવૃત્તિઓ કઈ તથા તેનાં આવશ્યક તત્ત્વો કયાં?

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૩ થી)

આજ કલ્પના બીજા શબ્દોમા પણ બતાવી શકાય; તે એ રીતે કે પ્રેમ કે રાગ, જેના પ્રતિ તે ધરાવવામાં આવે તે પદાર્થ કે વ્યક્તિ-સાથે જોડાવાની વાસના છે; અને તેથી કરીને તે બન્ને પાત્રો [ભોગ અને ભોગ્ય] ને સમાન ભૂમિકાઉપર લઇ આવવાવાળી પણ એજ બાબત છે. તેમજ તે બન્ને જોડાઇ એક થાય તેવી સ્થિતિવાળા પણ તેનાથીજ બને છે. બે જીવોવચ્ચે આકર્ષક-આકર્ષિત ભાવ ઉત્પન્ન થવામાં વસ્તુસ્થિતિ એ છે કે એકમાં જે ગુણઆદિ રહેલાં છે તે બીજામાં ન હોવાથી તે ખોટ અથવા ઓછપ પોતે પૂરી પાડે છે. જ્યાં આ બેઠો, ઉણપો, અને તેને પૂરી પાડતી બાબતો, લગભગ સરખી હોય છે, ત્યાં તે બે જીવો સરખી કોટિના કે સરખા છે એમ આપણે કહીએ છીએ; કેમકે જેટલે અંશે એકમાં આવી કે ઓછપ કે ઉણપ હોય તેટલે અંશે તે કનિષ્ઠ અને તે તે બાબત, બીજા જીવો-વ્યક્તિ પૂરી પાડનાર હોય, તેટલે અંશે, તે તેના-કરતાં વરિષ્ઠ ગણાવા છતાં, એકમાં જે ઓછપો, અને બીજીમાં સામો તેટલો વધારો, વિશેષતાને લઇ, બન્નેનાં ત્રાજવાં સરવાળે સમતોલ સરખાં થાય છે. આ પ્રમાણે લેવડ દેવડ-આપવા લેવાનો વ્યાપાર પરસ્પર થયે જાયછે અને પછી એકની ઓછપ, ઉણપ, અને બીજાનો વધારો, વિશેષતા, સબૂળગી બંધ પડે છે. જ્યારે સર્વાંશે બને વ્યક્તિની સરખી સમાનતા થઇ કહેવાય છે. એક વ્યક્તિની બીજી વ્યક્તિસંબંધે પણ ઘટતી વધતી ઓછી વિશેષતા અને ઉણપ જ્યાં હોય છે ત્યાં તે એક બીજાપરત્વે વરિષ્ઠ અને કનિષ્ઠ એ સંજ્ઞાથી બોલાય છે. અને પણ કમે કમે બન્નેને સમાનતા કે સરખાપણું પ્રાપ્ત કરા-વનાર તત્ત્વ તો પ્રેમ, પ્રીતિજ [રાગ] હોઇને જે વરિષ્ઠ વ્યક્તિ હોય તે, પોતામાં જે કાંઇ વધતી બાબત હોય તે કનિષ્ઠ વ્યક્તિમાં જે કાંઇ ઓછપ, ઉણપ, હોય તે પૂરી પાડે છે.

અને તેને [કનિષ્ટને] પોતાના સરખી સમાન ભૂમિકા ઉપર લાવેછે કે જેથી બન્ને વચ્ચે ઐકય થઇ શકે.

આ રથળે બીજો અને આન્વીક્ષિકીશાસ્ત્રને વધારે લગતો પ્રશ્ન ઉદ્ભવી તેનો નિર્ણય થઇ શકે, તેવી વાત ઉભી થાય છે. કે જો ઉપર કહ્યું તેમ હોય તો પછી વરિષ્ટ વ્યક્તિ કનિષ્ટ વ્યક્તિપ્રતિ આકર્ષાય એમ શીરીતે ઘટય છે? કનિષ્ટને તો અલબત પેલા વરિષ્ટ તરફનો લાભ અને સુખ મળે અને તેથી તે તેનાતરફ આકર્ષાય; પરંતુ વરિષ્ટ–મ્હોટાને, કનિષ્ટ–નાનાતરફથી એવો શું લાભ કે સુખ મળવાનું છે કે જેથી તે તેના તરફ આકર્ષાય?

આ પ્રશ્નના ઉત્તરમાં પરસ્પર સંબંધ ધરાવતી બે મુખ્ય વિચારણાનો સમાસ છે. [અ] સુખ એ સાદામાં સાદો વિશેષ ઉપલક્ષિત ન થઇ શકે તેવો નિત્ય વ્યાવહારિક અનુભવવાળો શબ્દ છે; દાખલાતરિકે એક માણસને ગરમ તીખાં સુખ, સંતોષ, પમાડે છે તો બીજાને સાકર સુખ આપે છે, તેમાં કાંઇ ચોકસ ધારો કે નિયમ નથી, સિવાય કે માત્ર તે તે પૃથક્ પૃથક્ મનુષ્ય ભિન્ન ભિન્ન પ્રકૃતિના બાંધાવાળાં છે- અર્થાત્ એક વ્યક્તિને અમુક પદાર્થનાં રજકણો સાનુકૂળ છે તો બીજીને બીજા પદાર્થનાં રજકણો અનુકૂળ છે. એક જીવ વ્યક્તિને અમુક રજકણ અનુકૂળ સામાટે અને બીજાને બીજાં શા માટે? તો અહીં પણ પુનઃ સામાન્ય આન્વીક્ષિકીશાસ્ત્રનો ન્યાય એમ કહે છે કે સઘળા જીવો બની શકયાપ્રમાણે સઘળા અનુભવોમાંથી એક એક કે સમગ્ર રીતે પસાર થવા સરજાએલા છે. પૃથક્ જીવાત્મા–તરીકે અનંત કાળમાં અને સમગ્ર જીવોતરીકે સમ કાળમાં તેમને તે અનુભવોમાંથી પસાર થવાનું છે; અને એ પ્રમાણે જો અને તોજ, નિર્ગુણનિરાકાર બ્રહ્મમાં જે સંપૂર્ણ સમતોલપણું છે તે નહી શકે; અને જો સુખ કે દુઃખ આ પ્રમાણે નિત્યના સાદામાં સાદા અનુભવ છે તો આપણે ઉપર કહી ગયા તેમ વરિષ્ટ કોટીના જીવાત્મા પોતાથી કનિષ્ટ કોટીના જીવાત્માને, પોતે અમુક અમુક સહાય આપી, તે [કનિષ્ટ કોટીના જીવાત્મા] ની ખામી પૂરી પડવાના પરિણામે પેલા નાના–કનિષ્ટ કોટીના મનુષ્યને તેથી હર્ષ થવાને અંતે, આ વરિષ્ટ કોટીવાળાને અમુક સુનિશ્ચિત સુખ થાયછે અને તેથી વિપરીત સંયોગોમાં તેને તેજ પ્રકારનું દુઃખ થાયછે; ત્યારે અથીત એ દૃષ્ટિએ તો એક ખોળામાં સુતેલા પોતાના બાળકના ચહેરા ઉપર સ્મિત હાસ્ય કયારે થશે અને તે બાળક તેની નાની આંગળીઓવડે પોતાના ચહેરાનો સ્પર્શ કયારે કરશે એમ રાહ જોતી માતા નાની કોટીની અને બાળક મ્હોટી કોટીનું છે એમ કહેવાય? અલબત એ વાત જોગજ છે અને તે સાચી પણ છે. આ બ્રહ્માન્ડમાં જ્યાં ઉંડામાં ઉંડી અને યથાર્થમાં યથાર્થ દૃષ્ટિએ જોતાં, જ્યાં સર્વ સમાન ધર્મોસરખા ટકા, સરખી લેવડ દેવડનો વ્યાપ પ્રવર્ત્તી રહ્યો છે, ત્યાં વસ્તુતઃ કોઇ જીવ વ્યક્તિ, બીજા જીવ વ્યક્તિકરતાં વરિષ્ટ નથી તેમ કનિષ્ટ પણ નથી. પરંતુ આમતસામનતટ અને કમગત વ્યાવહારિક હેતુઓમાટે મ્હોટા નાના વિગેરેના ભેદો તો માત્ર નિયમપુરઃસર

નિમના વ્યવહારમાં વ્યાપી રહ્યા છે. આ બેદ્દો અનાત્માની અનેકતાના સંબંધને લઇ અસ્તિત્વમાં છે. અને તેથી કરીને સ્થૂળ પદાર્થોની ઓછપ કે ઉણપઉપર તે બેદ્દો કે વિવિધતાનું બંધારણ નિર્માણ થયું છે; કાંઇ આધ્યાત્મિક, કે માનસિક, કે સિદ્ધિઓસંપાદક ઉણપ ઓછપના ઉપર તેનો આધાર રહ્યો નથી. મતલબ જે વ્યક્તિઓ લૌકિક જડ પદાર્થો સીધી કે આડકતરી રીતે વધારે આપી શકે અને તે પદાર્થો જેની સત્તામાં વધારે હોય છે તે સામાન્ય રીતે વડા કહેવાય છે. [બ] શ્રીમદ્ભગવદ્ગીતામાં વર્ણવ્યાપ્રમાણે તેમજ આ ગ્રન્થના આઠમાં પ્રકરણમાં હવે પછી કહેવાશે તે મુજબ સર્વે જીવો જેને દૈવી અને આસુરી કોટી એ બે સંજ્ઞાથી ઓળખવામાં આવે છે તે એક કે બીજી કોટીના નિત્યના અનિવાર્ય રીતે સંસ્કારવાળા હોય છે. હવે જે કોટી કે વર્ગમાં આત્મા-અંશ પ્રધાનપાસે રમણ કરી રહેછે તે વર્ગના જીવો તેમના સ્વતઃ બંધારણને લઇ, જાણે લાચારીથી પણ આપવામાં-આપી દેવામાં અને સહાયક બનવામાંજ સુખ માને છે. આ ગ્રન્થ સૂક્ષ્મતર સ્થૂળતર ઉપાધીઓના આન્વીક્ષિકીશાસ્ત્રનુ જેમ વધારે જ્ઞાન થાય તેમ સ્પષ્ટતાથી સમજાય તેવુ છે તે એમકે ઉદારતાનું સેવન કરવામાં અગર જો કે સ્થૂળ બાહ્ય ઉપાધિ ઘટતી જાય છે તો પણ જીવનો અહંભાવ જેની સાથે એક થતો દેખાય છે તે સૂક્ષ્મ આંતર ઉપાધિ ખરી રીતે નહિ પામે છે-વધતી જાય છે કે જેથી તે આત્મા માત્ર આન્વીક્ષિકીશાસ્ત્રદૃષ્ટિએજ [illegible] પણ વસ્તુતઃ વિકસે છે. જેમ એક નાણાવટીની રોકડ સીલક પોતાની પાસેનાં નાણાં ધીરાઇ ગયા પછી ઓછી થાય છે પણ ખરું જોતાં તેની ઉધરાણીના પ્રમાણમાં તેની આંટ વધે છે તેવી રીતે એ છે. અમુક દૃષ્ટિએ જોતાં એ વાત ખરી છે કે સંસારમાં સાવ હિતરહિત ઔદાર્ય છે નહિ. વિકાસક્રમની વર્તમાન સ્થિતિએ ઘણાં દૃષ્ટાંતોમાં સારા કર્મો તેના તાત્કાલિક કે ભવિષ્યના એટલે કે ઐહિક કે પારમાર્થિક બદલા કે હિતની સ્પષ્ટ અને દેખાતી એષણાવિનાનાં હોતાં નથી. પરંતુ એ શુભકાર્ય-સત્કર્મ કરનારના ઉંડામાં ઉંડા અંતર્ભાવને તપાસતાં પણ એ એષણા કે તૃષ્ણા, જેના પ્રતિ તે સત્કર્મ કરવામાં આવે છે, તેના બદલાતરીકે [એમાં પણ હેતુ તો તેટલોજ સ્વાર્થી છે.] કિંવા ભવિષ્યમાં પોતાને લાભ થશે તેવી સ્વાર્થભાવના, તેની ખુદની દૃષ્ટિએ પણ લેશ માત્ર સ્પર્શાતી નથી ત્યાં પણ તે પોતે પૃથક્ વ્યક્તિ હોવાનાજ કારણથી એવી એષણા-વાસના તેના અજ્ઞાનપણે અંતર્ગત ઢંકાએલી રહેછે; અને એ પ્રમાણે નિત્યના વ્યવહારમાં ન બનતું હોય તો ઉદારતાનું કાર્ય, અને હેતુ કારણવિનાનાં થઇ જાય; જે પરિસ્થિતિ સાપેક્ષીય દેશમાં-ત્રણે લોકમાં ઘટતી નથી; કેમકે ત્યાં કારણવિના કાર્યનો અવકાશ નથી. સંસ્કૃતમાં કહેવત છે કે "ઋણાનુબંધો લોકોયમ્" આ લોકમાં સર્વ જીવો માંહેમાંહે એક બીજાના પરંપરાથી ઋણી છે. બ્રહ્માન્ડનો મહાન નિયમ પણ એજ વસ્તુસ્થિતિ સૂચવે છે; તેમજ સર્વ જીવો છેવટ એકતામાં લીન થા-

ચછે તે વાત પણ એજ સૂચન કરે છે અને એ પ્રમાણે ન હોય તો સંસારચક્રની અનંત રચના પ્રવાહિત રહી શકતી નથી પ્રતિદિનના અનુભવમાં પણ જે છવો પ્રમાણમાં અતિશય સ્વાર્થવિનાના અને બરેબરા ઉદાર હોયછે તેઓ તરતજ સ્વીકારશે કે એવાં પરોપકારનાં કાર્યો કરવા જતાં લેશમાત્ર પણ પોતે અહંકારી અભિમાની થવું જોઇએ નહિ એટલુંજ નહિ પણ પોતે જેના પ્રતિ ઉપકાર કે દયા કરતા હોય તેના બદલામાં અમુક અંશે પણ સેવાનો સ્વીકાર ન કરી તે બિચારો અપમાનની સ્થિતિએ પહોંચે તેમ પણ કરવું જોઇએ નહિં. [એટલે કે જો ઉપકૃત મનુષ્ય મહાન્ ઉપકારનો લેશ બદલો વાળવા તત્પર હોય તો તેનો સ્વીકાર કરવો એજ ઉત્તમતાનું લક્ષણ છે] જુઓ, માતા પિતા આદિ વડીલ વર્ગ પોતાનાં નહાનાં બચ્ચાંઓને પોષે છે, ઉછેરે છે તેનાકરતાં સ્વાર્થરહિત બીજું શું કાર્ય હોઇ શકે? છતાં પણ એજ કાર્યથી તેઓ પિતૃઋણથી મુક્ત થવાસાર્થે, ભવિષ્યમાં પોતે વૃદ્ધ થાય ત્યારે પોતાની પ્રજા પણ, પુત્રો વગેરે મોટા થઇ, તે પ્રમાણે વર્તન કરે તે બદલાની વ્યાજબી આશા થી તે વ્યવહાર તેઓ સાધે છે.

મહાન્ ઇશ્વરો, સૃષ્ટિઓનાં રાજ્યો ચલાવનાર નિયામકો, ગુરૂદેવો, જગતના માતા પિતાઓ, સર્વે અમુકઅંશે, તાત્કાલિક બદલા-સ્વીકારની-ની પણ આશા ધરાવે છે. સૂક્ષ્મ દ્રવ્યમાંથી પ્રાદુર્ભાવ પામતી સૂક્ષ્મતર [બારીક] ચિત્તવૃત્તિઓ દ્વારા અમુક પરોપકારનાં કાર્યો સધાય છે તેજ ઇશ્વરો-દેવોનો અને સામાન્ય રીતે બીજાં માનસિક શરીરોનો ખોરાક-પ્રસાદ છે.

જીવાત્મા દયાભાવથી જાતે વૃદ્ધિ પામે છે. એટલે કે જેટલો દયાભાવ તેના પ્રમાણમાં જીવાત્માનું વિસ્તરત્વ છે. એ કેવળ વાક્ય સંબોધનમાં જે કાંઇ ક્ષુદ્રાભેદ જેવું લાગતું હોય તો ઉપરના વિચારો તે દૂર કરવામાં સહાયક છે; અને પ્રેમ જ્યાં જીવાઇ રહેછે એ દૃષ્ટિએ તો, આત્મા જે સર્વમાં સમાન છે, તેનું ગૌરવ, વ્યાપકત્વ માત્ર સાદૃશ્ય આપવામાંજ, અર્થાત્ પ્રધાનપણે, ઉદાર આચરણ કરી અંતર્ગત હૃદયની વિશાળતા ધરાવવામાંજ નહિ, પરંતુ બદલો વાળવામાં, તથા કોઇ પણ પ્રકારે સેવા કરવામાં પણ, સમાયેલું જ છે. આ બદલો વાળવાની કે સેવા કરવાની ભાવનામાં એક પ્રકારનો પ્રત્યક્ષ ઉપકાર અને અપરોક્ષ વધારે નરમાશ, વ્યાપી રહે છે કે જે ભાવના, ચિત્તવૃત્તિની ગણનાએ સર્વ સન્માન અને પૂજ્યભાવપણાની સહચરી છે.

રાગ-આકર્ષણ-પ્રીતિ-માટે આટલું કહેવાયા પછી તેના સાપેક્ષીય દ્વેષ-અનાકર્ષણ-અપ્રીતિના પણ નીચેની વિગત પ્રમાણે બરાબર ત્રણ મુખ્યભાગ પડાય તેમ છે.

૧ ક્રોધ—ગુસ્સો જેના પ્રતિ કરવામાં આવે તે સમાન વ્યક્તિ છે.

૨ ભય—જેનાથી થાય તે વ્યક્તિ વડીલતા કે વરિષ્ઠતાની સ્થિતિ સૂચવનાર છે.

ને તિરસ્કાર—જેના પ્રતિ થાય તેની કનિષ્ટતા કે લઘુતા દર્શાવે છે.

રાગ કે પ્રેમ, ચિત્તવૃત્તિની સમાનતા–વરિષ્ટતા અને કનિષ્ટતાસૂચક જે ત્રણ વ્યાખ્યા છે, તેજ, સંયોગ કેરકાર ન્યાયે દ્વેષ કે અપ્રીતિ–ચિત્તવૃત્તિને પણ લાગુ થાય છે.

દ્વેષમાં, રાગ કે પ્રીતિના દૃષ્ટાન્તમાં, જે જીવ સાધનસંપન્ન વધારે છે અને રાજીખુશીથી વધારે આપે છે તે વરિષ્ટ કે સબળ અને જેની પાસે ઓછું સાધન છે અને જે પોતાપ્રતિ દર્શાવેલ કૃપાનો સ્વીકાર કરવામાં વધારે તત્પર છે, તે કનિષ્ટ કે દુર્બળ છે; તેવીજ રીતે દ્વેષ કે અપ્રીતિના દૃષ્ટાન્તમાં જે બળાત્કારે બીજાનું છીનવી લેવા આતુર છે, તે વધારે શક્તિવાળો અને મોટો અને જે પોતાપાસેથી અમુક ચીજો–પદાર્થો પોતાની મરજી ઉપરાંત ખુંચવી લેવામા આવે, તથા તે પદાર્થોવિગરનો થઇ જવાની સ્થિતિમાં આવે તે, નબળો અથવા કનિષ્ટ ગણાય છે; અને સમાનતામાં જે આપ લે થાય છે એટલે કે એક વ્યક્તિ બીજી વ્યક્તિતરફ જે દ્વેષ કરે તો તે બીજી વ્યક્તિ પેલી વ્યક્તિતરફ પણ તેવો દ્વેષ દર્શાવી શકે છે તે આ દૃષ્ટાન્તમાં રાગ કે પ્રીતિની માફક બરાબરપૂર્વક હોતી નથી

મનની પ્રસંગે પ્રસંગે, વિવિધ સ્થિતિઓ, જે, સામાન્ય રીતિએ 'ચિત્તવૃત્તિઓ' એ સંજ્ઞા થી ઓળખાય છે, તેમજ જે કેટલીક તેવી ગણાતી નથી છતાં બારીક જોતાં જે ગણાવી જોઇએ, તે સર્વનું લક્ષપૂર્વક પૃથક્કરણ કરીશું તો મનુષ્યની ચિત્તવૃત્તિઓનો, [અ] કાંતો આ ૭ મુખ્યભાગો વર્ણવ્યા તેના કોઇપણ એક ભાગમાં સમાસ થાય છે અથવા [બ] બન્નેમાંથી અમુક અંશો એકત્ર થઇ તેના મિશ્રણોમાં સમાસે છે.

જે માનસિક સ્થિતિઓને ચિત્તવૃત્તિ સંજ્ઞા નથી અપાતી તેનું કારણ ઉંડા ઉતરી તપાસીશું તો આપણને જણાશે કે તે સ્થિતિઓમાં જે અંશો એ સંજ્ઞા કે નામ ધારણ કરવામાં જેટલા, ગાઢ હોવા જોઇએ તેટલા બીજા જેટલા હોતા નથી. પરંતુ તે છતાં પણ શારીરિક ગુણ ધર્મપક્ષે બોલતાં શારીરિક રચનામાં તથા માનસગુણ ધર્મપક્ષે કહેતાં જીવમાં અમુક પ્રકારનું પ્રોત્સાહન, એટલે વિકાસના, સંયોજના, આદિ–કરવા પૂરતા અંશો તે માનસિક સ્થિતિઓમાં પણ હોય છે. વાસનાઅંશ, જે કે માનસિક સ્થિતિને ચિત્તવૃત્તિની છાપ આપનાર તત્વ છે, તે તેમાં ઓછો હોય છે એટલે કે તે પ્રવૃત્તિ આપવાવાળો હોતો નથી જ્યારે ચિત્તવૃત્તિ નામ અપાય તેવી સ્થિતિમાં તે અંશ પૂરો હોઇને કાર્ય પ્રવૃત્ત બનાવનાર છે. આમ છતાં એટલે કે વાસના અંશની ઓછપ અને શક્તિ હોવા છતાં જ્ઞાન ઉપલબ્ધિ કરાવનાર અને બોધ કરનાર અંશો તો સશક્ત–સબળ હોય છે. માનસશાસ્ત્ર યાને અધ્યાત્મશાસ્ત્રનાં સામાન્ય પુસ્તકોમાં આ વિષયનું બહુધા વિવેચન કરવામાં આવતું નથી. અને કદાચ કોઇ

સ્થળે એવું કે મોકળું વિવેચન થયું હોય તો "Intelect" બુદ્ધિના પ્રકરણના નિરાળા ભાગસાથે તેને સેળભેળ કરી નાખેલ જોવામાં આવે છે. જેના દાખલા હવે પછી ચોગ્ય સ્થળે દૃષ્ટિગોચર થશે.

ઉપરપ્રમાણે કટકે કટકે વધતી, વિગત બતાવનારી વ્યાખ્યા અપૂર્ણ છે તે બધાનો ઉપસંહાર કરીશું તો 'ચિત્તવૃત્તિ' એક જીવની બીજા જીવપ્રતિ વિષયગોચર પદાર્થો કિંવા તેનાં મૂળ તત્વો આપવાની અથવા અદલો અદલો કરવાની, અથવા તેનો સ્વીકાર કરવાની જે સંપૂર્ણ સહૃદયાત્મકતાવાળી એષણા કે વાસના છે તેમજ તેની સાથે યાતો જોડાવાની, અથવા તો એજ પદાર્થોઆદિ બળાત્કારપૂર્વક છીનવી લેવાની અથવા આપ લે થવાની કે તે રહિત થવાની અને તેના પરિણામે તેનાથી વિખુટા પડવાની જે વૃત્તિ છે, તે છે. વળી પણ સંક્ષિપ્ત વિવેચન એમ પણ થઈ શકે કે ચિત્તવૃત્તિ તે એક જીવની બીજા જીવસાથે જોડાવાની અથવા તો તેનાથી છૂટા પડવાની એષણા કે વૃત્તિ તથા તે બીજા જીવ અને પોતાવચ્ચેના સુખદુઃખના અનુભવો અનાયાસ કિંવા બળાત્કારે, વરિષ્ટતાથી, સમાનત્વથી કે કનિષ્ટતાથી, આપણા સંબંધીનું ભાન કે જ્ઞાન છે.

જો કોઇ દૃષ્ટાન્તમાં આ વ્યાખ્યા અપૂર્ણ લાગે અથવા બરાબર બંધબેસતી ન દેખાય તો તેનું પૃથક્ કરણ કરવાથી બહુધા જણાઇ આવશે કે રાગ તેમજ દ્વેષ બન્નેમાં જે સામાન્ય તત્વો રહેલ છે તે એ સ્થળે વધારે ગાઢ રીતે સંકલિત થઇ જવાના પરિણામે તેમ બનેલું છે; અને જો તેને યથાસ્થિત વિવેકપૂર્વક છૂટા પાડી, નિરાળા કરવામાં આવે તો એ મુશ્કેલી દૂર થવાની. આ નિરાળાં નં પાડી શકાય તેવાં દ્વંદ્વોની સ્થિતિ લોકપ્રગતિચક્રની પદ્ધતિનો એક ભાગ હોઇ, તે કોઇ પણ સાપેક્ષીય વિનાની એટલે કે સ્વતંત્રતા નિર્દેશ કરનાર વ્યાખ્યાઓને પાત્ર હોવાનો સંભવ છેજ નહિ. અર્થાત્ સર્વ વ્યાખ્યાઓ આદિ બોધ કરનાર શબ્દો કે વ્યાખ્યાઓ સર્વ સ્થળે કેવળ અરસપરસ સંબંધદર્શકજ હોઇ શકે. તે શા માટે તેમ છે તેનો ઉત્તર પણ આન્વીક્ષિકીશાસ્ત્ર આપશે. ચિત્તવૃત્તિની ઉપર કહી તે વ્યાખ્યા કે તેનું પૃથક્ કરણ માત્ર મનુષ્યકોટીના પ્રાણીઓને નહિ પણ તેથી ઉચ્ચતર કિંવા નીચતરકોટીના દેહધારીઓને સારીરીતે લાગુ પાડી શકાય છે. આન્વીક્ષિકીશાસ્ત્રની દૃષ્ટિએ ચેતના એક નિરવયવ અને અવિભાજ્ય, ઐક્યસૂચક અવ્યક્તભાવે, તેમજ સમાનરૂપના સૂચક વ્યક્તભાવે છેજ; તેથી જૂદી દૃષ્ટિએ પણ જોતાં એટલે કે હાલના શોધકો આ પૃથ્વી ઉપરની પૃથક્ પૃથક્ યોનિઓ જોવી કે ખનિજ પદાર્થો, વનસ્પતિના પદાર્થો, પશુઆદિ પ્રાણીઓ, અને મનુષ્યોમાં જે ચેતનાની ન્યૂનાધીક-શક્તિ સંબંધે નિર્ણય ઉપર આવેલા છે તે પણ તેજ મતના છે કે ચેતન. (Consciousness) તો એકધા સર્વમાં સમાનજ છે. હા, ચેતના જે જડચૈતન્યમય વ્યક્તિ કે

ઉપાધિદ્વારા પ્રાદુર્ભાવ પામી, દૃશ્યમાન થાય છે તેના સમાન વ્યાવહારિક દૃષ્ટિએ દેખાય છે તે વાત ખરી. પણ તેના ઉપાધિ-ભેદને લઇ અનેકધાપણું, સ્થૂળપણું, સૂક્ષ્મપણું, ઇત્યાદિ ચેતનાનું, માત્ર ભાસે છે વસ્તુતઃ તેમ નથી અર્થાત્ ચેતના એકધા છતાં જે ઉપાધિદ્વારા તે સ્ફુરે છે તેને લઇ પૃથક્ પૃથક્ ભેદવાળી દેખાય છે, એટલુજ તાત્પર્ય છે. જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા એ ત્રણે દેશોમા આ ચેતના સરખી રીતે દૃશ્યમાન છે, તે પણ સત્ય છે, છતાં પણ તે ત્રિધા સ્વરૂપોમાથી એક જે સમયે પ્રધાનપક્ષે દેખાય તેજ સમયે બીજા બે સ્વરૂપો ગૌણપક્ષે સા -ધારણ છે, આમ હોવાથી વ્યવહારમા આપણને તે ત્રણે શક્તિઓનાં સ્વરૂપો એક બીજાપછી ક્રમશઃ સાકાર થતાં લાગે છે; તે એટલેસુધી કે તેમાંથી જે એક સ્વરૂપ વિચારમાં અને બુદ્ધિમાં વધારે સુવ્યવસ્થિત થઇ, વિકસિત થયેલ અનુભવાય છે, તો તેટલાજ અંશે બીજાં બે સ્વરૂપો વધારે ગોળગોળ થઇ, ગુંચાઇગયેલા અને ઝટ સમજ ન પડી શકે તેવા પ્રકારની ચિત્તવૃત્તિઓસાથે સારૂપ્ય પામેલ હોય છે. પરન્તુ તે ત્રણ ક્રિયાસ્વરૂપોમાંથી એકનો ઇતિહાસ કે વિકાસ તે, બાકીના બીજા બેનો ઇતિહાસ કે વિકાસ છે. તેનાથી જુદો નથી તેમ તેનાથી જુદો કદી હોઇ શકે પણ નહિ.

શાને દુભાવો? લોક ઓ!

કુળાં કુળાં અમ દિલને.



હરિગીત

ભોળા હૃદય સાદાં જીવન, સાધુ અમારા સ્નેહીઓ,
શુ જાણીએ વિષમય ભવા! વ્યવહાર તમ લોકોતણો;
અમ સ્નેહ પંખીડાં સદા, ઉંચા ગગનમાં ઉડતાં,
શુ જાણીએ નીતિ રીતી, વ્યવહાર આ દુનિયાતણાં. ૧

કટુ શબ્દ કેરૂં અમયકી, કેમે કર્યા રહેવાય ના,
છે જન્મથી અમ વિનીત ઉર, સાચાં ઉપાસક સ્નેહના;
આવાં પ્રલોભન બસ! કરો, આજે હૃદય રડતું કહે,
શાને દુભાવો લોક ઓ! કુળાં કુળાં અમ દિલને? ૨

"નલિનીકાન્ત"

બોલશેવીઝમના બુટ્ટા—ઝેરી પુષ્પની ચાદર ખીલી નિકળ્યો છે. દુનિયાને પોતાની બદ્ધાર બતાવી રહ્યો છે. પણ માનુષી દયાભાવ તથા વિવેકના ધોરણવગરનુ કોઇ પણ રાજ્યબંધારણ લાંબી જીંદગી ભોગવતું નથી એ સિદ્ધાંત પરિણામે પ્રકાશ્યા વગર રહેતો નથી. અધિકારલોભને થોભવાપણું હોતુંજ નથી અને તેથી આખી દુનિયાને પોતાની મુઠીમાંજ સમાવવાની ઇચ્છા ઘણા અધિકારલોભી અને સત્તાલોભીઓને ઉદ્ભવતીજ રહેછે પણ તે ઇચ્છાના પગમાં કુદરતે એટલીજ શક્તિ મૂકેલી છે કે અમુક અવધિ થતાં તે પગ લુલા લંગડા બની જાય છે અને બોઝેર ભારી જાય છે.

સર્વજ્ઞ અને સર્વશક્તિમાન એ બે વિશેષણો ઇશ્વરસિવાય બીજા કોઇને લાગુ પડ્યાં નથી અને લાગુ પડશે પણ નહિ જેઓની બુદ્ધિ દૈવીસંપત્તિના ક્ષેત્રનો ત્યાગ કરી આસુરી સંપત્તિનો બોજો ઉઠાવી અનંત ઠઠ્ઠાપણ [!] ના કલ્પિત પ્રવાહના તણાતી રહે છે, સંસારચક્ર ચાલવાનો સમગ્ર બોજો પોતાઉપરજ છે એમ માનીને અનૈસર્ગિક ઉદ્યમપ્રયત્ન કરવાના નિર્મૂળ વિચારોના કોકડા આમતેમ ફેંકતીજ રહે છે અને ઇશ્વરે આપેલ સ્વાતંત્ર્યને દાબવા તથા ઇશ્વરે મૂકેલ અંકુશને દૂર કરવાની ચેષ્ટામાં પોતાની સત્તાને શોભા મળે છે એમ માનતી રહે છે તેઓ આ દુનિયામાં મોટોટા ગુચવાડા ઉભા કરે છે. જેમ અન્ય પ્રાણીઓની શક્તિ સીમાબદ્ધ છે તેમ મનુષ્યોની શક્તિ પણ સીમાબદ્ધજ છે. પોતાની છેવટની સીમાની બદ્ધાર જો એ શક્તિ પોતાના પગ મૂકવા માટે તો તે પગ ઉપાડ્યા વગર રહેતા નથી. શાસ્ત્રોમાં વર્ણવાયેલા રાવણવગેરેના દાખલાઓ એજ સિદ્ધાંતને ટેકો આપે છે.

સમ્રાટ્ યુવરાજની દેશાંતરયાત્રા—આપણા નામદાર પ્રિન્સ ઓફ વેલ્સે પોતાના દેશાંતરપ્રવાસનો આરંભ કર્યો છે. તેઓ જૂદા જૂદા દેશોમાં થઇને કેટલીક મુદત બાદ હિંદની મુલાકાત લેશે. રાજાઓ, રાજકુટુંબના પુરૂષોએ કે રાજ્યના અધિકારીઓએ પોતાની હકુમતવાળા પ્રદેશોમાં પ્રવાસ કરી પરિચિત થવું, પ્રજાની સ્થિતિ જાણવી અને સમયાનુસાર કેવી શાસનપદ્ધતિની આવશ્યકતા છે તે સમજવું જોઇએ. તેઓએ પોતાના મિત્રોની હકુમતવાળા પ્રદેશોમાં પ્રવાસ કરી લાંબી રીતભાતથી પણ વાકેફ થવું જોઇએ તથા તે પ્રજા અને પોતાની પ્રજાની સ્થિતિવચ્ચેનો અંતર અને તેનાં કારણોપર ઉંડા ઉતરી વિચાર કરવો જોઇએ. બીજાઓના કાનો અને બીજાઓની આંખોથી પ્રજાની સ્થિતિનો જે ખ્યાલ આવે તેના કરતાં સત્તાધારી વ્યક્તિને પોતાના કાનો અને પોતાની આંખોની મદદવડે વધારે સારો અને ખરો ખ્યાલ આવી શકે છે. આ લક્ષબિંદુઉપર દૃષ્ટિ રાખીને પૂર્વકાળમાં ઘણી સત્તાધારી વ્યક્તિઓ જૂદા જૂદા પ્રકારોથી, જૂદા જૂદા પ્રસંગોથી અને જૂદાં જૂદાં નિમિત્તોથી વારંવાર પ્રજાવર્ગમા ભેળાતી અને તેમાંથી જાણવાનુ જાણી લેતી અને તેના પરિણામમાં પ્રજાની ખરી મુશ્કેલીઓ મટી તેને સુખ થતુ તથા સત્તાધારી વ્યક્તિનુ કર્તવ્યપાલન થતુ કે જે તેને ઉભયલોકહિતસાધક બનતું.

ચાર દિવસની ચટકી—ડો. કેપ અને લુડવીગ નામના આગેવાનોએ માર્ચની અધવચમાં જર્મનીની અંદર ચાર પાંચ દિવસ

રાજસત્તા ભોગવી લીધી છે. અચાનક આ વેલો વટોળાયો જેમ જબરો ખળભળાટ મચાવી સૌને મુંઝાવી દેછે તેમ તેઓએ ત્યાની ચાલુ શાસન પદ્ધતિના નિયામકોને ઉથલાવી દેવા જેવો પ્રસંગ ઉભો કરી દીધો અને આખી દુનિયામા ખબર પહોંચી પણ ચૂકી કે જર્મનીમાં શાસનક્રાંતિ થઇ ગઇ છે જેમ અચાનક એ ખબર ફેલાયા તેમ બે ચાર દિવસમાંજ આ ખબર અચાનકજ ચારે તરફ ફરી વળ્યા કે વેન ઇમ્પટર્નું ચાલુ શાસનતંત્ર એ વીટોળિયાના વેગને ખાળી નાખી પોતાની સુસ્થિરતા સાધી લેવામાં કૃતેદ્યમ થયુ છે શાસનક્રાંતિના ઉત્પાદકો ઉડી ગયા છે અથવા અદૃશ્ય થયા છે. તેમજ બળવાખોરો ગણાયા છે અને સત્તા હાલ જ્યાં હતી ત્યાજ રહી છે હોલેંડમા કૈસરના સ્થાનપર જાપતો વધ્યો છે અને જોખમી રાજદ્વારીઓના નેત્રો તે તરફ ખુલી રહ્યા છે.

ધર્મઝનુનથી વધતી અશાંતિ— ખરી ધર્મસેવા એજ છે કે જેનાથી પ્રત્યેક પ્રાણીને સુખ મળે અને જેને પરિણામે તે ધર્મસેવા કરનારના અંત કરણને ખરી શાંતિ મળે ધર્મને નામે દ્વેષ-પ્રપંચ અને દગાફટકાઓ તથા હત્યાઓ કરવી એ ધર્મઝનુન ખરીરીતે અધર્મનોજ આવેશ છે અને અધર્મનું પરિણામ તો અશાંતિજ છે. ધર્મભેદના દ્વેષથી ઉશ્કેરાઇ જઇને જે તુર્કોએ અન્યધર્મી આરમીનીયનોની કતલ ચલાવતા હોય તો તેઓ પોતાની મેળેજ પારિણામિક કુદરતના કોપને પોતાના ઉપર વોહોરી લે છે એમ ગણવું જોઇએ અને તેમ ન હોવા છતાં જે યૂરોપના પ્રદેશમાં ક્રીસ્તીઓનુંજ ધાર્મિક સામ્રાજ્ય રહેવુ જોઇએ, તેમાં અન્યધર્મીની રાજસત્તા ન હોવી જોઇએ એવા ઉંડા વિચારથી ઉદ્ભવતા આવેશમાં આવીને તે ધર્મના સંચાલકો અને તેના અનુયાયી રાજદ્વારીઓ તુર્ક મહારાજ્યની સત્તાને યૂરોપની હદમાંથી દૂર કરવાનો ખેલ ખેલતા હોય તો તેઓ દુનિયાની શાંતિનૌકાને ખડકે ચડાવી તેનો નાશ કરવાની પ્રવૃત્તિનું પાપ કરી રહ્યા છે એમ માનવું જોઇએ જે પક્ષની ભૂલ થતી હોય તે પક્ષને ભૂલ સુધારવા ઇશ્વર તેઓને સદ્બુદ્ધિ આપે જેથી ધર્મઝનુનથી વધતી અશાંતિનો અંત આવી સર્વ સ્થળે શાંતિ ફેલાય અને રાજા પ્રજા સર્વ પોતપોતાને સ્થળે વળગવાથી મોવારત-મારફૂટ-ચિંતા-દુખ વગેરેને દૂર કરનારી શાંતિ સર્વત્ર પ્રચારને પામે

— સાભિપ્રાય સ્વીકાર. —

પાંચ પગવાળી ગાય—લેખક દયાપ્રેમ ભાઇશંકર રાવળ-વીરમગામ માત્ર સોળ પૃષ્ટની આ નાનકડી ચોપડીમા એક અતિમહત્વની ચેતવણી આપવામાં આવી છે કે જે ધર્મપક્ષે અને વ્યવહારપક્ષે પણ ઘણીજ છે પાંચ પગ કે બે જીભવાળી ગાય કુદરતથીજ-જન્મથીજ હોતી નથી પણ ધર્મહીન પાપી લોકોના ત્રાસદાયક કર્મથીજ એક ગાય કે વાછરડાની હિંસાપૂર્વક એવા કૃત્રિમ વધારાના અવયવ-મૃત અવયવવાળી ગાય દેખાડવામા આવે છે તે દેખાડનારાઓ-તરફ સોળપણથી ભક્તિભાવ જણુ વધે તેમાં પુણ્યને બદલે પાપનોજ સંચય થાય તે એમ આ ઉપયોગવાળા નાના સરખા નિબંધમા સારી રીતે સમજાવવામા આવ્યુ છે.

બોધવચનો.

લેખક—શ્રીયુત દલપતરામ ગૌરીશંકર–નવલખા.

આ સંસારમાં કરેલા અધર્મનું ફળ જલદીથી મળતું નથી. પણ કાળે કરીને તે તેના યોગ્ય સમયે ફાટી નીકળે છે. અધર્મ કરનારને અધર્મનું ફળ મળ્યાવગર રહેતું નથી. કદિ કરનારને પોતાને ન મળ્યું તો તેના પુત્રને મળે છે; પુત્રને ન મળ્યું તો તેના પૌત્રને મળે છે; પરંતુ નિષ્ફળ જતું જ નથી.

અધર્મ કરવાથી મનુષ્ય પ્રથમ તો ગામ, વન, કૃત્યાદિકે કરીને સુખમાં વધે છે, સર્વ સારું સારું દેખે છે અને શત્રુઓને પણ જીતે છે; પરંતુ આખરે ઘડો ભરાય છે ત્યારે પોતે સમુળગો એટલે દેહ, ધન, પુત્રસહિત નાશ પામે છે.

કોઇપણ કામ અવશ્ય કરવાથી તેનું ફળ પ્રાપ્ત થાય છે, પરંતુ કામ પડ્યને મૂકી રેવાથી કાંઇપણ સારું ફળ મળતું નથી. વારને ઉપાડેલું કે હાથમાં લીધેલું કામ અધુરું છોડી દેવું નહિ.

એકલાં દૈવથી અથવા તો એકલા પુરૂષપ્રયત્નથી કાંઇપણ કાર્ય સિદ્ધ થતું નથી પરંતુ એ બન્નેનો એકત્ર સંબંધ થવાથીજ કાર્યની સિદ્ધિ થાય છે કદાપિ કોઇ વખતે કાર્યસિદ્ધિ ન થાય તો તેથી નાહિમેદ ન માના ધર્મયુક્ત કર્મ કર્યે જાય તો સારું ફળ મળ્યા વગર રહેશે નહિ. કહેવત છે કે કરીએ તેવું પામીએ. સારું કરીએ તો સારું ફળ પામીએ.

ખોરાક લેતાં તેના માપનો કાંઇ પણ વિચાર ન કરતાં જો બહુજ થોડો લેવાય તો શરીર સુકાઇ બળ વગરનું અને કાન્તિ વગરનું થાય છે અને તૃપ્તિ થાતી નથી તથા વાયુના ગોળા ઉપર ચડે છે, સંસારસુખ ભોગવવાની શક્તિ ઓછી થાય છે, આવરદા ઘટે છે, હિંમત હઠે છે, મન દબાય છે, બુદ્ધિ ઝાંખી પડે છે, ઇંદ્રિયોની શક્તિ બહેર મારી જાયછે, શરીરનું સત્વ નાશ પામે છે, શરીરની સુંદરતા ઉડી જાય છે તથા અનેક પ્રકારના વાતપ્રધાન રોગો આવી પડે છે.

માફક ન આવે એવો અપવગરનો અને વખતવગરનો ખોરાક મનુષ્યને મરણપર્યંતની દશામાં ખરેખર નાંખી દેનાર છે.

બાળક કાંઇ સમજવા લાગ્યુ એટલે પછી તે બાલસ્વભાવપ્રમાણે વખતે કાંઇ આગ્રહ કરે તો કે કજીઓ કરે તો તેને સમજાવવા પટાવવાને બદલે ઓ આવો આવ્યો, પકડી જશે, ઓ બાવો આવ્યો, ખાઇ જશે વગેરે ભય અને ત્રાસજનક સજ્જડ બાપ તેના નરમ મગજપર મારવામાં આવે છે. અત્યારમાથી બાળકનાં કુમળાં મગજપર ડાઘ રાખવાની ચાલ્યા કરતાં છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર

પુરૂષાર્થ–મહત્ કર્મવડે મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે. એની પ્રાપ્તિથીજ મનુષ્યના જન્મનું સાર્થક છે અને તેના અભાવે તેનો જન્મ વ્યર્થ છે.

બકરીને ગળે જે આંચળ છે તે દૂધ-વગર જેમ નિરર્થક છે તેમ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વગરનાં માણસનો જન્મ વ્યર્થ જાણવો.

પશુ આદિથી મનુષ્ય ફક્ત ધ ર્મવડેજ ચઢતી પાયરીએ છે, નહિ તો પશુ અને મનુષ્યમાં તફાવત રહેતો નથી

આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર મનુષ્ય અને પશુમા સરખાજ છે પણ ધર્મ એ મનુષ્યમા વિશેષ છે માટે ધર્મ વ ગરનો મનુષ્ય તે પશુસમાન છે

જગતમા મનુષ્યના તન તથા મનને શાંતિ દેનાર એક ધર્મજ છે, અને ધર્મમા રહીને ધર્માનુસાર પ્રયાસ કરતા અર્થ, કામ અને મોક્ષ મેળવવાનો હેતુ દરેક મનુષ્ય સહેલાઇથી સાધવી શકશે.

આ મનુષ્યદેહ પ્રાપ્ત થવો એ ઘ ણીજ અસાધારણ વાત છે ધર્મ–પુણ્ય કર્મથીજ આ દેહ આપણે મેળવીએ છીએ. આ દુર્લભ દેહ પ્રાપ્ત થયાપછી આ દુનિયામા આપણ ટ-કવુ ધણુજ દુંક વખતનું છે અને તેની સાથે અનિશ્ચિત છે. આપણે પ્રાતઃકાલમાં બિછનામાથી બહાર નકિળ્યાપછી રાત્રે પાછા તેજ બિછનામાં આરામ લેવા પામીશું કે નહિ, તેની આપણને ખાત્રી નથી. આવાં અનિશ્ચિતપણામાં આ દેહ જેટલો વખત રહે તેટલો વખત આપણા સંતોષ, આનંદ અને શાંતિ માટે ધર્મપાળવો આવશ્યક છે

પરલોકમાં સહાયને વાસ્તે પિતા, માતા, પુત્ર, સ્ત્રી કે જ્ઞાતિબંધુ કોઇ રહેતાં નથી; કેવળ ધર્મજ રહે છે.

મુસાફરીમાં વિદ્યા હિત કરનારી છે, ઘરમાં સ્ત્રી સુખ આપનારી છે, રોગોને ઔ ષધ સુખ કરનાર છે અને જે મરી ગયો છે તેને મરવા પહેલાં કરેલો ધર્મ મિત્રમાફક સુખ આપનારો છે.

ધૈર્ય, ક્ષમા, મન.સંયમ, અચૌર્ય, દૈહિક તથા આન્તર શુદ્ધિ, ઇંદ્રિયનિગ્રહ, શાસ્ત્ર-જ્ઞાન, આત્મજ્ઞાન, સત્યભાષણ, તથા અક્રોધ એ દશ ધર્મનાં લક્ષણ છે

ધર્માચરણ કર, ધર્મથી શ્રેષ્ઠ બીજું કાંઇ નથી, ધર્મ સર્વના પક્ષે મધુ સ્વરૂપ છે.

દ્રવ્યવડે ધર્મનું રક્ષણ થાય છે, જ-પ યમ આદિ કરીને આઠ યોગવડે જ્ઞાનનું રક્ષણ થાય છે, મૃદુપણાવડે રાજાનું ર-ક્ષણ થાય છે. અને ઉત્તમ સ્ત્રીવડે ઘરનું રક્ષણ થાય છે

મુવાપછી માણસની સાથે આવે એવો ખરો મિત્ર માત્ર એક ધર્મજ છે બાકીનાં તમામ શરીરની સાથેજ નાશ પામે છે. આવો લાભકારી ધર્મ છતા કેટલીક મ ખત કોઇ એમ ધારે છે તથા કહે છે કે વૃદ્ધા વસ્થામા ધર્મકાર્ય કરીશું આમ ધારવું કે કહેવું એ ભૂલભરેલું છે.

યૌવનકાળથીજ ધર્મશીલ થવું. જી-વન કદી નિત્ય નથી, કોણ જાણે આજ કોનું મૃત્યુ-કાળ ઉપસ્થિત થશે માટે અહ-નિંશ ધર્મપરાયણ રહેવું ઉત્તમ છે.

જે મનુષ્ય ધર્મને નષ્ટ કરે છે, તેને ધર્મ નષ્ટ કરે છે; અને જે ધર્મની રક્ષા કરે છે તેની ધર્મ રક્ષ કરે છે.

પ્રખ્યાત

આતંકનિગ્રહ ગોળીઓ.

હિંદુસ્તાનમાં સઘળે સ્થળે પોતાના ચમત્કારિક ગુણોથી ખાસ ઉપયોગ કરવાને આવશ્યક સાબીત થયેલી આ ગોળીઓ બરમા, સીલોન, સ્ટેટ્સ્ સેટલમેંટ, સીયામ, અને ચીનનાં હોંગકોંગવગેરે સ્થળો ઉપરાંત આફ્રીકા અને યૂરોપના ઘણાં સ્થળોમાં ફેલાવાને પામી છે. લડાઇના મેદાનમાં ભાગ લેનારા ઘણા માણસોએ આ ગોળીઓની અજમાયશ લઈ તેના બળ અને સ્ફૂર્તિ આપવાના ઉત્તમ ગુણોનેમાટે તેનાં વખાણ કર્યાં છે.

સવાર સાંજ જમ્યા પછી પુખ્ત ઉમ્મરનું માણસ, એક એક ગોળી ખાવાથી તંદુરસ્ત, તાકાત અને લાંબી જીંદગીવગેરે ઘણા મોટા લાભો મેળવવા ભાગ્યશાળી થાયછે.

આ ગોળીઓ પાચનશક્તિને સુધારેછે, કબજીની અટકાયતને દૂર કરેછે, ખોરાકની રૂચિ વધારેછે, ધાતુના કોઇપણ જાતના બગાડને મટાડી શરીરને તેજસ્વી અને બળવાન બનાવેછે તથા મનુષ્યને વખતવગરના ઘડપણના હુમલામાંથી બચાવી લેછે.

માથાના, છાતીના, કેડના અને પીંડીના દુખાવાને તથા કળતરને મટાડવામાં, મંદશક્તિને સતેજ કરવામાં, કુંથપણુ કામ કરવાના અક્ષમતાને અને બાળસને હટાવી હિંમત તથા ઉત્સાહ આપવામાં અને શરીરના દરેક ઉપયોગી ભાગને અપૂર્વ કોવત આપવામાં **આતંકનિગ્રહ ગોળીઓ** એક આશ્ચર્યકારક અને પરિણામમાં પણ સુખરૂપ નિવડનાર અમૃતસરખો ઇલાજ છે

જૂદા જૂદા દેશના જૂદી જૂદી ભાષા જાણનારા અનેક લોકોતરફથી આ ગોળીઓનેમાટે અસંખ્ય સર્ટિફીકેટો મળ્યાં છે અને ચાલુ મળ્યા કરેછે, જે સર્ટિફીકેટ આપનારાઓમાં અન્યવર્ગસિવાય બારી ઉંચી ડીગ્રી ધરાવનારા ડાક્ટરોની પણ મોટોટી સંખ્યાનો સમાવેશ થાયછે.

આ દુનિયામાં તમોને પહેલામાં પહેલી જરૂરીયાતની કોઇ પણ ચીજ હોય તો તે આ **આતંકનિગ્રહ ગોળીઓ** જ છે.

કિંમત—ગોળી ૩૨ ની ડબ્બી ૧ નો રૂપિયો ૧ એક.

સામટી ડબ્બીઓ ખરીદ કરનારને મણી શકતાં કમીશનવગેરે લાભની માહિતીમાટે અમારૂં પ્રાઇસલિસ્ટ મગાવી વાંચવાને ભલામણ કરવામાં આવેછે.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી,

માલેક—આતંકનિગ્રહ ઔષધાલય,

જામનગર–કાઠિયાવાડ.

ડા૦ વામન ગોપાળનો
આયોડાઇજડ
સારસાપરિલા.

આ સારસાપરિલા કોઇપણ કારણથી બગડેલા લોહીને શુદ્ધ કરી તેની વૃદ્ધિ કરવામાટે અકસીર દવા છે

આ સારસાપરિલા ફકત લોહી સાફ કરે છે એટલુંજ નહિ પરંતુ બીજાં ઘણાં દરદો જેવાં કે ગરમી, પ્રદર, સાંધાનું રહી જવું, મોમાં અને શરીરના બીજા ભાગોપર ચાઠાં પડવાં, સ્મરણશક્તિ ઓછી થઇ જવી, શરીરપર ફોલ્લા થઇ આવવા, ખુજલી-ખરજ, દરાજ, વગેરેને માટે પણ ઘણીજ અકસીર દવા છે.

શીશી ૧ ની કિમત રૂ ૧૫. ટપાલખર્ચ તથા પેકીંગ ખર્ચ આના પાંચ જુદું.

ચાર શીશીઓ પીવાથી સારો ગુણ આપે છે. ચાર શીશી સાબટી મંગાવનારને ટપાલ અને પેકીંગ ખર્ચ સાથે રૂા. ૪॥ પડશે.

માલેક—ડૉ. ગૌતમરામ કેશવરાવ એન્ડ સન્સ,

ઠાકોરદ્વાર—મુંબઈ.

રાજા મહારાજાઓ,

નવાબો, નામદાર સરકારના ધારાસભાના ઑનરેબલ મેમ્બરો, સેશન્સ જજ્જો, કર્નલો, મેજર, કેપ્ટન, નામદાર વૉઇસરાયના ઑનરરી એ ડી સી. લેફ્ટેનન્ટ પોલીટીકલ એજન્ટ, સરકારી સીવીલીયન ઓફીસર, યુરોપીયન સીવીલ સરજન, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં **બાદશાહી યાકુતી** નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તેની ઉપયોગિતાની નિશાનીછે—ગવર્નમેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવા એનાલાઇઝ થયેલછે

બાદશાહી યાકુતી.

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે, પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવશી યાકુતી વીર્યવિકારના તમામ વ્યાધિ મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મર્દાઇ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઇ પણ જાતની પરેજીની જરૂર નથી ૪૦ ગોળીની ડબ્બી એકના રૂપીયા દશ.

બાદશાહી ચુનાની લેપ.

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે ખરૂં પુરૂષાતન લાવવા માટે આ લેપ ફરેદમંદ બલાજ છે. આઉંસ એકની ડબ્બી રૂપીયા આઠ.

ઠાકોર કાલીદાસ મોતીરામ-ગજકેસર-કાડીયાવાડ.

આગ મરદોને માટેજ.

સંસાર સુખમાં અન્યયબ મદદ.

પુરૂષ રત્ન ગોળીઓ.

આ ગોળીઓ કોઇપણ પ્રકારથી મંદ પડેલી શક્તિને પ્રદીપ્ત કરે છે. સુસ્તી, કમનાકાતીને દૂર કરી, પુરૂષત્વ બક્ષે છે. ફક્ત પાંચજ દીવસમાં એનો ચમત્કારીક ગુણ બતાવે છે.

કીંમત ગોળી પાંચનો રૂા. ૧.

એ. એમ. જી હબ્તુરી.

ઑપાથ્હાર—સુરત

અંબરિયા સિરીઝનાં ખેતીવાડીનાં પુસ્તકો.

૧ ફળઝાડ ફુલ બાગનું બગીચાનું પુસ્તક (પાકું પુઠું) ... ... રૂા. ૧-૧૨-૦
૨ પાણીની શોધ તથા તેના ઉપયોગી સાધન (") ... ... રૂા. ૧-૮-૦
૩ હિંદુસ્થાનમાં થતાં વાવેતર કરવાની રીત ... ... રૂા ૧-૪-૦
૪ ખેતર, ખેડ તથા તેનાં હથીઆર ઓજાર વિગેરે ... ... રૂા. ૧-૪-૦
૫ ખેતીવાડીના ધંધામાંથી પૈસા કમાવાની કુંચી (તમામ જાતનાં ખાતરની હકીકત સાથે ... ... રૂા. ૧-૦-૦
૬ રેયમના કીડા ઉછેરવાની રીત તથા કેતકીનું વાવેતર કરી રેસમનાવવાની રીત રૂા. ૦-૬-૦
૭ કુવામાં પાણી વધારવા માટે બોરીંગ કરવાની હકીકતનો ખાસ અંક ... રૂા. ૦-૪-૦
૮ "ખેતિવાડી વિજ્ઞાન" માસિક વાર્ષિક લવાજમ . ... રૂા. ૨-૦-૦
લાયબ્રેરી માટે ખાસ ઓછું લવાજમ ... ... રૂા. ૧-૮-૦

હુલેરાય સી અંબરીયા, શાહીબાગ-અમદાવાદ.

અગ્નિનો ધાસ્તી વગરના, ગજવામાં રાખવાના



વિજળીના દીવા.

ELECTRIC POCKET LAMPS.

તેલ કે દીવાસળીના બરકરગર ફક્ત એક ચાપ ખસેડતાંજ રોશની થાયછે કિંમત –રૂા ૧॥, ૩॥, ૪, ૫, ૬, ૭ અને ૮ પોન્ટે૪ ૮ આના, સ્પેર બેટરીના રૂા ૧.

ઠેકાણું—સી. ગોવિંદ એન્ડ કંપની—અમદાવાદ.

પત્રવ્યવહારથી શીખવાની શૉર્ટહેન્ડ પદ્ધતિ.

આ પદ્ધતિ ૭ માસની અંદર શીખાય છે ફી રૂા ૨૫ (માસિક ફી રૂા. ૪ પ્રથમ દાખલ ફી રૂા ૧) ઠેકાણું—ધી યુનિવરસલ શૉર્ટહેન્ડ બ્યરો, દીલ્હી.

શું તમો કરકસર કરોછો!

જમાનો બારીક છે, કરકસર કરતાં શીખો. જો તમારે તમારાં મકાન રંગવાં હોય તો કરકસર કેમ કરવી તે અમો તમોને બતાવશું.

અમારા બનાવેલા રોગાન, બોયતેલ, વારનીશ, બ્લેક જાપાન, વિદેશીમાલ કરતાં કિંમતમાં સસ્તા અને વાપરવાથી ઘણા ઉત્તમ છે. જો તમો વાપરશો તો તમને તે જરૂર કરકસર કરાવશે.

દરેક જાતના પેન્ટ બોઇલનેલ વારનીશ ડીસ્ટેંપર

માટે લખો—

શ્રી પાયોનીયર ઇન્ડીઅન પેન્ટ

એન્ડ ઑઇલ વર્કર્સ, લીમીટેડ.

ભાયખલા–મુંબઈ.

ટેલીફોન ૩૯૫૩ તારનુ સરનામું—વ્હાઇટ પેન્ટ

जादुगरोंकी कुंजी.

अद्भुत विद्या

महाशय! अब इस बातकी जहरत नहीं है कि आप उस्तादोंकी खुशामत करें और रुपयेको मुफ्तमें लुटावें, जब कि हम मेजिकके तारोंके खेल आपको घरबेठे बिठलाये सिखलानेको तैयार हैं लीजिये देर न कीजिये, यदि रुपया कमानेकी इच्छा होवे तो हजारों रुपया कमाइयें. कीमत एक रुपैया न छोंकी ब्यौपुरी तरकीबसहित १॥), डाकखर्च अलहद.

लक्ष्मीनारायन रामस्वरूप,

झांसी.

WONDERFUL REMEDY FOL PILES

હરસમાટે અકસીર ઉપાય.

જુનામાં જુના હરસને નાબુદ કરવાનો ઘણોજ ઉત્તમ ઉપાય આ દવાથી નાસી પાસ થયેલા દરદીઓના અસહ્ય દુ:ખનો અંત આવે છે આ બાબતના ઘણાંજ કીંમતી સર્ટીફીકેટો છે. દવા લગાવવાથીજ આરામ થાય છે.

પેકીંગ અને ટપાલ ખર્ચ ઉપરાંત ૧ ડબ્બીની કીંમત રૂા. ૧-૦-૦

JAYANTI VEERAYYA SASTRI

Ayruvedic Physician

Po: CHODAVARAM

Wh Vizagapatam

દિલ્હી દરબાર.

અનુવાદક—શ્રીયુત વકીલ.

પ્રકરણ ૫ મું ચાલુ.

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૮ થી.)

"કેમ મૂર્ખનાં આવાં વખાણ તું કરે છે,"

"નામદાર! તે મૂર્ખ નથી, તે ગદરબ્બન, અકલમંદ અને ચાલાક છે,"

"બરાબર, મને તેનું નામ અત્યારસુધી ન સૂઝયું તે નવાઇજેવું છે."

"આપ રાજ્યકારભારમા મગ્ગુલ રહોતેા તેથી."

"જા તેને અંદિ તરત મેાકલ"

મહારાણીનેા હુકમ બજાવવા ગયેા. નૂરજહાન ઉભી થઇ આમતેમ ખંડમાં ફરવા લાગી.

બેગમમહાલમાં દાખલ થઇ ત્યારથી સર્વસત્તાધીશ તે હતી. સાથે સૌંદર્યમા અનુપમ હતી. ખુદ બાદશાહ પણ તેને આધીન હતેા, જહાંગીરની મહદ અભિલાષા તેણીની મહેરબાની દરકોઇ યત્ને મેળવવાની હતી. પ્રથમ જ્યારે તેણી બેગમમહાલમાં આવી ત્યારે મેાટા અમલદારેા દૂરથીજ તેના પ્રત્યે જોતા. પણ નુરજહાનની સત્તાપાસે તેઓનું કાંઇ ચાલતું નહિ પેાતાની સત્તા ઉથલાવવાને કેાઇ યુક્તિ પણ કરી શકે એમ તે માની શકતી નહેાતી પણ તેમાં તે છેતરાણી. હવે તેને ખાત્રી થઇ કે મારી વિરૂદ્ધ લયંકર કારસ્તાન રચવામાં આવેલ છે. અને જો તેની તપાસ કરવામાં નહિ આવે તેા પરિણામ વિપરીત આવશે કાવત્રાથી પૂરતી રીતે તે વાકેફગાર નહેાતી, દુશ્મનેાને જાણતી નહેાતી.

મૃત્યુ અથવા હાર કરતાં વ્હેમ વધારે ખરાબ છે અને તેથી ખુદ શહેનશાહ માટે પણ તેણીને વ્હેમ થયેા. શું શહેનશાહ મારી સત્તા તેાડવા ઇચ્છે છે?

નુરજહાન સ્વભાવેજ વ્હેમી હતી. દુનિયામાં કેાઇનેા ભરેાસેા કરતી નહિ બાપ બાપ કે ધણીનેા પણ વિશ્વાસ કરતી નહિ. પાછલના

જમાનાના મોગલ શહેનશાહ ઔરંગઝેબની બાદશાહત તેણીનામાં આ વિષયમા બાસ હતી. આખા દેશમા ઘણા બનાવો તેના હતા અને તે બનાવોઉપર દેખરેખ રાખવા ૮ હજાર માણસો રોકવેલ હતાં આટલી સંભાળ અને બાનચેની છતા, પોતાના વિરૂદ્ધ થતાં કાવત્રાંની ગંધ સરખી પણ તેને મળી નહોતી પોતાની સત્તાને આડે આવવા કોઇ છેજ નહિ એમ તે માનતી. તેની ઇચ્છા એજ કાયદો હતો દુશ્મનોનો નાશ કરવા તે તત્પર હતી વેરનો અગ્નિ તેના શરીરમાં બળતો હતો દુશ્મનોના સઘળા બનાવો તેના સ્મરણમા તાજા થયા કતેહપુર શીકરીના અકબરની બનાવો–ખુરમનું અદૃશ્ય થવુ–શાહજહાની વર્ત્તણુકમા ન સમજી શકાય તેવો ફેરફાર જુનેબાનો બનાવ–તેની દાસીનુ ભાગી જવુ–ગાડીવાનુ ગુમ થવુ આ બધા અણધાર્યા બનાવો ઉપરાઉપરી એકીસાથે તેના મનને મુંઝાવવા લાગ્યા

આ સર્વની સતોષકારક તપાસ કરવા તેણીનો દૃઢ નિશ્ચય હતો

એક બાજીએ આવી રાણીને સલામ કરી નુરજહાને તેના ઉપર નજર કરી પણ બાદી ને કંઇ અસર થઇ નહિ તેણીએ ધીરા નમ્ર અવાજે પૂછ્યુ

'નામદાર, આપે મને બોલાવી?'

પ્રકરણ ૬ ઠું.

ગલુજાન

માનસિક બાબતથી નુરજહાન આમ તેમ ફરતી હતી ત્યા બાદી આવી રાણી આરતેથી તકીયાઉપર બેઠી અને ફરી બાંદીતરફ નજર નાખી કહ્યું "હા–મે તને બોલાવેલ છે"

બાદીનું કુદરત વૃત્તાંત આપવા જરૂર છે. આ ઇતિહાસમા તે અગત્યનો ભાગ ભજવવાની છે તેણી વિચિત્ર દેખાવની હતી તેના આગના વૃત્તાંતથી અપરિચિત તેની ઉમ્મર જાણી શકાતુ નહિ પ્રથમ નજરે જુવાનીના પુરબહારમાં તે જણાતી પણ બારીક તપાસ કરનારને જણાતુ કે તે ૪૦ વર્ષના આસરાની હતે અથવા જુવાનીનો બહાર ચાલ્યો ગયોછે એમ જણાતુ બહુ રૂપાળી કે સુંદર નહોતી તેમ તે જરાપણ કદરૂપી નહોતી. પહેલી નજરે તે કઇ જાતની છે તે કોઇ કળી શકતું નહિ પોશાક અને દેખાવ ઉપરથી તે મોગલ જાતની મોજ શોખ ચાહતી એક ઐરત જણાતી હતી અથવા ખરાનદાન વતનીની સુંદર કન્યા જણાતી આ વિચિત્ર ભૂમિમા તે ઔરત હતી આજનો ઇતિહાસ કોઇ જાણતું નહિ, તેમ તે કોઇને જણાવતી પણ નહિ દિલ્હીની બજારમા તે સમયે ઘણા ગુલામોની હમેશના વપરાશની ચીજની માફક ખરીદી થતી અને આને મથરા દિલ્હીમાથી એક દિવસ ખરીદી લાવેલ હતો અને મોગલ રાજાના બેગમમહાલમાના નોકરોસાથે દાખલ કરી હતી આવા હલકા વિચારના જાતીપણાથી કદાચ વાચનાર તારી નૈતિક ભાવનાઓને આઘાત થશે પણ ગુલામગિરીના ઇતિહાસથી પરિચિત અભ્યાસી સારી રીતે જાણેછે કે મધ્ય કાલમા તેવી નૈતિક ભાવનાઓ સબળ નહોતી

કયે દિવસે આ ગહરજ્જનને લાવવામાં આવેલ તે અત્યારે ભૂલાઇ ગયું હતું. પ્રથમ નજરે તે ભોળી દેખાતી, વખતે ગાંડી પણ માલુમ પડતી. ભોળપણ અને નિર્દોષીપણું તેના ચહેરાઉપર સ્પષ્ટ હતું. પણ બારિક તપાસ કરનારને જણાતું કે તે બુદ્ધિશાળી હતી. ગહરજ્જન કદી પણ ઉઘાડી આંખથી કોઇ સામે નજર કરતીજ નહિ.

આખા બેગમમહાલમાં તેને બાંદીજ ગણવામાં આવતી. તેની શું કરજ્જે છે તે કોઇ જાણતું નહિ. તે એક જાસૂસ હતી તેમજ દરેકની હીલચાલઉપર તપાસ રાખતી. બાનગી રસ્તા, દરવાજા, બારી બારણાં, દરેકથી પરિચિત હતી, નૂરજ્જહાનથી માંડીને હલકામાં હલકી બાંદી સુદ્ધાંત સર્વનાં કૃત્યો ઉપર નજર રાખતી. આ સર્વ કોઇ જાણતુંજ નહિ. અસાધારણ બુદ્ધિશાળી અને ગુન્હા શોધવાવાળી તે હતી. તેની જાણબહાર આ બેગમમહાલમાં કાંઇ બનતું નહિ, મશરૂના જમણા હાથ સમાન હતી. બેગમમહાલમાં મશરૂની સત્તા તેને લઇનેજ હતી. વાંચનાર જાણે છે તે પ્રમાણે અદાલકદોલત, સ્વપ્નેા પણ ન થઇ શકે તેવા ભોજશોખ, અદ્વિતીય ભભકેા, જે સર્વ મશરૂ રાખતો તે સર્વ ગહરજ્જનની બુદ્ધિનુંજ પરિણામ હતું ગહરજ્જનની બુદ્ધિથી મશરૂ એટલેા ખુશી રહેતેા કે તે તેણીને પેાતાપાસેજ રાખતેા.

વિલાસપ્રિય બેગમ મહારાજા જહાંગીરના જનાનામાં હજારેામાંની એક તે બાંદી હતી. તેના માટે કેાઇને વહેમ પણ હતેા નહિ કે પેાતાની ક્રિયાઓઉપર મહરજ્જન સખ્ત ચેાકી કરેછે. એક નૂરજ્જહાન માત્ર આ સર્વ જાણતી. નૂરજ્જહાન અને મશરૂસિવાય કેાઇ જાણતું નહિ કે તે સ્ત્રી નથી અને પેાતાનું ખરૂં સ્વરૂપ છુપાવી આ વેષમાં તે રહેછે.

અહીં એક અગત્યની વાત એ કહેવાની છે કે રાણીતરફ મશરૂને સારી લાગણી ન હતી છતાં મશરૂ નિમકહલાલ હતેા; એમ તેા કહેવું જોઇશે. બેગમમહારાજ્ઞીના ભલામાટે તે જીવતોડ મહેનત લેતેા અને મહારાણી-પ્રત્યે વફાદાર રહેતેા. ભલે આ સર્વ તે સ્વાર્થને અંગેજ કરતેા. નૂરજ્જહાનની ધ્યાનને માન આપી તેની નેાકરી કરવાથી પેાતાનેા સ્વાર્થ સારી રીતે સાધી શકાશે એમ તે સારી રીતે જાણતેા હતેા.

બંડમાં થેાડેા વખત સર્વત્ર શાંતિ હતી. તે શાંતિનેા ભંગ કરી નૂરજ્જહાન બેાલી "તારાવિષે હું સર્વ જાણું છું, તે કદાચ તું જાણતી હેાઇશ"

"સર્વત્ર મહારાણીથી કાંઇ અજ્ઞાત ન હેાઇ શકે"

"શા માટે તને બેાલાવી છે તે પણ કદાચ જાણતી હશેા!"

"બેાલ્યા મશરૂએ એટલુંજ કહ્યું છે કે મહારાણી અગત્યના કારણમાટે બેાલાવે છે."

"હા—બરાબર. જરૂરી રાજ્યનું કાગ તને સેાંપવા માગું છું."

"આપી આપ નામદારની કૃપામાટે આપની તાબેદાર અત્યંત આભારી છે."

"તારાઉપર કેમ ભરેાસેા રાખી શકું?"

"બાદશાહબેગમ! વિશ્વાસ એ એક જાદુ—

રની ચીજ બજારમાં વેંચાય છે અને ખરીદ કરી શકાય છે, અને આપ તો સહેલાઇથી તેમ કરી શકોછો."

નૂરજહાનને આથી બહુ નવાઇ લાગી. આવી બહાદુરી અને ખુલ્લાં દિલથી કોઇ તેની સાથે વાત કરી શકતું નહિ. થોડો સમય શાંત રહી તે બોલી.

"શહરજહાન! બરાબર છે. દરેક ચીજ સદ્‌ગુણો પણ બજારમાં મળે છે, તારા ખુલ્લા દિલની વાતથી હું બહુ ખુશી થઇ છું. તારો વિશ્વાસ મેળવવા અને તારામાં શ્રદ્ધા રાખવાની શું કિંમત બેસશે તે પણ ખુલ્લા દિલથી જણાવ."

'મારે ૧૦ હજાર સિપાઇઓના મનસબ દાર થવા મરજી છે. બાદશાહ મને કાશ્મીરનો સરદાર બનાવે અને આપ મને ૧૦ લાખ રૂપિયા રોકડા આપો એટલે આપની ઇચ્છાપ્રમાણે વર્તવા તાબેદાર તૈયાર"—

નૂરજહાંને આ આશાજ રાખી નહોતી. "શું તારે કાશ્મીરના સુબેદાર થવા મરજી છે?"

"બાદશાહબેગમ! એક વાત કહેવા હિમત કરું? આપ નામદારને કામ કરાવવું છે. આપ નહિ જાણતાં હો કે હું કાશ્મીરની છું. મારું ભૂત-વૃત્તાંત જાણવું એ તમને નકામું છે અને તેથી તમને જણાવતી નથી. મારી મહત્વાકાંક્ષા એ છે કે એક વખત મારે કાશ્મીરઉપર રાજ્ય કરવું અને એજ ઇચ્છાએ આ બેગમમહાલમાં ગુલામતરીકે દાખલ થઇ છું અને સાથે એ પણ જણાવવું જોઇએ કે મારી ઇચ્છા ફળીભૂત થવા ઇશ્વર અનુકૂળ જણાય છે."

"આ તારી અભિલાષા બીજું કોઇ જાણેછે?"

"નહિ. આજે પ્રથમ વખતે મેં મારી ખાનગી વાત આપને જણાવી. અત્યારસુધી આ વાત જણાવવા જરૂર નહોતી."

"મશરૂ તારો વિશ્વાસુ છે? શું તે આ જાણે છે?"

"નહિ, જરા પણ નહિ."

"મારે જે ખરીદ કરવાનું છે તેના ઉપર તેં ઘણી કિંમત નથી આંકી?"

"નામદાર! કાર્યના પ્રમાણમા મેં માગેલ કિંમત એક તુચ્છજેવી છે."

"હું તને શું કામ સોંપવા માંગુંછું, તે તું જાણે છે?"

"જહાંપનાહ! આ નમ્ર સેવકની મૂર્ખાઇ અને ખુલ્લી વાતચીત કરવાની ટેવને માફ કરો તો મને શું શું કાર્ય સોંપવાનું છે તે હું કહી બતાવું, આપ નામદારને તે સાંભળવા મરજી છે?"

"હા—જાણતી હોય તે કહે."

"પ્રથમ તો ગાવત્રાં સંબંધી"

"તે સંબંધી શું ભેદ છે?"

"જહાંપનાહ—સ્વર્ગ જાણું છું. કૃત્રિમપુરુષ બનાવો, દિલ્હીના શાહીદરવાજામાં નગ્ન નારીનો દેખાવ, જુલેખાનો ભેદથી ભરપૂર આત્મઘાત, ગાંજીઆતું એકાએક નારી જવું"

"હા કોઇ તેનું ખરું."

"અને આ બધી ફરજો ગંભીર છે એમ આપને જણાશે."

"તારી દલીલ બરાબર છે, પણ તે માંગ

થી તો ગાંડપણમાંજ કરી જણાય છે."

"ભાઇ કરો-મારી માગણી બાજબી છે, ખુલ્લું કહું તો આ કાયદું જો ફતેહમંદ થાય તો મોગલ રાજ્યનો વિનાશ થાય-રાજાને કેદ પકડવામાં આવે-બળવાખોરો તમારું માથું ધડથી જુદું કરવા ધારેછે, અને એક હિન્દુ ઔરત નૂરજહાંનનો ભાગ ભજવવાવાળી છે આથી ખુરમ ગાદીએ આવે અને પરિણામે મોગલ મહારાજ્યના ચુરે ચુરા થઇ જાય."

નૂરજહાંન આ સર્વ શાન્તિથી સાંભળતી હતી તેણે છેવટ પૂછ્યું.

વાય કે જેવી રાવણે, બાણાસુરે, હિરણ્યકશિપુએ અને હિરણ્યાક્ષવગેરે લોકોએ મહોટામાં મહોટી તપશ્ચર્યા કરીને કરેલી હતી. કે જેને માટે પાછળથી સર્વ સદ્હૃદય લોકોને તથા વરદાન દેનારા બ્રહ્માને તથા મહાદેવજીને મહા વિચાર કરવો પડયો હતો. જ્યારે હિરણ્યકશિપુદૈત્યને શાંત કરી નરસિંહભગવાન્ બિરાજેલા હતા ત્યારે સ્તુતિ કરવા માટે આવેલા બ્રહ્માને ભગવાને કહ્યું હતું કે બ્રહ્મન્! સ્વભાવથીજ ક્રૂર અને દુરાચારી હિરણ્યકશિપુ જેવાને જે તમે અસાધારણ વરપ્રદાન આપ્યું હતું, તેવું હવે કોઇને આપતા નહિ. આ અસુરે મારા ભક્તને ઘણુ કષ્ટ આપ્યુ હતુ, જેને માટે મારે અવતાર લેવો પડયો. તેજ પ્રમાણે રાવણે પણ અપૂર્વ તપ કરી મહાદેવજીપાસેથી અજેયપણાવગેરેની જે પ્રાર્થના કરી હતી તે પ્રાર્થના અયોગ્ય કહેવાય કે જેને માટે વિષ્ણુને શ્રીરામચંદ્રજીનો અવતાર લેવો પડયો હતો. પ્રાર્થના કરનાર પુરૂષ હોય તે ઇશ્વરપાસેથી ઇષ્ટ વસ્તુની સિદ્ધિ મેળવ્યાપછી ઇશ્વરની પણ દરકાર રાખતા નથી તો પછી બીજાની શી વાત! જ્યારે રાવણે એક વખત ભુજબલથી ગર્વિત થઇને પોતાને વરપ્રદાન દેનાર મહાદેવજીની પણ દરકાર નહિ રાખતાં તેમના નિવાસરૂપ કૈલાસપર્વતને ઉપાડયો હતો ત્યારે મહાદેવજીએ જાણ્યું કે દુષ્ટને વધારવો એ દુધ પાઇને સર્પને ઉછેરવા જેવું છે, માટે તેને દંડ આપ્યાવગર તેની શાંતિમાટે બીજો ઉપાય નથી. એમ નિશ્ચય કરી પોતાના પગના અંગુઠાથી લીલામાત્રથી કૈલાસપર જરા દબાવ કર્યું કે તુરતજ કૈલાસપર્વત પોતાને ઉઠાવનાર રાવણની સાથે નીચે પાતાલમાં ઉતરવા લાગ્યો કે જેથી રાવણને ત્રાસ થઇ ગયો, ત્યારે ઘણા પશ્ચાત્તાપસાથે મહાદેવની પ્રાર્થના કરતાં કૃપાળુ પરમેશ્વરે તેવિષે દરગુજર કરી. આ ઇતિવૃત્તનું વર્ણન કરનાર પુષ્પદંતાચાર્ય અર્થાંતરન્યાસ અલંકારદ્વારા એક અમૂલ્ય ઉપદેશ આપે છે કે કૃપાનને લૌકિક કે અલૌકિક સંપત્તિ મળવાથી તે અવશ્ય અકર્ત્તવ્ય કરવા વગર રહી શકતો નથી. પરમેશ્વરપાસે કે પરમેશ્વરની વિભૂતિરૂ દેવતાપાસે તપશ્ચર્યાવગેરે ભક્તિપરિશ્રમ કરીને જે કંઇ માગવામાં આવે છે તે બાબતમા એક આવો પણ વિચાર કરવાનો છે કે ભક્તિ કોઇ જાતની કામના રાખીને કરવામાં આવતી હોય તેમાં કામના શબ્દને દેખી ભડકી જઇને સર્વથા તેવી ભક્તિ નિંદ્યજ કરવા યોગ્ય હોય એવો આગ્રહ પકડી બેસવા જેવુ નથી પણ કામના કેવી છે? કેવી જાતની છે? કેવલ સ્વાર્થમાટે છે કે પરોપકારમાટે છે? કદાચ સ્વાર્થમાટે હોય તો પણ તે સ્વાર્થ નિંદ્ય છે કે પ્રશસ્ય છે? ઇત્યાદિનો વિચાર કરવાનો છે. જ્યારે સગરરાજાના પુત્રો કે જેઓ પોતાના પૂર્વજો થતા હતા અને ભગવદવતાર કપિલદેવના અપમાનમાં અપરાધ કરવાથી બળીને ભસ્મ થઇ ગયા હતા તેઓની સદ્ગતિમાટે ગંગાજીની જરૂર જણાવાથી આવતાં તેઓના બીજા વંશજોએ ગંગાજીને પૃથ્વીપર પધરાવવા માટે તપશ્ચર્યાવગેરે ઘણો શ્રમ કર્યા છતાં પણ ગંગાજીની કૃપા નહિ થતાં છેવટ તે વંશમાં મહાપ્રતાપી રાજા ભગીરથ થયા, તેણે "અર્થ

साधयामि किंवा देहं पातयामि" એવો ઉત્કટ સંકલ્પ કરી ગંગાજીઉપર તપશ્ચર્યાત્મક ભક્તિ કરવા માંડી, કેટલેક કાલે તેના અડગ યત્નથી ગંગાજી પ્રસન્ન થયાં અને પ્રસન્ન થઇને કહ્યું કે ભગીરથ! વર માગો. ભગીરથે પૃથ્વી પર પધારવાની માગણી કરી ત્યારે ગંગાજીએ કહ્યું કે રાજન્! મને પૃથ્વીપર આવવામા બે વાંધા છે. એક તો જ્યારે હું આકાશમાંથી પૃથ્વીપર ઉતરું ત્યારે અપૂર્વ વેગવાળી મારી ધારાનું ધારણ કોણ કરશે? જો મારી ધારા પરબારીજ પૃથ્વીપર પડશે તો પૃથ્વી તે સહન નહિ કરી શકે અને તેમ થવાથી પૃથ્વીને ભેદી રસાતલ પાતાલમાં મારી ધારા જતી રહેશે, તો તમારો શ્રમ નિષ્ફળ જશે. બીજો વાંધો આ છે કે પૃથ્વીના મનુષ્યો મારા જલમાં સ્નાન કરશે અને તેથી પોતે પાપમુક્ત થશે પણ મને પાપયુક્ત કરશે તે પાપમાથી મારે કીરીતે છુટવું! એ બે બાબતનો ખુલાસો કરી આવો એટલે હું પૃથ્વીપર આવીશ. એ પ્રમાણે ગંગાજીના વચનોનું શ્રવણ કરી ભગીરથરાજાએ આશુતોષદેવ મહાદેવજીઉપર તપ કરી તેને પ્રસન્ન કરી ગંગાજીની ધારાનું ધારણ કરવાનું તે પાસેથી વરદાન લઇ ગંગાજીની પ્રાર્થના કરી કે ભગવતિ! પૃથ્વીપર પધારો, તમે માગેલા બન્ને ખુલાસા કરી આવ્યો છુ. જ્યારે તમારી ધારા પૃથ્વીપર ઉતરશે ત્યારે ભગવાન્ દેવોના દેવ મહાદેવજી તેનું ધારણ કરશે અને પાપીલોકો જે પોતાનાં પાપોને તમારામાં ધોશે તે પાપો ભસ્મીભૂત ભગવદ્ભક્ત મહાત્મા સાધુપુરૂષો કે "दर्शनादेव साधव." સાધુ મહાત્માઓ દર્શનમાત્રથીજ બીજા લોકોને પવિત્ર કરેછે એ વચન પ્રમાણે તેઓનાં દર્શન તથા સ્પર્શથી તમો હમેશાં પવિત્રજ રહેશો. એ પ્રમાણે ભગીરથે કરેલા બન્ને બાતના ખુલાસાથી પ્રસન્ન થએલાં ગંગાજી આકાશમાંથી ધારારૂપે પૃથ્વીપર જ્યારે ઉતરવા લાગ્યાં ત્યારે મહાદેવજીએ પોતાની જટાને વિસ્તીર્ણ કરી ગંગાજીના મનમાં થયેલા પોતાની ધારાની અતિ મહત્તાવિષેના અભિમાનને ઉતારવામાટે ગંગાજીની ધારાને જટાના એક પ્રદેશમાંજ સમાવી દીધી. ભગીરથરાજા એ પ્રમાણે દેખી ગ્લાનિ પામી ગયા કે આ તો મારો પ્રયાસ વ્યર્થ ગયો. હવે શું કરવું! રાજાની પ્રાર્થના ઉપરથી મહાદેવજીએ જટાની એક લટમાંથી ગંગાજીની ધારાને જવા દીધી ત્યારે ગંગાનો પ્રવાહ ભગીરથ રાજાના રથની પાછળ ચાલતાં ચાલતાં વચમાં જન્હુ નામના રાજા તપ કરતા હતા તેનો આશ્રમ આવ્યો. ભગીરથે તેને કહ્યું કે મહારાજ! આપ જેમ બને તેમ તુરતજ અહીંથી ખસી જાઓ, નહિ તો આ આવતા ગંગાજીના પ્રવાહથી તમારા આશ્રમની સાથે તમે તણાઇ જશો. ભગીરથનુ વચન સાંભળી જન્હુરાજાએ એ બલેના અભિમાનને ઉતારવામાટે ગંગાજીના પ્રબલ પ્રવાહને પણ જેમ અગસ્તમુનિ સમુદ્રને એક અંજલિમાં સમાવીને પી ગયા હતા તેમ જન્હુરાજા પણ અંજલિમાં કરી પી ગયા. ભગીરથરાજાએ જ્યાં પાછળ નજર કરી ત્યાંતો ગંગાનો પ્રવાહ બિલકુલ જોવામાં આવ્યો નહિ, વળીપણ એવયુક્ત થઇ જન્હુરાજર્ષિના દિવ્ય પ્રભાવથી વિસ્મય પામી તેની પ્રાર્થના

કરી ત્યારે જન્હુરાજાએ પોતાના કાનમાંથી ગંગાજીના પ્રવાહને ગતિ આપી. એ પ્રમાણે અનેક કષ્ટો તથા અનેક વિઘ્નોમાંથી મુક્ત થઇ રાજા ભગીરથે જે જગોએ પોતાના પૂર્વજોના ભસ્મીભૂતદેહો પડયા હતા તેઉપર ગંગાજીનો પ્રવાહ ચાલવાથી પૂર્વજોની મુક્તિ કરી અને તે સાથે પૃથ્વીના લોકોની પણ કલ્યાણાર્થે ગંગાસ્નાનદ્વારા પાપોમાંથી મુક્તિ કરી તથા પોતાની પવિત્ર સત્કીર્તિને અજ્ઞાનમાંથી મુક્ત કરી. એ પ્રમાણે ભગીરથ રાજાની ભક્તિ કેટલેક અંશે સ્વાર્થના હેતુથી હતી, તથાપિ તેવો સ્વાર્થ પણ એક જાતનો ઉત્તમોત્તમ પરમાર્થજ ગણી શકાય એવો હતો તેથી સર્વ પ્રકારે પ્રશસ્યજ ગણી શકાય. ગંગાજી પણ ગીતાજીના વચનપ્રમાણે પરમેશ્વરની વિભૂતિરૂપ છે. તેની ભક્તિ પણ પરમેશ્વરની ભક્તિ કહેવાય છે, પ્રકૃતવિષયમાં પરમેશ્વરપાસે પ્રાર્થનીય પદાર્થોમાં મુખ્ય ગણેલ અનાયાસે વિદેહમુક્તિને શાસ્ત્રમાં મોટા પુણ્યના ફલરૂપ કહેલી છે કહ્યું છે કે "ત્રિમિઃ પુણ્યં પરીક્ષેત અવસાનપ્રજાજલૈઃ" જે મનુષ્યનું અવસાન સુધરી જાય તે મનુષ્યને પુણ્યવાન્ સમજવો જોઇએ. અવસાનનું સુધરવું એટલે રોગાદિકની વિશેષ પીડા કે જેથી શરીર તમામ પરાધીન થઇ જાય, અવશ્ય રાખવાની પવિત્રતા ન રહે, કેટલીએક અસહ્ય વ્યાધિઓથી જ્ઞાન વૈરાગ્યનું ભાન ન રહે અને ભગવદ્ભજનાદિકના કોઇ અપવિત્ર પ્રદેશમાં પુત્રાદિ સંબંધીઓની બેદરકારીમાં અશાંતિપૂર્વક દેહપાત થઇ જાય અથવા કોઇ દુઃસ્થિતિ ન થાય અને સમાધિપૂર્વક શરીર પડે તેવો પ્રસંગ સમજવાનો છે. એ પ્રમાણે અહર્નિશની જે પ્રાર્થના કરવામાં આવી છે, તેમાં સુપુત્રવગેરે સારી પ્રજાની પણ માગણી અંતર્ભૂત થાય છે કે જે સારીપ્રજા ઉપરથી પિતા વગેરેના પુણ્યશાલીપણાની પરીક્ષા થાય છે. પુરૂષ અથવા સ્ત્રી એ બન્નેની જીંદગી કોઇની પાસે કોઇ વખત પણ દૈન્ય કર્યાવગર ચાલવી એ ઇચ્છેલા તેમજ દેશકાલવગેરેથી અજ્ઞાનના હોવાને લીધે ગણેલા પુત્રવગર થઇ શકતું નથી. પુત્ર જો સુપુત્ર હોય તો તેનો વડીલ અવશ્ય સુખી રહે છે અને જો કુપુત્ર હોય તો તેનો પિતા ગમે તેવો ધનાઢય હોય, અમલદાર હોય કે રાજા હોય તો પણ કોઇ વખત સુખી રહી શકતો નથી. જેનો પુત્ર સુપુત્ર હોય તેનો જેવો બીજો કોઇ મનુષ્ય સુખી નથી, એ બાબતમાં શ્રીકૃષ્ણભગવાનના પિતા વસુદેવજી દૃષ્ટાંતરૂપ છે અને જેનો પુત્ર કુપુત્ર હોય તેના જેવો બીજો કોઇ દુઃખી નથી એ બાબતમાં દુર્યોધનના પિતા ધૃતરાષ્ટ્રરાજા દૃષ્ટાંતરૂપ છે. શ્રીકૃષ્ણે પોતાની યોગ્ય અવસ્થા થતાં દુષ્ટ કંસરાજાએ કરેલા માતાપિતાનાં બંધનાદિ કષ્ટોને દૂર કરવાનું કામજ પહેલું કર્યું હતું અને ત્યારપછી માતાપિતાતરફ પુત્રે જેવો સદ્ભાવ રાખવો જોઇએ તેની પ્રસિદ્ધિદ્વારા લોકોને શિક્ષણ દેવા માટે કહ્યું હતું કે—

सर्वार्थसंभवो देहो जनितः पोषितो यतः।
न तयोर्याति निर्वेशं पित्रोर्मर्त्यः शतायुषा॥

ધર્મ અર્થ કામ અને મોક્ષસંજ્ઞક ચારે પુરૂષાર્થ જેનથી સાધી શકાય છે એવો ઉત્તમોત્તમ આ મનુષ્યદેહ જે માતાપિતાથી

ઉત્પન્ન થયો છે અને ત્યારપછી જેઓએજ અપાર અને અવર્ણનીય દુઃખોને વેઠીને તેનું પોષણ કરેલું છે તે માતાપિતાના કરજમાંથી સેંકડો વર્ષોસુધી તેઓની સેવા કરતા પણ મુક્ત થવાય એમ છેજ નહિ. જે પુત્ર પોતે સમર્થ છતાં અસાધારણ ઉપકારી માતા પિતાની સેવા કરતો નથી તે માટે ધિક્કારના બીજા શબ્દો વાપરવાથી સંતોષ થતો ન હોવાથી તે જીવતાં મરેલોજ છે એ શબ્દ વાપરવો એ તેને માટે પૂરતો છે કારણકે મરેલો પુત્ર માતાપિતાની સેવા શી રીતે કરી શકે? એ પ્રમાણે શ્રીકૃષ્ણજેના ઈશ્વરાવતારે પણ માતાપિતાતરફ અપૂર્વ સદ્ભાવ દર્શાવેલ છે, તેમજ શ્રીકૃષ્ણે જેમ ઉત્પાદક જન્મ દેનાર માતાપિતાતરફ ભક્તિભાવ દર્શાવેલ છે તેમજ પોતાનાં પોષક-પાલન કરનાર-ઉછેરી મોટા કરનાર માતાપિતા નંદરાજા તથા યશોદાતરફ પણ અપૂર્વ ભક્તિભાવ દર્શાવેલો છે. કારણ કે શાસ્ત્રમાં—

जनिता चोपनेता च यश्च विद्या प्रयच्छति।
अन्नदाता भयत्राता पंचैते पितरः स्मृता ॥

જન્મદેનાર, યજ્ઞોપવિત [જનોઇ] દેનાર, વિદ્યાગુરૂ, અન્ન દેનાર અને ભયમાંથી બચાવનાર એ પાંચ પુરૂષોને પિતાતરીકે પૂજ્ય માનેલા છે જો કે નંદરાજા તથા યશોદાજી ફક્ત શ્રીકૃષ્ણનાં પાલક માતાપિતા હતાં તોપણ તેઓએ શ્રીકૃષ્ણઉપર પુત્રભાવ કરીને જે અલૌકિક સુપુત્રવાળાપણાનો આનંદ તથા સંતોષ અનુભવ્યો છે તેવા આનંદને બીજા કોઇપણ અનુભવી શકશે નહિ. વ્યાસભગવાન્ કહે છે કે—

नेमं विरेचो न भवो न श्रीरप्यंग संश्रया।
प्रसादं लेभिरे गोपी यत्तत्प्राप विमुक्तिदात् ॥

બ્રહ્મા, શિવજી તથા લક્ષ્મીજી એઓએ ભગવત્કૃપાનો આનંદ યદ્યપિ મેળવેલો છે. નથી મેળવેલો એમ નથી તથાપિ ગોપી-યશોદાજી તથા નંદરાયજી શ્રીકૃષ્ણરૂપ સુપુત્ર તરફથી જેવો દિવ્ય આનંદને પામેલાં છે તેવ આનંદને તેઓપણ કોઇ પ્રસંગે મેળવી શકેલ નથી એ પ્રમાણે સુપુત્રવાળો મનુષ્ય અદૈન્યથી પોતાના વર્ત્તનને ચલાવી શકે છે અને કુપુત્રવાળો મનુષ્ય સમર્થ હોય તો પણ અનેક જાતના દૈન્ય વગેરે દુઃખથી એક ઘડીભર પણ સુખને ભોગવી શકતો નથી ધૃતરાષ્ટ્રરાજા હસ્તિનાપુરજેવા નગરમાં રાજ્યકર્ત્તારીકે હતા છતાં કુપુત્ર દુર્યોધનના દુઃખથી હમેશા અપાર દુઃખને વેઠતા હતા કારણ કે તેને અંતરથી પોતાના સહોદર નાનાભાઇ પાંડુરાજાના પરલોક પ્રયાણથી તેના પુત્રો પાંડવોનું પાલન કરવાનું હતું અને બીજી તરફ પોતાના સોપુત્રે મા મહોટો પુત્ર દુર્યોધન કે જે જન્મથીજ હમેશા પાંડવોત રફ મહા દુષ્ટભાવથી વર્ત્તનાર હતો તે ઉપર પુત્રવાત્સલ્યને લીધે તેની દુષ્ટતા ને નહિ જોઇ કાંઇ શકવાથી પરિતાપ પામ્યા કરતા હતા તેને છેવટસુધી પરિતાપજ રહ્યો કારણ કે અધર્મ તે વખત બોલતો નથી પણ ધીરે ધીમે બોળીમારે છે પ્રથમ તો દુર્યોધન પાંડવોઉપર જેમ જેમ લાક્ષાગૃહદ્વારા, દુર્દેવ

દ્રૌપદી ॥ લાજ લુંટવી અને વનવાસ દેવા વગેરે બુલ્મો ગુજારતો ગયો તેમ તેમ વધારે વધારે ખુશી થતો ગયો અને જ્યાંસુધી લાલીના સુખને પણ સહેલાઇથી ભોગવતો ગયો. પણ જ્યારે વિષવૃક્ષની પેઠે અધર્મ ફલ બિમુખ થયો ત્યારે—

अधर्मेणैधते तावत्ततो भद्राणि पश्यति।
ततः सपत्नान् जयति समूलस्तु विनश्यति॥

तथा नाधर्मचरितो लोके सद्यः फलति गौरिव।
शनैरावर्तमानस्तु कर्त्तुर्मूलानि कृन्तति॥

એ મનુસ્મૃતિના વચનપ્રમાણે છેવટ રાજ્યપદ જ્યાંસુધી અને અપેક્ષ સુખથી ભ્રષ્ટ થઇ જુલમ કરવામા જેઓ મદદગાર હતા તેઓની સાથે સમૂળ નષ્ટ થયો, એટલુજ નહિ પણ યાવચ્ચંદ્રદિવાકર પાપી લોકોના દાખલામાં રજીસ્ટરતરીકે નામ નોંધાવનાર થયો અને પિતા ધૃતરાષ્ટ્રને ભીમજેવાના હાથમાં રહેવુ પડયુ તેથી દૈન્યસમુદ્રમા ગળકા ખાતા રાખતો ગયો. સુપુત્ર જેમ પોતાના પિતાવગેરે વડીલ લોકોને આ લોકમા અદૈન્યવર્ત્તન કરાવવાદ્વારા દૈન્યવર્ત્તનથી મુક્ત કરે છે તેમ પરલોકમાં પણ પોતાના પિતા વગેરેની પાછલ શ્રાદ્ધાદિક્રિયાવગેરે સત્કર્મો, ગોદાન, બ્રહ્મભોજન, અન્નસત્ર તથા જલપ્રપા વગેરે ધાર્મિક કાર્યો કરી નરકપાતવગેરે કષ્ટપ્રદ દૈન્યભાવમાંથી મુક્ત કરેછે અને સ્વર્ગાદિ સદ્ગતિને પ્રાપ્ત કરી અદૈન્યવર્ત્તન પ્રાપ્ત કરાવે છે તેથી સુપુત્ર ઉભયલોકમા અદૈન્યવર્ત્તન દેવાવાળો કહી શકાય છે. "पुत्रेण लोकान् जयति इति सत्यवती श्रुतिः"

આ રથળે કેટલાએક વેદવિરુદ્ધ લોકો શ્રાદ્ધ ક્રિયા કે જે મરનારની પાછળ મરનાર ધણીના પુત્રવગેરે લોકોએ કરવામાં આવે છે, તેથી મરનાર ધણીને કશો લાભ નથી એટલે શ્રાદ્ધવગેરે મરનાર ધણીને પહોંચતુ નથી તેથી તે ક્રિયા કરવી નકામી છે એમ કહેછે તથા તેને સિદ્ધ કરવામાટે દાખલો આપે છે કે જેમ પરગામ ગયેલ માણસને ખોરાક તથા જલવગેરે પદાર્થ પૂરો પાડવામાટે તેના ઘરનાં માણસો પાણી તથા ખોરાક કોઇ બ્રાહ્મણને આપે તેથી પરગામ ગયેલો માણસ તૃપ્ત થઇ જતો નથી એટલે પહોંચી શકે તેમ નથી તેમ પરલોકમાં ગયેલા પ્રાણીને પણ આ લોકમા રહેવા તેના પુત્રાદિ સબંધીઓએ કરેલ શ્રાદ્ધવગેરે કશુ પહોંચી શકતુ નથી એ ઉપરનો દાખલો કે જે શ્રુતિસ્મૃતિમાં કહેલા સનાતન વૈદિકધર્મને નહિ માનનારા લોકોએ ગોઠવેલો છે, તે દાખલો તો પુણ્યપાપ, જીવાત્માનો પુનર્જન્મ અને સ્વર્ગનરકાદિ ગતિ એ સર્વને નહિ માનનારા ચાર્વાક વગેરે નાસ્તિકલોકો કે જેઓ પ્રત્યક્ષપ્રમાણુવગર બીજા કોઇ પ્રમાણુને માનતા નથી, શરીરથી ભિન્ન જીવાત્માને પણ નથી માનતા તેઓ આપતા હોય તો ઘડીભર ઠીક છે એમ કહી શકાય પણ જેઓ અપ્રત્યક્ષ પ્રમાણુને પણ માને છે, પુનર્જન્મ વગેરે માને છે, છતાં પોતાના અનાદિ અનંત અજ્ઞાનને લીધે, વેદધર્મઉપર દ્વેષભાવવાળા થઇને શ્રુતિસ્મૃતિમાં કહેલું હોય તેથી આપણે કંઇક નવુ ધતીંગ કરવુ એવા તામસી સંકલ્પથી શ્રાદ્ધવગેરે ક્રિયાઓ કે જેઓ પરલોકમાં ગયેલા પોતાના પિતાવગેરેના કલ્યાણના ઉદ્દેશથી કરવામાટે

શાસ્ત્રમાં કહેલી છે તેઓને માનતા નથી, એ કેવી મૂઢતા છે? પુનર્જન્મ, પુણ્યપાપ તથા સ્વર્ગાદિનરકાદિ પદાર્થો પ્રત્યક્ષ નહિ છતાપણ તેઓને માનેછે, અને તેઓને માનવામાં શબ્દપ્રમાણ–શાસ્ત્રપ્રમાણવગર બીજું કશું પ્રમાણ તેઓપાસે નથી, તોપછી શબ્દપ્રમાણથીજ સિદ્ધ થતી શ્રાદ્ધાદિક્રિયાને શામાટે નહિ માનતા હોય? આવી શંકાના સમાધાનમા વિચક્ષણ પુરૂષો આ પ્રમાણે માનેછે કે તેવા લોકો કેવળ ઉત્કટ સ્વાર્થપરાયણજ હોવાથી પરોપકારથી વિમુખજ હોયછે. જ્યાસુધી જે પ્રાણીમાંથી પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો હોય ત્યાંસુધીજ તે પ્રાણીસાથે સબંધ રાખેછે. જે વખત સ્વાર્થની આશા નિવૃત્ત થઇ કે તેજ વખત તે પ્રાણીના સબંધને સર્વથા છોડી દેછે. સ્વાર્થીનાં માતાપિતાવગેરે જ્યારે મૃત્યુ પામી જાય ત્યારે સ્વાર્થીલોકો જાણેછે કે હવે માતાપિતા આપણું કશું કામ કરનાર નથી માટે તેઓને માટે શ્રાદ્ધાદિ ક્રિયા કરવામાં શાસાર ધન ખરચવું? જ આપણે શ્રાદ્ધાદિ ક્રિયામાટે ફરજ પાડનાર શાસ્ત્રોને માનીશું છતા શ્રાદ્ધાદિ ક્રિયા નહિ કરીએ તો લોકોમાં આપણી અપકીર્ત્તિ થશે અને લોભી કહેવાશું. માટે "मूलं नास्ति कुतः शाखा," એ "વાક્યપ્રમાણે તેવી હમેશમાટે ખર્ચ કરાવનારી ક્રિયાને કરાવનારા શાસ્ત્રોનેજ ન માનવાં એટલે કોઇ જાતની અડચણજ નહિ કોઇ કહેશે તો કહીશું કે અમો શ્રાદ્ધાદિ ક્રિયાને માનતાજ નથી, જો માનતા હોત તો જરૂર કરતા વળી એ લોકો કહેછે કે જે મનુષ્ય જે ક્રિયાનો કર્ત્તા હોય તે મનુષ્ય, તે ક્રિયાના ફળને પામે પણ શ્રાદ્ધાદિ ક્રિયાનો કર્ત્તા પુત્રવગેરે છે તેનું ફળ તેથી બીજા મૃત થએલા પિતાવગેરેને કેમ મળી શકે? એ શંકાના સમાધાનમાં સમજવું જોઇએ કે ક્રિયાનો કર્ત્તા પોતાની ક્રિયાના ફળને પોતે ઇચ્છતો હોય તો પોતાને થાય અને પોતાની ક્રિયાનું ફળ કોઇ બીજાને કે જે પરની ક્રિયાના ફળ લેવામાટે લોકથી તથા શાસ્ત્રથી યોગ્યતાવાળો હોય તેપણ થઇ શકે છે. તેમ ક્રિયાનો કર્ત્તા પોતે પણ જે ઉદ્દેશથી પોતે ક્રિયા કરતો હોય તે ક્રિયાનું ફળ મેળવી શકે એવી પણ વ્યાપ્તિ નથી. જો કદાચ તેવી વ્યાપ્તિ હોય તો જગત્માં કોઇપણ પ્રાણી દુઃખવાળો રહેજ નહિ કારણ કે સર્વ મનુષ્યાદિ પ્રાણીવર્ગ દુઃખને દૂર કરવામાટે અને સુખને પ્રાપ્ત કરવામાટેજ ક્રિયાઓને કરી રહેના છે રાજવગેરે આજ્ઞાવિકા તેનારા સમર્થપુરૂષોના કિંકરલોકો શત્રુનાશાદિ ક્રિયાઓ પોતે કરેછે, છતાપણ તજ્જન્ય મનાહિતા લાભવગેરે ક્રિયાના ફળને રાજવગેરેજ પામે છે, તેમ વળી ક્રિયાનો કર્ત્તા બે પ્રકારનો હોયછે. એક સાક્ષાત્કર્ત્તા અને બીજો પ્રયોજકકર્ત્તા. પ્રયોજકકર્ત્તા પોતે સાક્ષાત્ રીતિથી ક્રિયાનો કર્ત્તા નહિ છતાંપણ ફલોપભોગમાં સાક્ષાત્ ફલોપભોક્તા હોયછે. તેમજ મારણ, મોહન, સ્તંભન, વશીકરણ, ઉચ્ચાટનવગેરે અભિચાર ક્રિયાઓના કર્ત્તા જેના ઉદ્દેશથી તે ક્રિયાઓમાં પ્રવૃત્ત થયા હોય તેને તે ફળ થાય છે પણ મારણવગેરે ક્રિયાના કર્ત્તાઉપરજ મારણવગેરે ફળ આવી પડતું નથી. વળી એ લોકો આમ માનેછે કે મર

જ્યારે છતતો હોય ત્યારે પોતાના ધનવગેરેને અમુકઅમુક ધાર્મિકવગેરે ક્રિયાઓમાં ઉપયોગ કરવાનુ પુત્રવગેરેને કહી ગયેલ હોય તો પાછળથી મરનાર ધણીના ઉદ્દેશથી તેના પુત્રવગેરે જે કંઇ ધાર્મિક વગેરે ક્રિયા કરે તેનું ફળ, તે મરનાર ધણીને મળેછે. એ પ્રમાણે માનવાથી તેઓએ જે પ્રથમ આવી વ્યાપ્તિ ઉભી કરી હતી કે ક્રિયાનો કર્ત્તા હોય તેજ ક્રિયાના ફળને ભોગવી શકે, બીજો ભોગવી શકે નહિ, તે તેઓના વચનથીજ ખુટી જાયછે. કેમકે મરનાર ધણીના પુત્રવગેરે ધાર્મિક ક્રિયાના કર્ત્તા છતાં તે ક્રિયાના ફળનો ભોક્તા મરનાર ધણી થઇ શકેછે એમ એઓએ માનેલું છે. એ પદ્ધતિ શ્રાદ્ધાદિ ક્રિયામાં પણ સમાન છે. કારણ કે ગૃહસ્થધર્મમા રહનારો મનુષ્ય જન્મથી દારોપસંગ્રહણ કરે છે ત્યારથી શાસ્ત્રાજ્ઞાપ્રમાણે દેવઋણ, પિતૃઋણ અને ઋષિઋણ એ ત્રણ ઋણોમાંના પિતૃઋણમાંથી મુક્ત થવામાટે પુત્રની ઇચ્છા રાખતો હોયછે. કારણ કે "જાયમાનો હ વૈ બ્રાહ્મણસ્ત્રિભિર્ઋણૈર્ઋણવાન્" ઇત્યાદિ શ્રુતિથી બ્રાહ્મણાદિત્રણોને માટે ઉપર બતાવેલાં ત્રણ ઋણો પ્રતિપાદિત કરેલાં છે. તેમજ જે પોતે ધનવગેરે સંપત્તિનો સંગ્રહ કરેછે તેમાંથી પણ જેમ પોતાના બીજા વ્યવહારોની સિદ્ધિની કલ્પના કરેલી હોયછે તેમજ પોતાની ઉત્તર ક્રિયાસંબંધી શ્રાદ્ધવગેરેને માટે જોઇતા ધનની પણ કલ્પના કરેલી હોયછે.

તે ઉપરાંત હાલના 'રિવાજપ્રમાણે સ્વસદ્ધ્યવસ્થા કે જે પોતાની સ્વસ્થાવસ્થામાં પોતે પોતાની મિલકતની પોતાની પાછળ વ્યવસ્થા થવામાટે વિલ કરી જાય છે તેમાં પણ શ્રાદ્ધાદિ ધાર્મિક ક્રિયામાટે અમુક ધનનો ઉપયોગ કરવો એમ લખેલું હોય છે. કદાચ તેવી લિખિત પદ્ધતિથી કાર્યાન્વતનો નિયમ ન થયો હોય તથા મુખથી કહેવાયેલું પણ ન હોય તો પણ અનાદિસિદ્ધ શ્રૌતસ્માર્ત્ત શ્રાદ્ધવગેરે ક્રિયા થવાના સંસ્કારો મરનાર ધણીના મનમાં તથા તેના પુત્ર વગેરેના મનમાં હોયજ છે. કેમકે શાસ્ત્રીય પરંપરાપ્રાપ્ત જે જે નિયમો હોય છે, તેઓના સંસ્કારો તે તે ગૃહ વર્ણોમાં જન્મેલા જે જે મનુષ્યોમાં ન હોય તો પછી તે તે મનુષ્યોના સંબંધમાં વિદ્વાન પુરુષો કેવી કલ્પના કરે અને કેવા શબ્દોનો ઉપયોગ કરે એ વિષય વધારે સ્પષ્ટીકરણ કર્યાવિનજ રહેવા દેવો જોઇએ એવું છે તેમ વળી શ્રાદ્ધ શબ્દ શ્રદ્ધા શબ્દ ઉપરથી થયેલો છે. શ્રદ્ધા શબ્દનો અર્થ આસ્તિક્ય બુદ્ધિ છે. આસ્તિક્ય બુદ્ધિનો અર્થ વેદ તથા વેદાનુયાયી શાસ્ત્રોમાં કહેલી વિધિનિષેધાત્મક ક્રિયાઓમાં યથાયોગ્ય પ્રવૃત્તિનિવૃત્તિના સંબંધમાં કાર્યાન્વતની અનાદરથા કે અવિશ્વાસ નહિ કરતાં આદરબુદ્ધિ-ભરોસો અંતઃકરણમાં રાખવો એવો થાય છે. તેથી જેમ કેવળ શ્રદ્ધાગમ્ય પરજન્મ, પુણ્યપાપનું ફળ અને સ્વર્ગનરકાદિ પદાર્થોને વેદશાસ્ત્રોના વચનોઉપર શ્રદ્ધા રાખીને માનવામાં આવે છે તેમજ આ બાબતમાં શામાટે ન માનવું! શ્રાદ્ધાદિક્રિયા 'અનાદિસિદ્ધ છે' એમ દૃઢ માનીને ગીતાજીમાં અર્જુન 'કહે છે કે "પતંતિ પિતરો હ્યેષાં લુપ્તપિંડોદકક્રિયાઃ" આ શ્રાદ્ધ વિષયની સિદ્ધિમાં ફક્ત દિગ્દર્શન જેવું છે. વિસ્તાર

કરીએ તો એક મહોટો ગ્રંથ થઇ જાય એવુ છે, એ પ્રમાણે સુપુત્રના સદ્ભાવમા પિતા વ ગેરને જેમ બધેલોકમા અદૈન્યવર્ત્તન થાયછે તેમ સુપુત્રના સદ્ભાવમા પિતા વગેરેનુ અવસાન પણ અપૂર્વ સેવા ભક્તિ કરનાર હોવાથી અનાયાસથીજ સુધરે છે તથા પરમેશ્વરની ભક્તિ પણ પિતાવગેરે વડીનો કરી શકે છે કેમકે સુપુત્ર હોય છે તે પોતાની યોગ્યઅવ સ્થા થતા ઉત્તમ વિદ્યાભ્યાસ, કળાભ્યાસ, દેશકાનવિજ્ઞાન, વ્યાપારપ્રસંગ, રાજ્યપ્રપંચ કુસીદક્રિયા, પરદેશપ્રયાણ, સમુદ્રયાત્રા, દેશાટન અને એવા બીજાપણ અનેક ધનવગેરે સંપત્તિઓને પ્રાપ્ત કરવાના ઉપાયોમા સદ્ગુ નીવત્વને લીધે ઘરસંબંધી તમામ વ્યવહારોના બોજામાથી વડીલ વર્ગને મુક્ત કરી દે છે તેથી તેવા સુપુત્રો વડીલવર્ગ વ્યાવહારિક વિક્ષેપના અભાવથી સુખે ઇશ્વરભજન વગેરે ભક્તિ કરી શકે છે તેથી ભક્તિદ્વારા વારંવાર જન્મમરણના ફેરામા ફેરવનાર સંસારમાથી મુક્ત પણ થાય છે

પરમેશ્વરપાસે પ્રાર્થનીય વિષયોને બતાવ નાર શ્લોકનો--

અનાયાસેન મરણમદૈન્યન ચ વર્ત્તનમ્।
પરોપકાર ત્વદ્ભક્તિ દેહિ મે પરમેશ્વર!॥

એવો પણ પાઠ છે કે જેમા પરોપકાર એ ચોથા નબરનો પદાર્થ માગવામા આ યો છે, તે પણ ઘણોજ અમૂલ્ય પદાર્થ છે સ્વોપકાર પોતાનો ઉપકાર-પોતાનુ પોષણ એતો કી પતંગથી આરંભી ચક્રવર્ત્તી રાજાપર્યંતના પ્રા ણીઓ કોઇના ઉપદેશસિવાયજ પોતાની મેળે કર્યા કરેછે પરંતુ પરોપકાર કરવો એતો કેઇ મહોદય મનુષ્યજ કરી શકેછે પરોપ કારને કેટલાએક મનુષ્યો પરમાર્થ પણ કહેછે શાસ્ત્ર કહેછે કે--

અષ્ટાદશપુરાણેષુ વ્યાસસ્ય વચનદ્વયમ્।
પરોપકાર પુણ્યાય પાપાય પરપીડનમ્॥

અઢાર પુરાણો વાચવાથી કે સાંભળવાથી આવો નિશ્ચય થાયછે કે પુરાણકર્ત્તા વેદ વ્યાસ ભગવાને પ્રાણીઓને બે પ્રકારનો સારભૂત વસ્તુનો ઉપદેશ કર્યો છે કે, જો તમારે પુણ્ય-ધર્મ-કલ્યાણ મેળવવાની ઇચ્છા હોયતો પરોપકાર કરજો અને પાપ-અકલ્યાણ મેળ વવાની ઇચ્છા હોયતો પરાપકાર કરજો એ શ્લોકમા અપસાધક માર્ગ પરોપકારજ છે એમ કહેલુ છે મનોદ્વારા ધનદ્વારા, સદ્ભાષ કદ્વારા અને અનુમતિદ્વારા બીજા પ્રાણીનો ઉપકાર થાયછે

જેનો ઉપકાર કરવામા આવે તે પ્રાણી પાસેથી વર્ત્તમાનમા કે ભવિષ્યમા કોઇપ્રત્યુપ કારની અપેક્ષા રાખવામા આવે અથવા બદલો લેવાની આશા રાખવામા આવે તો તે પરોપકાર કહી શકાય નહિ પરંતુ જેના તરફથી કોઇપ્રત્યુપ કારની અપેક્ષા રાખવામા આવતી ન હોય કે બદલો લેવાની આશા પણ ન હોય તેવા પ્રાણીનો જે કંઇ ઉપકાર કરવામા આવે તે પરોપકાર કહેવાય છે જે પ્રાણીનો ઉપકાર કરવો હોય તે પ્રાણી તે ઉપકારનું પાત્ર છે કે નહિ એ વિચારનો વિચાર કરવાનો છે કેમકે કુપાત્રને દાન કરવાથી પાપકર્મની વૃદ્ધિ થાય છે

પરોપકારાય સતાં વિભૂતય સત્ ઉદાર મનુષ્યોની સંપત્તિ પરોપકારમાજ કામે લાગે છે જે ધનવગેરે સંપત્તિ નીતિથી આવેલી

હોય તેનો ઉપયોગ પરોપકાર વગેરે સત્કાર્યમાંજ થાય છે અને જે ધનવગેરે, સંપત્તિ, અનીતિથી આવી હોય છે તે ચોરાઇ જાય છે, અગ્નિથી ભસ્મ થઇ જાય છે, રાજદંડથી ચાલી જાય છે, જલમાં ડુબી જાય છે કે કોઇ મદારેલાને ત્યાંને ત્યાંજ જાય છે. એ હેતુમાટે મનુષ્યે પોતાની શક્તિના પ્રમાણમાં પરોપકાર કરવાનો છે. કોઇપણ કાર્ય પરમેશ્વરની કૃપાવગર થતુ નથી. એટલામાટે પરોપકાર પણ પરમેશ્વરપાસે પ્રાર્થનીય છે એ પ્રમાણે અનાયાસમરણ, અદૈન્યવર્ત્તન, પરમેશ્વરની ભક્તિ અને પરોપકાર એ ચાર પદાર્થો પરમેશ્વરપાસે પ્રાર્થના કરવાના છે. પણ માત્ર પ્રાર્થનાથીજ મળી જાય તેમ નથી. કારણ કે તેમ થતું હોય તો એ ચારે પદાર્થો મળી જવાથી સઘળું જગત કૃતાર્થ થઇ ગયું હોત, પણ તેમ કૃતાર્થ થએલું નથી તેથી ઉપર કહ્યા પ્રમાણે તે પદાર્થોની પ્રાર્થના કરવાની યોગ્યતા મેળવીને પરમેશ્વરપાસે માગણી કરની જોઇએ. જેઓ પ્રાર્થનાનો અધિકાર મેળવીને પરમેશ્વરપાસે ઉક્ત ચારે પદાર્થોની પ્રાર્થના કરશે તેઓ અવશ્ય પરમેશ્વરપાસેથી તે પદાર્થોને મેળવી મનુષ્યજન્મનું સાફલ્ય કરી અનંત કલ્યાણનું પાત્ર થશે

કૈં દૂર રહેતાં શીખજે!

હરિગીત.

કેવી મીઠી રસ ઉર્મિઓ, બ્હેની! તમારા દિલની,
કેવી મનોરમ ભાવના, બ્હેની! તમારા જીવનની,
સૌન્દર્યમાં ને શીલમા, ઉન્નત પરમરસ ધર્મમાં,
તત્પર સદા શ્રદ્ધાવડે, સત્સ્નેહમાં-સત્કર્મમાં. ૧
સત્કારતાં હું સ્નેહીને, ગૃહધર્મ કોઇ ના ચૂકી,
તુજ સ્વાસ્થ્યની-પ્રતિકારની, પર્વા નહિ લેને કરી,
એ સર્વ છે સદ્‌ભાગ્ય છે, અનુકૂળ સમય પરિવાર છે,
કિન્તુ હજુ પ્રિય બ્હેન! તુ વ્યવહારમાં કુશેલ છે. ૨
તું રક્ષજે! તું પોષજે! મોંઘા જીવન સૌન્દર્યને,
લીલી જીવનવાડી હવે, બ્હેની! નિરંતર રાખજે,
ઉદ્ધાસાં ઉરોને સર્વદા, અંતરયકી અભિનંદજે!
કાલિક દુનિયાદારીથી, કૈં દૂર રહેતાં શીખજે! ૩

નલિનીકાન્ત.

ચિત્તવૃત્તિવિજ્ઞાન શાસ્ત્ર.

અનુવાદક—શ્રીયુત "અભ્યાસી."

પ્રકરણ પાંચમું.

મુખ્ય મુખ્ય ચિત્તવૃત્તિઓના અંતર્વિભાગો.

[અનુસંધાન પૃષ્ઠ ૧૯૬ થી.]

આ સાવ સાદી અને સરલ ચિત્તવૃત્તિઓમાંથી વિષમ પ્રકારની એટલે કે જટ સમજાય ન શકે એવી ચિત્તવૃત્તિઓનો વિકાસ શારીતે થાય છે તે ખાસ કરી એ ચિત્તવૃત્તિઓના વાસનાસ્વરૂપને ઉદ્દેશી, સમજવા આપણે હવે પ્રયત્ન કરીશું.

પ્રીતિ કે રાગ શબ્દનો અર્થ અને તેના પેટાવિભાગો.

બે જીવના સરખાપણામાં જે આકર્ષણ અનુભવાય છે તે, આકર્ષનાર જીવસાથે સમાન વિનિમય-સરખી આપલે સહજ જોડાવાની, એક વાસના છે. વિનિમય-આપલે, એટલામાટે કે બે જીવોવચ્ચેની પ્રીતિ [કે અપ્રીતિ પણ] તે બે જીવો જૂદા જૂદા દેહધારીઓ હોવાથી જ્યાસુધી તે દેહોનો નાશ થઇ ઐક્ય ન થાય ત્યાંસુધી અન્ય સાધનદ્વારા અનુભવાતીજ નથી. સમાન વિનિમય, સરખી આપવે, એટલામાટે કે બંને એકજ જાતિ કે સજાતીયસ્થાનના બે છેડા છે, એકજ અંગની બે પાંખ છે, એકજ સંબંધના બે પક્ષો છે; બંને સમાન હોવાથી, એક બીજાને એક દર કાંઇ આપી દેવાનું કિંવા એકને બીજાપાસેથી અમુક પદાર્થ આદિ મળે તો પોતાનો ખોટ પૂરી પડી, તેવી ઉણપ સ્થિતિવાળા થવાનુ પણ નથી તે બે વચ્ચે તો માત્ર વિનિમયનોજ અવકાશ છે અને જેટલી બીજો કે પદાર્થોવિગેરેની વધારે આપલે થાય તેમજ જેટલી વધારે ત્વરાથી તેની પુનરુક્તિ થયા કરે તેટલી બધીરીતે એકબીજાને તૃપ્તિ અને સંતોષ થાય, અને તેટલો પ્રેમમાં વધારો પણ થાય. અને તે ક્રિયા જેમ જેમ વધતી ચાલે તેમ તેમ નિત્ય પૂર્ણતાની પાસે એટલે ઇશ્વરી એકતાસમીપ જવાય છે. અલબત્ત સર્વાંશે સંપૂર્ણતાનો અવકાશજ નથી, કેમકે તેનો અર્થ તો સાવ એકતા, કેવળ અદ્વૈતજ થાય અને ત્યાં તો પ્રીતિભાવનો પણ પછી અવકાશજ રહેતો નથી. કોઇ યુવાવસ્થામાં ખાસ કરી, જે પ્રેમગ્રન્થિ સ્ત્રીપુરુષ-નરનારી

પચ્ચે, અતિશય ગાઢ બની જાય છે, તેનું કારણ તપાસીશું તો પ્રેમસ્વરૂપમાંજ એવું ગુપ્ત રહસ્ય રહ્યું છે કે જે સમજાઈ શકાય તેવું કે તૃપ્ત થાય તેવું દેખાતું નથી; એટલુંજ નહિ પણ જેમ જેમ પ્રેમ કે પ્રીતિમાં ઉંડા ઉતરતા જઇએ છઇએ તેમ તેમ તે અંદરને અંદર દૂર જતું-પાછું ખસતું, લાગે છે.

જેટલે અંશે તેમજ જે પદાર્થો સંબંધી આપણે થાય છે તેના ઉપર ચિત્તવૃત્તિના આ મુખ્ય વિભાગના બીજા નાનાના પેટા વિભાગોનો આધાર છે.

સભ્યતા, મિત્રાચારી, આપોઆપ પ્રેમ ઇત્યાદિ.

માંહોમાંહેના વ્યાવહારિક સંબંધમાં સામાન્ય ઓળખાણ હોય તે સમયે એ સંબંધ જળવાઇ રહે તેટલા સારૂ એકબીજાને મળવાની ઇચ્છારૂપી માનસિક જે સ્થિતિ બની રહે છે તેનું નામ "સભ્યતા" છે. આ સમયે અરસપરસ સભ્યતા બતાવતી વ્યક્તિ, એકબીજા પ્રતિ ઉપકાર થાય તેવાં કૃત્યો કરવાથી દૂર રહે છે; કેમકે તેમ થવાથી બેમે એક વરિષ્ટ-મોટો અને બીજો કનિષ્ટ-નાનો દેખાય તેવો પ્રસંગ ન આવવા દેવા અને બન્નેમાં સરખાપણું બધે રહેવા પ્રસંગો વધારવા બન્ને પ્રયત્નશીલ હોય છે. સામસામા મળે ત્યારે એકબીજાને માર્ગ આપવો. સલામ કે અન્યોન્ય નમસ્કાર માત્ર કરવાની પદ્ધતિ આ સ્થિતિની બાહ્ય નિશાની છે. આથી વધારે નિકટ અને ઉંડો સંબંધ માંહોમાંહે બતાવનારી ચિત્તવૃત્તિનું નામ મિત્રાચારી છે.

સંસ્કૃત ભાષામાં મિત્રાચારીના લક્ષણો દર્શાવનારી એક નાની શી કવિતા છે. જો કે તે બહુ રસિક નથી પરન્તુ મિત્રાચારીમાં બહુ ઉંડું મૂળ કે રહસ્ય શું હોવું જોઇએ તે ઠીક રીતે કહે છે અને આપણા વર્ગીકરણને આ સ્થાને અનુકૂળ હોવાથી તેને ટાંકું છું:

ગુહ્યે ભોજયતે ચૈવ ગુહ્યં વક્તિ શૃણોતિ ચ।
દદાતિ પ્રતિગૃહ્ણાતિ ષડ્વિધં મિત્રલક્ષણમ્॥

આનો અર્થ એ છે કે મિત્રમાં આ છ લક્ષણો હોય તો મિત્રાચારી કહેવાય છે. અરસપરસ ખાય ખવરાવે, ગુપ્તવાતો કહે અને સાંભળે, ઇનામ બક્ષિસ મહોમાંહે આપે અને લે. હાથોહાથ મેળવી મળવું કે આલિંગન કરવું; તે આ મિત્રાચારીની બાહ્યચેષ્ટા કે લક્ષણ છે વિકાસ ક્રમની હાલની સ્થિતિએ એક મનુષ્ય બીજા મનુષ્યપરત્વે બહુજ ઉંચા પ્રકારની ભાવનાથી એકતા-સમાનતા કરવા પ્રયત્નશીલ થઇ શકે અને તે પ્રાપ્ત કરી શકાય તે મનુષ્યકોટીમાં ખાસ કરી પુરૂષ-સ્ત્રી વ્યક્તિ વચ્ચે સધાવી શકાય તે એકજ સાધનથી બને તેવું છે અને તેનું નામ પ્રેમ કે પ્રીતિ આપોઆપ છે. બાહ્યચેષ્ટામાં અન્યોન્ય નિત્ય સહવાસ, દામ્પત્ય જીવન અને હસ્તાલિંગન વ્યાપી રહે છે.

આદરમાન, ઉચ્ચગણના, પૂજ્યપણા વગેરે ઇત્યાદિ.

પોતાથી પોતા જેવા મોટા કે વરિષ્ટ તરફ થતા આકર્ષણનું નામ "આદરમાન" કે "સન્માન" કહેવાય છે. એક કે વધારે ગુણો જેનામાં હોય તેને લઇ તેટલાં સન્માનને તે પાત્ર થાય છે પરન્તુ જો બીજા અમુક ગુણોવગેરેને લઇને તે નાનો કે કનિષ્ટકોટિમાં

જતો હોય તો તેને મીટે "ઉચ્ચગણુના" માત્ર લેખાય છે એકબીજાપ્રતિ પ્રણામ કે સહજ નમન એ આ કોટિના માણસોની બહારની નિશાની દાખવે છે.

જ્યાં વરિષ્ટ કે મહોટપ બહુ વધારે હોય ત્યાં તે વ્યક્તિપ્રતિ ધરાવાતી ચિત્તવૃત્તિનું નામ પૂજ્ય ભાવના છે અને તેને લક્ષ તે વ્યક્તિનો આશીર્વાદ લેવાસારૂ તેને પગે પડવાની ક્રિયા તે સમયનું બાહ્ય સ્વરૂપ છે

જ્યારે પૂજ્યભાવના સંપૂર્ણ થઇ જાય છે, દૃષ્ટાન્તતરિકે સરજનહાર ઇશ્વરપ્રતિ જે ભાવ આપણામા પૂરેપૂરો વ્યાપે છે ત્યારે તેની પૂજા કરવા આકર્ષાઇએ છીએ અને તે ઇશ્વરને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ છીએ તે બહારનું ચિન્હ છે.

ઉપરનાં ત્રણે દૃષ્ટાન્તોમાં જે અરસપરસ જોડાવાની, સહવાસ કે સંપર્કમાં આવવાની વાસના સમાએલી છે તે છેવટે સમાન થવાનુ કરવાની સ્થિતિમાં હોય છે. કેમકે કહી ગયા તેમ શરીરો કે ઉપાધિઓનો નાશ થયાવિના પૂર્ણ ઐક્ય તો થવાનુજ નથી, આ સ્થિતિમાં વડીલ કે મહોટા પાસેથી જ્ઞાનાર્થે કાંઇક મેળવવુ-કાંઇક સંપાદન કરવુ એ મર્મ છે, અને ઉંચાહોય કરી જણે માગતા હોઇએ, તે તેની બહુ સત્તા છે જો કે એ સત્તા ખરેખરી રીતે દેખાવમા તો માત્ર પૂજા કરવાના દૃષ્ટાન્તમા જણાઇ આવે તેવી રીતે લાગુ પડી શકે છે પરન્તુ બીજા દૃષ્ટાન્તોમા ગુપ્તપણે તે રહેલ છે અને પુન લક્ષ ખેંચવાની જરૂર પડે છે કે પ્રત્યેક વ્યક્તિ જીવનના સ્વરૂપ, કે અર્થ, કે તત્વનું અસ્તિત્વ, રહામા સાપેક્ષીય અનાત્માની સ્થૂળ આકૃતિવિના સમજાતુ નથી પછી ભલેને તે આકૃતિ આ ભૂલોકના પૃથ્વી તત્વની કે સાતમા સત્યલોકના સ્વર્ગીય તત્વની રચાએલ હોય; પરન્તુ તે આકૃતિ હોવાની આવશ્યકતા છે તે પ્રમાણે ચિત્તવૃત્તિના વિષયમા પણ જે કોઇ એક જીવની ચિત્તવૃત્તિનો આકર્ષક બનતો હોય, તેણે પોતે કાંઇ રૂપ કે આકૃતિસમ થવાની આવશ્યકતા છે ખરી, કેમકે આત્મ સ્વતંત્ર, સાપેક્ષીય, શિક્ષાયના જીવન કે દૃષ્ટાન્તનો તો અવકાશજ નથી ચાલુ વ્યાવહારિક માન કે અપમાન પ્રસંગોમા, એટલે કે એકને બીજા ઉપર બે સાડવો, અથવા તેની વિશેષ માનવાળા બેઠક-પદવીએ વ્યવસ્થા રાખવી, ખીંત કે દીવાલ સરસી બેઠક ગોઠવવી જમણી બાજુએથી આવવાનું કરવુ, માથુ કે પગ વગેરે ખુલા કરી નાખવાં, સલામ કે પ્રણામ કરવા, કે અદબ કરી નમન કરવુ વગેરે સંયોગોને બાહ્યદૃષ્ટિથી જોઇશુ તો જો કે હાલ તેમાં કાંઇ દર્શનિક સ્થૂલ લાભાલાભ એકબીજા બનેને મેળવતા ન હોય, પરન્તુ મૂળ બંધારણ સમયે પ્રાચીન કાળમા રહેવી આપણે થવી હોવીજ જોઇએ એ સૂચન કરવા સાથે અત્યારે પણ તે પ્રકારની અરસપરસ સ્થિતિમા તે મર્મ ગૂઢ રીતે તો રહ્યો છેજ

પૂજામાં વ્યાપી રહેતી સમાન-સરખા થવાની ક્રિયા-શક્તિ.

પૂજનક્રિયાથી વિવિધ સ્થિતિઓ, સિદ્ધિઓ, પૂજન કરનારને ક્રમે ક્રમે પ્રાપ્ત થાયછે તેમા પૂજ્ય અને પૂજકવચ્ચેની પ્રેમભાવનાની સ

માન કરવાની અસાધારણ શક્તિ સમાયેલી છે પ્રારંભમાં તો પોતાનો પૂજ્ય આદર્શ અતિશય વરિષ્ટતા ધરાવનાર છે, તેટલુજ ભાન તેને બહુ અંશે હોય છે; અને પોતાની વચ્ચેનો એ અંતર દૂર કરવા અને તે પૂજ્યસાથે જોડાવાની અભિલાષા, તેની ઇચ્છાનેજ સ્વાધીન થઇ, તેનું સંરક્ષણ પ્રપત્તિ યાચવામાંજ વ્યાપેલ હોયછે. "હે પ્રભો! તારી ઇચ્છાપ્રમાણેજ હરકોઇ બાબત નિર્મિત થવી ઘટેછે, મારી ઇચ્છાપ્રમાણે નહિ." પોતાની ઇચ્છાશક્તિને બદલે બીજાની–તે પૂજ્યની ઇચ્છાશક્તિ પોતામાં વસેછે, એ ક્રિયાથી અમુક સમયપછી તે પૂજારીમાં તેની મૂર્ત્તિ સાકાર થાયછે; તેનો રાજાભાવ એ પૂજ્યઆદર્શના સ્વભાવજેવો બનતો જાયછે અને છેવટ એ સ્થિતિ આવેછે કે તે વખતે બે જૂદી જૂદી ઇચ્છાશક્તિનું એટલે કે એક આત્માકાર અને બીજી આત્માકાર, એ પ્રમાણેનું તેને ભાન ન રહેતાં, એકજ ઇચ્છાશક્તિ અંતમાં છે, એમ તેને સાક્ષાત્કાર થાયછે અને તે કાળે એ ચિત્તવૃત્તિનો ઉદ્ગાર એમ થાયછે કે "હે પ્રભો! તારી અને મ્હારી ઇચ્છા એકજ છે." આ સ્થિતિએ પૂજારી (ભક્ત, સેવક, દાસની સ્થિતિ) જ્યારે પહોંચે છે ત્યારે પ્રેમનાં સંપૂર્ણ સ્વરૂપનું તેને ભાન થાયછે અને તે સાયુજ્યના અનુભવકાળે પૂજાને બદલે આનંદ આનંદ તેનામાં વ્યાપી રહેછે, આનું નામ પ્રેમલક્ષણાભક્તિ છે.

આત્મસમર્પણ–સ્વાર્પણનો ખરો અર્થ.

આ સ્થળે એક પ્રશ્નનો અવકાશ છે કે પૂજા શબ્દમાંજ, એ ક્રિયા કરનાર–પૂજા કરનારની હીનપ–કનિષ્ટતા સમાએલી છે. તેમાં તેની ઓછપ, ખામી, હાજત, જે કાંઇ હોય તે પૂરી પાડવાની પ્રાર્થના કરવાની સ્થિતિ, કાંઇક માગવાની અને તે મેળવવાની સ્થિતિ રહેલી છે. તો પછી એમ કહેવું કે પૂજ્યના આદર્શને પોતાનું [પૂજન કરનારનું] સઘળું સ્વાર્પણ કરી દેવું, અર્થાત્ તે આદર્શપાસેથી મેળવવાને બદલે જાણે તેને કાંઇક આપી દેવું, એ વિરોધજેવું લાગતું નથી? તો તેનો સામાન્ય ઉત્તર એ છે કે પૂજાભાવમાં એક સહજ આવેશ તે પૂજા કરનારમાં અનાયાસે ઉત્પન્ન થાય છે અને તે, તે ભાવ જેવોજ નહિ પણ તેનો સહચાર બની રહે છે; વળી પોતાના પૂજ્ય આદર્શમાં કાંઇ ઉણપ કે ઓછપ છે તે પૂરીપાડવા સારૂ કાંઇક પોતે આપી શકવાની સ્થિતિમાં છે કે પોતે આપે છે તેવો સ્વપ્ને પણ ખ્યાલ તેને હોતો નથી. તેની તો માત્ર એકજ દૃષ્ટિ છે કે એ પૂજ્ય આદર્શને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી જે કાંઇ પોતામાં કે પોતાપાસે છે તે સર્વ તેને અર્પણ કરી દેવું અને તે પણ એટલામાટે કે તેની મ્હોટપ આગડી મ્હોટી મ્હોટપ અને પોતાવડે વિશ્વરૂપે તે પદાર્થો વગેરે ન થાય, તેમજ પછી તેમાં જે કાંઇ કૃપાઅંશ હોય તે પોતામા સારીરીતે આવી શકે અને તેના પરિણામે તેના જેવો સ્વભાવ, આચાર, વિચાર, વગેરે સર્વ પોતાનું થઇ જાય અને લગભગ એક થાય એટલે કે સાયુજ્ય થવા શક્તિમાન્ થાય, આ પ્રકારના વિચારો કે ઉર્મિઓ, માત્ર તે પૂજારીના, તે ભક્તના, હૃદય અને મગજમાં રમણ કરતા હોય છે.

અપૂર્ણ.

વૈરાગ્યપંચકની ગુજરાતી વ્યાખ્યા.

લેખક—શ્રીયુત સર્વતંત્રસ્વતંત્ર વૈદ્યરાજ પંડિત શિવશંકરશર્મા
હવેલી અધિકારી–જામનગર

(૩)

ઉદરના પોષણમારે તેમજ સંસારનો વ્યવહાર સિદ્ધ કરવામાટે, શિષ્ટસજ્જનપુરૂષોનીપાસે જઇને કોઇપણ સાધારણ વસ્તુમાટે યાચના કરવા શામાટે ન જવું? અલબે તેમ જો શ્રીમદાન્ધપુરૂષોપાસે જઇ કોઇપણ વસ્તુની યાચના કરવામાં ન આવે તો જગત્માં દરેક પ્રકારના વ્યવહારનો લોપ થઇ જાય; આમ જ્યારે ચાલતો વ્યવહાર બન્ધ થઇ જાય, સારે લોકમાં હાસ્ય સિવાય બીજું કંઇ થતું નથી. તે માટે કોઇએક વિદ્વાને—

વયોવૃદ્ધાસ્તપોવૃદ્ધા જ્ઞાનવૃદ્ધાસ્તથાપરે।
તે સર્વે ધનવૃદ્ધસ્ય દ્વારિ તિષ્ઠન્તિ કિંકરા ॥

કહ્યું છે જે, જે પુરૂષો વયોવૃદ્ધ હોય એટલે ઉમ્મરમા મોટા હોય, જે તપશ્ચર્યા કરીને મોટા તપસ્વી પદને પામ્યા હોય, જેઓ જ્ઞાન મેળવી જ્ઞાની થયા હોય, તેઓ અને અન્ય સર્વ મનુષ્યો પણ ધનવાળા મનુષ્યના બારણામા નોકર ચાકરની માફક ઉભા રહે છે. આ નીતિવાક્ય, મુજબ જોકસરીતે ધનવાળા પુરૂષો પાસેથી પોતાને જોઇતી વસ્તુની યાચના કરવાને આવશ્યકતા રહેછે. તેમજ વિદ્વજ્જનોનુ માનવું પણ છે જે, યોગ્ય શિષ્ટજનપાસે યાચના કરવામાં આવે અને કદાચ તે યાચના નિષ્ફળ નીવડે તો પણ ઠીક છે. તેમ ધનવાળા મદાન્ધ પુરૂષોપાસે યાચના કરવામાં આવે અને કદાપિ કરેલી યાચના સફળ થાય તો પણ તે બીલકુલ ઠીક નથી માટે સજ્જનોપાસે યાચના કરવાવિષે કોઇજાતનો બાધ આવતો નથી જોઇએ,

આવી રીતે થયેલી શંકાના સમાધાનમાટે શ્રીવેદાન્તાચાર્ય "કોઇપણ સજ્જન અગર દુર્જનપાસે યાચના ન કરવી" તે વિષય દૃઢ કરવામાટે નીચે લખેલા શ્લોકથી પ્રતિપાદન કરે છે—

કાચાય નીચકુમનીયયાચા
મોચાફલસ્વાદુમુચા ન યાચે।
દયાકુચેલે ધનદાકુચેલે
સ્થિતેઽકુચેલે શ્રિતમાકુચેલે॥

અમો વૈરાગ્યવાન્ પુરૂષો નીચ શ્રીમદાન્ધ પુરૂષો પાસે જઇને, કાચના ટૂકડા જેવી હલકી વસ્તુની પ્રાપ્તિમાટે યાચના કરવા જે દિવસે પણ જવા માગતા નથી. તેમ અમો તે શ્રીમદાન્ધ અગર વિશિષ્ટપુરૂષે આગળ તેમને સારાં લાગે તેવાં, કેળાનાં ફળ [કેળાં] જેવાં મધુરભાષણો પણ કરવા ખુશી નથી અમારે તો સર્વજગન્નિયન્તા શ્રીકૃષ્ણભગવાન્ વિરાજે છે. તેથી તે ભગવાન્ સિવાય અન્ય વસ્તુની કોઇ દિવસ કોઇપાસે યાચના કરવી

નથી. કારણ કે અમારાપ્રભુ દયાના સમુદ્રરૂપ છે. ભગવાનની કૃપાથી અમારે કોઇની પાસે યાચના કરવાની જરૂર નથી, જે પ્રભુની કૃપાદૃષ્ટિથી એક સુદામા નામનો અતિ દરિદ્રિ અને નિર્ધન બ્રાહ્મણ હતો, તેમની આજન્મથી જે જે વિપત્તિઓ હતી. તે તુર્તજ નાશ પામી અને ઇન્દ્ર દિક્પતાઓને પણ અત્યન્ત દુર્લભ એવી સંપત્તિઓ મળી હતી. તે સઘળું શ્રીકૃષ્ણભગવાનની કૃપ વિના પ્રાપ્ત થવુ બિલકૂલ મુશ્કેલીભરેલું છે. આવા સુન્દર વક્ષને ધારણ કરનાર અને લક્ષ્મીજીના રત્નરૂપી સમયપૂર્વીને ધારણ કરનારા, કૃપાળુ શ્રીકૃષ્ણભગવાન વિરાજમાન હોવાથી સજ્જન યા દુર્જન મનુષ્યોપ પે યાચના કરવી નથી અને તેઓને મધુરવચનોથી સારૂં લભાડવાનો પ્રયત્ન પણ કરવો નથી. કેવળ સાધારણ વસ્તુમાટે પક્ષપાત કરી સાચાં ખોટાં વખાણ કરવાનુ કામ જિવ્હાનું નથી. જો કે અનેક પ્રકારના સ્વાદ જાણવા સારી નહારી વસ્તુનું યથાર્થ વર્ણન કરવું, વિગેરે વિષય પ્રતિપ્રાદન કરવામાટે જિવ્હાનું પ્રયોજન છે. પરન્તુ ખરીરીતે જિવ્હાનું કાર્ય, ભગવાનના ગુણગાન કરવાનુજ છે. જો કે ભગવાનના અલૌકિક ગુણોનું ગાન કરવું તે થોડા સામર્થ્યથી થઇ શકે તેમ નથી તો પણ જિવ્હાએ ઘણા લાંબા વખતના ભાગવતકીર્તનાદિના અનુભવનું સામર્થ્ય રાખી, નિરંતર ભગવાનના ગુણાનુવાદ કરવાવિષેજ પ્રયત્નશીલ થવું જોઇએ અને તેટલામાટેજ જિવ્હાની નિર્માણતા શાસ્ત્રોમાં પણ બતાવેલી છે. જેમકે અમારા હાથ તે ભગવાનની સેવા કરવામાં જોડાય, અમારા પગથી ભગવાનના મન્દિરે નિરન્તર જવાય, અમારા કર્ણો તે જગન્નિયન્તાપ્રભુના ગુણાનુવાદ સાંભળે, અમારી જિવ્હાથી અમો પ્રભુના ગુણાનુવાદ કરીયે; વિગેરે બહુજ વિસ્તારપૂર્વક પુરાણોમાં પણ પ્રતિપાદન કર્યું છે. આથી બરોબર સાબીત થાય છે જે, કોઇપણ પાસે તુચ્છયાચના કર્યા સિવાય કેવળ શ્રીકૃષ્ણભગવાનની સેવાવિષેજ નિરન્તર પરાયણ થવું, એજ સંસારની જાળમાંથી મુક્ત થવાને ઇચ્છનારા, વૈરાગ્યવાન્ પુરૂષોનું મુખ્ય કર્ત્તવ્ય છે.

અત્રે શંકા થવાનો અવકાશ પ્રતીત થાય છે જે, વૈરાગ્યવાન્ પુરૂષે કોઇની યાચના ન કરવી, પરન્તુ જે ભગવાનની સેવા કરવી, જે ભગવાનને આધીન થઇને રહેવું તે શ્રીકૃષ્ણભગવાન તો ગોલોકમાં વિરાજે છે. કે જ્યાં ગોલોકમાં બ્રહ્મા, રૂદ્ર, ઇન્દ્ર, મરૂદ્ગણ. એમ કોઇપણ દેવતાઓ જવાને તદ્દન અશક્ત છે. જે બ્રહ્માદિ દેવતાઓ ગોલોકમાં શ્રીકૃષ્ણભગવાનની સેવા કરવામાટે અશક્ત છે તો સાધારણ વૈરાગ્યવાળા ભક્તોની તો શી ગતિ થાય ? અગર તે ભક્તો ભગવાનની સેવા કોરીતે કરી શકે ? અર્થાત્ ભગવાનની સેવા કરવામાટે ગોલોકમાં જઇ શકાય નહિ તે બાબત સારીરીતે વિચારવાજેવી લાગે છે.

હવે ઉપર્યુક્ત શંકાના સમાધાનમાટે શાસ્ત્રોમાં સ્પષ્ટજ છે કે, કૃપાળુ શ્રીકૃષ્ણભગવાન પોતાના ભક્તને અધીન છે. તે માટે શ્લોકમાં પણ વેદાન્તાચાર્યે, દયાકુચેલે એ પદનો નિર્દેશ કર્યો છે કે ભગવાન દયાના સાગર છે એટલે કે દયાળુ હોવાથી બ્રહ્માદિદેવોને પણ અપ્રાપ્ય એવી સિદ્ધિઓ પોતાના ભ-

કતેને આપે છે. ગીતામાં પણ ભગવાને "तो मे भक्तः स मे प्रियः" જે મારો ભક્ત છે તે મને પ્રિય છે. ઇત્યાદિ મહાવાક્યોથી, સંશયવગર સિદ્ધ થાય છે, વળી જે ભગવાન્ પોતે ભક્તાધીન થના અને દુર્લભ વસ્તુ પણ સહેજપણે આપે છે તેજ શ્રીમદ્ ભાગવતમાં પણ—"अहं भक्तपराधीन." એમ કહ્યું છે.

જ્યારે નાભાગના પુત્ર અંબરીષરાજાને સાં દ્વાદશીને દિવસે પારણા કરતીવખતે અકસ્માત્ દુર્વાસામુનિ આવ્યા, રાજાએ તેમનુ સ્વાગતકરી, ભોજનમાટે પ્રાર્થનાકરી ત્યારે ઋષિ દુર્વાસા પોતાનુ આહ્નિકકર્મ કર્યાપછી ભોજન કરવા આવશે એમ ખબર મળીતાં, તેમ દ્વાદશી તિથિ અમુક વખત હોવાથી પછી પારણ્ય ન થાય, એની રીતે વિચારવમળમાં પડવાથી છેવટે વિષ્ણુભગવાનનુ ચરણામૃત લઇ પારણું કરી લેવુ આમ ધારી રાજાએ તે મુજબ ચરણામૃત લીધુ અને તુર્તજ દુર્વાસાઋષિને ખબર પડતા ઋષિએ રાજાનો નાશ કરવા કૃત્યાને મોકલી. તે વખતે ભગવાને પોતાના ભક્ત અંબરીષનુ આવુ સંકટ જોઇ પોતાનું એક રાજાના રક્ષણમાટે મોકલ્યું અને મૂકેલુ એક ઋષિને બાળી નાખવા તત્પર થયું. તે વખતે ભયપામેલા ઋષિએ છેવટે શ્રીવિષ્ણુભગવાનપાસે જઇ પ્રાર્થના કરી ત્યારે ભગવાને अहं भक्तपराधीनः એ વાક્યથી કહ્યું જે હે ઋષિ "હું તો મારા ભક્તને આધીન છું" માટે તમે મારા ભક્ત અંબરીષપ્રે જશો અને તે રાજા ચક્રને શાન્ત કરશે ત્યારે તમારૂં દુઃખ નિવૃત્ત થશે. ઋષિ તેમ કરવાથી પરેલા સંકટથી મુક્ત થયા હતા. આથી ભગવાન્ ભક્તાધીન હોવાથી પોતાના ભક્તોને કોઇ વખતે દુઃખ પડવા દેતા નથી અને અવશ્ય સિદ્ધિઓ આપે છે માટે તુચ્છ શ્રીમદાન્ય અગર સજ્જનોપાસેથી કોઇપણ જાતની મોટી સિદ્ધિ મેળવવાની આશા ન કરતાં કેવળ ઇશ્વરપાસે પ્રાર્થના કરવી સર્વથા ઉચિત છે. તેમ ઇશ્વર હોય તેજ સિદ્ધિ આપી શકે. વળી શ્લોકમા અચુંબિતે એ પદ આપવાનો અભિપ્રાય પણ એજ છે કે અપ્રાકૃતવસ્તુને ધારણ કરનાર પ્રભુ છે. ભગવાન્ લૌકિકવસ્તુને ધારણ કરતા નથી લૌકિકાદિ સાધનોનો વ્યવહાર સામાન્ય રાજવર્ગમાં હોઇ શકે છે, આથી અલૌકિક સિદ્ધિઓ આપવામારે પણ પ્રભુ-ઇશ્વરજ સમર્થ હોઇ શકે છે. કારણકે જે વિશેષ્ય અલૌકિક હોય તેનું વિશેષણ પણ શબ્દશક્તિથી અલૌકિક હોયછે તેથી વિશેષ્યનાં દરેક વિશેષણો પણ અલૌકિક હોવાં જોઇએ. "आनन्दमात्रकरपादमुखोदरादि" એ શ્રુતિપણ ઉપર્યુકત વિષયનું પ્રતિપાદન કરે છે. હાથ પગ વિગેરે વિશેષણ છે તે આનન્દ માત્ર છે, અને તે આનન્દ માત્ર અલૌકિક છે આ પ્રમાણ દ્વારાથી અલૌકિકસ્વરૂપવાળા શ્રીકૃષ્ણ ભગવાનજ અલૌકિક સિદ્ધિઓ આપે છે અને તે સર્વને સમંજસ છે. આથી અન્યપાસે લક્ષ્મીમાગ્યના કરવામારે કેવળ નકારવાદ સિદ્ધ થાય છે. ૩.

શ્લોકસ આ જગતમાં પૂર્વજન્મના પુણ્યપ્રભાવથી જેઓ રાજ્યાસનને પ્રાપ્ત થયા છે, તે રાજવર્ગને તો સ્વાભાવિક રીતે ગર્વ, અભિમાન વિગેરે થવું જોઇએ કારણ કે પ

નીમાં કોઇ એવો ચમત્કાર છે કે જેઓ પૃથ્વીના ભાગીદાર અગર પૃથ્વીના સ્વામી-તરીકે સંબંધ ધરાવે, એટલે દોષ અભિમાન, ઉદ્ધતાઇ વિગેરે તેમના સહજ ગુણો અવશ્ય આવેજ છે. આગળના વખતમાં પણ જે રાજાઓ થઇ ગયા છે અને હાલ વર્ત્તમાનમાં છે તે સર્વને પૃથ્વીનાજ સમ-ન્થી ગર્વાદિક થવાનો વખત આવે છે. સૂક્ષ્મદૃષ્ટિએ જોઇશું તો મહાભારતજેવું મોટું ભયંકર યુદ્ધ થવાનું કારણ પણ આ-પણને ઉપરિયન થતું હોય તો પૃથ્વીસિવાય બીજું નથી. તેમજ આગળના રાજર્ષિઓ જેવા કે માંધાતા, ઐલ, નલ, રઘુ વિગેરે સમર્થ પુરૂષોને પણ પૃથ્વીના ગર્વાદિક સહ-જગુણોનો આશ્રય કરવાનો સમય પણ એક દિવસે આવ્યો હતો.

આવી રીતે રાજવર્ગને અધીન સમય પ્રજા હોવાથી પ્રજાને રાજવર્ગનું શિક્ષણ જેવા પ્રકારનું હોય તો પણ તેને માનવું જોઇએ. આવા કેટલાક વ્યવહારનું દિગ્દર્શન પ્રતીત થવાં તે બસુ જાણું છે. અને વૈરાગ્યવાન પુરૂષોએ કોઇની ખુશામત ન કરતાં, જગનિ-યન્તા પરમેશ્વરનુંજ સેવન કરવું અને તેમની પાસેજ પ્રાર્થના કરવાવિષે શ્રીવેદાન્તાચાર્ય નીચેના શ્લોકથી પ્રતિપાદન કરેછે.

क्षोणीकोणशतांशपालनखलद्वोरगर्वानल
क्षुभ्यत्क्षुद्रनरेन्द्रचाटुरचनां धन्यां न मन्यामहे।
वेवं सेवितुमेव निश्चितुमहे योऽसौ दयालुः पुरा
धानामुष्टिमुचे कुचेलमुनये तस्मै श्रियं दित्सताम् ४

પૃથ્વીના કોઇએક ખૂણાનો સોમો ભાગ, અગર હજારમો ભાગ, એટલે કે અમમપૃથ્વીનો બહુજ થોડો ભાગ હોય તેના રક્ષણમાટે લુ-ચ્ચાઇ અને દુષ્ટતા કરનારા, તેમ શાન્ત થઇ શકે નહિ તેવા ગર્વરૂપી અગ્નિના તાપથી બળબળી ગયેલા, એવા તુચ્છ રાજાઓપાસે, મધુર કર્ણપ્રિય ભાષણ કરવામાટે અમો વૈરાગ્યવાળાઓ કોઇરીતે ઠીક માનતા નથી. અમોએ તો કેવળ અમારા ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ-ભગવાનનીજ સેવા કરવામાટે નિશ્ચય કર્યો છે કે જે દયાળુ શ્રીકૃષ્ણભગવાને સુદામા ના-મના બ્રાહ્મણને કુબેરના જેવી સમૃદ્ધિ આપી હતી. સુદામાએ કેવળ મૂઠીભર ચોખાજ શ્રીકૃષ્ણભગવાનને શ્રદ્ધાથી અર્પણ કર્યા હતા, તથાપિ દયાળુ ભગવાને પોતાના ભક્તની શ્રદ્ધા જોઇ તુર્તજ અપાર સમૃદ્ધિ આપી હતી તેમાં મુખ્ય કારણ શ્રદ્ધાજ છે.

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ [गीता]

એ ગીતોક્ત મહાવાક્યથી શ્રીકૃષ્ણભગવાને આજ્ઞા કરી છે જે, મારો ભક્ત મને પત્ર, પુષ્પ, ફળ, અગર જલ પણ જો શ્રદ્ધા અને ભક્તિથી અર્પણ કરે છે તો તે ભક્તિયુક્ત અર્પણ કરેલું હું પોતેજ ગ્રહણ કરું છું. આવી રીતે ભગવદાજ્ઞા હોવાથી અમારા જેવા વૈ-રાગ્યવાન પુરૂષોએ ક્ષુદ્ર નરેન્દ્રોપાસે યાચના કરવાની આવશ્યકતા કોઇરીતે ઠીક નથી.

હવે મૂળ શ્લોકમાં सेवितुम् એટલે સેવા કરવાને, તે सेवितुं પદમાં षेवृ सेवने ધાતુ છે અને તેને तुमुन् પ્રત્યય લગાડી सेवितुं કૃદ-ન્તાન્તરૂપ થયું છે. सेवन તેજ સેવા કહેવી છે અને સેવા તેજ ભક્તિ માની શકાય છે. તેમ તે ભક્તિના પુષ્ટીકરણમાટે બાબ વેદમાં

રૂપે વર્ણવ્યા રહ્યા છે આવા પ્રકારની શરીરની સ્થિતિ જન્મથી રહે ત્યાંસુધી પરિચર્યાના પ્રકારથી હમેશા વાસુદેવ ભગવાનનું સેવન કરવું સર્વોપયોગી છે કારણ કે મોક્ષનાં દ્વારરૂપી આ મનુષ્યશરીરવિના અન્ય પશુ પક્ષીના શરીરમાં જ્ઞાનનો અભાવ છે, તેથી મોક્ષસ્થાન પ્રાપ્ત થવું મુશ્કેલ છે. તેવી રીતે શરીરને મુનિશ્વર વ્યાસજીએ પણ સંસારનું તારક કહેલ છે

નૃદેહમાદ્યં સુલભં સુદુર્લભં
પ્લવં સુકલ્પં ગુરુકર્ણધારમ્ ।
મયાનુકૂલેન નભસ્વતેરિતં
પુમાન્ભવાબ્ધિં ન તરેત્સ આત્મહા ॥

આ મનુષ્યદેહ છે તે સારીરીતે દુર્લભ છે અને શરીર વહાણરૂપે ગણેલું છે તેમ શરીર રૂપી વહાણમાં સદ્ગુરૂરૂપી સુકાની [વહાણ ચલાવના] ની જરૂર છે વળી ભગવાનરૂપી અનુકૂળ વાયુની પ્રેરણાથી શરીરરૂપી વહાણ સંસારરૂપી સમુદ્રમાં આવે છે આવા ઉપયુક્ત શરીરરૂપી વહાણમાં બેસીને જે મનુષ્ય સંસારરૂપી સમુદ્રને તરવાનો પ્રયત્ન કરતો નથી તે કેવળ આત્મહત્યારો માણસ માનેલો છે આવું દુર્લભ મનુષ્યશરીર પ્રાપ્ત થયાપછી સારા ગુરૂની સેવા કરવાની જરૂર છે અને પછી ભગવાનની કૃપાદૃષ્ટિ થાય ત્યારે સંસારરૂપી સમુદ્ર તરવો અશક્ય નથી જો કે આ શરીર પૂર્વના પુણ્યપ્રભાવથી પ્રાપ્ત થાય છે, પરંતુ મૂર્ખજનો આવા દુર્લભ શરીરનો સદુપયોગ ન લેતા, વિષયાદિ સેવનથીજ શરીરનો ત્યાગ કરે છે જેવી રીતે કોઇએ સોનાની થાળી દેવપૂજા કરવામાટે અગર, ભોજન કરવામાટે આપી હોય, તેમાં અજ્ઞાની મનુષ્યો ઘરની સંભવાળીનો કચરો નાખે છે, કોઇ અજર અમર થવામાટે અમૃત પીવા આપે તો, મૂર્ખજનો તે અમૃતથી પગ ધોવાનું કામ કરે છે, વળી કોઇ હાથી જોવામાટે આપે તો મૂર્ખજનો તે હાથી ઉપર જંગલોમાંથી અને પર્વતોમાંથી કાષ્ઠ ઉપાડવાનું કાર્ય કરે છે તેવીજ રીતે દૈવકૃપાથી કોઇ દિવસે ચિન્તામણિ પ્રાપ્ત થયો હોય કે જે મણિથી માણસોનાં અભિલષિત કાર્યોની સિદ્ધિ થાય છે તેવા ચિન્તામણિને કાગડાઓને ઉડાડવા માટે ફેંકી દીએ છે આવી રીતે ઉપર્યુક્ત અતિ દુર્લભ વસ્તુઓ પ્રાપ્ત થતા તેનો સદુપયોગ ન કરતા, મૂઢ અને મૂર્ખાઓ દુરૂપયોગ કરે છે આ ઉપરથી વિદ્વાન્ અને સત્પુરૂષોએ તો, દુર્લભ મનુષ્યદેહ પ્રાપ્ત કરી, પરબ્રહ્મ શ્રીકૃષ્ણભગવાનની સેવા કરી લેવાએ તે માટે કહ્યું એક નીતિપુરૂષે મહાવાક્ય કહ્યું છે જે—

ધર્માર્થકામમોક્ષાણાં યદેકોઽપિ ન વિદ્યતે।
અજાગલસ્તનસ્યેવ તસ્ય જન્મ નિરર્થકમ્ ॥

ધર્મ, અર્થ કામ અને મોક્ષ એ ચાર વસ્તુમાંથી એકપણ વસ્તુ જો પ્રાપ્ત થયેલી ન હોય તો મનુષ્યનું જન્મ, બકરીના ગળે રહેલા દુધવિનાના સ્તનની માફક, વ્યર્થ ગણાય છે તેથી વિદ્વાનોની માફક ચપળ, આકર્ષિત-જ્યા સુધી રહી શકે ત્યા સુધી એટલે મરણપર્યંત દેવના દેવ કૃષ્ણભગવાનનું સેવન કરવું કે જે સેવનથી સંસારની નિવૃત્તિ થતા જન્મ મરણના સંકટો મટી જાય છે આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ જે આ સંસાર આપણનેજ ભ્રમ અને મોહ કરાવનારો છે એટલુજ નહિ પરંતુ મોટા રાજર્ષિઓ દેવર્ષિઓ અને મહર્ષિઓને પણ મુગ્ધ બનાવી ભ્રમયુક્ત પતિત કરી નાખે છે તો આવા દુર્જય સંસારની નિવૃત્તિ માટે આ વૈરાગ્યશતકમા બનાવેલા ભગવદ્ ભજનાદિ સાધનોને મેળવી જગન્નિયન્તા પરબ્રહ્મ શ્રીકૃષ્ણભગવાનનું સદા સેવન કરવું સર્વને કેમકર્ત્તવ્ય છે ૫

એક સંસ્કારી પવિત્ર આત્મા,

માતુશ્રી ગાંધીબાઈ



જન્મ
૧૯૨૬ના આસો સુદ ૧૨ ને ગુરુવાર

અવસાન
૧૯૭૬ના માહ સુદ ૩
ને શનિવાર

(આ ફોટો એમના 'તાનાથ સમયનો છે)

એક પવિત્ર આત્માની નોંધવાલાયક સખાવતો.

ગયા અંકમા મુંબઇના ધર્મમૂર્તિ લોહાણા શેઠ ગોપાલજી વિશ્રામના ધર્મપત્ની વિધવા મોંઘીબાઇના સ્વર્ગવાસની નોંધ અમે લીધી છે તેમા એ બાઇની સદ્વૃત્તિમાટે ટૂંકામાં જણાવેલ છે. હાલમાં એમના હાથથી થયેલાં સખાવતી કામો તથા એમની પાછળ એમની ઇચ્છાનુજબ જે જે સખાવતી યોજનાઓ કરવામાં આવી છે તે નીચે મુજબ અમોને જણાવવામાં આવે છે. પૈસો એ એક એવુ હથીઆર છે કે તે વાપરતાં ન આવડે તો જેણે તે હથિયાર પકડયું હોય તેની જીંદગીનેજ મોટેાટી હાનિ કરે છે અને જો વાપરતા આવડે તો તેની જીંદગીને જમાવી-શોભાવીને બીજા ઘણાઓને લાભકારી થાય છે. નીચેની હકીકત વાંચવાથી ધ્યાનમાં આવશે કે એક ધર્મપરાયણ વ્યક્તિ પોતાના સામર્થનો સદુપયોગ કરી આત્મહિત કેવી ઉચ્ચરીતે સાધી શકે છે!

સ્વ. મોંઘીબાઇએ પોતાની હયાતીમાં કરેલી સખાવતો.

૨૫૦૦ શેઠ નારાયણજી ધનજી તથા મૂલચંદ મેઘજી લોહાણા બોર્ડીંગો ઉંચી કેળવણીમાટે.

૨૫૦૦ પોતાના સ્વ. પતિના પુણ્યાર્થે.

૧૦૦૦ પોતાના પુણ્યાર્થે

૨૫૦૦.

૧૦૦૦ લેડીનોર્થકોટ હિંદુ ઓફનેજને.

૫૦૦ પોતાના સ્વ. પતિના પુણ્યાર્થે.

૫૦૦ પોતાના પુણ્યાર્થે.

૧૦૦૦.

૨૦૦૦ ધિ. રણછોડદાસ ચતુર્ભુજ કચ્છી લોહાણા ઓફનેજને પોતાના પતિના તથા પોતાનાં નામથી.

૨૦૦૦ હા. અર્જુન ખીમજી કચ્છ દુષ્કાળફંડમાં

૨૫૦ હા. તેજપાળ નરસી કચ્છ મરકા રાહતફંડમા.

૭૫૦ હા. રામજી ધનજી લોહાણા સહાયકારી ફંડમાં.

૭૫૦ હા તેજપાળ નરસી હુનર ઉદ્યોગ ફંડમાં

૯૫૦ પોતાના સ્વ. પતિ તથા પોતાના પુણ્યાર્થે ગાયોને છોડાવવાના કાર્યમાં.

૧૦૨૦૦.

"હાથે તે સાથે" એ સિદ્ધાંતપ્રમાણે એમણે પોતાના હાથથી કરેલી સખાવતોઉપરાંત પોતાની પાછળ નીચે પ્રમાણે સખાવતો કરવાનુ તેઓ ફરમાવી ગયાં છે, જેને તેમના કાકાજી સસરા ખીમજી શેઠે અનુમોદન આપેલ છે તેથી તેની વ્યવસ્થા પણ તુરતમાંજ થશે એમ જણાય છે એ વ્યવસ્થા પોતાના ધર્મપુત્ર વ્યાસ કલ્યાણજી રણછોડજી જેઓ પોતાના સ્વર્ગસ્થ પતિના પણ ખાસ વિશ્વાસુ

હતા તેમને સોંપવા જણાવેલ હોવાથી બીજા ટ્રસ્ટી એ સઘળુ કાર્ય ખાસ કરવાનુજ રહ્યુ હોઇજનેજ સોંપેલુ છે અને તે બાબત લિખિત સત્તા પણ આપેલીછે એમ સંભળવામાં આવ્યુ છે

૨૦૦૦૦ શેઠ ગોપાલજી વિશ્રામ તથા તેમનાં પત્ની મોંઘીબાઇની માંદગિરી કાયમ રાખવાના કાર્યમાં અર્પવાને

૫૦૦૦ જૂદી જૂદી ધાર્મિક સંસ્થાઓમાં દેવાને

૫૦૦૦ કચ્છમાંડવીની મોટ્ટી ચોરાશી-અન્ન જોજનમા વાપરવાને

૩૦૦૦ શ્રીમદ્‌ભાગવતના સપ્તાહ પારાયણમા વાપરવાને

૧૫૦૦ મોંઘીબાઇની છબાસી તથા તેના પા ર્શ્વભાગ મુ બઇની શારસ્વત બાલઓની તાત જમાડવાને

૫૦૦ પતિ પત્ની બન્નેના પુણ્યાર્થ બ્રાહ્મણ ગોદાનો દેવાને

૫૦૦૦ કચ્છ નરેડીમા પોતાનાં સાસુ સતી થયેલ તે સતીની દેરીપ સે ધર્મશાળા બંધાવવાને

૨૦૦૦ કચ્છ નરેડીમા સોનાપુર બંધાવવાને

૧૦૦૦ ગોપાલજી મેઘજી ગયાશ્રાદ્ધ તથા મોંઘી બાઇનું માણસામાશ્રાદ્ધ કરવાને

૨૦૦૦ ગોપાલજી મોરના મોંઘી પેઢીએ જા. યાત બાબ પુરૂષોત્તમ ચત્રભુજના પુત્ર, બાબ બન્ને પુરૂષોત્તમને બક્ષીસ દેવાને

૨૦૦૦ ગોપાલજી મોરના નામથી નાસની ૬. પારની પેઢીમાંના નોકરોવચ્ચે બક્ષીસ સહેંચી આપવાને

૪૬૦૦૦

ધરના બાનગી નોકરો વગેરેને પરમુરબ્બુ શેઠ રઇમની બક્ષીસો એ બાબ પોતાની હયાતીમાં પોતાના હાથેજ આપી ગયા છે, વળી એમણે પોતે પોતાની હયાતીમા પોતાના પ તિની પાછળ પોતાની કન્હી લોહાણા જાતિના સતોરા કરવામા તથા બાર બ્રાહ્મની ક્રિયા સત્યવવામા રૂપિયા ૧૨૦૦૦) બાર હજાર ખર્ચેલા છે. એમની પોતાની પાછળ પણ એ જ તિના સતોરા કરવામા આવ્યા છે અને તે પતિપ ની બન્નેનાં ફોટા અસ્થિને તે મની ૮૨૭ મુજબ પ્રયાગરાજના પવિત્ર જળમાં પધરાવવાની ક્રિ । પણ કરતી છે આ ક્રિયામાં સમારંભ રૂપિયા ૧૦૦૦૦) દશહજાર ખર્ચમાં આવ્યા છે પોતાના પતિના સ્વર્ગવાસપછી તેઓ કેવળ સાદુ જીવન ગુજારીન કરતાં, પ્રભુભક્તિમા પરાયણ રહેતા અને પતિના પુણ્યનિમિત્ત ઘૂટેલ ઘી ગરીબોને અનાજ, શેઠ રઇમ વગેરેની મદદ દેતાં હતા પોતાના દ્રવ્યનો વિશેષ વિશેષ સ દુપયોગ કેમ થાય તેવી મોજનાના વિચારમાંજ પરાયણ રહેતાં આવા અનુકરણીય પવિત્ર આત્માના મુખદર્શનનો લાભ તેની પ્રતિકૃતિમા મળે તેને પણ સરકારી પ્રાણીઓ ન હતા હોવાથી અમોએ આ લેખની સાથે એમને એમ । સોનાગસમમનો ફોટો પણ આપેલ છે, એમના અમર આત્માને અનત શાંતિ મળે

કુદરત.



શીતળ મધુરો વાયરો, વાયે અહા ગીરો ઘણો,
જીવના સુખે એ કરફરે, આભાર એ કુદરતતણો.

વારિ ભર્યું સરવરમહીં ન્હાવા ધોવાગાટે જનો;
હોરો પીને ખુશી થતા, આભાર એ કુદરતતણો.

કલરવ કરે મીઠા અધુ, વિહગો સુહ ઠે તે સુણો,
અવણે દિયે પ્રભુકલ્પતી, આભાર એ કુદરતતણો.

જાતુ તથે સૃષ્ટી પરે, જો ધર્મ એ પરમાર્થનો,
ખીલે-રમે- જગમાં જીવો, આભાર એ કુદરતતણો.

કુસુમો ખીલ્યાં ઉદ્યાનમાં દર્શાવતાં હે' પ્રિયજનો,
સુગંધ તો લુવો જરા, આભાર એ કુદરતતણો.

રાખી અહા! કી શોભતી, વ્યોમે મહો તારામણો,
કીડા કરે જીવજંતુઓ, આભાર એ કુદરતતણો.

ચીન્યે બની આલમમહીં, મહાભારતી રેતી કણો,
સોનાં સુખે રહ્યા અર્પિઆ, આભાર એ કુદરતતણો.

વૃક્ષો ઘણી કંઇ જાતના, નહિ પાર ધન ને ધાન્યનો;
નદીના વહે નીર નિર્મળા, આભાર એ કુદરતતણો.

કુળ નિમળે વિધવિધના, અતિ પ્રેમ એ કિરતારનો,
ખાઓ પીઓ ખુશીઓ કરો, આભાર એ કુદરતતણો.

ન્યારી ગતિ કુદરતતણી, નહિ જ્ઞાન આગે કાવ્યથી,
કુદરત હશે શું એ કહ્યા !, જ્યહાર હો ! કુદરતતણો.

હરિમ હિર-બીજ ૬ કિરણ.

શિલ્પી.

લેખક—શ્રીયુત રમણલાલ નાથાલાલ શાહ-વડોદરા.

મૂર્તિકાર ધ્યાનપૂર્વક પત્થર કાપીને મૂર્તિ બનાવી રહ્યો હતો. તે વખતે તેને સાંસારિક નશ્વર વ્યાપારોની કાંઇ પણ ખબર નહોતી. મૂર્તિ સિવાય અન્ય કાંઇ પણ વિચારે તેના દિલમાં વાસો કર્યો નહોતો. તેને માટે ભોજન અને નિદ્રા સર્વ અતૃપ્તિકર હતાં

નિર્જીવ તથા નીરસ પત્થરની મૂર્તિ શિલ્પીના નિપુણ કરસ્પર્શથી ધીરે ધીરે સજીવ થઇ રહી હતી, મૂર્તિના જે અંગપર શિલ્પીનો હાથ લાગતો હતો તે જગ્યાઉપર પ્રત્યક્ષમાં સૌંદર્ય ઝળકી નીકળતું હતું, માધુર્ય તરી આવતુ હતું. આવો કઠોર પત્થર પણ તેના હાથથી એકદમ સમર્મ થઇ રહ્યો હતો

લગભગ એજ સમયે એક સ્વર્ગમાથી ઉતરી આવેલી હોય એવી એક દિવ્ય સુંદરી સન્મુખ આવી ઉભી થઇ ગઇ

સુંદરીને જોઇને શિલ્પીએ વિસ્મિત કરે પૂછ્યુ "સુંદરી! તમે કોણ છો?"

સુંદરીએ હસીને જવાબ દીધો, "હું—હું તે છું, કે જેની મૂર્તિ તમે અતિશય ધ્યાનપૂર્વક ઘડી રહ્યા છો."

શિલ્પી અવાક્ બનીને પોતાનાં ચક્ષુઓમાથી સુંદરીની તરફ આશ્ચર્યથી જોવા લાગ્યો.

મંદમંદ સ્મિત કરતાં સુંદરી બોલી, "શિલ્પી! મને જોઇને તમે તમારું કામ છોડી દીધું જલદી કરો, તમારું કાર્ય જલદીથી પૂરું કરો. લાંબુપી હું તમને એક ગીત સંભળાવું છું"

એમ કહીને સુંદરીએ અત્યંત કોમળ સ્વરથી નીચેનું ગીત ગાવાનો આરંભ કર્યો

"કૃતિ છઠ્ઠી મુરત રસકી ખાન."

સુંદરીનું ગીત શિલ્પીને બહુ સારું લાગ્યુ. તેનું મન નવીન છંદ, નવીન તાલ અને નવીન સુર સાંભળીને બહુજ પ્રસન્ન થયું તે મનમાં ને મનમાં સુંદરીપર મુગ્ધ થતો બોલ્યો, "સુંદરી! તમે થોડીકવાર મારી પાસે આવીને બેસો."

સુંદરીએ પોતાનું ગાન સમાપ્ત કર્યું અને શિલ્પીની પાસે આવીને બેસી ગઇ શિલ્પીએ મૂર્તિ ઘડવાનું બંધ કર્યું અને પોતાનાં મુગ્ધ નયનોથી સુંદરીના સૌંદર્યરાશિનુ પાન કરવા લાગ્યો.

સુંદરી બોલી—"શિલ્પી! તમે મન લગાવીને તમારું કામ કરો, હું તમને બીજું એક ગીત સંભળાવીશ"

શિલ્પીનાં મુગ્ધ નયનોની સામે જોઇને

સુંદરીએ બીજું એક ગીત ગાવાનો આરંભ કર્યો.

"પ્રભુકી મૂરત પાયી વૈસી,
દૃષ્ટે સ્વપ્નમધ્યમેં જૈસી,"

ગાન સમાપ્ત થવાબાદ શિલ્પીએ ફરીથી કહ્યું, "સુંદરી! મારીપાસે આવીને છેક ન છેક બેસો, અને ગીત ગાઓ."

સુંદરી ગાન ગાતી ગાતી શિલ્પીની નજીક આવીને બેસી ગઇ.

શિલ્પી બોલ્યો, "સુંદરી! હજી જરા વધારે નજીકમાં આવો."

સુંદરી વધારે નજીક જઇને બેઠી.

ગીતના કોમળ સ્વરસાથે શિલ્પીનુ મન ચતવાલું થઇ ગયું હતું. તે પોતાના મનમા છંદના પ્રત્યેક તાલઉપર નૃત્ય કરી રહ્યો હતો અને સુંદરીના સંગીતઉપર તે એટલો બધો મુગ્ધ બની ગયો હતો કે તેને તેના તન બદનની કાંઇ પણ શુધ્ધિ રહી નહોતી

સુંદરીએ કહ્યું, "શિલ્પી! મોહમાંથી જાગૃત થાઓ! તમારી મૂર્તિને ઘડીને સંપૂર્ણ બનાવો."

પણ શિલ્પીને સુંદરીની આ વાત ઠીક ન લાગી. તે બોલવા લાગ્યો, "સુંદરી! મારા કામની કાંઇ પણ પરવા ન કરશો. તેને તેમજ પડી રહેવા દો, તમે મારા મનમન્દિરમાં બિરાજી રહ્યાં છો, પછી હું શારીતે તમને વિસરી જઇને મારા કામમાં દિલ લગાડું? સુંદરી! સમીપ આવો; તમારા મુખની છટા દેખાડી મને પ્રસન્ન કરો; હું તમારું મુખ જોઇ સુખી થઇશ."

સુંદરીએ લજ્જાથી પોતાનુ શિર નીચું કરી લીધુ અને બોલી,—"ના, તે અયોગ્ય છે."

